# બત્રીશીના સથવારે કલ્યાણની પગથારે

## ભાગ-૬



: વિવેચનકાર :

આચાર્ય વિજય અભયશેખરસૂરિ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

# બત્રીશીના સથવારે
# કલ્યાણની પગથારે

(ભાગ-૬, ૧૨-૧૩મી બત્રીશી)

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ રચિત
દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ગ્રન્થના આધારે લોકભોગ્ય
વિવેચનકાર :


શ્રી વિજય પ્રેમ-ભુવનભાનુ-ધર્મજિત્-જયશેખરસૂરિ શિષ્ય
**આચાર્ય વિજય અભયશેખરસૂરિ**



પ્રથમ આવૃત્તિ
વિ. સં. ૨૦૬૮

卐

મૂલ્ય :
રૂા. ૫૦-૦૦

**પ્રકાશક :**
**દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૭૮૧૦


**નોંધ :** જ્ઞાનખાતેથી પ્રકાશિત થયેલા આ પુસ્તકને ગૃહસ્થોએ માલિકીમાં રાખવું હોય તો એનું મૂલ્ય જ્ઞાનખાતે ચૂકવવું.


**ભરત ગ્રાફિક્સ**, ન્યુમાર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
Ph. : (079) 22134176, M : 9925020106
E-mail : bharatgraphics1@gmail.com

# પ્રકાશકીય

- શ્રી જૈન સંઘમાં લોકપ્રિય માસિક શાન્તિસૌરભમાં ચાલતી લેખમાળા-બત્રીશીના સથવારે-કલ્યાણની પગથારે...ના ૬૬ થી ૮૦ લેખો ૬ઠ્ઠા પુસ્તકરૂપે પ્રકાશિત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. પૂ.આચાર્ય શ્રીવિજયપ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના પૂ.આચાર્ય **શ્રીવિજયઅભયશેખરસૂરિ મહારાજ** શાસ્ત્રોના ગહન પદાર્થોને પણ સરળ ભાષામાં રજુ કરીને લોકભોગ્ય બનાવવામાં કુશળ છે એ વાત શ્રીસંઘમાં પ્રસિદ્ધ છે. તેથી ઉપકારની બુદ્ધિથી તેઓએ કલમ ઉપાડી...ને શ્રાવક-શ્રાવિકાવર્ગને પણ સુંદર બોધ મળી રહે એવી લેખમાળાની શ્રીસંઘને ભેટ મળી. આ લેખમાળા પ્રત્યે જિજ્ઞાસુઓને સારું આકર્ષણ જાગ્યું છે ને તેથી અન્યોને પણ સારો બોધ મળી રહે એ માટે આ લેખોને પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. લેખક પૂજ્ય આચાર્ય ભગવંતના ચરણોમાં ભાવભરી વંદના સાથે આવા બોધપ્રદ પુસ્તકોની શ્રીસંઘને ભેટ ધર્યા કરે એવી નમ્ર વિનંતી.
- આ પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ લાભ પોતાના જ્ઞાનખાતામાંથી લેનાર **શ્રી માટુંગા જૈન શ્વે. મૂર્તિ. તપા. સંઘને** હાર્દિક અભિનંદન સાથે અનુમોદના.
- પુસ્તકનું સુંદર મુદ્રણ કરનાર ભરત ગ્રાફિક્સના પૂરા સ્ટાફને ધન્યવાદ.
- જિજ્ઞાસુઓને સ્વબોધને વિશદ કરવા માટે આ પુસ્તકનું અધ્યયન કરવાની વિનંતી સાથે...

દિવ્યદર્શન ટ્રસ્ટ વતી

**કુમારપાળ વિ. શાહ**

# પ્રસ્તાવના

⊙ સર્વજ્ઞકથિત અને ગણધર ગુમ્ફિત પદાર્થો અદ્ભુત-અલૌકિક-અનુપમ હોય જ એ નિઃશંક છે. આવા પદાર્થોને ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજનો તર્કપૂત ક્ષયોપશમ મળે એટલે રજુઆત પણ ધારદાર બને જ. પ્રભુ શાસનના આવા અદ્ભુત રહસ્યોનો સામાન્ય ક્ષયોપશમવાળા સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવક-શ્રાવિકાઓને પણ પરિચય મળે એ માટે પ્રસ્તુત લેખમાળાનો પ્રારંભ થયો, જેના બારમી-તેરમી બત્રીશીના ૬૬ થી ૮૦ નંબરના લેખો પ્રસ્તુત પુસ્તકમાં છઠ્ઠા ભાગરૂપે પ્રકાશિત થઈ રહ્યા છે.

⊙ એકથી અગ્યાર બત્રીશીના કુલ ૬૫ લેખો એકથી પાંચ ભાગમાં પ્રકાશિત થઈ ગયા છે.

⊙ સિદ્ધાન્તમહોદધિ સ્વ. પૂ.આ. શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી** મ.સા., ન્યાયવિશારદ સ્વ. પૂ.આ. શ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા., સિદ્ધાન્તદિવાકર પૂ. ગચ્છાધિપતિ શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ.સા., સહજાનંદી સ્વ. પૂ.આ. શ્રી વિજય **ધર્મજિત્સૂરીશ્વરજી** મ.સા., શ્રી સૂરિમંત્રના પરમસાધક સ્વ. પૂ.આ. શ્રી વિજય **જયશેખરસૂરીશ્વરજી** મ.સા. આ સુવિહિત ગુરુપરંપરાના ચરણોમાં નતમસ્તકે વંદના...

⊙ પ્રભુશાસનની અનુપમ વાતોને સરળ ભાષામાં સમજવા માટે પ્રસ્તુત પ્રકાશનનો સહારો લેવાની નમ્ર વિનંતી.

માગસર સુદ-૬, ૨૦૬૮ — ગુરુપાદપદ્મરેણુ

સાધ્વીગણનાયકપદપ્રદાન દિન — **અભયશેખર**

પ્રસ્તુત પ્રકાશનનો સંપૂર્ણ લાભ પોતાના જ્ઞાનખાતેથી લેનાર

**શ્રી માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘને**

ફરી ફરી અભિનંદન

## પૂજનીય સાધુ-સાધ્વી ભગવંતોને વિનમ્ર નિવેદન

આપને આ પુસ્તક વાંચવા ખાસ વિનંતી છે. વાંચ્યા બાદ, જો શ્રી જૈનશાસનની હિતકર વાતો સરળ ભાષામાં જાણવા મળી... સારો બોધ થયો એવી જો પ્રતીતિ થાય તો અન્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને, તથા આરાધક કે જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકાઓને પણ વાંચવા માટે ખાસ પ્રેરણા કરીને આપવા માટે વિનંતી છે.

**જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકાઓને ભલામણ -**

આ પુસ્તક વાંચશો... બીજી-ત્રીજી વાર વાંચશો. અન્ય શ્રાવક-શ્રાવિકાઓને પણ ખાસ પ્રેરણા કરી વાંચવા આપશો. એમ ૩-૪-૫ જેટલા શ્રાવક-શ્રાવિકાઓને વાંચવું હોય તે વાંચી લે... પછી ત્યાંના સ્થાનિક જ્ઞાનભંડારમાં જમા કરાવી દેવું... જો કોઈએ પોતે પોતાની પાસે રાખવું હોય તો પુસ્તકની કિંમત જ્ઞાનખાતે જમા કરાવી દેવી.

**પ્રાપ્તિ સ્થાન**

**(૧) પ્રકાશક**

**(૨) ડૉ. હેમંતભાઈ પરીખ**
**૨૧, તેજપાલ સોસાયટી, ફતેહપુરા બસસ્ટેન્ડ પાસે,**
**પાલડી, અમદાવાદ-૭. ફોન : (૦૭૯) ૨૬૬૩૦૦૦૬**

**(૩) મોક્ષરુચિ મોહનલાલ ઝવેરી**
**૬-૧૦૯૯, ગોળશેરી, ગલેમંડી, સુરત-૩૯૫ ૦૦૩,**
**ફોન : (૦૨૬૧) ૨૪૩૦૩૪૨**

**(૪) નીતિનભાઈ અ. ધામી**
**૬-એ, શ્યામ સર્જિત એપાર્ટમેન્ટ, મથુરદાસ એક્સ્ટેન્શન રોડ,**
**કાંદીવલી, (વેસ્ટ) મુંબઈ--૪૦૦૦૬૭.**
**ફોન : ૨૮૦૭૮૮૩૩**

# લેખાંક ૬૬

ગયા લેખમાં અગ્યારમી પાતંજલ-યોગલક્ષણબત્રીશીની વિચારણા પૂર્ણ કરી. હવે આ લેખથી બારમી પૂર્વ-સેવાબત્રીશીની વિચારણા કરવાની છે. ગ્રન્થકારે દસમી બત્રીશીમાં 'મોક્ષનો મુખ્ય હેતુ બનનાર વ્યાપાર એ યોગ' આવું સ્વમાન્ય યોગનું લક્ષણ દર્શાવેલું. પછી અગ્યારમી બત્રીશીમાં શ્રીપતંજલિઋષિએ કહેલું યોગનું 'ચિત્તવૃત્તિઓનો નિરોધ એ યોગ' એવું લક્ષણ કહીને એની વિચારણા કરી તથા એમાં રહેલા દૂષણો દર્શાવીને પોતે કહેલ યોગલક્ષણ જ નિર્દોષ છે એ વાત જણાવી. એટલે યોગના લક્ષણ અંગે હવે કોઈ દ્વિધા રહી નથી. તેથી મોક્ષના ઇચ્છુક આત્માએ મોક્ષનું મુખ્ય કારણ બનનાર ધર્મક્રિયામાં પ્રવૃત્ત થવું જરૂરી બની રહે છે.

જે ખુદ કાર્યરૂપે પરિણમે એ ઉપાદાનકારણ કહેવાય છે. આ ઉપાદાન કારણને કાર્યરૂપે પરિણમવા માટે જેનો સહકાર જોઈએ એ સહકારી કારણો કહેવાય છે. જેમકે માટી સ્વયં ઘડારૂપે બની જાય છે. તેથી માટી એ ઘડાનું ઉપાદાન કારણ છે. પણ માટીને ઘડારૂપે બનવા માટે દંડ-ચક્ર વગેરે જરૂરી બને છે. તેથી દંડ-ચક્ર વગેરે સહકારીકારણો છે. તેમ છતાં, માટીને ચાકડા પર મૂકી દંડથી ઘુમાવવા વગેરેની પ્રક્રિયા કરવામાં આવે તો પણ ઘડો કાંઈ બની જતો નથી. ઘડો બનાવવો હોય તો પહેલાં માટીને ખૂંદવી પડે.. પોંચી કરવી પડે.. પિંડરૂપે બનાવવી પડે. માટી આવી ભૂમિકા પામે એ પછી જ સહકારીકારણોની એવી અસર ઝીલવા યોગ્ય બને છે જે એને ધારેલા ઘટ પરિણામ સુધી પહોંચાડી શકે. અર્થાત્ ઉપાદાન કારણ એવું યોગ્ય બનવું જોઈએ કે જેથી એ સહકારીકારણોની (ઉપાયોની) યોગ્ય અસર ઝીલી શકે. ઉપાદાનકારણની આવી યોગ્યતા એ પ્રધાન યોગ્યતા છે. આવી પ્રધાનયોગ્યતાનું જે કારણ બને તે 'પૂર્વસેવા' કહેવાય છે.

આત્મા સ્વયં મોક્ષરૂપે પરિણમતો હોવાથી મોક્ષનું ઉપાદાનકારણ છે. એ યોગ્યભૂમિકા પામે એ પછી જ યોગ=મોક્ષના ઉપાયો અજમાવવા પર સફળતા મળી શકે છે, એ પૂર્વે નહીં. યોગમાટેની આ યોગ્ય ભૂમિકા જેનાથી નિર્માણ થાય છે એ યોગની પૂર્વસેવા છે. આ યોગપૂર્વસેવાનું સ્વરૂપ શું છે ? એની આ બત્રીશીમાં વિચારણા કરવાની છે.

આત્મામાં આ પ્રધાનયોગ્યતા નિર્માણ કરવાની છે એનો અર્થ જ કે આત્મા પહેલાં અયોગ્ય હતો. આ અયોગ્યતા અનાદિકાળથી હોય છે. નિર્માણ થયેલી હોતી નથી. પ્રધાન યોગ્યતાના અભાવરૂપ આ અયોગ્યતાને વિપરીત આચારો અને વિપરીત ભાવો સદા ફાલી-ફુલી તાજી રાખે છે. એટલે એ અયોગ્યતાને ખસેડીને યોગ્યતા નિર્માણ કરવા માટે યોગ્ય આચાર અને યોગ્ય ભાવ જરૂરી બને છે. તેથી યોગની પૂર્વસેવા યોગ્ય આચારરૂપ અને યોગ્ય ભાવરૂપ છે. એમાં પૂજા, સદાચાર અને તપ આ ત્રણ યોગ્ય આચારરૂપ પૂર્વસેવા છે અને મુક્તિ અદ્વેષ એ ભાવરૂપ પૂર્વ સેવા છે. આ બત્રીશીમાં આ ચાર પ્રકારની પૂર્વસેવાનો વિચાર કરવામાં આવશે.

સામાન્યથી સર્વત્ર आचारः प्रथमो धर्मः આ સૂત્ર લાગુ પડતું હોય છે. અર્થાત્ *આચાર એ પ્રથમ ધર્મ છે.* તેથી અહીં પહેલાં આચાર રૂપ પૂર્વસેવા જણાવવામાં આવશે ને પછી ભાવરૂપ પૂર્વસેવા. સર્વત્ર પૂજ્યની પૂજા મુખ્ય હોય છે. કારણ કે એ આત્મામાં નમ્રતા લાવે છે જે દરેક ગુણોની યોગ્યતા ઊભી કરે છે તથા વિશેષ પ્રકારનું પુણ્ય ઊભું કરે છે. એટલે જ વિનયને વગર મંત્રનું વશીકરણ કહેલ છે. ધનના ક્ષેત્રમાં વેપારીની-મોટા વેપારીની સેવા-વિનયવગેરેરૂપ પૂજા, વિદ્યાના ક્ષેત્રમાં શિક્ષક-પંડિતની સેવા વિનય વગેરે રૂપ પૂજા.. આમ તે તે ક્ષેત્રવિષયક પૂજ્યની પૂજા તે તે ક્ષેત્રમાં સહુ પ્રથમ જરૂરી હોય છે. એટલે પ્રસ્તુતમાં પણ સૌ પ્રથમ પૂજા કહી છે. એમાં પણ પ્રથમ

ગુરુપૂજા અને પછી દેવપૂજા કહેલી છે. કારણ કે ગુરુ એ સાક્ષાત્ ઉપકારી છે.. તથા બધી રોકટોક ગુરુ તરફથી સંભવિત છે. દેવ તરફથી નહીં.. ને તેમ છતાં ગુરુની એ જ ભક્તિ-શ્રદ્ધાથી પૂજા કરવામાં આવે તો આત્માની એનાથી વિશેષ ભૂમિકા ઘડાય છે. વળી ગુરુ એ જીવંત દેવ છે.. જ્યારે દેવ તો સ્થાપના નિક્ષેપે છે.

પ્રસ્તુતમાં દેવ-ગુરુની ધર્મરૂપે પૂજા છે, અને માતા પિતા વગેરેની ઔચિત્યરૂપે પૂજા છે. આમ પૂજ્યની પૂજા કહ્યા પછી શિષ્ટાચારરૂપ સદાચાર કહ્યો. અને ત્યારબાદ તપ રૂપ પૂર્વસેવા કહી છે, કારણ કે શરીર પ્રત્યેની આસક્તિ એ મોટામાં મોટો બાધક છે જે તપદ્વારા તૂટે છે. વળી કોઈ વિઘ્નભૂત પાપકર્મો હોય તો એ પણ તપ દ્વારા દૂર થાય છે. તથા સહનશીલતા કેળવાયેલી હોય તો જ નાની-મોટી પ્રતિકૂળતામાં પણ જીવ યોગમાર્ગ પર ટકી શકે છે, નહીંતર માર્ગભ્રષ્ટ થયા વગર રહેતો નથી. એટલે સહનશીલતા કેળવવા માટે પણ અહીં પૂર્વસેવામાં તપ કહેલ છે.

આ સર્વમાં અન્વયમુખે ઉચિત પ્રવૃત્તિ એ જેમ પૂર્વસેવારૂપ છે એમ નિષેધમુખે અનુચિત પ્રવૃત્તિનો ત્યાગ-નિવૃત્તિ એ પણ પૂર્વસેવારૂપે ઉપલક્ષણથી જાણી લેવી જોઈએ.

-આમ પૂજા, સદાચાર અને તપ..એ ત્રણ આચારરૂપ પૂર્વસેવા પહેલાં કહેવાની છે ને છેલ્લે મુક્તિ અદ્વેષાત્મક ભાવરૂપ પૂર્વસેવા.

- હવે સૌ પ્રથમ પૂર્વસેવાના પ્રથમ પ્રકારરૂપ **ગુરુપૂજા** વિચારીએ ... એમાં પણ 'ગુરુ' તરીકે અહીં કોણ-કોણ અભિપ્રેત છે ? તો કે માતા, પિતા, કલાચાર્ય (=વ્યાવહારિક શિક્ષણ તથા કલા વગેરે શીખવાડનાર શિક્ષક વગેરે), આ બધાના ભાઈ-બહેન વગેરે સ્વજનો, વૃદ્ધો તથા ધર્મોપદેશકો. આ બધા સજ્જનોને ગુરુવર્ગ તરીકે માન્ય છે. ગૌરવ કરવા યોગ્ય જનસમુદાય એ ગુરુવર્ગ છે.

શાસ્ત્રોમાં સાધુઓને નજરમાં રાખીને શ્રુતસ્થવિર, પર્યાય

સ્થવિર અને વયસ્થવિર એમ સ્થવિરના=વૃદ્ધના ત્રણ પ્રકાર બતાવ્યા છે. અહીં સાધુઓની વાત નથી. માટે પર્યાયસ્થવિર સંભવતા નથી. તેથી વૃદ્ધ તરીકે શ્રુતસ્થવિર અને વયસ્થવિર લેવાના છે. શાસ્ત્રોનો વિશિષ્ટ પ્રકારે બોધ ધરાવનારા મહાનુભાવો શ્રુતવૃદ્ધ કહેવાય. અને ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરવાળાઓ વયોવૃદ્ધ કહેવાય. આ માતા વગેરે ગુરુવર્ગ સ્થાનગૌરવને યોગ્ય છે. અર્થાત્ આ માતા વગેરેમાં વિશેષ ગુણ ન હોય તો પણ એમના સ્થાનને નજરમાં રાખીને એમને ગૌરવ આપવું જોઈએ. હા, કોઈ અક્ષન્તવ્ય દોષ તો હોવો ન જ જોઈએ. આ ગુરુવર્ગ સિવાયની વ્યક્તિઓમાં ગૌરવાર્હતા ભજનાએ છે. અર્થાત્ વિશેષ ગુણ હોય તો ગુણગૌરવ કરવું, ન હોય તો નહીં.

આ ગુરુવર્ગનું પૂજન કઈ રીતે કરવું તે હવે ક્રમશઃ દર્શાવવામાં આવશે. **(૧) ત્રિસન્ધ્યનમન :** ત્રિકાળ નમસ્કાર કરવો. ક્યારેક માતા વગેરે મૃત્યુ વગેરે કારણે હાજર ન હોય તો ભાવથી મનમાં યાદ કરીને પણ એમને નમસ્કાર કરવો. ત્રિકાળ નમસ્કાર અને અનુપસ્થિતિમાં માનસિક નમસ્કાર આ બંને વાતો મુખ્યતયા માતાપિતા અને કોઈ અતિ વિશિષ્ટ ઉપકારી અંગે સમજવી જોઈએ. કાકા-મામા વગેરે એમના સ્વજનાદિ અંગે આવો શિષ્ટવ્યવહાર જોવા મળતો નથી. તેઓ આવ્યા હોય ત્યારે કે એવા કોઈ વિશિષ્ટ અવસરે છેવટે માનસિક નમસ્કાર પણ હોય, પણ એ સિવાય એમને ત્રિકાળ નમસ્કાર-માનસિક નમસ્કાર આવશ્યક નથી એમ સમજાય છે.

**પ્રશ્ન :** આવો અર્થ શાના પરથી જણાવો છો ?

**ઉત્તર :** મસ્તક ઝુકાવીને પગે લાગવું એ દ્રવ્ય નમસ્કાર ક્રિયા છે. ગ્રન્થકારે આનો અભાવ ક્યારેક હોય ત્યારે માનસિક નમસ્કાર કરવાનું કહ્યું છે. એટલે કે સામાન્યથી તો દ્રવ્ય નમસ્કાર રોજ જ ત્રિકાળ હોય જ, એ તો એવી વ્યક્તિને જ સંભવિત છે જે હંમેશા સાથે રહેનારી હોય. હંમેશા સાથે રહેનાર તો માતા વગેરે છે, કલાચાર્ય -મામા વગેરે નહીં.

આના પરથી એ પણ સમજાય છે કે જેણે પોતાની જાતને યોગમાર્ગને યોગ્ય બનાવવી છે એ આત્માએ માતપિતાની સાથે જ રહેવું જોઈએ. અવસ્થાના કારણે માતપિતાના સ્વભાવની થોડી વિચિત્રતા, એમની સેવા કરવામાં પોતાને કીડી ચડતી હોય, પત્નીની માતપિતા વિરુદ્ધ ચડવણીઓ, બીજા ભાઈઓ પણ છે- તેઓએ પણ સેવા કરવી જોઈએ.. આવા બધા કારણે જેઓ માતાપિતાથી અલગ થઈ જાય છે તેઓ બીજી રીતે ઘણી ધર્મક્રિયાઓ કરતા હોય તો પણ, યોગમાર્ગમાં તો શું, એની પૂર્વસેવામાં પણ હશે કે કેમ ? એ પ્રશ્ન ચોક્કસ ઊભો થાય જ.

(૨) **પર્યુપાસના :** ગુરુવર્ગની યથાયોગ્ય સેવાચાકરી કરવી.

(૩) **અવર્ણઅશ્રવણ :** અવર્ણ એટલે નિંદા.. કોઈક વ્યક્તિ ગુરુવર્ગની નિંદા કરે તો એ પોતે સાંભળે નહીં. કારણ કે એ સાંભળવામાં પોતાના દિલમાં એમના પ્રત્યે રહેલા આદર-બહુમાનવગેરે પર ધીરે ધીરે ઘા પડતો જાય છે, કારણ કે પોતાને પણ 'શું આવું હશે ?' એવી શંકા પડવાનો સંભવ છે. માટે ગુરુવર્ગના અવર્ણનું શ્રવણ કરવું નહીં.

(૪) **નામશ્લાઘા :** પોતે કાંઈપણ સારું કામ કરે અને એના પ્રશંસા- યશ મળવાના હોય તો એ વખતે માતપિતાનું નામ આગળ કરે જેથી એમની પ્રશંસા થાય. આ સિવાય પણ જ્યાં એમના નામની પ્રશંસા શક્ય હોય એવી વ્યક્તિ - પ્રસંગ વગેરે સ્થાન કહેવાય. આવા સ્થાનમાં એમનું નામ લેવું જોઈએ. જેઓ એમના દ્વેષી-નિંદક હોય.. એમની આગળ એમનું નામ લેવાથી તેઓ એમની નિંદા વગેરે પણ કરે... માટે એ 'અસ્થાન' છે. આવા અસ્થાનમાં એમનો નામોચ્ચાર ટાળવો જોઈએ. આમ સ્થાનમાં ગ્રહણ અને અસ્થાનમાં અગ્રહણ દ્વારા એમના નામની શ્લાઘા કરવી એ પણ ગુરુપૂજા છે.

(૫) **ઉત્થાન- આસનદાન-** જ્યારે માતપિતા વગેરે આવે ત્યારે

ઊભા થવું, એમને બેસવા માટે આસન આપવું. આ પણ વિનયરૂપ હોવાથી એનાથી આત્માની ભૂમિકા ઘડાય છે.

(૬) **અનિષ્ટત્યાગ - ઈષ્ટની પ્રવૃત્તિ :** માતા વગેરેને જે અનિષ્ટ = નાપસંદ હોય એનો ત્યાગ કરવો અને એમને ઈષ્ટ=પસંદ હોય એવી પ્રવૃત્તિ કરવી જોઈએ. પોતાની રુચિ માતપિતાની રુચિને અનુરૂપ જ હોય એવો કોઈ નિયમ નથી. એટલે ક્યારેક આ ત્યાગ-પ્રવૃત્તિની પોતાને રુચિ ન હોવા છતાં, માત-પિતાની રુચિ છે, માટે મારે એ પ્રમાણે ત્યાગાદિ કરવાના.. આવી નિષ્ઠતાથી=વૃત્તિથી આત્માનું એક વિશિષ્ટ ઘડતર થાય છે. માતપિતા પ્રત્યેનો પૂજ્યભાવ તો આનાથી વધે જ છે પણ સ્વરુચિને અવસરે ગૌણ કરવાનો અભ્યાસ પણ પડે છે. જે પણ આત્માના ઘડતરરૂપ છે. ભવિષ્યમાં યોગમાર્ગમાં પ્રવેશ બાદ ક્યારેક સ્વરુચિથી ભિન્ન એવી પણ ગુર્વાજ્ઞાનો સહર્ષ સ્વીકાર કરવાની ભૂમિકા આનાથી ઘડાય છે. માટે આનો પણ પૂર્વસેવામાં સમાવેશ છે. વળી, પ્રભુની અષ્ટપ્રકારી પૂજા વગેરે કરતાં જેમ એમની આજ્ઞાનું પાલન એ વધારે મહત્ત્વની પૂજા છે એમ માતપિતાને નમસ્કાર કરતાં એમની ઈચ્છાનું અનુસરણ એ વધારે મહત્ત્વની પૂજા છે. માટે જ નમસ્કાર ત્રિસન્ધ્ય કહ્યો છે જ્યારે એમની ઈચ્છા મુજબ પ્રવૃત્તિ-નિવૃત્તિ કરવાના સર્વદા કહ્યા છે. હા, આમાં એક સાવધાની જરૂર રાખવાની છે, ને એ સાવધાની છે પોતાના પુરુષાર્થને બાધા પહોંચવી ન જોઈએ.

આશય એ છે કે પ્રભુ તો વીતરાગ-સર્વજ્ઞ છે. એટલે એમની આજ્ઞામાં ક્યાંય પણ અજ્ઞાન કે મોહનું જોર હોતું નથી ને તેથી એ ક્યારેય આલોકને પરલોકને કે તદુભયને નુકશાનકર્તા હોવી સંભવિત નથી. પણ માતપિતા કાંઈ વીતરાગ-સર્વજ્ઞ નથી. એટલે એમની ઈચ્છાઓ અજ્ઞાનને-મોહને આધીન હોવી પણ સંભવિત છે જે ક્યારેક આલોકને, ક્યારેક પરલોકને કે ક્યારેક એ બંનેને પ્રતિકૂળ હોય. આવી પ્રતિકૂળ ઈચ્છાઓને અનુસરવાનું હોતું નથી. ધર્મ આલોક

પરલોક બંનેને અસર કરનારો છે.. અર્થ-કામ માત્ર આલોકને અસર કરનાર છે. એટલે કે અર્થ-કામપુરુષાર્થને પ્રતિકૂળ ઇચ્છા આલોકની સમસ્યા નિર્માણ કરશે. છતાં, એ સમસ્યા છેવટે તો ધર્મપુરુષાર્થને પણ અસર કરશે જ, કારણ કે સમસ્યાથી અસ્વસ્થ થયેલું મન ધર્મને પ્રતિકૂળ છે. માટે જ માર્ગાનુસારીના ગુણોમાં માત્ર ધર્મપુરુષાર્થની અબાધાનો નહીં, પણ ત્રિવર્ગ અબાધાનો સમાવેશ કરેલ છે. તેથી, ગ્રન્થકારે **धर्मादिकं** માં જે 'આદિ' પદ જણાવેલ છે એનાથી અર્થ-કામ પુરુષાર્થ પણ પકડવાના છે. એટલે જ સામાન્યથી માતપિતાને અત્યંત આજ્ઞાંકિત એવા પણ પૂર્વના મહાપુરુષોના ચરિત્રોમાં માતપિતાની અનિચ્છાએ પણ પરદેશગમન વગેરે જાણવા મળે છે.

**શંકા :** માતપિતાની ઇચ્છાને ક્યારેક ન અનુસરવાના કારણ તરીકે ગ્રન્થકારે એવું કારણ આપ્યું છે કે પુરુષાર્થની આરાધનાનો કાળ અતિદુર્લભ છે. અર્થ-કામપુરુષાર્થ કાંઈ અતિદુર્લભ છે નહીં. માટે અહીં 'આદિ' પદથી અર્થ-કામ નહીં, પણ માત્ર મોક્ષ પુરુષાર્થ જ પકડવો જોઈએ.

**સમાધાન :** માર્ગાનુસારીના ગુણોમાં ત્રિવર્ગ અબાધા કહી છે. એટલે કે અર્થને કે કામને બાધા ન પહોંચાડવી એને પણ 'ગુણ' રૂપે કહેલ છે. ને તેથી એ ભૂમિકામાં એ પણ આત્માને લાભકર્તા બને છે-આત્માના ઘડતરમાં ઉપયોગી બને છે એમ માનવું જ પડે છે. જરાક અનીતિ કરવાથી - જૂઠ બોલવાથી પૈસા ઘણા વધારે મળતા હોય, ને છતાં એ અધિક પૈસાનો લોભ છોડી નીતિ જાળવી રાખે તો નીતિગુણ કેળવાય જ ને ! ધંધો કરતો જ ન હોય એ આ ઘડતર કઈ રીતે કરી શકે ? ક્રિયાને ભાવની જનક કહી છે એ ભૂલવું ન જોઈએ. નોકરી કરનારો નોકરીનો સમય સાચવે, કામચોરી ન કરે, ધનચોરી ન કરે, ગાળિયું-કમિશન ન ખાય, હિસાબમાં ગોટાળા ન કરે.. શું આ બધાથી આત્માનું ઘડતર ન થાય ? એમ વાસના પર સંપૂર્ણ વિજય

ન મળ્યો હોય એ ભૂમિકામાં સ્વદારાસંતોષ પણ આત્માને લાભકર્તા શા માટે ન બની શકે ?

**શંકા :** જો અર્થ-કામપુરુષાર્થ પણ લાભકર્તા છે તો એ બેને અન્યત્ર અનર્થરૂપે કેમ કહ્યા છે ?

**સમાધાન :** આમાં વિષય વિભાગ કરવો જોઈએ. નીતિ-પ્રામાણિકતાને નેવે મૂકીને પણ, કોઈપણ રીતે પૈસો મેળવવો.. ગમે તેવા નિન્દ્ય ધંધા.. નિષિદ્ધધંધા.. દેશદ્રોહ કે પ્રજાદ્રોહના ધંધા કરવા.. પૈસા મળવા જોઈએ એક જ સૂત્ર.. આવો કહેવાતો અર્થ પુરુષાર્થ અનર્થ રૂપ છે.. એમ, જેમાં આવું કશું નહોય, નીતિ-પ્રામાણિકતા જળવાતા હોય, તેમ છતાં જો એ અર્થપુરુષાર્થ ધર્મપુરુષાર્થને-કામપુરુષાર્થને બાધા પહોંચાડતો હોય તો એ અનર્થરૂપ છે. કારણ કે ત્રિવર્ગઅબાધાગુણનો નાશ કરનાર છે. એમ સંતાનોએ કારભાર સંભાળી લીધો હોય, આજીવિકા વગેરેનો કોઈ પ્રશ્ન ન હોય, નિવૃત્તિની ઉંમર આવી ગઈ હોય, ને છતાં ધંધાનું વળગણ છૂટે જ નહીં, કશું વિશેષ પ્રયોજન હોય નહીં છતાં, દુકાને કે બજારમાં ગયા વગર ચેન ન પડે.. અને તેથી અવસરોચિત વિશેષ આરાધના કે સંઘનાં કાર્યો પણ કરી શકે નહીં.. એનો રસ પેદા ન થાય, તો આવા ધંધાના રસનો જનક અર્થ પુરુષાર્થ અનર્થરૂપ જાણવો. પણ ઉપર જણાવ્યા મુજબ જે અર્થ પુરુષાર્થ આત્મામાં નીતિ-સંતોષ વગેરે ગુણો પ્રગટાવનાર બને એ અનર્થરૂપ નથી, લાભકર્તા છે એમ સમજવું જોઈએ.

એટલે, આજીવિકાનો તો પ્રશ્ન જ નથી. પણ સંપત્તિ પણ સારી છે... ને છતાં લોભવશ નવા નવા સાહસ કર્યા કરે.. ને એવી પછડાટ ખાય કે પછી અપસેટ- ટેન્શન- ડિપ્રેશન વગેરેનો ભોગ બની જાય.. અથવા જિનપૂજા રાત્રીભોજનત્યાગ વગેરે ધર્મ છોડવા પડે.. કે પત્ની પરિવારને આપવા માટે સમય જ ન બચે.. આવા બધા

આંધળુકિયા કરનારાઓ, બીજી રીતે દાન વગેરે ઘણું કરતા હોય તો પણ પૂર્વસેવામાં હશે કે કેમ ? એ પ્રશ્ન ઊભો થાય છે.

આવું કામપુરુષાર્થ માટે પણ જાણવું જોઈએ. સદાચારને સાવ કોરાણે મૂકીને, બેફામ ભોગવિલાસ એ અનર્થ છે. એમ ધર્મ-અર્થ પુરુષાર્થને બાધારૂપ બની જાય એવો ભોગવિલાસ, પછી ભલે ને સ્વપત્ની સાથેનો જ હોય, તો પણ એ અનર્થ છે, કારણ કે ત્રિવર્ગઅબાધાગુણનો નાશક છે. એમ ઉંમર વીતી ગઈ હોય, શરીરપણ પૂર્વવત્ સાથ આપતું ન હોય, અથવા એ સિવાય પણ થોડીક ભાવના ને થોડુંક સત્ત્વ ફોરવવા પર સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળી શકાય એવા સંયોગ સામગ્રી હોય એવે વખતે પણ ભોગવિલાસને તિલાંજલિ ન આપવી.. આ બધું અનર્થરૂપ છે. પણ વાસનાના જોરના કાળમાં ભૂતને બલિબાકળાં નાખવા દ્વારા એના પર નિયંત્રણ મેળવવાની અશુચિવગેરે ભાવનાઓથી ભાવિત થવું, તો એ કામપુરુષાર્થ આત્માને સ્વદારાસંતોષદ્વારા ક્રમશઃ સંપૂર્ણ બ્રહ્મચર્યની ભૂમિકામાં લઈ જનારો બની શકે છે, એમ સમજવું જોઈએ.

એટલે જ, આમ અનેક આરાધનાઓ કરનારો હોય, પણ ટી.વી. વગેરે દ્વારા વાસનાને બહેકાવ્યા કરતો હોય તો યોગની પૂર્વ ભૂમિકામાં રહ્યો છે કે કેમ ? એ પ્રશ્ન ઊભો થાય જ.

આ કે આવો કોઈ અન્ય વિષયવિભાગ જો ન કરવામાં આવે તો શાસ્ત્રોમાં એક બાજુ ત્રિવર્ગઅબાધાનું ગુણરૂપે કથન.. અન્યત્ર અર્થકામનું અનર્થરૂપે કથન.. આ બંનેની સંગતિ કઈ રીતે કરવી ? એ એક યક્ષપ્રશ્ન બની રહેશે.

હા, અર્થ-કામ અને ધર્મ વચ્ચે આ એક ફરક જરૂર સમજી શકાય છે કે અર્થ-કામ, સ્વરૂપે = અર્થ-કામ રૂપે તો અનર્થ જ છે, પણ ઉપર કહ્યા મુજબ જો નીતિ-સંતોષ વગેરે ગુણોના જનક બનતા હોય તો એ ગુણજનક બનવા રૂપે અર્થરૂપ છે. જ્યારે ધર્મ તો સ્વરૂપે પણ = ધર્મ તરીકે પણ અર્થરૂપ છે. (ગુણજનક હોવારૂપે તો અર્થરૂપ

છે જ). આમાં અર્થરૂપ બનનાર અર્થપુરુષાર્થ અને કામપુરુષાર્થનો અવસર પણ દુર્લભ છે એમ સમજી શકાય છે. આવા અર્થ-કામ પુરુષાર્થમાં બાધક બનતી હોય એવી માતપિતાની ઇચ્છાને અનુસરવાનું હોતું નથી. એટલે માતાપિતા મોહાધીન થઈ અનીતિવગેરેથી ભરેલા ધંધા વગેરે કરવાનું કહે તો પુત્રે એ કરવાની જરૂર હોતી નથી.

(૭) **સારપદાર્થોનું સમર્પણ :** સારી-ઉત્કૃષ્ટવસ્તુઓ માતપિતાને આપવી. એવી વસ્તુ એક જ આવી હોય તો માતપિતાને આપવી, પણ પત્ની-પુત્રાદિને ન આપવી. માતપિતાને પત્ની-પુત્રાદિથી ઉતરતી વસ્તુ ન આપવી.

(૮) **વિત્તનું તીર્થમાં યોજન :** અહીં વિત્ત તરીકે ગ્રન્થકારે 'અલંકાર વગેરે' એવો અર્થ કર્યો છે. એટલે કે માતપિતાના મૃત્યુ બાદ એમના દાગીના વગેરે હોય એ પુત્રે પોતાની પાસે ન રાખતાં કોઈ તીર્થસ્થાનમાં આપી દેવા જોઈએ. નહીંતર, 'સારું થયું એમનું મૃત્યુ થયું એટલે આ દાગીના મને વાપરવા મળી ગયા' એવી ઊંડે ઊંડે પણ લાગણી થવાની સંભાવના હોવાથી, એમના મૃત્યુની અનુમોદના થઈ જવાની સંભાવના ઊભી થાય. સામાન્યથી વિત્ત શબ્દ ધન અર્થમાં પ્રસિદ્ધ હોવા છતાં ગ્રન્થકારે અલંકારાદિ અર્થ કર્યો છે. એનાથી જણાય છે કે ધન, ઘર, દુકાન, વગેરેનો પુત્ર ઉપયોગ કરે એનો અહીં નિષેધ નથી. એ નિષેધ ન હોવામાં એવું કારણ સમજાય છે કે પિતાની વિદ્યમાનતામાં જ પુત્ર ધન-ઘર વગેરેને વાપરતો આવ્યો છે. એમ ધંધો શરુ કર્યો ત્યારથી જ દુકાન વાપરતો આવ્યો છે. એટલે પિતાના મૃત્યુબાદ પણ એ વાપરવામાં મૃત્યુની અનુમોદના લાગી જવાનો પ્રશ્ન ઊભો થતો નથી. એટલે જ પિતાએ પોતાની હાજરીમાં સ્વયં જે અલંકારાદિ દીકરા-દીકરીઓને આપી દીધા હોય એનો પણ ઉપયોગ કરવામાં પુત્રાદિને આ દોષ લાગતો નથી એમ સમજવું જોઈએ. વળી લોકવ્યવહારથી પણ પુત્ર પિતાના ધનવગેરેનો ઉત્તરાધિકારી કહેવાય છે. માટે એના તીર્થમાં સમર્પણની

અહીં વાત નથી. કોઈક પોતાની વિશેષ ભાવનાથી એ પણ સમર્પિત કરી દે એ જુદી વાત છે.

**(૯) આસનાદિનો અભોગ :** જે આસન વગેરેને પિતા વગેરે જ વાપરતા હોય (બધા માટે કોમન ન હોય) તે આસનાદિને એમની વિદ્યમાનતામાં પુત્ર વાપરે તો એમની અવજ્ઞા-આશાતનાદિ લાગે. ને પછી તો આમે ઘસાઈને કાઢી જ નાખવાનું હોય છે, માટે એને તીર્થમાં જોડવાની વાત કરી નથી.

**(૧૦) બિંબસ્થાપના :** માતા વગેરેની ગેરહાજરીમાં તેમની છબીની સ્થાપના કરવી.

**(૧૧) બિંબપૂજા :** એમની છબીની ફુલહાર-ધૂપ વગેરે દ્વારા પૂજા કરવી.

આમ પ્રથમ પૂર્વસેવારૂપ પૂજાના પ્રથમ પ્રકાર ગુરુપૂજાની વાત કરી. હવે દેવપૂજા વગેરે અન્ય પૂર્વસેવાની વાત આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૬૭

પ્રસ્તુત બારમી બત્રીશીમાં યોગની પૂર્વસેવા આપણે વિચારી રહ્યા છીએ. ગયા લેખમાં ગુરુપૂજા રૂપ પૂર્વસેવા વિચારેલી. હવે, આ લેખમાં દેવપૂજા વગેરે વિચારવાના છે.

ગુરુપૂજામાં પહેલાં ગુરુ કોણ ? એ જણાવ્યા પછી એની પૂજા જણાવી. પણ એ પૂજાની વાત ચાલુ હતી એટલે સાદૃશ્યથી દેવપૂજામાં પહેલાં પૂજા જણાવશે ને પછી દેવ કોણ ? એ જણાવશે.

'આ ઉત્તમ છે-પરમોત્તમ છે, અચિન્ત્યશક્તિસંપન્ન છે, કરુણાસાગર છે, મારું જે કાંઈ સારું થાય છે એ એમની કૃપાથી થાય

છે, એમના પૂજનથી દોષનાશ થશે, ગુણવિકાસ થશે, પાપનાશ થશે, પુણ્યવૃદ્ધિ થશે' આવા બધા ભાવો જીવને અહંકાર વગેરેથી બચાવનાર હોવાથી ઉચિત ઘડતર કરે છે. માટે આવી શ્રદ્ધા જરૂરી છે. એટલે આવી શ્રદ્ધાપૂર્વક અને શૌચ=પવિત્રતાપૂર્વક દેવની પૂજા કરવાની હોય છે. અહીં શરીરની, વસ્ત્રની, પ્રતિમાની અને મનની પવિત્રતા એ શૌચ તરીકે અભિપ્રેત છે. આમ શ્રદ્ધા-શૌચ પૂર્વક પ્રભુની પૂજા કરવાથી પાપનાશ થાય છે, પુણ્યવૃદ્ધિ થાય છે. પાપનાશના કારણે મોટી આપત્તિ કોઈ આવતી નથી અને પુણ્યવૃદ્ધિના કારણે કાર્યોમાં સફળતા મળતી જાય છે. આ બધાથી શ્રદ્ધા ઓર વધતી જાય છે.

પૂજા તરીકે અહીં શબ્દો દ્વારા પાંચ પૂજા કહી છે. વિલેપન, પુષ્પ, ધૂપ, નૈવેદ્ય અને સ્તોત્ર. આ બધું શોભન=સુંદર જોઈએ. પ્રતિમાનો શૌચ કહ્યો એનાથી જળપૂજા આવી ગઈ. વિલેપન પૂજા એટલે ચંદન પૂજા.. પછી પુષ્પપૂજા, ધૂપપૂજા ને એના ઉપલક્ષણથી દીપપૂજા, નૈવેદ્ય પૂજા... (અજૈનોમાં અક્ષત પૂજા અને ફળપૂજા નહીં હોય.. અથવા) શ્રીફળ વગેરે ફળનો નૈવેદ્યમાં જ સમાવેશ કરતા હોય એટલે ફળપૂજા આવી ગઈ.. ને નૈવેદ્યના જ ઉપલક્ષણથી અક્ષત પૂજા લઈ લઈએ તો અષ્ટપ્રકારીપૂજા આવી ગઈ અને સ્તોત્રપૂજાથી ભાવપૂજા આવી ગઈ. (યોગબિન્દુમાં પુષ્પ પૂજા, બલિપૂજા=નૈવેદ્ય-ફળપૂજા, વસ્ત્ર-પૂજા અને સ્તોત્રપૂજા કહેલ છે એ જાણવું.)

**પ્રશ્ન :** આ પૂજા કયા દેવની કરવાની ?

**ઉત્તર :** દેવોમાં રહેલી વિશેષતાઓના અજાણ મહાત્માઓએ સર્વદેવોને પૂજવા જોઈએ. અથવા જે દેવ પ્રત્યે પોતાની વિશેષ શ્રદ્ધા હોય એમને પૂજવા જોઈએ.

જેઓએ નવોનવો ધર્મ આરાધવો શરુ કર્યો છે એવા જીવો આદિધાર્મિક કહેવાય છે. ગૃહસ્થ હોવા છતાં જેઓ જીવનને પરલોક-પ્રધાન જીવે છે (એટલે કે જેનાથી મારો પરલોક બગડી જાય એવું

હું કશું કરું નહીં.. આ રીતે જીવન જીવે છે) તેઓનો આત્મા પ્રશસ્ત હોવાથી અહીં 'મહાત્મા' તરીકે ઉલ્લેખ કર્યો છે. આવા આદિ-ધાર્મિક જીવોએ કોઈપણ મતિમોહના કારણે, કયા દેવ પારમાર્થિક ભગવાન છે અને કયા નહીં ? એનો હજુ નિર્ણય કર્યો નથી, તેઓને દેવ તરીકે બધા દેવ એક સમાન હોય છે. 'આ ઉત્તમ જીવ છે' 'અચિન્ત્યશક્તિસંપન્ન છે' વગેરે શ્રદ્ધાભાવ બધા દેવો પ્રત્યે એક સમાન હોવાથી બધા દેવો સમાનરીતે નમસ્કાર્ય છે. કેટલાક આદિધાર્મિક જીવોને પોતાની કુલપરંપરામાં દેવવિશેષ=અમુક ચોક્કસ દેવ પૂજાતા આવતા હોવાથી કે પોતા પર કોઇ દેવવિશેષનો વિશેષ ઉપકાર થયેલો અનુભવ્યો હોવાથી એ દેવવિશેષ પ્રત્યે વિશેષ શ્રદ્ધા હોય છે. અલબત્ એ પણ મતિમુગ્ધ તો છે જ. એટલે કે જેમ બાળજીવને ત્યાગીનો વેશ જોવા માત્રથી બધા 'ગુરુ' ભાસે છે એમ એને બધાં 'દેવ' ભાસે છે. 'કોઇક દેવમાં જ ગુણાધિક્ય=અતિવિશિષ્ટકક્ષાના ગુણો હોય, બધામાં ન હોય' આવી એને કલ્પના સુધ્ધાં હોતી નથી. અથવા દેવનું વાસ્તવિક સ્વરૂપ કેવું હોય ? દેવે નિરૂપેલ તત્ત્વની પરીક્ષા શું ? આવી બધી કશી ગતાગમ નહીં. અથવા આ બધાનો નિર્ણય કરવાના સંયોગ- સામગ્રી ન હોય. આ બધું મતિમોહ છે. આદિધાર્મિકની ભૂમિકામાં સામાન્યથી બધા જીવોને આવો મતિમોહ હોય છે. દેવતત્ત્વ ઘણું ખરું અપ્રત્યક્ષ હોય છે. અપ્રત્યક્ષ બાબતમાં ક્યાં તો જ્ઞાનથી નિર્ણય થાય ને ક્યાં તો લોક વ્યવહારથી. પોતાને વિશેષજ્ઞાન છે નહીં ને સાથે ભદ્રિકતા છે. એટલે લોકમાં જે જે દેવો પૂજાતા હોય એ બધાનો આદિધાર્મિક જીવો દેવ તરીકે સ્વીકાર કરે છે. બધા પ્રત્યે સમાન શ્રદ્ધા ધરાવે છે, ને તેથી સમાન રીતે પૂજ્યતા માને છે. પણ જે આદિધાર્મિક જીવને કોઈ દેવવિશેષ પ્રત્યે અધિમુક્તિ હોય છે એટલે કે ઉપર જણાવ્યા મુજબ વિશેષ શ્રદ્ધા હોય છે, એ આદિધાર્મિક જીવ એ દેવવિશેષને જ પૂજે છે. બધા દેવોને નહી...

આમાં કારણ માત્ર પોતાની એવી વિશેષ શ્રદ્ધા છે, ગુણાધિક્યનું જ્ઞાન નહીં. એ પણ દેવ તરીકે તો બધાને દેવ માનતો જ હોય છે.

**પ્રશ્ન :** જે આદિધાર્મિક જીવો સર્વદેવોને પૂજે છે, તેઓને પણ તે તે દેવના વિશેષગુણ વગેરે કશાની જાણકારી હોતી નથી. તો પછી એમની પૂજાથી શું લાભ થાય ?

**ઉત્તર :** દેવવિશેષના નિર્ણયવગરના આદિધાર્મિક જીવો સર્વ દેવોને નમે છે. સ્વમતિના અભિનિવેશથી કોઈ એક દેવને સ્વીકારતા નથી, એટલે કે કદાગ્રહથી 'આ એક જ દેવ છે, બાકીના કોઈ દેવ નથી' આવો અભિપ્રાય એમનો હોતો નથી. એ ન હોવો એ 'એકદેવનો અસ્વીકાર' છે. જિતેન્દ્રિય અને જિતક્રોધ (= ક્રોધનો પરાભવ કરનારા) તેઓ દુર્ગને=નરકગમન વગેરે કષ્ટોને તરી જાય છે=ઉલ્લંઘી જાય છે. આ એમને લાભ થાય છે.

**પ્રશ્ન :** યોગની પૂર્વભૂમિકાની વાત ચાલી રહી છે. એ અવસરે પણ જો જીવે ઇન્દ્રિયો ઉપર અને ક્રોધાદિ કષાયો પર વિજય મેળવી લીધો છે ને તેથી જિતેન્દ્રિય-જિતક્રોધ બની ગયા છે. તો તેઓને પછી યોગની જરૂર જ શી રહેશે ?

**ઉત્તર :** અહીં 'જિતેન્દ્રિય' 'જિતક્રોધ' શબ્દનો અર્થ આવો નથી કરવાનો. પણ 'ઇન્દ્રિયો અને ક્રોધ જીવને નુક્શાનકર્તા છે' આવું સંવેદન...એવો કરવાનો છે. અર્થાત્ આ વાત માત્ર સાંભળેલી કે વાંચેલી - જાણેલી છે એમ નહીં, સ્વયં સંવેદેલી છે. પોતાના અંતઃકરણમાંથી આવો સૂર ઊઠી રહ્યો છે કે 'આ ઇન્દ્રિયવગેરે જીવને પાયમાલ કરનાર છે' આવું સંવેદન જેઓને હોય તેઓને ઇન્દ્રિયોની ઉલ્લંઠતા કે અતિતીવ્રક્રોધ આવતા નથી. એટલે આટલાઅંશની અપેક્ષાએ તેઓ જિતેન્દ્રિય અને જિતક્રોધ કહેવાય છે. વળી આ જ કારણે તેઓને તીવ્ર સંક્લેશ વગેરે આવતા ન હોવાથી નરકગમનાદિ થતા નથી. તથા આવા જિતેન્દ્રિય અને જિતક્રોધ છે માટે જ વિશેષતાઓ

જાણી ન હોવા છતાં દેવમાં ઉત્તમતા-ગુણસંપન્નતા વગેરે પ્રતીત થાય છે અને આમ 'આ ઉત્તમ છે, ગુણવાન છે' આવા ભાવથી પૂજે છે... માટે જ એ પૂજા ફળપ્રદ બને છે. આ સિવાયના જીવોને દેવમાં ઉત્તમતા હોવી સાંભળવા- જાણવા છતાં સંવેદાતી નથી. તેમજ ગુણની વાસ્તવિક અર્થિતા પણ પેદા થતી નથી. એટલે તેઓ ચમત્કારાદિ જોઈને કે લોકપંક્તિથી ક્યારેક દેવપૂજા કરતા હોય તો પણ એ સ્વાર્થ માટે હોવાથી પૂર્વસેવારૂપ બનતી નથી.

**પ્રશ્ન :** પણ અધિમુક્તિવાળા જીવ તો એક જ દેવને પૂજે છે. તો એના માટે તો સર્વદેવનમસ્કાર, એકને જ દેવ માનવાની માન્યતા ન હોવારૂપ અસ્વીકાર... વગેરે વાતો ન જ રહી ને ?

**ઉત્તર :** યોગની પૂર્વભૂમિકામાં રહેલો આદિધાર્મિક ભલે મિથ્યાત્વે છે. છતાં એ આભિગ્રહિક મિથ્યાત્વવાળો હોતો નથી, અનાભિગ્રહિક (=કદાગ્રહ વિનાના) મિથ્યાત્વવાળો હોય છે. એટલે અધિમુક્તિવશાત્=પોતાની એવી વિશેષ શ્રદ્ધાના કારણે એક દેવને પૂજવા છતાં એ પૂજામાં સ્વમતિનો અભિનિવેશ=કદાગ્રહ હોતો નથી. એટલે કે 'આ જ દેવ છે, બીજા કોઈ દેવ છે જ નહીં' આવો કદાગ્રહ હોતો નથી. એ તો, 'બીજા દેવો પણ ઉત્તમ જ છે - દેવ જ છે, પણ આ અમારી કુલપરંપરામાં પૂજાતા આવ્યા હોવાથી મારી આમના પ્રત્યે વિશેષ ભક્તિ છે, ને તેથી હું આમને પૂજું છું' આવા બધા પરિણામવાળો હોય છે. આવા અર્થનું સૂચન કરવા જ ગ્રન્થકારે नैकं देवं समाश्रिताः પદનું વિવેચન કરતી વેળા स्वमत्यभिनिवेशेन શબ્દ યોજ્યો છે. એટલે કે કદાગ્રહથી એક દેવનો આશ્રય કરનારા હોતા નથી, પણ કદાગ્રહશૂન્ય રીતે તો એકદેવને વરેલા હોય - એક દેવની જ પૂજા કરતા હોય એ પણ માન્ય છે.

**પ્રશ્ન :** પણ આ કદાગ્રહ હોવા-ન હોવાથી શું ફેર પડે ?

**ઉત્તર :** કદાગ્રહ હોય એને અન્યદેવો પ્રત્યે દ્વેષ જાગે, ને તેથી

ક્યારેક એમની નિંદા પણ કરે. અકદાગ્રહીને આવો દ્વેષ જાગતો નથી. અને એ ન જાગવો એ પણ અન્યદેવોની ઔચિત્યરૂપ પૂજા છે. તેથી એક જ દેવની પૂજા કરનાર હોવા છતાં અર્થથી એ સર્વદેવોની પૂજા કરનાર છે. એમ એક જ દેવનો આશ્રય કરનારો હોવા છતાં અર્થથી સર્વ દેવનો આશ્રય કરનારો હોય છે.

**પ્રશ્ન :** બધા જ દેવો કાંઈ મુક્તિ આપનારા છે નહીં, તો બધા જ સમાન રીતે નમસ્કરણીય શા માટે ?

**ઉત્તર :** હા, ખરેખર તો વીતરાગ સર્વજ્ઞ શ્રી અરિહંત ભગવાન્ મુક્તિ આપનારા છે. પણ એ રીતની તો એમની કે અન્ય કોઈપણ દેવની પિછાણ છે જ નહીં. એટલે એક જ સાચાદેવને પૂજવાની વાત રહી શકતી નથી. તેથી ક્યાં તો કોઈને ન પૂજવા ને ક્યાં તો બધાને પૂજવા... આ બે વિકલ્પો રહ્યા. એમાં પણ કોઈને ન પૂજવાનો પ્રથમ વિકલ્પ સ્વીકારવામાં તો ક્યારેય પ્રભુની પ્રાપ્તિ થવાની સંભાવના જ ન રહે. બધા જ દેવોને પૂજવાના બીજા વિકલ્પમાં એ સંભાવના રહે છે, કારણ કે સાચાદેવનો પણ બધા દેવોમાં સમાવેશ હોવાથી ક્રમશઃ બધા દેવોને પૂજવામાં એમની પણ પૂજાનો લાભ મળી જ જવાનો છે. આ જ તો ચારિસંજીવિની ચાર દૃષ્ટાન્ત છે. પહેલાં, બીજી બત્રીશીમાં આપણે આ દૃષ્ટાન્ત જોઈ ગયા છીએ.

બળદ બની ગયેલા પતિને પત્ની ચારો ચરાવી રહી છે. એને જાણવા મળ્યું કે એક સંજીવિની ઔષધિ એવી હોય છે જેનો ચારો જો બળદ ચરે તો પાછો પૂર્વવત્ પુરુષ બની જાય. પણ એ ઔષધિ કઈ છે ? એ, એ પત્ની જાણતી નથી. એટલે એણે એ બળદને બધા પ્રકારનો ચારો ચરાવવાનો ચાલુ કર્યો. એમાં ક્રમશઃ સંજીવિની ઔષધિનો નંબર પણ આવ્યો, ને તેથી એ ચરવામાં આવતા જ બળદ પાછો પુરુષ બની ગયો. આ જ રીતે જ્યારે કયા દેવ વાસ્તવિક છે એની જાણકારી ન હોય ત્યારે બધા દેવને પૂજવામાં જ વાસ્તવિક દેવની

પ્રાપ્તિ પણ થઈ જાય છે. આ રીતે એમની પ્રાપ્તિ થવી એ આનુષંગિક પ્રાપ્તિ = યોગાનુયોગ થયેલી પ્રાપ્તિ કહેવાય છે.

'આ ઉત્તમ છે, ગુણિયલ છે' આવા ભાવપૂર્વક સર્વદેવ-નમસ્કાર (પૂજા)ના પ્રભાવે પુણ્ય બંધાય છે. વળી મતિઅભિનિવેશ છે નહીં. એટલે અશુભઅનુબંધ પડ્યા નથી. તેથી આ પુણ્યના પ્રભાવે સાચા દેવની પ્રાપ્તિ થઈ જાય છે.

**પ્રશ્ન :** પણ અધિમુક્તિવશાત્ જે એક જ દેવને પૂજે છે એને તો ચારિસંજીવિનીચાર દૃષ્ટાન્ત લાગુ પડશે નહીં, તો એને સાચા દેવની આનુષંગિક પ્રાપ્તિ પણ શી રીતે થશે ?

**ઉત્તર :** હા, સંજીવિની ઔષધ સિવાયનો કોઈ એક જ ચારો જે સ્ત્રી બળદને ચરાવી રહી છે એને આનુષંગિક રીતે પણ વાસ્તવિક ચારો મળવાનો નથી જ. માટે એવા સ્થળે આ દૃષ્ટાન્ત લાગુ નહીં જ પડે. તેમ છતાં, ઉપર જણાવ્યું એમ એને પણ પુણ્યના પ્રભાવે સાચા દેવની પ્રાપ્તિ સંભવિત છે. આશય એ છે કે એ જીવ જે દેવવિશેષને પૂજે છે તે પણ 'આ ઉત્તમ છે, ગુણિયલ છે' એવા ભાવથી જ. એટલે એને પણ પુણ્ય બંધાય જ છે. વળી મતિઅભિનિવેશ ન હોવાથી અશુભઅનુબંધ એને પણ પડતા નથી. તેથી પુણ્યપ્રભાવે છેવટે ભવાંતરમાં પણ સાચાદેવની પ્રાપ્તિ એને થઈ જાય છે.

અલબત્, સર્વદેવનમસ્કર્તાને કે એકદેવનમસ્કર્તાને પારમાર્થિક દેવની આ જે પ્રાપ્તિ થાય છે એ માત્ર દેવ તરીકે જ, પારમાર્થિક દેવ તરીકે નહીં, કારણ કે આદિધાર્મિકની ભૂમિકામાં જીવ મુગ્ધ હોવાના કારણે ગુણાધિક્યને જાણી શકતો નથી. એટલે એ પારમાર્થિક દેવની પણ જે નમસ્કારાદિભક્તિ કરશે તે પણ દેવ તરીકે જ, અર્થાત્ બીજા દેવોની કરતો હતો એ રીતે જ, વિશેષ ભક્તિરૂપે નહીં. માટે શુદ્ધ દેવની ભક્તિ વગેરે સ્વરૂપ માર્ગ પ્રવેશાત્મક આ ફળોદય સામાન્ય ફળોદય છે. આદિધાર્મિક જીવો, મુગ્ધતાના કારણે આવી સામાન્ય

ભક્તિ વગેરે સ્વરૂપ સામાન્ય વૃત્તિના જ અધિકારી હોય છે. અને પછી જ્યારે ગુણાધિક્યનું જ્ઞાન તેઓને થાય છે ત્યારે વિશેષ રૂપે ભક્તિના અધિકારી બને છે. એટલે કે શુદ્ધદેવમાં અન્યદેવોની અપેક્ષાએ રહેલી વીતરાગતા, સર્વદોષશૂન્યતા, યથાર્થપ્રરૂપકતા વગેરે વિશેષતાઓ સ્વરૂપ ગુણાધિક્યને જાણે તો વિશેષ પ્રકારની ભક્તિ વગેરે સ્વરૂપ વિશેષ પ્રવૃત્તિને યોગ્ય બને છે.

ટૂંકમાં ગુણાધિક્ય જાણ્યું નથી, ત્યાં સુધી 'આ ગુણિયલ ઉત્તમ પુરુષ છે' એવી એક સમાન ભક્તિ-શ્રદ્ધા સર્વદેવો પ્રત્યે હોવાથી એને મન બધા દેવ છે, દેવ તરીકે એક જ છે. ને તેથી બધાની એક સમાન-સામાન્ય ભક્તિ હોય છે. ગુણાધિક્ય જાણવા પર વીતરાગપ્રભુ અન્ય દેવો કરતાં અલગ જ તરી આવે છે. ક્યાં સૂર્ય ને ક્યાં આગિયો ? એટલે વીતરાગ પ્રભુ પર અતિવિશિષ્ટ ભક્તિ ઉલ્લસે છે.

જેવું દેવતત્ત્વ માટે છે એવું જ ધર્મતત્ત્વ માટે છે. 'શિષ્ટલોકમાં જે ધર્મ તરીકે પ્રસિદ્ધ છે, ઘણા લોકો કરે છે... એ બધું મારે પણ કરવાનું, આવા અભિપ્રાયથી બધી ધર્મક્રિયા કરે છે, અથવા કુલપરંપરાથી પ્રાપ્ત કોઈક ધર્મવિશેષની ધર્મ ક્રિયા કરે છે. અને મતિ અભિનિવેશ કોઈ છે નહીં. તો પુણ્ય પ્રભાવે સાચા શુદ્ધ ધર્માનુષ્ઠાનની પ્રાપ્તિ થઈ જાય છે. આમ પૂર્વે જણાવ્યા મુજબ જિતેન્દ્રિય - જિતક્રોધ આદિધાર્મિકજીવોને અભિનિવેશરહિતપણે જે અનુષ્ઠાનો થાય છે એ શુદ્ધમાર્ગના પ્રાપક બને છે. છતાં એમાં વિશેષબુદ્ધિ ન હોવાથી આ આનુષંગિકફળોદયરૂપ જ બની રહે છે.

**પ્રશ્ન :** લોકમાં તો યજ્ઞમાં પશુબલિ પણ ધર્મ તરીકે પ્રસિદ્ધ છે. બકરી ઈદમાં બકરી હલાલ કરવી એ પણ ધર્મ લેખાય છે. તો આવી ધર્મક્રિયાપણ શું આદિધાર્મિક કરે ? અને એનાથી પણ શું વાસ્તવિકધર્મની પ્રાપ્તિ થાય ?

**ઉત્તર :** આદિધાર્મિકજીવને વિશેષ બોધ ન હોવા છતાં,

વાસ્તવિક - અવાસ્તવિક ધર્મક્રિયાનો વિવેક ન હોવા છતાં, મોહનીય કર્મ મંદ પડ્યું હોવાના પ્રભાવે, આવી અતિનિન્ઘ ક્રિયા ઉપસ્થિત થાય ત્યારે એનું અંતઃકરણ જ પોકારવા માંડે છે કે 'આવો તે કાંઈ ધર્મ હોતો હશે ? हिंसा नाम भवेद् धर्मो न भूतो न भविष्यति... 'હિંસા' એ ધર્મ હોય ? ત્રણ કાળમાં અસંભવિત. અને તેથી એ એવી ક્રિયા કરતો જ નથી.

**પ્રશ્ન :** આદિધાર્મિકનું મોહનીયકર્મ મંદ પડ્યું હોય છે એ શાના આધારે નિશ્ચિત થાય ?

**ઉત્તર :** એનું મિથ્યાત્વ અનાભિગ્રહિક હોય છે. તેમજ એ જિતેન્દ્રિય-જિતક્રોધ હોવો જે જણાવ્યો છે એના પરથી નિશ્ચિત છે કે એનું દર્શન-ચારિત્ર બંને મોહનીયકર્મ મંદ પડ્યું હોય છે.

**પ્રશ્ન :** જેવું દેવ-ધર્મ તત્ત્વ માટે છે, એવું જ ગુરુ તત્ત્વ માટે પણ ખરું ને ?

ઉત્તર : હા, સામાન્યથી એવું જરૂર કહી શકાય. ત્યાગીનો વેશ જુએ ને 'મારા કરતાં ઘણા ઊંચા -મહાન, સંસારત્યાગી, સાધના કરનારા...' આવી બધી બુદ્ધિ થાય... ને મતિ અભિનિવેશ હોય નહીં, તો બધા ત્યાગીની ભક્તિ કરતાં કરતાં સાચા સાધુની પ્રાપ્તિ થાય છે. છતાં એમના નિષ્પાપજીવન વગેરે રૂપ વિશેષતાઓની જાણકારી ન હોવાના કારણે સમાન રીતે ભક્તિ થાય. એટલે આ આનુષંગિક સામાન્યફલોદય કહેવાય. વિશેષતાની જાણકારી થયા પછી વિશેષ ભક્તિ ઉલ્લસે ને તેથી વિશેષ ભક્તિ કરે. પણ ગુરુ એ બોલકું તત્ત્વ છે. પોતાની પાસે આવેલા આદિધાર્મિક મુગ્ધજીવને અમે જ સુગુરુ.. બાકીના બધુ કુ.... આવો કદાગ્રહ પકડાવી દે તો એ અભિનિવેશના કારણે અશુભ અનુબંધ ઊભા થાય છે જે સાચા ગુરુની પ્રાપ્તિ થવા દેતા નથી.

આ બધામાં સર્વત્ર ગુણાધિક્યનું જ્ઞાન ન હોય ત્યાં સુધી

સામાન્ય ભક્તિ અને એ જ્ઞાન થવા પર વિશેષ ભક્તિ થાય એ જાણવું.

આદિધાર્મિક જીવની મુગ્ધતા દૂર થવા પર સાર-અસારનો વિવેક કરવાની દૃષ્ટિ જાગે છે. એ જાગવા પર અને એને અનુકૂળ સંયોગ-સામગ્રી મળવા પર 'વીતરાગ સર્વજ્ઞ શ્રીઅરિહંતપ્રભુ એ જ સાચા દેવ, એમનું નિરૂપણ જ યથાર્થ.. એમની ભક્તિથી જ જીવ મોક્ષ સુધી પહોંચે..' આવો બધો નિશ્ચય થાય છે, અને તેથી એમના પ્રત્યેની ભક્તિ એકદમ ઉલ્લસિત થઈ જાય છે, અને અન્ય દેવો પરની ભક્તિ ઓસરી જાય છે. તેથી હવેથી એ જીવ માત્ર અરિહંતની જ ભક્તિ કરે છે, અન્ય દેવોની નહીં.

જ્યાં સુધી ગુણાધિક્ય જાણ્યું નહોતું, ત્યાં સુધી સર્વ દેવની પૂજા હતી. અધિમુક્તિ વશાત્ કદાચ એક જ દેવની પૂજા હતી. તો પણ એ એમાં ગુણાધિક્ય જાણેલું માટે નહીં, પણ કુલપરંપરા વગેરે કારણે થયેલી પોતાની વિશેષશ્રદ્ધા છે, એ માટે. એટલે જ એ વખતે પણ બધા દેવોને પૂજનીય તો માનવાના જ હતા. પણ હવે તો શ્રી અરિહંતપ્રભુમાં ગુણાધિક્ય જાણેલું છે.એટલે હવે શ્રી અરિહંતને જ પૂજનીય માને છે, ને પૂજે છે... બીજા દેવોને પૂજનીય માનતો નથી, પૂજતો નથી. તેમ છતાં એમના પ્રત્યે દ્વેષ તો ન જ જોઈએ. આશય એ છે કે મહાદેવ અષ્ટક વગેરે પરથી અન્ય દેવોના અત્યંત વિચિત્ર કહી શકાય એવા ચરિત્રો જાણવા મળે છે. પોતે તો પવિત્ર સદાચારમય જીવન જીવનારો છે. એટલે, પોતાનામાં ઊંચો સદાચાર છે. જ્યારે અન્ય દેવોમાં, લોકમાં દેવ તરીકે પૂજાતા હોવા છતાં કલંકરૂપ દુરાચાર છે. તો પણ એના પર દ્વેષ ન જાગે એની કાળજી લેવી જરૂરી બની રહે છે. તો જ પોતે શ્રીઅરિહંતની જ જે પૂજાદિ કરે છે તે પૂર્વસેવામાં પ્રવિષ્ટ થઈ શકે. સર્વદેવની પૂજનીયતાકાળે મતિઅભિનિવેશ જે નહોતો એ આ દ્વેષાભાવમાં પ્રયોજક બને છે.

આમ, ગુરુપૂજા અને દેવપૂજાની વાત પૂર્ણ થઈ. હવે દાનની વાત કરવાની છે. દાનમાં પાત્રદાન અને અનુકંપાદાન એમ બે કહેવાના છે. એમાં પાત્રદાન એ પૂજ્યની પૂજા રૂપ પણ છે જ. માટે દાનનો સમાવેશ પણ પૂજા પૂર્વસેવામાં થઈ શકે છે. અને તેથી 'ગુરુદેવાદિપૂજન'માં આદિ શબ્દથી દાન પણ લઈ લેવાનું છે. અલબત્ અનુકંપાદાનને પૂજ્યપૂજામાં ગણી શકાય નહીં. તેમ છતાં એ પણ સદાચાર તો છે જ. એને નજરમાં લઈએ તો દાનનો સદાચાર પૂર્વસેવામાં સમાવેશ કરવો ઉચિત ઠરે. યોગબિન્દુ ગ્રન્થમાં એનો પૂજા પૂર્વસેવામાં સમાવેશ કરેલો છે.

આ પાત્રદાન અને અનુકંપાદાનની વાત આગામી લેખમાં વિચારીશું.

❖ ❖ ❖

## લેખાંક ૬૮

ગુરુપૂજા અને દેવપૂજાની વાતો આપણે જોઈ ગયા. હવે આ લેખમાં દાનની વાતો જોઈએ. આ દાન પાત્રને આપવાનું હોય છે ને દીનાદિવર્ગને આપવાનું હોય છે. એ આપનાર-લેનારને અપથ્યરૂપ ન બનવું જોઈએ અને સ્વપોષ્યવર્ગને અવિરોધપણે હોવું જોઈએ.

આશય એ છે કે જ્વર=તાવ વગેરે રોગથી પીડિત વ્યક્તિને ઘી વગેરે આપવામાં આવે તો એ અપથ્ય નીવડે છે ને વધારે નુકશાન કરે છે. એમ એવી વસ્તુનું દાન કે જે લેનારને આરંભ-સમારંભાદિ પાપમાં સહાયક બની દુર્ગતિનો રસ્તો દેખાડે. જેમ કે મુશલ વગેરે અધિકરણનું દાન. આ દાનથી માત્ર લેનારને જ પાપબંધાદિ નુકશાન થાય છે એવું નથી, દેનારને પણ અધિકરણનું દાન હોવાથી નુકશાન કરનારું નીવડે છે. જે દાન આ રીતે લેનાર અને દેનારને અપકારક

ન હોય તે દાન અહીં પૂર્વસેવા તરીકે ઇષ્ટ છે. આ દાન જો પાત્રને અપાતું હોય તો સુપાત્રદાન છે ને દીનાદિને અપાતું હોય તો અનુકંપાદાન છે.

જેમના પોષણની પોતાના શિરે જવાબદારી છે એવા વૃદ્ધ માતાપિતા વગેરેને ભૂખે મરવાના દા'ડા આવે એ રીતે આ દાન આપવાનું હોતું નથી. સીધી વાત છે, પાત્રને કે દીનાદિને પોતે ન આપે તો એટલામાત્રથી કાંઈ એ પાત્ર વગેરે ભૂખે મરવાના નથી, કેમકે એમને આપનાર અન્ય પણ સંભવે છે, જ્યારે માતા વગેરે સ્વપોષ્યને પોતે ન આપે તો એમણે તો ભૂખે જ મરવું પડે. જે લોકદષ્ટિએ નિન્દ્ય બને. માટે સ્વપોષ્યને તકલીફ ન પડે એ રીતે દાન આપવું. ઘરના છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો... આવું ન થવું જોઈએ.

**પ્રશ્ન :** સુપાત્રદાન કોને આપવું ? અને અનુકંપાદાન કોને આપવું ?

**ઉત્તર :** જે વેશ વ્રતને સૂચવે છે એવો ત્યાગીનો વેશ ધરાવનાર લિંગી એ આદિધાર્મિક જીવોને પાત્ર છે. તથા દીનાદિવર્ગ=દીન-અંધ-કૃપણ વગેરેનો સમુદાય એ અનુકંપાને યોગ્ય છે. આમાં પ્રથમ પાત્રદાનને વિચારીએ-

આદિધાર્મિક જીવો પારમાર્થિક-અપારમાર્થિક દેવના તફાવતને જેમ પકડી શકતા નથી એમ મતિમુગ્ધતાના કારણે પારમાર્થિક પાત્ર-અપાત્રને પણ પકડી શકતા નથી. પાત્રમાં પારમાર્થિકત્વ-અપારમાર્થિકત્વ હોય આવા વિચાર સુધ્ધાંનો અભાવ, અથવા એની પરીક્ષા શું હોય ? એ જાણકારીનો અભાવ, અથવા એ પરીક્ષા કરી શકાય એવા સંયોગ-સામગ્રીનો અભાવ.. આ બધું જ અહીં મતિમુગ્ધતા તરીકે જાણવું. એટલે આ જીવો મુખ્યતયા લોકને અનુસરનારા હોય છે. અને લોકમાં તો કેટલાક અમુક ત્યાગીની ભક્તિ કરનારા જોવા

મળે છે, તો બીજા અન્ય ત્યાગી વર્ગની.. તો વળી ત્રીજા ઓર અન્યત્યાગી વર્ગની.. એટલે કે લોકમાં તો સામાન્યથી બધા જ ત્યાગીની ભક્તિ જોવા મળે છે. તેથી આ જીવો જેમ સર્વદેવની પૂજા કરે છે, એમ સર્વ ત્યાગીવર્ગની પાત્ર સમજીને દાનદ્વારા ભક્તિ કરે છે. વળી દેવપૂજામાં જેમ અધિમુક્તિવશાત્ એક દેવની ભક્તિ કહી છે એમ અહીં પણ પોતાની કુલપરંપરા વગેરે કારણે અમુક ત્યાગી સમૂહપર વિશેષ શ્રદ્ધા હોય તો એમની ભક્તિ દાન દ્વારા કરે. હા, મતિઅભિનિવેશ તો ન જ જોઈએ. 'હું ભલે આ ત્યાગીને જ દાનાદિ કરું છુ. બાકી તો બધા જ ત્યાગી દાનાદિના પાત્ર છે' આવી લાગણી દિલમાં હોય જ. પોતે જે એકને જ દાનાદિ કરે છે, તે તેઓમાં ગુણાધિક્ય જોયું છે માટે નહીં, પણ કુલપરંપરા વગેરે કારણે ત્યાં વિશેષ શ્રદ્ધા છે, માટે.

**શંકા :** ગ્રન્થમાં તો 'અધિમુક્તિવશાત્'ની કોઈ વાત કરી નથી.

**સમાધાન :** દેવમાં તો, દેવ કાંઈ સામેથી સાધકના ઘેર આવતા નથી, પોતે સ્વયં દેવના મંદિર જવું પડે છે. એટલે જે આદિધાર્મિકની વિશેષ શ્રદ્ધા અમુક દેવ પર બંધાયેલી હોય એ તો દરેક વખતે એ જ દેવના મંદિરે જશે, ને તેથી બીજા દેવની પૂજા કરવાનો પ્રસંગ એને આવવાનો નથી. પણ ત્યાગી ગુરુ માટે આવું નથી. પોતે સામેથી બોલાવવા જવું, ઘરે તેડાવવા ને દાનાદિ કરવા... આવું તો જેમના પર વિશેષ શ્રદ્ધા હોય એ ત્યાગી માટે જ હોય. છતાં બીજા ત્યાગીઓ પણ ભિક્ષા વગેરે માટે ઘરે સામેથી આવે એ લગભગ સંભવિત છે જ. ત્યારે, અભિનિવેશ ન હોવાથી આ આદિધાર્મિક જીવ એમને પણ પાત્ર સમજીને ભક્તિથી દાન આપે જ છે. નથી આપતો એવું નથી. એટલે માત્ર એક ત્યાગીને જ દાન આવું લગભગ શક્ય બનતું નથી. માટે એનો ઉલ્લેખ નથી એમ સમજવું જોઈએ.

વળી જે ત્યાગીઓ સ્વયં રાંધતા નથી, બીજા પાસે રંધાવતા નથી કે ગૃહસ્થોએ પોતાના માટે રાંધેલાની અનુમોદનાપણ કરતા નથી આવા ત્યાગીઓને ગ્રન્થકારે અહીં 'અપચા' શબ્દથી જણાવ્યા છે. આવા અપચાત્યાગીઓને આદિધાર્મિક જીવ વિશિષ્ય=વિશેષ રૂપે આપે છે.

**શંકા :** 'માત્ર એક જ ત્યાગીને દાન' એ આ રીતે જ શક્ય બની જશે ને !

**સમાધાન :** ના, કારણ કે એ ભૂમિકામાં આદિધાર્મિક જીવ આ સિવાયના ત્યાગીઓને પણ પાત્ર સમજીને ભક્તિથી આપે જ છે.

**શંકા :** તો પછી વિશિષ્યનો અર્થ શું કરવાનો ?

**સમાધાન :** એટલો જ કે પહેલાં આવા અપચાત્યાગીઓને આપે.. પછી બીજાઓને હોય એ પ્રમાણે આપે, ક્યારેક ન હોય તો ન પણ આપે, છતાં એમને પણ પાત્ર તો માને જ છે, કારણકે અપચાપણાંને ગુણાધિક્ય તરીકે જોતા નથી. તે પણ એટલા માટે કે ગુણાધિક્ય જોવા તરફ લક્ષ્ય જ નથી. અથવા દરેક પોતપોતાના શાસ્ત્રમાં કહેલ હોય એ મુજબ વર્તે છે, તેથી એના આધારે ઉચ્ચપણું - નીચપણું નક્કી કરી શકાય નહીં. આદિધાર્મિકને કોઈકનો અમુક આચાર કડક લાગે છે તો બીજાનો બીજો કોઈ આચાર. વળી ત્રીજાનો કોઈક અન્ય જ આચાર.. એટલે આ ગુણાધિક્ય છે એવી બુદ્ધિ હોતી નથી. હા, પછી ક્રમશઃ ભૂમિકા આગળ વધે ને તેથી ગુણાધિક્યનો નિશ્ચય થાય, તો પછી શેષ ત્યાગીવર્ગ એના માટે પાત્ર રહેતો નથી. અલબત્ તેઓ પ્રત્યે દ્વેષ ન હોય. એટલે સામેથી આવે તો ઔચિત્યથી આપે, ભક્તિથી નહીં.

**પ્રશ્ન :** પૂર્વે ગુરુપૂજા કહી એમાં ગુરુ તરીકે ધર્મોપદેશકનો પણ સમાવેશ હતો. તો એની પૂજા તરીકે જ આ ભક્તિથી કરાતું

દાન પણ આવી જવાથી એનો અહીં સ્વતંત્ર ઉલ્લેખ કરવાની જરૂર શી ?

**ઉત્તર :** એ ધર્મોપદેશક તરીકે તો પોતાને ખુદને ધર્મનો ઉપદેશ આપનારા જે ધર્મોપદેશકો હોય એને જ મુખ્યતયા લેવાના હોય છે, બધા ત્યાગીઓને નહીં. વળી એ ધર્મોપદેશક તો ગૃહસ્થ પણ હોય શકે, અહીં તો માત્ર ત્યાગીની જ વાત છે.

અહીં અપચાને જેમ વિશેષ પ્રકારે ભિક્ષાનું દાન કહ્યું એમ એના ઉપલક્ષણથી જે ત્યાગીઓ પૈસા રાખતા ન હોય એમને વસ્ત્રાદિનું દાન વિશષ પ્રકારે કરવું. જેઓ પોતાનો આશ્રમ ન રાખતા હોય એમને વિશેષ કરીને વસતિદાન કરવું. એમ પહેલાના કાળમાં યાત્રાળુઓ પગપાળા યાત્રાએ જતા. સ્વગામમાં આવેલ આવા યાત્રાળુઓને પણ આદિધાર્મિક પાત્ર માની યથાયોગ્ય દાનાદિ ભક્તિ કરે. પણ આવું ક્વચિત્ બનતું હોવાથી એનો ઉલ્લેખ નથી.

અહીં જે બધા ત્યાગીઓને દાનની વાત છે એમાં એ તો સ્પષ્ટ જ છે કે તે તે ત્યાગી પોતપોતાના શાસ્ત્રોમાં ત્યાગી વર્ગ માટે જે આચારસંહિતા બનાવેલી હોય એનું અપ્રમત્તપણે પાલન કરનારા હોવા જોઈએ. આ વાત માત્ર અપચાત્યાગીઓ માટે જ છે એવું નથી. દરેક ત્યાગી માટે છે, એ જાણવું. નહીંતર તો ત્યાગીનો વેશ ધાર્યા પછી પણ જેઓ સ્વશાસ્ત્રોક્ત આચારો તો પાળતા નથી અને ઉપરથી કામલીલાઓ સેવે છે, પરિગ્રહના ઢેર ખડકે છે, એ માટે અન્યની હત્યા સુધીના પ્રપંચો ખેલે છે એ બધા પણ પાત્ર બની જાય.

આમ પાત્રદાનની વાત કરી. હવે દીનાદિવર્ગને અપાતાં અનુકંપાદાનને વિચારીએ. દીન, અંધ, કૃપણાદિનો સમુદાય એ અહીં દીનાદિવર્ગ તરીકે અભિપ્રેત છે. એને અનુકંપાદાન આપવાનું હોય છે. યોગબિંદુમાં કહ્યું છે કે -*દીન, અંધ અને કૃપણો, તથા જેઓ વિશેષ*

*કરીને વ્યાધિગ્રસ્ત છે, નિર્ધન છે, જેઓ અન્યક્રિયામાં અસમર્થ છે, આ બધાનો સમુદાય એ દીનાદિનો વર્ગ છે.* આમાં દીન એટલે પુરુષાર્થ કરવાની જેમની બધી શક્તિઓ ક્ષીણ થઈ ગઈ છે તે, અંધ એટલે નેત્રહીન, કૃપણ એટલે સ્વભાવે જ સજ્જનોની દયાને પાત્ર, વ્યાધિગ્રસ્ત એટલે કોઢ વગેરે મોટા રોગથી અભિભૂત થયેલ.

પ્રસ્તુતગ્રન્થમાં, કાર્યાન્તરમાં અસમર્થ દીનવગેરેને જ દીનાદિવર્ગ તરીકે કહેલ છે. જીવન નિર્વાહના વેપાર, ફેરી, નોકરી, ભિક્ષા, ભીખ.. વગેરે પ્રમુખ ઉપાયો છે. ત્યાગીવર્ગની ભિક્ષા કહેવાય. એ સિવાયના માગે એ ભીખ કહેવાય. આમાંથી ભીખ સિવાયના ઉપાય એ કાર્યાન્તર. આ કાર્યાન્તરમાં જેઓ સમર્થ નથી તે કાર્યાન્તરઅક્ષમ.

**પ્રશ્ન :** જેઓ ફેરી-નોકરી - મજુરી વગેરે કરવા માટે સમર્થ હોવા છતાં ભીખ માગતા હોય તેમનો દીનાદિવર્ગમાં સમાવેશ નહીં કરવાનો ? એમને દાન નહીં આપવાનું ?

**ઉત્તર :** યોગબિન્દુગ્રન્થમાં क्रियान्तराशक्ता શબ્દ છે, અને એ દીનાદિનું વિશષણ નથી, પણ દીનાદિવર્ગનો દીનાદિની જેમ જ એક સ્વતંત્ર અંશ છે. એટલે દીનાદિ તરીકે જે લેવાના છે તે ક્રિયાન્તરમાં અસમર્થ હોય એવા જ લેવાનો નિયમ રહેતો નથી. તેથી ક્રિયાન્તરમાં સમર્થ હોવા છતાં જેઓ ભીખ માગતા હોય તેઓનો ક્યાં તો દીનમાં અને ક્યાં તો નિર્ધનમાં સમાવેશ કરીને અનુકંપાથી દાન આપવું.

પ્રસ્તુત બત્રીશીગ્રન્થમાં તો કાર્યાન્તર અસમર્થને દીનાદિવર્ગનું વિશેષણ બનાવ્યું છે. એટલે જેઓ મજુરી વગેરે કાર્યાન્તરમાં સમર્થ છે તેઓનો અભિપ્રેત વર્ગમાં સમાવેશ થઈ શકે નહીં. પણ ભીખ માગવા આવેલા એને દાન આપવું નહીં એ ઉચિત તો નથી જ. એટલે શરીરથી સમર્થ હોવા છતાં આળસ વગેરેના કારણે મનથી અસમર્થ છે એમ સમજી એને પણ કાર્યાન્તર અસમર્થ ગણવો. અને તેથી

દીનાદિ વર્ગમાં સમાવેશ કરી દાન આપવું, આમ યોગ્ય લાગે છે. આમ પૂજા પૂર્વસેવાના ગુરુપૂજા, દેવપૂજા અને અન્યપૂજા.. ત્રણે અંશોને વિચાર્યા. હવે ક્રમપ્રાપ્ત 'સદાચાર' પૂર્વસેવાને વિચારીએ.

પ્રસ્તુતગ્રન્થમાં સુદાક્ષિણ્યવગેરે અઢાર સદાચારોને સદાચાર પૂર્વસેવામાં જણાવ્યા છે જેનો આપણે ક્રમશઃ વિચાર કરીએ.

**(૧) સુદાક્ષિણ્ય :** સંસ્કૃતમાં બે શબ્દો છે. દક્ષિણ અને વામ. એમાં દક્ષિણ એટલે જમણું અને વામ એટલે ડાબું. એ જ રીતે આ બે શબ્દોના બીજા પણ અર્થ થાય છે. આ માણસ વામપ્રકૃતિ છે આવા વાક્યમાં વામ = વક્ર = પ્રતિકૂળ એવો અર્થ ધ્વનિત થાય છે, કારણકે વામપ્રકૃતિ એટલે વક્રપ્રકૃતિ. આમ વામનો અર્થ 'પ્રતિકૂળ' મળ્યો, એટલે દક્ષિણનો અર્થ 'અનુકૂળ' મળે છે. દાક્ષિણ્ય એટલે દક્ષિણપણું એટલે અનુકૂળ રહેવું- અનુકૂળ થવું. પોતાની ઇચ્છા-અનુકૂળતા વગેરે ન હોય તો પણ પ્રાર્થના કરી રહેલ સામી વ્યક્તિને અનુકૂળ બની એનું કાર્ય કરી આપવાની તત્પરતા જગાડે એવો પરિણામ એ દાક્ષિણ્ય છે. એટલે ગ્રન્થકારે જણાવ્યું છે કે ગંભીર-ધીર ચિત્તવાળા જીવની સ્વભાવથી જ અન્યના કાર્ય કરી આપવાની તત્પરતા એ સુદાક્ષિણ્ય. સામાની પ્રાર્થના કોઈ અતિનિન્દ્ય- અનુચિત કાર્યની હોય તો એને કાંઈ અનુકૂળ થવાનું હોતું નથી. એટલે અહીં માત્ર દાક્ષિણ્ય ન કહેતાં સુદાક્ષિણ્ય કહ્યું છે. આ સુદાક્ષિણ્યથી સામી વ્યક્તિના મનની પ્રસન્નતા પેદા થાય છે - જળવાય છે. આ સુદાક્ષિણ્યનું ફળ છે. ભગવાન રમવા જાય એ સામાની પ્રસન્નતા માટે. તેથી આ પ્રભુનું સુદાક્ષિણ્ય છે.

આમ સામાના કાર્યને કરી આપવાની તત્પરતા (= પરકૃત્ય પરતા) કે બીજાની અનિન્દ્યપ્રાર્થનાને સફળ કરવાની તત્પરતા (પરાભિયોગપરતા) એ સુદાક્ષિણ્ય છે. પણ આ પરકૃત્યપરતા પ્રકૃત્યા જોઈએ, એટલે કે એવો સ્વભાવ જ થઈ ગયો હોય ને તેથી સ્વભાવથી જ એ થાય. વચ્ચે કોઈ સ્વાર્થ આવી જાય તો પછી એ સુદાક્ષિણ્ય નથી.

**પ્રશ્ન :** આ પરકૃત્યપરતા પ્રકૃતિથી=સ્વભાવથી કોને આવે ?

**ઉત્તર :** જેનું ચિત્ત ગંભીર અને ધીર હોય તેને આવે. સામી વ્યક્તિની બાહ્ય કે આભ્યન્તર પરિસ્થિતિને ગળી શકનારો હોય તે ગંભીર કહેવાય. એ સામાની ભૂતકાલીન કે વર્તમાનકાલીન બાહ્ય કે આભ્યન્તર નબળી કડીઓ જાણવા છતાં બીજા આગળ ઓકી ન નાખે. કોઈને ઘરમાં ઝગડો થવાથી મન ઉદાસીન થઈ ગયું છે, અપ્રસન્નતા આવી ગઈ છે. એ વ્યક્તિ ગંભીર માણસ પાસે આવીને કહે આપણે બહાર ક્યાંક ફરી આવીએ તો એને પ્રસન્ન કરવા જાય અને એ વખતે એ વ્યક્તિ મન હળવું કરવા બધી વાત કરે તો ગંભીર માણસ સાંભળી લે. પણ પછી કોઈને જણાવે નહીં. અગંભીર હોય તો ઉપરથી ટોણો મારે જે સામાની મૂંઝવણને ઓર વધારે.

એમ ગંભીર હોય એ સ્વઉત્કર્ષમાં લીન ન બને, સ્વઅપકર્ષમાં દીન ન બને. એટલે કે બંને પરિસ્થિતિને ગળી જાય.

પ્રતિકૂળ અવસ્થામાં સત્ત્વસંપન્નતા એ ધીરતા છે, પછી ભલે એ પ્રતિકૂળ અવસ્થા કર્મકૃત હોય, સંયોગકૃત હોય કે પરકૃત હોય. બીજાનું કાર્ય કરી આપવામાં પોતાને જે આપત્તિ આવે- નુકશાન આવે એમાં ધૈર્ય ન હોય તો ડગી જાય ને તેથી દાક્ષિણ્ય જાળવી ન શકે. એમ સામાની પ્રસન્નતા માટે વારંવાર પણ ભોગ આપવો પડે ત્યારે ધીર હોય તે અકળાઈ ન જાય.

**(૨) દયાલુત્વ :** પોતાના કોઈપણ સ્વાર્થવગર બીજાના દુઃખ દૂર કરવાની ઇચ્છા એ દયા છે. દયા જયારે સ્વભાવમાં વણાઈ ગઈ હોય ત્યારે નિરુપધિ બને છે. અર્થાત્ જે દુઃખિયારો છે એ પોતાનો કોઈ સ્નેહી-સ્વજન-મિત્રાદિ થતો નથી, તથા એનું દુઃખ દૂર કરવામાં પોતાનો કશો જ સ્વાર્થ નથી. પણ બીજાનું દુઃખ જોઈ જ ન શકે, દિલ દ્રવી જ જાય.. ને તેથી એનું દુઃખ દૂર કરવાની ઇચ્છા સાહજિક બની રહે એ દયાળુત્વ છે. આનાથી પોતાના અંતરાયો તૂટે છે ને

પુણ્ય બંધાય છે. તોતડાની મશ્કરીથી જ્ઞાનના અંતરાય બંધાય ને એની દયાથી એ અંતરાય તૂટે. રોગીના તિરસ્કારથી આરોગ્યના અંતરાય બંધાય ને એની દયાથી આરોગ્યનું પુણ્ય પ્રાપ્ત થાય. આવું આધિ-વ્યાધિ-ઉપાધિ.. દરેક દુઃખો અંગે જાણવું.

(૩) **દીનોદ્ધાર :** પરના દુઃખને દૂર કરવાની ઇચ્છારૂપ દયા સક્રિય બની એ માટેનો પ્રયત્ન કરાવે એ દીનોદ્ધાર છે.

(૪) **કૃતજ્ઞતા :** બીજાઓએ પોતાના ઉપર કરેલા ઉપકારને હંમેશ યાદ રાખવો, અવસરે એને જીભ પર લાવવો અને ઉપકારીની એવી કોઈ પરિસ્થિતિ નિર્માણ થાય તો પોતે ભોગ આપીને પણ પ્રત્યુપકારની તૈયારી હોવી આ બધું જ કૃતજ્ઞતા છે.

(૫) **જનાપવાદભીરુત્વ :** લોકમાં નિંદા થાય તો એ મોત કરતાં પણ આકરી લાગે. એટલે હંમેશા લોકનિંદાથી ભયભીતતા જીવને લોકનિન્દ્યકાર્યોથી દૂર રખાવે. ઘણી ઘણી ધર્મક્રિયા કે તપશ્ચર્યા કરનાર જો વેપારાદિમાં કે પોતાના જીવનવ્યવહારમાં લોકનિન્દ્ય કાર્ય કરતા હોય તો યોગની પૂર્વસેવામાં ટકી શકે નહીં.

(૬) **ગુણીપર રાગ :** જ્યાં સુધી આદિધાર્મિકની ભૂમિકાએ પણ જીવ પહોંચ્યો હોતો નથી ત્યાં સુધી તો ગુણોની વાસ્તવિક ઓળખ જ હોતી નથી. પણ આદિધાર્મિક કાળમાં ગુણોને ઓળખવાની ભૂમિકા ઊભી થયેલી છે. ને ગુણોની દુષ્કરતાની પિછાણ છે. એટલે ગુણવાન્ કોણ છે ? એ ગૌણ બની જાય છે, ગુણ જોવા પર બહુમાન જાગે છે, દિલ ઢળે છે.

(૭) **સર્વત્ર નિંદાત્યાગ :** નિંદા ખુદ લોકનિન્દ્ય છે. એટલે એનાથી ડરતો હોવાના કારણે જઘન્ય, મધ્યમ કે ઉત્તમ કોઈ પણ વ્યક્તિની નિંદા ન કરે.

(૮) **આપત્તિમાં અદીનતા :** ગંભીરતા અને ધીરતાના કારણે દીનતાથી બચતો રહે.

**(૯) સત્પ્રતિજ્ઞત્વ :** કોઈપણ પ્રતિજ્ઞા-કાર્ય વગેરે પોતાની શક્તિ-ભૂમિકા વગેરેનો વિચાર કરીને સ્વીકારે. પણ સ્વીકાર્યા પછી ઘણી કઠિનાઈઓ આવવા છતાં ડગે નહીં. આનાથી સત્ત્વનો વિકાસ થાય છે.

**(૧૦) નમ્રતા :** સંપત્તિ-વૈભવ મળવા પર (તથા એના ઉપ-લક્ષણથી કોઈપણ ક્ષેત્રમાં આગળ વધવા પર) નમ્ર બનતો જાય. પણ આ નમ્રતા ઔચિત્યપૂર્વક જોઈએ, જેને તેને નમતો જાય તો લઘુતા થાય. નમ્રતાના પ્રભાવે જીવ વધુ ને વધુ આગળ વધતો જાય છે.

**(૧૧) અવિરુદ્ધ કુલાચારપાલન :** ધર્માદિને પ્રતિકૂળ ન હોય તે અવિરુદ્ધ. આવા અવિરુદ્ધ કુલાચારનું પાલન કરે, ઉલ્લંઘન ન કરે, જેમ ધર્માદિની બાધક માત-પિતાની ઇચ્છાને અનુસરવાનું હોતું નથી એમ ધર્માદિના બાધક કુલાચાર પાળવાના હોતા નથી, કારણ કે ધર્માદિની આરાધનાનો કાળ દુર્લભ છે. પણ એ સિવાયના કુલાચાર પાળવા જ જોઈએ. એનાથી સ્વચ્છંદતા અટકે છે. આ માટે સમાન કુલવાળાઓની વચ્ચે રહેવું, ઉચિત વિવાહ વગેરે સહાયક બની શકે છે. અંબડ પરિવ્રાજકને પહેલાં વ્રત હતું કે નહીં આપેલું પાણી પીવું નહીં. એટલે પછી પણ એ જાળવી રાખ્યું. નદી પાસે પાણી આપનાર કોઈ હતું નહીં, તો અનશન કરી પાંચમા દેવલોકે ગયો. (આ વાત સત્પ્રતિજ્ઞત્વમાં પણ લઈ શકાય.) અભયકુમારે સુલસપાસે કસાઇનો ધંધો છોડાવ્યો, કારણ કે એ ધર્મવિરુદ્ધ હતો.

**(૧૨) મિતભાષિતા :** વગર પ્રસ્તાવે તો બોલવું જ નહીં. પ્રસ્તાવ=અવસર હોય ત્યારે પણ જે હિતકર હોય એવું પરિમિત બોલવું.

**(૧૩) લોકનિંદિતની અપ્રવૃત્તિ :** મરવું પડે તો મરવા તૈયાર. પણ લોકનિન્દ્ય કાર્ય કરે નહીં, કારણ કે લોકનિંદાને મોતથી પણ વધારે માનનારો છે.

**(૧૪) પ્રધાનકાર્ય નિર્બંધ :** વિશિષ્ટફળદાયી કાર્ય એ પ્રધાનકાર્ય. એનો નિર્બંધ એટલે આગ્રહ રાખવો. આદિધાર્મિકજીવ પણ માનવભવની દુર્લભતા અને આયુની ક્ષણભંગુરતા જાણે છે. માટે મામુલી કાર્યમાં સમય બગાડે નહીં.

**(૧૫) સદ્વ્યય (૧૬) અસદ્વ્યયનો ત્યાગ :** ચૌદમો સદાચાર આ બંને સદાચારને ખેંચી લાવે છે, જે કંજુસાઈથી અને ઉડાઉપણાથી જીવને બચાવે છે. આમાં પુરુષાર્થને ઉપયોગી બને એવો ધનનો વ્યય એ સદ્વ્યય છે. એનાથી વિપરીત એ અસદ્વ્યય છે. આવા દુર્વ્યયનો ત્યાગ કરે.

**(૧૭) લોકાનુવૃત્તિ :** લોકના ચિત્તની આરાધના જે ધર્માદિને અવિરુદ્ધ હોય. સામાન્ય પરિસ્થિતિમાં જનમાનસથી વિરુદ્ધ બોલે કે કરે નહીં.

**(૧૮) પ્રમાદ ત્યાગ :** આદિધાર્મિકને મદ્યપાનાદિ કોઈપણ વ્યસન વગેરે પ્રમાદ હોય નહીં.

યોગ બિન્દુ ગ્રન્થમાં આ અઢારમાંથી દયાલુત્વ અને ગુણીપર રાગ આ બે સદાચારોનો ઉલ્લેખ નથી.એના બદલે સજ્જન પ્રશંસા, વિસંવાદી વચનો ન બોલવા અને સર્વત્ર ઔચિત્યનું પાલન.. એમ ત્રણ વધારાના સદાચારોનો ઉલ્લેખ છે. એટલે કે ત્યાં કુલ ઓગણીશ સદાચારો બતાવેલા છે.

આ બધા સદાચારોનું પાલન જીવમાં યોગની ભૂમિકા ઊભી કરે છે, માટે એ બધા પૂર્વસેવારૂપે માન્ય છે.

આમ આ લેખમાં દાન, સદાચાર પૂર્વસેવા જોઈ. હવે આગામી લેખમાં તપ સદાચાર જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૬૯

સદાચાર સુધીની પૂર્વસેવાની વાતો જોઈ ગયા. હવે ક્રમપ્રાપ્ત 'તપ' પૂર્વસેવાને જોઈએ. તપ ચાન્દ્રાયણ, કૃચ્છ્ર, મૃત્યુઘ્ન અને પાપસૂદન આ પ્રમાણે કહેવાયેલો છે. આમાં આદિ-ધાર્મિકને યોગ્ય લૌકિક તપ પણ ઉત્તમ ઠરે છે, એટલે કે એમની ભૂમિકામાં એમને શુભ અધ્યવસાયનો પોષક બને છે. અર્થાત્ પોતપોતાની ભૂમિકાને ઉચિત શુભ અધ્યવસાયનું પોષક જે કાંઈ હોય એ બધું જ પૂર્વસેવારૂપ બને છે એ જાણવું. અહીં ચાર તપનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એમાંથી પ્રથમ બે તપ લૌકિક છે અને છેલ્લા બે તપ લોકોત્તર છે. આ બબ્બે તપના ઉપલક્ષણથી અન્ય પણ લૌકિક-લોકોત્તર તપ સમજી લેવા.

આદિધાર્મિકજીવો જૈનશાસનને પામેલા હોય ને ન પામેલા પણ હોય, પામેલા જીવો માટે જૈનશાસનમાં કહેલો લોકોત્તર તપ શુભ અધ્યવસાયનો પોષક બને છે. પણ જે જીવો જૈનશાસનને પામેલા નથી એમને આ લોકોત્તર તપ તો મળ્યો હોતો નથી. છતાં લોકપ્રસિદ્ધ (લૌકિક) તપ તેઓને મળ્યો હોય છે, જે શુભ અધ્યવસાયનો પોષક બની તેઓ માટે ઉત્તમ ઠરે છે.

સૌ પ્રથમ લૌકિક એવો **ચાન્દ્રાયણતપ :** ચન્દ્રની વધઘટ સાથે જે ચાલે તે ચાન્દ્રાયણ તપ. આ તપ શુક્લપક્ષની પ્રતિપદાથી=એકમથી શરુ કરવાનો હોય છે. એકમના દિવસે એક કોળિયો ખાવાનો.. બીજા દિવસે બે.. એમ એક એક વધારતાં પુનમે પંદર કોળિયા ખોરાક હોય. પછી એક-એક કોળિયો ઘટાડતાં જવાનું. એટલે કે વદ એકમે ચૌદ કોળિયા, વદ બીજે તેર કોળિયા.. વગેરે એમ કરતાં વદ ચૌદસે એક કોળિયો ભોજન રહેશે. અને એ એક કોળિયો પણ ઘટાડવાથી અમાસે

એક પણ કોળિયો ન રહેવાના કારણે ઉપવાસ કરવાનો હોય છે. આમ ત્રીસ દિવસે=એક મહિને આ ચાન્દ્રાયણતપ પૂર્ણ થાય છે.

(૨) **કૃચ્છ્રતપ :** કૃચ્છ્ર=કઠિનાઈ - મુશ્કેલ.. જેમાં કઠિન કષ્ટો પડતા હોય તેવો તપ એ કૃચ્છ્રતપ. એના સન્તાપન વગેરે અનેક પ્રકારો છે. અહીં સન્તાપનકૃચ્છ્ર, પાદકૃચ્છ્ર અને સંપૂર્ણ કૃચ્છ્ર આ ત્રણ તપની વાત કરવામાં આવશે.

**સંતાપનકૃચ્છ્ર** - આ તપ આ રીતે કરવાનો હોય છે - ત્રણ દિવસ ગરમ પાણી પીવું, ત્રણ દિવસ ગરમ ઘી પીવું, ત્રણ દિવસ ગરમ મૂત્ર પીવું અને ત્રણ દિવસ ગરમ દૂધ પીવું. આ જે ગરમ પાણી વગેરે પીવાના છે તે સામાન્ય ગરમ નહીં, કારણ કે તો તો એમાં કઠિનાઈ જેવું ન રહે. એટલે જેનાથી મુખ-જીભ વગેરેમાં લ્હાય બળે એવા ગરમ જાણવા જોઈએ.

**પાદકૃચ્છ્ર** - એક ભક્ત=દિવસે એકાસણું, નક્ત=બીજા દિવસે રાત્રે એક વાર ભોજન, ત્રીજા દિવસે માગ્યા વિનાનું એકવાર ભોજન અને ચોથા દિવસે ઉપવાસ-આમાં જે નક્તેન શબ્દ છે, એના સ્થાને યોગબિન્દુમાં આપેલી ગાથામાં ભુક્તેન શબ્દ છે. અને તો પછી એ તપ એક એકાસણું, બીજે દિવસે માગ્યા વિનાનું એકાસણું અને ત્રીજે દિવસે ઉપવાસ એમ ત્રણ દિવસનો જાણવો. તેમ છતાં લૌકિકગ્રંથોમાં રાત્રી ભોજનને જણાવનાર નક્તેન શબ્દ છે. માટે અહીં એ રીતે અર્થ લીધો છે.

**સંપૂર્ણ કૃચ્છ્ર** - પાદકૃચ્છ્ર તપને ચારગણો કરવાથી સંપૂર્ણકૃચ્છ્ર થાય છે.

આ તપમાં ગમે એટલા કષ્ટ-કઠિનાઈ હોય તો પણ નરકાદિના કષ્ટની સામે એ કોઈ વિસાતમાં હોતા નથી. નરકાદિમાં તાણી જાય એવું મહાપાપ સેવનાર જીવ આ તપ કરે છે તો એની નરક અટકી

જાય છે. એટલે કે શૂળીની સજા સોયથી પતી જાય છે. માટે ગ્રન્થકારે લખ્યું છે કે નરકાદિમહાપાતકને સરળતાથી તરી જવાનો આ પ્રકૃષ્ટ ઉપાય છે.

હવે ક્રમપ્રાપ્ત **મૃત્યુંજયતપ** - જેમાં સળંગ એક મહિનાના ઉપવાસ છે તે મૃત્યુંજયતપ. આ તપમાં ભેગો મૃત્યુંજય જપ કરવો જોઈએ. મૃત્યુંજય જપ એટલે પંચપરમેષ્ઠીને નમસ્કાર (=નવકાર મંત્ર)નો જાપ. એમાં શ્રી અરિહંત અને સિદ્ધ.. આ બે પરમેષ્ઠીઓએ મૃત્યુપર વિજય મેળવેલો છે અને આચાર્યાદિ ત્રણ પરમેષ્ઠીઓ એ વિજય મેળવવાની દિશામાં છે, ઘણોખરો જય મેળવી લીધો છે. માટે એમને કરાતા નમસ્કારનો જાપ જાપકને મૃત્યુ પર જય અપાવનારો બનતો હોવાથી મૃત્યુંજય જપ કહેવાય છે.

આ તપ પરિશુદ્ધ હોવો જોઈએ. એટલે કે આલોક-પરલોક સંબંધી આશંસાથી રહિતપણે કરાયેલો હોવો જોઈએ. વળી એ વિધિપૂર્વક કરવો જોઈએ. એટલે કે આ તપ દરમ્યાન કષાયનો સ્વભૂમિકાને ઉચિત નિરોધ કરવો જોઈએ, બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ, જિનપૂજા કરવી જોઈએ, સાનુબંધ જિનાજ્ઞા પાળવી...

આ રીતે મૃત્યુંજય જપથી યુક્ત, વિધિસહિત પરિશુદ્ધ જે માસક્ષમણ કરવામાં આવે છે તે મૃત્યુનો ઘાત કરનાર હોવાથી તપોધનમુનિઓ વડે મૃત્યુઘ્નતપ કહેવાય છે.

**પાપસૂદનતપ :** સાધુદ્રોહવગેરે રૂપ જે તે તે તીવ્રપાપ, એને નજરમાં રાખીને- એનો નાશ કરવાની ગણતરીથી કરાતો તપ એ પાપસૂદન તપ છે. આ પણ મૃત્યુઘ્નતપની જેમ પરિશુદ્ધપણે વિધિપૂર્વક કરવાનો હોય છે. તથા આ તપ દરમ્યાનપણ ॐ ह्रीं असिआउसा नमः વગેરે રૂપ અનેકવિધ મંત્રજાપ પ્રચુર રીતે કરવાનો હોય છે. (અહીં મંત્રમાં असिआउसाय નથી પણ असिआउसा જ છે, તેથી ॐ નમઃ પાર્શ્વનાથાય... ચૈત્યવંદન વગેરેમાં જેઓ ચતુર્થીવિભક્તિનો આભાસ

થાય એ રીતે असिआउसाय બોલે છે તે શુદ્ધ જણાતું નથી.) સાધુની હત્યા વગેરે રૂપ તે તે મોટું પાપ સેવાઈ ગયા પછી ભારે સંવેગપૂર્વક એનાથી પાછા ફરવું- એનો પશ્ચાત્તાપ- પ્રતિક્રમણ કરવા આ પ્રત્યાપત્તિ છે. આ તપ આવી પ્રત્યાપત્તિથી વિશોધિત હોવો જોઈએ. આ તપમાં યમુનરાજર્ષિનું દૃષ્ટાન્ત છે.

મથુરાનગરીમાં યમુનનામે રાજા હતો. ત્યાંનું ઉદ્યાન યમુના-નદીના પ્રવાહના કારણે વાંકું થઈ ગયેલું હોવાથી 'યમુનાવક્ર' નામે પ્રસિદ્ધ થયેલ હતું. આ યમુનાવક્રનામે ઉદ્યાનમાં સાધના કરી રહેલાં દંડ નામના મુનિને રાજાએ તલવારથી હણી નાખ્યા. મુનિ તો સમતારસમાં ઝીલતા સિદ્ધ થયા. દેવો આવ્યા. ઇન્દ્ર મહારાજા પણ આવ્યા. ઇન્દ્રે વજ્ર ઉગામીને રાજાને ડરાવ્યો અને કહ્યું કે જો તું દીક્ષા લે તો જ હું છોડીશ. એટલે ડરના માર્યા એણે દીક્ષા લીધી. પણ પછી સંવેગપૂર્વક એ જ દિવસે એણે અભિગ્રહ લીધો કે મને જે દિવસે આ હત્યા યાદ આવશે એ દિવસે હું ઉપવાસ કરીશ. એક દિવસ, બીજો દિવસ.. રોજ હત્યા યાદ આવે છે, ને રાજર્ષિ ઉપવાસ કરી લે છે. ખાતા નથી. છ મહિના થયા. અભિગ્રહ બરાબર પાળ્યો ને એકે દિવસ ખાધું નહીં.. આમ, આ પાપવિશેષને ઉદ્દેશીને કરાયેલો આ તપ 'પાપસૂદન' તપ કહેવાય છે.

પંચપરમેષ્ઠી મંત્ર વગેરે મંત્ર શ્રીજૈનશાસનના છે, માસક્ષમણ વગેરે તપશ્ચર્યા પણ લોકોત્તર છે, જિનપૂજાદિવિધિ પણ લોકોત્તર છે. તથા યમુનરાજર્ષિનું દૃષ્ટાન્ત પણ સૂચવે છે કે મૃત્યુઘ્ન તપ અને પાપ-સૂદનતપ.. આ બંને શ્રી જૈનશાસનના લોકોત્તર તપ છે. એટલે બત્રીશી ગ્રન્થના વિવેચનકારોએ આ બેને પણ લૌકિકતપ તરીકે જે કહેલા છે તે તેઓની ભ્રમણા જાણવી. શ્રીજૈનશાસનમાં રહેલા આદિ-ધાર્મિક જીવોને આ તપ ઉત્તમ ઠરે છે.. એટલે કે શુભ અધ્યવસાયનો પોષક બને છે.

અહીં ચાન્દ્રાયણ અને કૃચ્છ્રતપના ઉપલક્ષણથી અન્ય લૌકિકતપો અને મૃત્યુઘ્ન તથા પાપસૂદનતપના ઉપલક્ષણથી અન્ય લોકોત્તર તપો પણ પૂર્વસેવામાં જાણી લેવા.

હવે, પૂર્વસેવાના ક્રમપ્રાપ્ત અંતિમઘટક મુક્તિઅદ્વેષને આપણે વિચારીએ.

જેનો અભાવ હોય એ પ્રતિયોગી કહેવાય છે. મુક્તિઅદ્વેષ મુક્તિદ્વેષના અભાવ રૂપ છે. તેથી મુક્તિદ્વેષ એ પ્રતિયોગી છે. વળી પ્રતિયોગીને જાણ્યા વગર અભાવને જાણી શકાતો નથી. તેથી મુક્તિ-અદ્વેષને જાણવા માટે સૌપ્રથમ મુક્તિદ્વેષને જાણવો જોઈએ. એટલે ગ્રન્થકાર મુક્તિદ્વેષને જણાવે છે-

કર્મક્ષય એ મોક્ષ-મુક્તિ છે. એ ભોગના સંક્લેશથી રહિત હોય છે. તેથી દૃઢ અજ્ઞાનના પ્રભાવે એમાં અનિષ્ટની બુદ્ધિ થવાથી એના પર દ્વેષ જાગે છે. અહીં અબાધ્યમિથ્યાજ્ઞાન એ દૃઢ અજ્ઞાન છે. જે યોગ્ય સમજાવટ દ્વારા પણ દૂર થઈ ન શકે એવું મિથ્યાજ્ઞાન એ અબાધ્યમિથ્યાજ્ઞાન જાણવું. આવા દૃઢ અજ્ઞાનના પ્રભાવે જીવને ભવાભિષ્વંગ=ભવની ઉત્કટ ઈચ્છા=તીવ્ર વિષયાભિલાષા રહ્યા કરે છે. મોક્ષ અનિષ્ટઅનનુબંધી છે, એટલે કે મોક્ષમાં જીવનું સૂક્ષ્મતમપણ અનિષ્ટ હોતું નથી, થતું નથી. અર્થાત્ મોક્ષ અનિષ્ટનું અકારણ છે. તેમ છતાં ભવાભિષ્વંગના કારણે જીવને મોક્ષ અનિષ્ટ ભાસે છે. અનિષ્ટઅનુબંધી લાગે છે - અનિષ્ટના કારણ તરીકે પ્રતીત થાય છે. મોક્ષમાં આવી અનિષ્ટતાની પ્રતિપત્તિ (=પ્રતીતિ) થવાથી જીવને મોક્ષ પ્રત્યે દ્વેષ જાગે છે.

આશય એ છે કે અનાદિકાળથી જીવને સુખ એટલે સુંવાળો સ્પર્શ.. મધુરાદિ વાનગીઓ.. તરબતર કરી દે એવી સુગંધ... લલનાઓના રમણીય રૂપ.. કર્ણમધુર સંગીત.. આવી જ બધી કલ્પના અતિ-અતિ-અતિગાઢ રીતે જડબેસલાક અનાદિકાળથી બેસેલી

છે. એટલે કે 'સુખ તો વિષયનું જ હોય.. વિષય વિનાનું સુખ એ ઝાંઝવાના નીરની જેમ માત્ર કલ્પના જ છે' આવું જીવના મનમાં એવું ગાઢ રીતે બેસેલું છે કે સત્તરવાર સમજાવો તો પણ એ ખસે નહીં. આવા અબાધ્યમિથ્યાજ્ઞાનરૂપ દૃઢ અજ્ઞાનના કારણે વિષયોની ભૂતાવળ જેવો ભવાભિષ્વંગ જીવને અનાદિકાળથી વળગેલો છે. સતત સતત સુખેપ્સુ જીવ સતત સતત વિષયોને ઝંખે છે. એટલે વિષયસુખનો સદંતર અભાવ એ આવા જીવને ભારે અનિષ્ટ રૂપ બની રહે છે. તેથી એને માટે આવા અનિષ્ટના કારણભૂત એવો મોક્ષ એ ભવાભિનંદીજીવને અનિષ્ટ ભાસે છે. ને તેથી એના પર દ્વેષ પ્રવર્તે છે.

ભવાભિનંદી જીવોને તેમાં=મોક્ષમાં અનિષ્ટપણાની બુદ્ધિ ભવસુખની ઉત્કટ ઈચ્છાથી થાય છે. લોકમાં તથા શાસ્ત્રમાં ભવાભિનંદીજીવોની આવી અસુંદરવાતો(=બકવાસ) સંભળાય છે.

ભવાભિનંદીજીવના લક્ષણો પૂર્વે આપણે દસમી બત્રીશીમાં જોઈ ગયા છીએ. મોક્ષઅંગે દ્વેષ અને અનિષ્ટપણાંની બુદ્ધિ આ બંને એકદોષજન્ય છે. 'મોક્ષ અનિષ્ટ છે' એવું સૂચવતો ભવાભિનંદીજીવનો લૌકિક બકવાસ આ છે કે- *યૌવનના ઉન્માદથી વિહ્વળ થયેલી મદિરાક્ષી સ્ત્રી જ્યાં નથી એને મોક્ષ તો જે જડ હોય તે જ કહે. અમારે મન તો પ્રિયતમા એ જ મોક્ષ છે.*

ભવાભિનંદીજીવનો કુશાસ્ત્રમાં થયેલો પ્રલાપ આવો છે કે - *હે ગૌતમ ! રમણીય વૃંદાવનમાં શિયાળ બનવા મળતું હોય તો પણ સારું, પણ વિષયસુખ વિનાનો મોક્ષ ઈચ્છવો તો ક્યારેય સારો નહીં.*

આમાં 'ગૌતમ' એ ગાલવઋષિએ પોતાના શિષ્યને કરેલું સંબોધન છે. આ ઋષિનું વચન છે, માટે એ શાસ્ત્રનો આલાપ કહેવાય. મોક્ષમાં વિષયસુખ હોવું તો કોઈ દર્શને માન્યું નથી. એટલે

જેને મન વિષયસુખ એ જ સર્વસ્વ છે એ તો જંગલમાં ભલે ગમે તેવી તકલીફો હોય, પણ જંગલપ્રાયોગ્ય વિષયસુખ તો મળે છે, મોક્ષમાં તો એ પણ નથી. માટે મોક્ષ કરતાં તો જંગલમાં પશુ થવું એ લાખટકા બહેતર છે. આવો આ કુશાસ્ત્રવચનનો ભાવાર્થ છે.

મોક્ષ પ્રત્યેનો આવો દ્વેષ જીવના અતિ=ભયંકર અનર્થ માટે થાય છે. એટલે કે બહુલ સંસારવૃદ્ધિ માટે થાય છે. એટલે કે દુર્ગતિઓમાં દારૂણ વિપાકોને ભોગવી ભોગવીને પાપનો નાશ કરવા છતાં સંસારનો છેડો આવતો જ નથી. તેથી મુક્તિ દ્વેષ દૂર થવો ખૂબ ખૂબ જરૂરી છે. પણ એ ખસે શી રીતે ? કારણ કે જ્યાં સુધી મુક્તિદ્વેષ પ્રવર્તે છે ત્યાં સુધી તો જીવ વાસ્તવિક પુરુષાર્થનો કે ધર્મોપદેશનો અધિકારી જ નથી. એણે અપ્રમત્તસંયમપાલન સુધીનો કરેલો પુરુષાર્થ પણ આત્મિક દૃષ્ટિએ કશો લાભ કરાવી શકતો નથી. જે કાંઈ કરે એ બધું જાણે કે ભવાભિનંદમાં જ ખપે છે. એટલે મુક્તિદ્વેષને ખસેડવો એ પુરુષાર્થનું તો કાર્ય છે જ નહીં. એટલે ગ્રન્થકાર અહીં કહે છે કે સહજઅલ્પમલત્વથી મુક્તિદ્વેષ ખસી મુક્તિઅદ્વેષ આવે છે.

આ સહજઅલ્પમલત્વ શું છે ? એ વિચારીએ -

વસ્ત્ર મજીઠવગેરેના રંગને પકડે છે, હવાને નથી પકડતું. રંગને વસ્ત્ર પકડે છે, આકાશ નથી પકડતું. આ વાતો જણાવે છે કે જે ચોંટે છે એમાં ચોંટવાની યોગ્યતા જોઈએ અને જેને ચોંટે છે એમાં ચોંટાવાની યોગ્યતા જોઈએ. રંગમાં ચોંટવાની યોગ્યતા છે, માટે રંગ ચોંટે છે. હવામાં એ યોગ્યતા નથી, માટે હવા ચોંટતી નથી. વસ્ત્રમાં ચોંટાવાની યોગ્યતા છે માટે રંગથી ચોંટાય છે. આકાશમાં એ યોગ્યતા નથી, માટે રંગથી પણ ચોંટાતું નથી. દિવાલ-કાચ વગેરે પર જડબેસલાક ચોંટી જતું સ્ટીકર એની નીચે જે જીલેટીન પેપરની શીટ હોય છે એના પર એવું ચોંટતું નથી. જેથી ફટ દઈને ઉખેડી શકાય છે, આનું કારણ એ પેપરશીટની ચોંટાવાની અયોગ્યતા સિવાય બીજું શું છે ?

આવું જ આત્મા અને કર્મ અંગે છે. કર્મો આત્માને જે ચોંટે છે. (એટલે કે આત્માને જે કર્મબંધ થાય છે) એના કારણ તરીકે માત્ર કર્મપુદ્ગલોમાં જ કોઈક એવી યોગ્યતા માનવાની હોય, અને આત્મામાં કોઈ જ વિશેષ યોગ્યતા માનવાની ન હોય તો તો કર્મો આકાશ વગેરેને પણ ચોંટી જવા જોઈએ, કારણ કે કર્મપુદ્ગલોની યોગ્યતા તો અક્ષત છે જ, પણ એ ચોંટતા નથી. એટલે માનવું પડે છે કે આકાશાદિમાં ન હોય એવી કોઈક યોગ્યતા આત્મામાં છે જેના કારણે કર્મો આત્માને ચોંટે છે.

**શંકા :** એ તો કર્મોમાં એવી જ યોગ્યતા હોય કે આત્માને ચોંટવું, આકાશાદિને નહીં ?

**સમાધાન :** આનો પણ અર્થ તો એ જ થાય કે, આકાશાદિ કરતાં આત્મામાં કંઈક વિલક્ષણતા છે કે જેથી કર્મોમાં એને જ ચોંટવાની યોગ્યતા છે.

વળી યોગ્ય એવા પણ આત્માને કર્મો જ ચોંટે છે, ધર્માસ્તિકાયાદિ ચોંટતા નથી, એટલે કર્મોમાં પણ એવી યોગ્યતા માનવી પડે છે જે ધર્માસ્તિકાયાદિમાં નથી. આમ, આત્માને કર્મનો બંધ થવામાં આત્મા અને કર્મો, એ બંનેની તેવી તેવી યોગ્યતા ભાગ ભજવે છે એ નિશ્ચિત થયું. આમાંથી આત્મામાં જે યોગ્યતા પડી છે તે કર્મબંધ કરાવવા દ્વારા આત્માના જાજરમાન શુદ્ધસ્વરૂપને મલિન કરે છે, માટે એ 'મલ' કહેવાય છે. વળી આત્મા અનાદિકાળથી છે, કર્મબંધ અનાદિકાળથી છે. માટે આ મળને પણ આત્માની સહ=સાથે સાથે અનાદિકાળથી માનવો પડે છે. તેથી એ સહજ મળ કહેવાય છે.

આ કર્મબંધની યોગ્યતા=સહજમળ કિંસ્વરૂપ છે ? એ વિચારણામાં કોઈક કહે છે કે આકાશાદિમાં ન હોય ને આત્મામાં હોય એવું તો જીવત્વ છે. માટે આ યોગ્યતાને જીવત્વસ્વરૂપ જ માનવી જોઈએ. ગ્રન્થકાર આ વિચારણાને નકારે છે, કારણ કે આવું માનવામાં

અતિપ્રસંગ થાય છે. તે અતિપ્રસંગ આ કે જીવત્વ તો મુક્તાત્મામાં પણ સમાન રીતે રહ્યું હોવાથી તેઓને પણ કર્મબંધ માનવો પડે.

આમ કર્મબંધની યોગ્યતાને જીવત્વસ્વરૂપ માની શકાતી નથી. તો કેવી માનવી ? એવી માનવી જોઈએ કે સિદ્ધાત્મામાં ન હોય અને સંસારીઆત્મામાં હોય, એટલે ગ્રન્થકાર કહે છે કે એ યોગ અને કષાયસ્વરૂપ છે. આશય એ છે કે કર્મબંધ પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ આમ ચાર પ્રકારે થાય છે. આમાંથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગથી થાય છે તથા સ્થિતિબંધ ને રસબંધ કષાયથી થાય છે. એટલે પરિપૂર્ણ બંધમાટે યોગ્યતાને યોગ અને કષાય ઉભયસ્વરૂપ માનવી પડે છે. આ યોગ્યતા પ્રબળ હોય ત્યારે દોષો તીવ્ર હોય છે અને આ યોગ્યતા નબળી પડે ત્યારે દોષો મોળા પડે છે. એટલે સહજમળરૂપ આ યોગ્યતા અલ્પ થવા પર ગાઢતર મિથ્યાત્વરૂપ પ્રબળદોષ દૂર થઈ મંદ મિથ્યાત્વરૂપ બને છે. આ ગાઢતર મિથ્યાત્વ અમુક અપેક્ષાએ ઉત્કટ વિષયેચ્છારૂપ છે. એટલે એ રવાના થવા પર મુક્તિદ્વેષ રવાના થવાના કારણે મુક્તિઅદ્વેષ આવે છે.

**શંકા :** કર્મબંધની યોગ્યતા જો યોગ અને કષાયરૂપ છે, અને એની અલ્પતા થવા પર જો મુક્તિઅદ્વેષ આવે છે, તો તો દરેક એકેન્દ્રિયજીવમાં મુક્તિઅદ્વેષ માનવો પડશે, પછી ભલે ને એ જીવ અચરમાવર્તમાં રહ્યો હોય, કારણ કે પંચેન્દ્રિયજીવની અપેક્ષાએ એકેન્દ્રિયજીવના યોગ અને કષાયો અતિ અતિ અલ્પ હોય છે.

**સમાધાન :** તમારી શંકા સાચી છે, એટલે જ ગ્રન્થમાં આત્માની યોગ-કષાય નામની યોગ્યતા એમ જે કહ્યું છે એમાં યોગ-કષાય એટલે યોગ અને કષાય જ નથી લેવાના, પણ આત્માની યોગરૂપે પરિણમવાની યોગ્યતા અને કષાયરૂપે પરિણમવાની યોગ્યતા લેવાની છે. આશય એ છે કે અત્યંત મદહોશ-તીવ્ર કામાતુર યુવતી ભારે

કામાવેગપૂર્વક કોઈક થાંભલાને આલિંગન કરે તો પણ એ થાંભલામાં કામવાસનાની એક આછી પાતળી રેખા પણ અંકિત થતી નથી. એમ કોઈ ભારે ક્રૂરતાપૂર્વક કરવત વડે થાંભલાને કાપે ત્યારે થાંભલામાં ઊંડે ઊંડે પણ ક્રોધનો કોઈ જ સળવળાટ થતો નથી. કેમ ? કારણ કે થાંભલામાં વેદ કે કષાયની યોગ્યતા જ નથી. ક્ષીણમોહ જીવની પણ આવી જ અવસ્થા હોય છે. વેદ કે કષાયના ગમે એટલા પ્રબળ નિમિત્ત મળે એક સૂક્ષ્માતિસૂક્ષ્મ કહી શકાય એટલો પણ વેદ-કષાય પરિણામ ઊઠતો નથી, કારણ કે એમના આત્મામાં હવે એની યોગ્યતા જ નથી. આ બાબતમાં તેઓ ડિટ્ટો જડ-થાંભલા જેવા જ બની ગયા હોય છે.

**પ્રશ્ન :** પહેલાં એની જે યોગ્યતા હતી તે શાનાથી નષ્ટ થઈ ગઈ ?

**ઉત્તર :** પહેલાં સાહજિકરીતે (= કુદરતીક્રમે), પછી યોગથી અને છેલ્લે એનો મુખ્ય સંપૂર્ણનાશ ક્ષપકશ્રેણિથી થાય છે.

**પ્રશ્ન :** તે તે કર્મોનો શ્રેણિબદ્ધ ક્ષય જેનાથી થાય એ ક્ષપક શ્રેણી. એટલે ક્ષપકશ્રેણિથી તો કર્મોનો નાશ થાય છે ને ?

**ઉત્તર :** હા, કર્મોનો નાશ થાય છે ખરો. પણ એ એનું ગૌણ ફળ છે. મુખ્ય ફળ નહીં. વળી કર્મો તો ભોગવવા વગેરેદ્વારા પણ નાશ પામી શકે છે. ક્ષપકશ્રેણિ મુખ્યરૂપે તો કષાયવગેરેની આત્મામાં જે યોગ્યતા રહી છે એનો નાશ કરવા માટે છે ને એટલે એ જ એનું મુખ્ય ફળ છે.

**પ્રશ્ન :** જો આમ જ છે, તો શ્રપકશ્રેણિના વર્ણનમાં કર્મોની પ્રક્રિયાનું વર્ણન જ કેમ આવે છે ?

**ઉત્તર :** કારણ કે એ પ્રક્રિયાને આપણે છદ્મસ્થો સમજી શકીએ છીએ. કર્મોની પ્રકૃતિઓ, એના બંધ-ઉદય વગેરે, સ્થિતિઘાત-રસ-

ઘાત-ગુણશ્રેણિ-ગુણસંક્રમ વગેરદ્વારા ઘણું વિશદ વર્ણન શક્ય બને છે. કર્મબંધની યોગ્યતા=કષાયોની યોગ્યતામાત્ર દ્વારા આપણે સમજી શકીએ એવું વિશદ વર્ણન શક્ય નહીં હોય, માટે યોગ્યતાના આધારે શ્રપકશ્રેણિના વર્ણનના સ્થાને કર્મોના આધારે એ શાસ્ત્રોમાં કરાયેલું મળે છે. હા, જે પ્રકૃતિનો જ્યાં ક્ષય કહ્યો હોય ત્યાં એ પ્રકૃતિની યોગ્યતાનો ક્ષય=તે તે કષાયાદિરૂપે પરિણમવાની આત્માની યોગ્યતાનો ક્ષય આપણે જરૂર સમજી શકીએ છીએ.

**પ્રશ્ન :** તમે આ બધું શાના આધારે કહો છો ?

**ઉત્તર :** શાસ્ત્રવચનોના આધારે. શાસ્ત્રવચનોપરથી આ વાતો કઈ રીતે સૂચિત થાય છે એ આપણે હવે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૭૦

ક્ષપકશ્રેણિ મુખ્યતયા તે તે કષાયાદિરૂપે પરિણમવાની આત્માની યોગ્યતાના ક્ષય માટે છે એ વાત ગયા લેખમાં આપણે વિચારી રહ્યા હતા. એ વાત શાસ્ત્રના આધારે કઈ રીતે સૂચિત થાય છે ? એ આ લેખમાં જોઈએ.

આત્માપરથી વિવક્ષિત કર્મપ્રકૃતિનું દલિક સર્વાંશે દૂર કરી દેવામાં આવે, સમ ખાવા પૂરતું એક દલિક પણ આત્માપર રહે નહીં, એ રીતે એને હટાવવામાં આવે, આવી પ્રક્રિયાના આપણા શાસ્ત્રોમાં વિસંયોજના, ઉદ્વેલના અને ક્ષય આવા અલગ-અલગ નામો આવે છે, જેમકે અનંતાનુબંધી કષાયોની વિસંયોજના. ચારેગતિના સંજ્ઞી પંચેન્દ્રિયજીવો આ પ્રક્રિયા કરી શકે છે. અને અનંતાનુબંધી ચારે કષાયોની પ્રકૃતિઓને આત્મા પરથી નિર્મૂળ કરે છે. શુભ અધ્યવસાયોનો

પાવર એવો જોરમાં હોય છે કે એક જ અન્તર્મુહૂર્તમાં વિવિધ પ્રક્રિયાઓ દ્વારા અનંતાનુબંધી પ્રકૃતિઓ આત્મા પરથી નિર્મૂળ થઈ જાય છે. અલબત્ત ક્ષાયિક સમ્યક્ત્વ પામતી વખતે પણ જીવ આ જ પ્રક્રિયા કરે છે, અને આત્મા પરથી અનંતાનુબંધીને દૂર કરે છે.

તેમ છતાં આ બંને પ્રક્રિયાને અલગ-અલગ નામ અપાયા છે. વિસંયોજનાને વિસંયોજના જ કહેવાય છે, ક્ષય નથી કહેવાતો, ને એ ક્ષય જે નથી કહેવાતો એમાં કારણ આ જ અપાય છે કે કર્મો ભલે ક્ષય પામ્યા, પણ એનું બીજ-એની યોગ્યતા હજુ નાશ પામી નથી, અને તેથી અનંતાનુબંધી કષાયો કાળાન્તરે ફરીથી બંધ પામી શકે છે. કષાયો માટે સામાન્યથી એવો નિયમ છે કે જેનો ઉદય એનો બંધ. એટલે અનંતાનુબંધીનો પછીથી ઉદય પણ થાય છે. ઉદય થવો એટલે આત્મા અનંતાનુબંધી કષાયરૂપે પરિણમવો. ને આ રીતે પરિણમે છે એટલે આગળ પણ એનો બંધ ચાલ્યા કરે છે. એટલે આનો સૂચિતાર્થ સ્પષ્ટ છે કે વિસંયોજનામાં આત્માની અનંતાનુબંધીકષાય રૂપે પરિણમવાની જે યોગ્યતા હતી તે નષ્ટ થઈ નથી. જ્યારે ક્ષાયિક-સમ્યક્ત્વ પામવાની પ્રક્રિયામાં અનંતાનુબંધી પ્રકૃતિઓને જે નિર્મૂળ કરાય છે એને ક્ષય કહેવાય છે ને એમાં કારણ આ જ આપવામાં આવે છે કે હવે એ જીવ આ પ્રકૃતિઓને ક્યારેય બાંધવાનો નથી. આનો ગર્ભિતાર્થ આ જ છે કે હવે પછી એ જીવ ક્યારેય અનંતાનુબંધી કષાયરૂપે પરિણમવાનો નથી. એનો જ અર્થ થયો કે એ કષાયરૂપે પરિણમવાની યોગ્યતા નષ્ટ થઈ ગઈ. વળી આમ, માત્ર કર્મોનો જ નહીં, યોગ્યતાનો પણ નાશ કરવો છે એટલે જ વિસંયોજના કરતાં પણ વધારે લાયકાત જરૂરી બને છે. જેમકે વિસંયોજના ચારે ગતિમાં શક્ય હોવા છતાં ક્ષય માત્ર માનવભવમાં જ થઈ શકે છે. ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા પછી કદાચ આગળ ક્ષપકશ્રેણિ તત્કાળ માંડવાની ન હોય તો પણ ત્યાં સુધીની આ પ્રક્રિયાને ખંડ ક્ષપક શ્રેણિ કહેવાય છે, પણ માત્ર અનંતાનુબંધીની વિસંયોજનાને એ કહેવાતી નથી. આ

પણ સૂચવે છે કે ક્ષપકશ્રેણિમાં કર્મોનો નાશ મુખ્ય નથી, પણ યોગ્યતાનો નાશ મુખ્ય છે.

એકેન્દ્રિયમાં જઈને અસંખ્યકાળ રહેનારો જીવ દેવગતિનામ કર્મ વગેરે પ્રકૃતિઓને ક્રમશઃ નિર્મૂળ કરે છે. પણ પછી કાળાંતરે પંચેન્દ્રિયમાં આવવા પર ફરીથી આ પ્રકૃતિઓને બાંધે છે, એટલે કે એની યોગ્યતા નષ્ટ થઈ હોતી નથી. માટે જ આ નિર્મૂલનને ઉદ્વેલના કહેવાય છે, પણ ક્ષય નથી કહેવાતો.

ચરમશરીરી જીવને વર્તમાન મનુષ્ય આયુષ્ય સિવાયની કોઈ આયુષ્યકર્મની પ્રકૃતિ સત્તામાં હોતી નથી. અને બંધ તો કોઈનો હવે ક્યારેય થવાનો નથી. છતાં એનો ક્ષય તો ક્ષપકશ્રેણિ માંડે ત્યારે જ કહેવાય છે, એ પૂર્વે નહીં. ચરમવાર આવેલા સાતમા ગુણઠાણાના ચરમસમયસુધી દેવાયુ વગેરે આ ત્રણ પ્રકૃતિઓ સત્તામાં હતી અને આઠમે એનો ક્ષય થઈ ગયો એવું તો છે નહીં. તો એ વખતે એનો ક્ષય શું થયો ?

ઉપશમશ્રેણિમાં તિર્યંચાયુ અને નરકાયુ આ બેની સત્તા નિયમા હોતી નથી જ, છતાં એની સંભવસત્તા કહેવાય છે, એ શા માટે ?

આ બંને પ્રશ્નોનું સમાધાન પણ તો મળી જાય છે જો ક્ષયનો અર્થ 'તે કર્મપ્રકૃતિની આત્મામાં રહેલી યોગ્યતાનો ક્ષય' એવો અર્થ કરવામાં આવે તો. ચરમશરીરીને ભલે દેવાયુ વગેરે ત્રણના બંધ વગેરે કશું નથી, છતાં એની યોગ્યતા ઊભી જ છે, યોગ્યતાનો ક્ષય તો શ્રપકશ્રેણિમાં જ થાય છે, માટે એ પૂર્વે એનો ક્ષય કહેવાતો નથી. ઉપશમશ્રેણિમાં તિર્યંચાયુ-નરકાયુની યોગ્યતા કાંઈ ક્ષીણ થતી નથી, માટે એની સંભવસત્તા કહેવાય છે, ક્ષય કહેવાતો નથી.

આ બધી વાતો પરથી નિશ્ચિત થાય છે કે ક્ષપકશ્રેણિ એ મુખ્યરૂપે આત્મામાં અનાદિકાળથી રહેલી કર્મની યોગ્યતાઓનો ક્ષય

કરવાની પ્રક્રિયા છે. તે તે કર્મોનો ક્ષય એ તો એની સાથે સાથે થનાર આનુષંગિક પ્રક્રિયા અને ફળ છે. વળી ઉદય અને સત્તા આ બંને બંધને આધીન હોવાથી બંધને જ મુખ્ય કરવામાં આવે તો આ યોગ્યતાને કર્મબંધની યોગ્યતા કહી શકાય છે.

ગ્રન્થકારે આ યોગ્યતાને યોગ-કષાય રૂપે કહેલ છે. પણ, એનો સીધે સીધો અર્થ ન લેતાં, 'આત્માની યોગ અને કષાયરૂપે પરિણમવાની યોગ્યતા' એવો અર્થ લેવો ઉચિત બની રહે છે. બાકી યોગ અને કષાયને જ જો યોગ્યતારૂપે - મળરૂપે લઈએ તો (૧) દરેક એકેન્દ્રિયને મુક્તિઅદ્વેષ હોય એમ કહેવું પડે. (૨) અલ્પમલત્વને સહજ સ્વાભાવિક કહેવાના બદલે કર્મના ઉદયથી થયેલું ઔદયિક કહેવું પડે. તથા (૩) મોક્ષપ્રાપ્તિથી ઘણા ઘણા દૂરના પુદ્ગલપરાવર્તમાં રહેલા એકેન્દ્રિય જીવોમાં પણ અલ્પમલત્વ અને તેના કારણે મુક્તિ અદ્વેષ કહેવા પડે, કારણ કે એકેન્દ્રિય જાતિનામ કર્મના ઉદયથી એકેન્દ્રિયજીવોનું ચૈતન્ય ઘણું આવરાઈ ગયું હોવાથી યોગ અને કષાય તો અતિ અતિ અતિ અલ્પ થઈ ગયા હોય છે. પણ આ કહેલી ત્રણ વાતો માની શકાતી નથી. વળી (૪) સહજ અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચી ગયેલા સંજ્ઞી પંચેન્દ્રિયજીવને ઉત્કૃષ્ટ યોગ અને ઉત્કૃષ્ટ કષાય માની શકાશે નહીં, કારણ કે એનો યોગ-કષાયરૂપ મલ તો નોંધપાત્ર રીતે અલ્પ થયેલ છે. પણ હકીકત એ છે કે ચરમભવમાં પણ આ બંને ઉત્કૃષ્ટ હોવા સંભવે છે. અને ઉત્ષ્ટ યોગ તો ક્ષપકશ્રેણિમાં પણ સંભવે છે. એટલે આ બધી વાતો પરથી નિશ્ચિત થાય છે કે કર્મબંધની યોગ્યતા તરીકે યોગ-કષાય નહીં, પણ એ રૂપે પરિણમવાની આત્માની યોગ્યતા એવો અર્થ લેવાનો છે, અને ક્ષપકશ્રેણિ મુખ્યતયા આ યોગ્યતાના સંપૂર્ણ ક્ષયની પ્રક્રિયા છે.

તથા, પ્રારંભે કાળક્રમે જે સહજ અલ્પમલત્વ થાય છે એનો અર્થ એવો નથી કે હવે ઉત્કૃષ્ટયોગ અને ઉત્કૃષ્ટ કષાયરૂપે આત્મા

પરિણામી ન જ શકે, કારણ કે ચરમાવર્તમાં શું ? ચરમભવમાં પણ આ બંને સંભવી શકે છે.

**પ્રશ્ન :** તો પછી યોગ્યતારૂપ મલ ઓછો થવાનો લાભ શું?

**ઉત્તર :** અલ્પસાધના પણ જીવને મોક્ષમાર્ગ પર ઘણી હરણફાળ ભરાવી શકે આવો... અથવા બંધ ભલે તીવ્ર થાય, પણ અશુભ અનુ-બંધ એવા તીવ્ર તથા દીર્ઘકાલીન ન જ પડી શકે. આવો કોઈ લાભ થતો હોવો જોઈએ એમ મને લાગે છે. તથા, યોગની પૂર્વસેવાના આવશ્યક અગંભૂત મુક્તિઅદ્વેષની પ્રાપ્તિ વગેરે તો એનો લાભ છે જ.

**શંકા :** 'સંસારી આત્માઓમાં કર્મબંધની યોગ્યતા હોવાથી કર્મબંધ થાય છે. મુક્તાત્માઓમાં એ ન હોવાથી કર્મબંધ થતો નથી. તેથી જીવત્વ સમાન હોવા છતાં અતિપ્રસંગ થતો નથી.' આવું કહેવાના બદલે આવું કહેવું જોઈએ કે - મુક્તાત્માને પૂર્વસમયે બંધ હોતો નથી, તેથી વર્તમાનસમયે પણ બંધ થતો નથી. સંસારીજીવને પૂર્વસમયે બંધ હોવાથી વર્તમાન સમયે પણ બંધ થાય છે. અર્થાત્ બંધ બંધપૂર્વક હોય છે. આમાં અન્યદર્શનકલ્પિત અનાદિમુક્ત ઈશ્વરની વાત લઈએ તો એને અનાદિકાળથી ભૂતકાળમાં ક્યારેય બંધ ન હોવાથી વર્તમાનમાં પણ હોતો નથી. જૈનમત મુજબ લઈએ તો સિદ્ધાવસ્થાની પૂર્વે અયોગીઅવસ્થામાં ચૌદમે ગુણઠાણે બંધ હોતો નથી, માટે સિદ્ધાવસ્થામાં પણ હોતો નથી. ટૂંકમાં જીવત્વ હોવામાત્રથી કર્મબંધ થતો નથી, પણ પૂર્વકાલીન બંધ ઉત્તરકાલીન બંધનું કારણ છે. મુક્તાવસ્થામાં આ કારણનો અભાવ હોવાથી કર્મબંધ હોતો નથી. એટલે વધારામાં યોગ્યતાને કારણ માનવાનું ગૌરવ કરવાની જરૂર નથી.

**સમાધાન :** પૂર્વકાળમાં કર્મબંધ જે નથી તે શા કારણે ? આનો વિચાર કરવામાં આવશે તો યોગ્યતાના ક્ષય વિના અન્ય કોઈ કારણ

જડશે નહીં. આશય એ છે કે મોક્ષમાં કેમ કર્મબંધ નથી ? એના જવાબમાં તમે કહ્યું કે 'પૂર્વે=ચૌદમે ગુણઠાણે બંધ નથી, માટે'. હવે અમે પૂછીશું કે 'ચૌદમે ગુણઠાણે કેમ કર્મબંધ નથી ?' તો એના જવાબમાં 'કારણ કે પૂર્વકાળમાં=તેરમા ગુણઠાણે કર્મબંધ નથી' આવું તો તમે કહી શકવાના નથી, કારણ કે તેરમે ગુણઠાણે તો શાતાવેદનીય-કર્મનો બંધ હોય છે. એટલે આમાં તો તેરમે યોગ્યતા હતી, માટે બંધ હતો, ચૌદમે યોગ્યતા નથી, માટે બંધ નથી. આ રીતે જ સંગતિ કરવાની રહે છે, તો મુક્તાત્મામાં પણ એ રીતે જ સંગતિ કરવી ઉચિત છે. એમ નિત્યમુક્તાત્મા માનનારના મતે પણ 'એનામાં હંમેશા યોગ્યતા નથી, માટે બંધ નથી, સંસારી જીવાત્મામાં યોગ્યતા છે, માટે બંધ છે' એ રીતે જ સંગતિ કરવી ઉચિત રહે છે.

**શંકા :** 'પૂર્વકાળમાં બંધ ન હોવાથી મુક્તને બંધ હોતો નથી' અમે આવું કહ્યું તો તમે 'પૂર્વકાળમાં બંધ કેમ હોતો નથી ?' આવો પ્રશ્ન પૂછીને અમને ચૂપ કરી દીધા. તો અમે પણ 'યોગ્યતા ન હોવાથી મુક્તાત્માને બંધ હોતો નથી' એવો જવાબ આપતા તમને 'મુક્તાત્મામાં યોગ્યતા કેમ હોતી નથી ?' આવો પ્રશ્ન પૂછીને શું ચૂપ ન કરી શકીએ ?

**સમાધાન :** ના, નહીં કરી શકો, કારણકે અમારી પાસે એ પ્રશ્નનો જવાબ છે. તે જવાબ આ છે કે- સંસારીજીવમાં કર્મબંધાત્મક ફળ છે, માટે યોગ્યતા કલ્પવામાં આવે છે, મુક્તાત્મામાં કર્મબંધાત્મક ફળનો અભાવ છે, તો એ યોગ્યતા માનવાને કોઈ કારણ ન રહેવાથી એનો અભાવ સિદ્ધ થઈ જ જાય છે. આ વાત યોગ્ય પણ છે જ. અર્થાત્ કર્મબંધ હોવો-ન હોવો એ યોગ્યતા હોવા ન હોવાના આધારે માનવું એ યોગ્ય છે, કારણ કે બંધ, જે બધ્યમાન હોય એની યોગ્યતાની અપેક્ષા રાખે એવો નિયમ છે. વસ્ત્રાદિને મજીઠ વગેરેનો રંગ જે લાગે છે એમાં આવો નિયમ જોવા મળે છે. આ વાત આપણે

પૂર્વે વિચારી ગયા છીએ. વળી એ વિચારતી વખતે સ્ટીકરની વાત કરેલી. અમુક સપાટી પર એ ગાઢ રીતે જડબેસલાક ચોંટે છે, અન્ય સપાટીપર પણ જડબેસલાક ચોંટે છે, પણ એટલી ગાઢ રીતે નહીં. તો ચૂનો કરેલી દિવાલ વગેરે પર ચોંટ્યા પછી જલ્દીથી (અલ્પકાળમાં) ખરી પણ પડે જ છે. આવું જ આ કર્મબંધની યોગ્યતારૂપ મલ માટે છે. એનું મુખ્યકાર્ય આત્માની મલિનતા કરવાનું છે. જ્યારે આ મલ પ્રચુરમાત્રામાં હોય છે ત્યારે આત્માની અલ્પપણ ભાવશુદ્ધિ હોતી નથી ને તેથી મુક્તિદ્વેષ પ્રવર્તે છે. મલ જ્યારે કંઈક પણ નોંધપાત્ર માત્રામાં ઓછો થાય છે ત્યારે કંઈકપણ ભાવશુદ્ધિ થાય છે અને તેથી મુક્તિઅદ્વેષ પ્રગટે છે. વળી જ્યારે એ અલ્પતરવગેરે થાય છે ત્યારે ભાવશુદ્ધિ વધારે વધવાથી મુક્તિઅનુરાગ પ્રગટે છે. આમ યોગ્યતાની વિચિત્રતાથી મુક્તિદ્વેષ વગેરેરૂપ ફળમાંભેદ પડવો એ સંગત ઠરે છે. કારણ કે આ યોગ્યતા આત્માની શુદ્ધિ-અશુદ્ધિનું અંતરંગ કારણ છે. એટલે કે મુખ્ય કારણ છે, ઉપાદાનકારણ છે. આ યોગ્યતાના પરિપાક-માટે જ બીજાં સહકારી કારણોની અપેક્ષા હોય છે.

આ યોગ્યતાનો પરિપાક એટલે શું ? અહીં એના અનેક અર્થ વિચારવા જરૂરી લાગે છે. સામાન્યથી પરિપાકનો અર્થ સક્રિયતા કરી શકાય છે. તેથી યોગ્યતાને સક્રિય કરવી એ યોગ્યતાનો પરિપાક એવો અર્થ મળે. આ પરિપાક માટે હેત્વન્તર=બીજા હેતુઓની અપેક્ષા છે. હિંસા વગેરે આશ્રવો અહીં હેત્વન્તર તરીકે અભિપ્રેત છે. એ જેવા તીવ્ર-મન્દ વગેરે હોય એ પ્રમાણે યોગ્યતા વધારે-ઓછી સક્રિય થાય છે, અને જે પ્રમાણે એ સક્રિય થાય છે એ મુજબ ઓછો-વત્તો કર્મબંધ થાય છે.

આત્માની ભાવશુદ્ધિના પરિપ્રેક્ષ્યમાં વિચારવું હોય તો, કર્મબંધની યોગ્યતા ઘટતી જવી એ એનો પરિપાક છે એવો અર્થ લેવો. એમાં મુક્તિ અદ્વેષ પ્રગટાવનાર ભાવશુદ્ધિનો જનક જે યોગ્યતાહ્રાસ

(=અલ્પમલત્વ) એ પુરુષાર્થજન્ય હોતો નથી, પણ સહજ હોય છે. એ પછી જે ઉત્તરોત્તર ભાવશુદ્ધિ થાય છે એનું અંતરંગ કારણ ઉત્તરોત્તર ઘટતી યોગ્યતા છે. યોગ્યતાના આ ઘટાડારૂપ પરિપાક માટે ચારશરણગ્રહણ વગેરેરૂપ અન્ય હેતુઓની અપેક્ષા હોય છે એમ વિચારી શકાય છે. આને જ મોક્ષગમનયોગ્યતાને ફલદ્રૂપ બનાવવારૂપ પરિપાક તરીકે લઈ શકાય છે. અથવા 'અંતરંગ યોગ્યતા કર્મહ્રાસનું નિમિત્ત બને અને અનુકૂળ પુરુષાર્થની ઉત્તેજના કરે એ એનો પરિપાક' આવો અર્થ લઈ શકાય. આમાં કર્મહ્રાસમાં કર્મ તરીકે સોપક્રમ કર્મ અથવા નિકાચિત કર્મને ભોગવતાં ભોગવતાં છેડે રહેલો અંશ લઈ શકાય.

આત્મામાં અનાદિકાળથી રહેલ આ કર્મબંધની યોગ્યતા રૂપ ભાવમલ અન્યદર્શનકારોને પણ અન્ય અન્ય નામે માન્ય છે. જેમ કે સાંખ્યો એમ કહે છે કે પુરુષને પ્રકૃતિના વિકારો જોવાની ઇચ્છા એ દિદક્ષા છે. સાંખ્યોએ આ દિદક્ષા જે કહી છે તે આ યોગ્યતા જ છે, કારણકે સંસારીજીવમાં એ માનેલી છે, અને મુક્તાત્મામાં એ માનેલી નથી. આનો અર્થ સ્પષ્ટ છે કે આ દિદક્ષા જ આત્માના શુદ્ધ-સ્વરૂપને મલિન કરનાર મલ છે. આ મલના કારણે કર્મબંધ છે. મોક્ષમાં આ મલ નથી, તેથી અશુદ્ધિ નથી, કર્મબંધ નથી.

આવું જ શૈવો ભવબીજ માટે, વેદાન્તિકો અવિદ્યા માટે અને સૌગતો=બૌદ્ધો અનાદિવાસના માટે કહે છે. તેથી સ્પષ્ટ છે કે શૈવોવગેરેએ ભવબીજ વગેરે નામે આ યોગ્યતાને જ સ્વીકારેલી છે.

**પ્રશ્ન :** કર્મબંધની યોગ્યતારૂપ આ મલ અનાદિકાળથી તો અતિગાઢ છે, અને એ અતિગાઢ હોય એવી અવસ્થામાં તો એને ઘટાડવાનું જીવને સૂઝે જ નહીં. તો પછી એ અલ્પ શી રીતે થાય?

**ઉત્તર :** તમારી વાત સાચી છે, સહજમળની અતિગાઢ અવસ્થામાં જીવને મુક્તિપ્રત્યે હાડોહાડ દ્વેષ પ્રવર્તે છે. આ દ્વેષના

કારણે જીવમાં નથી ઉપદેશની યોગ્યતા હોતી કે નથી સત્પુરુષાર્થની યોગ્યતા હોતી. ને તમે જણાવ્યું એમ એને સ્વયં પણ એ ક્યારેય સૂઝતું નથી. વળી ક્યારેક એ કોઈક નિમિત્તને આધીન થઈને સાધુધર્મ સુધીની બાહ્ય આરાધના કરે તો પણ આત્માની દૃષ્ટિએ એનો કશો લાભ થઈ શકતો નથી, કારણકે મુક્તિદ્વેષ બહુ મોટો પ્રતિબંધક છે. ટૂંકમાં, મળની પ્રારંભિક અલ્પતા પુરુષાર્થનો વિષય હોતી નથી.

પણ એ થવી તો જોઈએ જ, કારણ કે એ ન થાય તો મુક્તિ અદ્વેષ પ્રગટે નહીં. એ ન પ્રગટે તો યોગની પૂર્વસેવા શક્ય ન બને, કારણ કે પૂર્વસેવાનું એ જ પ્રધાન અંગ છે. અને યોગની આ પૂર્વસેવા ન આવે તો યોગ ન આવવાના કારણે એક પણ જીવનો મોક્ષ જ ન થઈ શકે. પણ મોક્ષ થાય તો છે, એટલે એના પાયામાં સહજમળનો હ્રાસ થતો પણ માનવો તો પડે જ. તો એ શી રીતે થાય છે ? એ પ્રશ્ન છે જ.

આવશ્યક એવી પણ જે બાબત પુરુષાર્થનો વિષય ન હોય એ કુદરતી રીતે જ થતી હોય છે... આવા નિયમનું જ જાણે સૂચન ન હોય, એમ ગ્રન્થકાર કહે છે કે જેમ જેમ કાળ વીતે છે તેમ તેમ આ સહજમળ સહજ રીતે - પોતાની મેળે જ ઘટતો આવે છે. અલબત્ કુદરતી કાળક્રમે થતો આ ઘટાડો ખૂબ ખૂબ ખૂબ ધીમી ગતિએ થતો હોય છે. એટલે કે ખૂબ ખૂબ ખૂબ વિરાટકાળ પસાર થાય ત્યારે પણ આ ઘટાડો તો અતિ અતિ અતિ અલ્પ જ થયેલો છે. શ્રી જૈનશાસનમાં વિરાટ કાળને દર્શાવવા માટે પલ્યોપમ, સાગરોપમ, અવસર્પિણી-ઉત્સર્પિણી, કાળચક્ર, અને પુદ્ગલપરાવર્ત આવા ઉત્તરોત્તર વિશાળ વિશાળ માપો પ્રસિદ્ધ છે. આમાં સહુથી મોટો કાળ પુદ્ગલપરાવર્ત છે જેમાં અનંતકાળચક્ર વીતે છે. આવા અનંતકાળચક્રના બનેલા એક -એક પુદ્ગલપરાવર્ત (- પુદગલાવર્ત- આવર્ત) જેટલો કાળ પસાર થાય ત્યારે પણ સહજમળમાં થયેલો હ્રાસ ઘણો જ ઘણો અલ્પ હોય

છે. અર્થાત્ એક પુદ્ગલપરાવર્તકાળ પસાર થાય તોપણ એનામાં થયેલો ઘટાડો એવો નોંધપાત્ર હોતો નથી કે જેથી બાકી રહેલો મળ 'અલ્પમળ' કહી શકાય અને મુક્તિઅદ્વેષ પ્રગટી શકે. પણ આ રીતે અનેક પુદ્ગલાવર્તમાં નાશ થતા થતા જ્યારે એ નોંધપાત્ર રીતે ઘટી જાય છે ત્યારે ભાવમળની અભિપ્રેત અલ્પતા થાય છે. આ એવી અલ્પતા છે કે જેથી અત્યાર સુધી જે તીવ્રભવાભિષ્વંગ-પુદ્ગલા-નંદિતા-ભવાભિનંદિપણું-મુક્તિદ્વેષ આત્મામાં પડેલા હતા તે ખસે છે. અને મુક્તિઅદ્વેષ પ્રગટ થાય છે. ઉત્કટ ભોગેચ્છા-સંસારનું અભિનંદન-શીલપણું દૂર થવાથી ઉપદેશ અને પુરુષાર્થની યોગ્યતા આવિર્ભૂત થાય છે. આને જ પ્રકૃતિનો અધિકાર દૂર થયો, પુરુષનો (- પુરુષાર્થનો) અધિકાર ચાલુ થયો એમ કહી શકાય. વળી, બધા દોષો આ ભાવમળ પર તાગડધિન્ના કરતા હોય છે. એટલે જેમ જેમ ભાવમળનો હ્રાસ થાય છે એમ એમ દોષોનું આંતરિક જોર ઘટતું જાય છે. એટલે કે દોષોનો ક્રમિક હ્રાસ થતો આવે છે. એ થાય છે તો જ ભવ્યજીવનું મોક્ષગમન સંભવિત બને છે.

યોગબિંદુગ્રન્થમાં કહ્યું છે કે - *વળી આ રીતે યોગ્યતાનો પ્રતિ-આવર્ત અપગમ - હ્રાસ પણ સુનીતિથી નિશ્ચિત થાય છે. અને તે અલ્પ થયે ભાવશુદ્ધિ પણ ચોક્કસ થાય છે.* વળી યોગ્યતાના હ્રાસથી પ્રગટેલ આ મુક્તિઅદ્વેષથી પણ કલ્યાણપરંપરાનો પ્રવાહ ચાલે છે. તો મુક્તિરાગથી એ પ્રવાહ ચાલવામાં કહેવાનું જ શું ?

આમ, મુક્તિઅદ્વેષ, અલ્પમલત્વ, સહજમળનો પ્રતિ આવર્ત થતો હ્રાસ વગેરે વાતો આ લેખમાં આપણે વિચારી. હવે, પ્રતિઆવર્ત સહજમળનો હ્રાસ જે થતો આવે છે તે અનાદિકાળથી ચાલતો આવે છે કે અનાદિકાળથી એ હ્રાસ થતો નહોતો, પણ પાછળથી અમુકકાળથી હ્રાસ થવાનો ચાલુ થયો ? વગેરે વાતો આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૭૧

મુક્તિઅદ્વેષ પ્રગટાવી શકે એવી ભાવમળની અલ્પતા કુદરતી જ કાળ-ક્રમે થાય છે એ ગયા લેખમાં આપણે જોયું. આ વાત પર એક પ્રશ્ન ઊભો થાય છે.

**પ્રશ્ન :** ભાવમળની અલ્પતા જો કુદરતી જ થાય છે તો તો એ અભવ્યજીવોને પણ થવી જોઈએ. અને તો પછી એને પણ એ અલ્પમલત્વ, મુક્તિઅદ્વેષ, ઉપદેશની તથા પુરુષાર્થની યોગ્યતા, પૂર્વસેવા... આ બધું જ માનવું નહીં પડે ?

**ઉત્તર :** ના નહીં માનવું પડે, કારણ કે ભાવમળનો કુદરતી થતો હ્રાસ ભવ્યજીવોને જ થાય છે, અભવ્યજીવોને નહીં. આ વાતનું સૂચન કરવા જ ગ્રન્થકારે ટીકામાં दोषाणां क्रमह्रासं विना भव्यस्य मुक्तिगमनाद्यनुपपत्तेः આવા કથનમાં भव्यस्य એવો ઉલ્લેખ કર્યો છે. એ સૂચવે છે કે ભવ્યજીવોને જ દોષોનો ક્રમહ્રાસ થાય છે અને આ ક્રમહ્રાસ જ સૂચવે છે કે ભવ્યને જ સહજ મળનો હ્રાસ થાય છે. અભવ્યજીવને એનો અભવ્યસ્વભાવ જ આ કુદરતી પ્રક્રિયાથી વંચિત રાખે છે.

**પ્રશ્ન :** અભવ્યને એનો અભવ્યત્વસ્વભાવ પ્રતિબંધક બને છે એ તો સમજ્યા. પણ જાતિભવ્યને તો એ પ્રતિબંધક છે નહીં. એટલે એને તો ભાવમળની અલ્પતા અને મુક્તિઅદ્વેષ માનવા જ પડશે. અને મુક્તિ અદ્વેષ જો માનશો, તો આ જ ગાથામાં કહ્યા મુજબ આ મુક્તિઅદ્વેષથી એને પણ કલ્યાણની પરંપરા પ્રાપ્ત થશે જ ને ? એમ જે ભવ્યાત્માઓ હજુ સુધી અનાદિનિગોદમાં જ છે, ક્યારેય બહાર નીકળ્યા નથી, હજુ પણ અનંતાનંત કાળ પછી બહાર નીકળવાના છે, એમને પણ કલ્યાણ પરંપરા પ્રાપ્ત થઈ ગઈ છે એવું તો માનવું જ પડશે ને ? કારણ કે ભલે ભાવમળનો હ્રાસ અતિ અતિ અતિ ધીમી

ગતિએ થઈ રહ્યો છે, એનો એ ક્રમે નોંધપાત્ર હ્રાસ થવામાં જેટલો પણ કાળ જોઈએ એના કરતાં પણ અનંતાનંતગણા પુદ્ગલપરાવર્તો પસાર થઈ ગયા છે. તે પણ એટલા માટે કે સંસાર, જીવ અને સહજમળ.. બધું જ અનાદિકાળથી છે. તો જેમનો એક નહીં, અનેક પુદ્ગલપરાવર્ત સંસારકાળ હજુ બાકી છે એવા પણ બધા જ ભવ્યાત્માઓને અલ્પમલત્વ, મુક્તિઅદ્વેષ વગેરે માનવું જ પડે. શું આ યોગ્ય છે ?

**ઉત્તર :** તમારો પ્રશ્ન ઉચિત છે. જેમ અનાદિકાળથી સંસાર, જીવ અને સહજમળ છે તેમ અનાદિકાળથી જ એનો હ્રાસ પણ માની લેવામાં આવે તો પસાર થઈ ગયેલા કાળની કોઈ કમીના છે જ નહીં કે જેથી એક પણ ભવ્યજીવ અલ્પમલત્વ સુધી પહોંચી ન શક્યો હોય.

**શંકા :** આપણા ગ્રન્થોમાં (નવતત્ત્વપ્રકરણ વગેરેમાં) વાત આવે છે કે કેવલી ભગવંતને જ્યારે પણ પૂછવામાં આવે કે 'આજ સુધીમાં કેટલા જીવો મોક્ષમાં ગયા ?' તો આ જ ઉત્તર તેઓ આપે છે કે 'એક નિગોદનો અનંતમો ભાગ જ મોક્ષે ગયો છે.' અનંત પુદ્ગલપરાવર્ત પૂર્વે પણ આ જ જવાબ હતો, આજે પણ આ જ જવાબ છે ને અનંત પુદ્ગલપરાવર્ત પછી પણ આ જ જવાબ હશે. અલબત્ જીવો ક્રમશઃ મોક્ષમાં જવાના ચાલુ જ છે. છેવટે છ મહિને એક જીવ તો મોક્ષે જાય જ છે. આ ક્રમે અનંતાનંત પુદ્ગલપરાવર્તમાં તો અધધધ... કેટલા અનંતાનંતાનંત જીવો મોક્ષે ચાલ્યા ગયા હોય, અને છતાં જવાબ-નિગોદનો એક અનંતમો ભાગ. અનંતમા ભાગ પરથી અસંખ્યાતમાભાગ પર પણ એ રાશિ પહોંચતો નથી. આનો સૂચિતાર્થ સ્પષ્ટ છે કે એક એક નિગોદમાં રહેલા જીવોનો મૂળરાશિ એટલો - એટલો-એટલો-એટલો વિરાટ છે કે ગમે એટલા અનંતાનંતાનંત જીવો મોક્ષે જાય તો પણ એમાં નોંધપાત્ર ઘટાડો પણ થતો નથી. બસ આ જ રીતે સહજમળ મૂળમાં જ એટલો વિરાટ વિરાટ વિરાટ હોય કે

ગમે એટલો કાળ વીતે, ક્રમિક હ્રાસ થવા છતાં એમાં નોંધપાત્ર હ્રાસ પણ થતો નથી.

**સમાધાન :** નિગોદમાં રહેલા જીવોના રાશિ માટે તમારી વાત બરાબર છે. કારણ કે જો ક્યારેય પણ નોંધપાત્ર ઘટાડો થાય તો તો એકકાળ એવો આવે જ કે જ્યારે એક નિગોદ સંપૂર્ણ ખાલી થઈ જ જાય.. અને એક નિગોદ જો સંપૂર્ણ ખાલી થઈ જાય તો તો એના કરતાં અસંખ્યગુણકાળમાં બધી જ નિગોદ ખાલી થઈ જાય... અને આ જો શક્ય હોય તો તો આજે સંસારમાં એક પણ જીવ મળવો જ ન જોઈએ, અથવા માત્ર અભવ્યજીવો જ મળવા જોઈએ, કારણ કે આ જેટલો કુલ કાળ જોઈએ એના કરતાં પણ અનંતગુણકાળ પસાર થઈ ગયો છે. તે પણ એટલા માટે કે સંસાર અનાદિ છે. સંસાર અનાદિ છે એનો મતલબ જ, કોઈપણ પ્રક્રિયાને જેટલો વિરાટ અનંતાનંતકાળ જરૂરી હોય એના કરતાં પણ અનંતાનંતગણોભૂતકાળ વીતી જ ગયેલો હોય. એ વિના સંસારનું અનાદિપણું ઘટી જ ન શકે. એટલે બધા જ ભવ્યોનો મોક્ષ થઈને સંસાર ખાલી થવો જો ક્યારેય પણ શક્ય હોય તો આજ સુધીમાં ખાલી થઈ જ ગયો હોત. આવું જ નિગોદ માટે છે. એટલે જીવો નીકળતા હોવા છતાં નિગોદ જો ક્યારેય ખાલી થવાની નથી, તો જીવોના નીકળવાથી નિગોદના જીવોની રાશિમાં થતો ઘટાડો અત્યંત નહીવત્ જ હોવો જોઈએ. બિલકુલ અગણનાપાત્ર.. એટલે કે અનંત-અનંત-અનંતમો ભાગ જ. ખરેખર તો, જ્યારે પણ પૂછો, 'એક નિગોદનો એક અનંતમો ભાગ જ મોક્ષે ગયો છે' આ જવાબ જ પ્રભુની સર્વજ્ઞતાનો પ્રચંડ પુરાવો છે. કારણ કે અનંતાનંત કાળપૂર્વે પણ આ જ જવાબ ને અનંતાનંતકાળ બાદ પણ આ જ જવાબ.. આ વાત સામાન્યથી કોઈના દિમાગમાં બેસે એવી પણ નથી તો કાલ્પનિક તરંગરૂપે તો ઊઠે જ શી રીતે ? એ તો ત્રણે કાળની સઘળીવાતોને હાથમાં રહેલા આમળાની જેમ

સ્પષ્ટ દેખતા હોય એ જ આવી વાત બેધડક કહી શકે. આ વાત ખૂબ સહૃદયતાથી સૂક્ષ્મબુદ્ધિથી વિચારવી.

એટલે જેમાં ક્યારેય નોંધપાત્ર ઘટાડો પણ ન થાય એવો વિરાટરાશિ નિગોદનો છે જ. પણ જીવમાં રહેલ સહજમળની માત્રા પણ એવી વિરાટ માનવામાં આવે કે ગમે એટલો ઘટાડો થવા છતાં એમાં નોંધપાત્ર ઘટાડો પણ ક્યારેય થાય જ નહીં, તો તો એક પણજીવનો મોક્ષ થઈ જ શકે નહીં, કારણકે અલ્પમલત્વ અસંભવિત રહેવાથી મુક્તિઅદ્વેષ-પૂર્વસેવા-યોગ વગેરે બધું જ અસંભવિત બની જાય. તેથી જીવમાં રહેલ સહજમળની માત્રા એવી જ માનવી પડે છે કે જે કાળક્રમે ઘટતાં ઘટતાં નોંધપાત્ર ઘટાડો અનુભવી શકે. ને અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચી શકે. અર્થાત્ ઘટાડો ચાલુ હોય તો તો અમુકકાળમાં એ અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચી જ જાય. એટલે અનાદિકાળથી આ ઘટાડો જો ચાલુ હોય તો બધા ભવ્યજીવો અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચી ગયેલા માનવા જ પડે. કારણ કે એ અમુકકાળ કરતાં તો અનંતાનંતગુણો કાળ પસાર થઈ ગયો છે. પણ એ માની શકાતું નથી. માટે, કુદરતી પ્રક્રિયા રૂપે કાળક્રમે પ્રતિઆવર્ત થતો આ મળહ્રાસ અનાદિકાળથી નહીં, પણ પાછળથી ક્યાંકથી ચાલુ થાય છે એમ માનવું જરૂરી બને છે. એટલે કે ગમે એટલો અનંતાનંતકાળ પસાર થઈ જાય, સહજમળમાં અનંતાનંતમા ભાગનો પણ ઘટાડો થતો નથી, એ એવો ને એવો તદવસ્થ - અકબંધ જ રહે છે. ને પછી જ્યારથી ઘટાડો શરુ થાય ત્યારથી અમુકકાળમાં સહજ મળ અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચી જ જાય છે. આ અમુક-કાળ બધા જીવોનો એકસમાન હોય છે એવું માનવાને કોઈ કારણ જણાતું નથી. જે જીવનું જેવું તથાભવ્યત્વ હોય એ પ્રમાણે એ ઓછો વધુ હોવો સંભવે છે. તેમ છતાં એ અમુક પુદ્ગલપરાવર્તથી અધિક તો હોતો નથી જ. અપરિમિત હોતો નથી.

**પ્રશ્ન :** તો પછી સહજ મળમાં ઘટાડો થવાનો ક્યારથી શરુ થાય ?

**ઉત્તર :** મને એવું લાગે છે કે જીવ વ્યવહારરાશિમાં આવે ત્યારથી જ એ શરૂ થતો હોય. એટલે કે અવ્યવહારરાશિમાં એ ઘટાડો થતો નહોતો, ને જીવ જેવો વ્યવહારરાશિમાં પ્રવેશ કરે છે કે તરત જ આ સહજ મળ ઘટવાનો ચાલુ થઈ જાય છે. એટલે વ્યવહારરાશિની આપણે આવી પણ વ્યાખ્યા વિચારી શકીએ કે 'જેમનો સહજમળનો ઘટાડો શરુ થઇ ગયો હોય તે વ્યવહારરાશિના જીવો અને એ શરુ ન થયો હોય તે અવ્યવહારરાશિના જીવો'. એટલે જ ફરીથી સૂક્ષ્મ નિગોદમાં ગયેલો જીવ લોકવ્યવહારથી પર થઈ ગયો હોવા છતાં એનો સહજમળનો હ્રાસ ચાલુ થઈ ગયો હોવાથી એ જીવ વ્યવહાર-રાશિવાળો જ કહેવાય છે. વળી આ રીતે વિચારવાથી 'અભવ્યજીવ વ્યવહારરાશિમાં ગણાય કે નહીં ?' આ અંગેના મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ અને મહોપાધ્યાયશ્રી ધર્મસાગરજી મહારાજ આ બંનેના નિરૂપણનો સમન્વય પણ થઈ શકે છે કે - 'લોકવ્યવહારને પામેલા જીવો એ વ્યવહારરાશિ' આ વ્યાખ્યાને અનુસરીને શ્રી યશો-વિજયજી મહારાજે અભવ્યજીવોને પણ વ્યવહારરાશિવાળા ગણ્યા છે. 'સહજમળમાં ઘટાડો શરૂ થયો હોય એવા જીવો એ વ્યવહારરાશિ' આ વ્યાખ્યાને અનુસરીને શ્રી ધર્મસાગરજી મહારાજે અભવ્યજીવોને વ્યવહારરાશિમાં ગણ્યા નથી.

**પ્રશ્ન :** પણ ગ્રન્થમાં તો 'પ્રતિપુદ્ગલપરાવર્ત મલનો અપગમ થાય છે' એટલો જ ઉલ્લેખ છે. વ્યવહારરાશિનો તો કોઈ ઉલ્લેખ જ નથી. પછી 'વ્યવહારરાશિમાં આવેલા જીવો માટે જ આ મલ અપ-ગમની વાત છે' એવું શી રીતે કહી શકાય ?

**ઉત્તર :** ભાષ્યસુધામ્ભોનિધિ શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણ મહારાજે વિશેષણવતિ ગ્રન્થમાં અમુક બાબતો માટે આવું સમાધાન

સૂચવ્યું છે. જેમકે વનસ્પતિની કાયસ્થિતિ માટે શાસ્ત્રમાં વ્યવહારરાશિ શબ્દનો કોઈ ઉલ્લેખ ન હોવા છતાં તેઓ શ્રીમદે જણાવ્યું છે કે આ કાયસ્થિતિ વ્યવહારરાશિની અપેક્ષાએ સમજવી.

**પ્રશ્ન :** મરૂદેવીમાતાનો ચરમાવર્તમાં પ્રવેશ તો ક્યારનો થઈ ગયેલો ને વ્યવહારરાશિમાં તો સાવ છેલ્લે છેલ્લે આવ્યા. એટલે ત્યાં સુધી મળહ્રાસ શરૂ જ ન થયો હોવાથી સહજ અલ્પમલત્વની ભૂમિકા વગેરે કેવી રીતે માની શકાશે ?

**ઉત્તર :** મરૂદેવીમાતાનો કિસ્સો અત્યંત અપવાદ જેવો છે. અનેક શાસ્ત્રીય નિરૂપણો અંગે એમના કિસ્સામાં પ્રશ્નો ઊભા થાય જ છે. તેમ છતાં 'અલ્પમલત્વભૂમિકા, મુક્તિઅદ્વેષ અને ચરમાવર્તનો પ્રારંભ આ બધું એક સાથે થાય છે...' આ વાત પણ વ્યવહાર-રાશિવાળા જીવો માટે સમજવી.. આવું સમાધાન વિચારી શકાય છે. એટલે ચરમાવર્ત શરૂ થવા છતાં મળહ્રાસ થયો ન હોવાથી મુક્તિઅદ્વેષ પ્રગટતો નથી. અને જેવો વ્યવહારરાશિ પ્રવેશ થયો કે તરત ધડાધડ મળહ્રાસ થઈ ગયો. અલ્પમલત્વભૂમિકા-મુક્તિઅદ્વેષ પ્રગટ્યા. એ પછી ક્રમશઃ સમ્યક્ત્વાદિ પામી મોક્ષે ગયા.

**પ્રશ્ન :** આવું માનવું એના કરતાં અવ્યવહારરાશિમાં પણ અનાદિકાળથી મળહ્રાસ હોય, પણ એ એટલો બધો અલ્પતમ હોય કે જેથી ગમે એટલો કાળ વીતે.. અલ્પમલત્વની ભૂમિકા આવે જ નહીં. અને પછી એક કાળ એવો આવે કે જેથી મલહ્રાસની માત્રા વધી જાય ને તેથી અમુક કાળે અલ્પમલત્વની ભૂમિકા, ચરમાવર્ત, મુક્તિઅદ્વેષ પ્રગટી જાય.

**પ્રતિપ્રશ્ન :** એ એક કાળ એટલે કયો કાળ ?

**પ્રતિઉત્તર :** વ્યવહારરાશિ પ્રવેશકાળ જ લેવાનો.

**ઉત્તર :** તો પછી મરૂદેવામાતા માટે પ્રશ્ન આવશે જ.

ચરમાવર્ત શરૂ થઈ ગયો, પણ વ્યવહારરાશિ પ્રવેશ થયો ન હોવાથી મલહ્રાસની માત્રા વધી ન હોવાના કારણે અલ્પમલત્વ, મુક્તિઅદ્વેષ પ્રગટ ન થયા... એટલે એ પ્રગટ થવાની વાત વ્યવહારરાશિવાળા જીવો માટે જ છે એવું સમાધાન કરવું જ પડશે. એટલે (૧) અનાદિકાળથી મલહ્રાસ નહીં, અને વ્યવહારરાશિથી મલહ્રાસ, અને (૨) અનાદિકાળથી અતિઅલ્પમળહ્રાસ અને વ્યવહારરાશિથી વિશેષ પ્રકારે મળહ્રાસ...આ બન્ને વિકલ્પો મરૂદેવામાતા અંગે તો સમાન જ છે. પણ પ્રથમ વિકલ્પ વધારે ઉચિત એટલા માટે લાગે છે કે, એને 'કાયસ્થિતિની જેમ અમુક વાતો વ્યવહારરાશિની અપેક્ષાએ સમજવી' આવા વિશેષણવતિના વચનનું સમર્થન છે. તથા, અનાદિ-કાળથી રહેલો સહજમળ નોંધપાત્ર હ્રાસ અનુભવી શકે એટલી માત્રામાં જો છે તો અવ્યવહારરાશિમાં ભલેને ગમે એટલો અતિ અતિ અતિ અલ્પહ્રાસ થતો હોય, એ અવ્યવહારરાશિમાં જ નોંધપાત્ર હ્રાસ -અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચી જ જશે, કારણ કે અનાદિ સંસારમાં વીતી ગયેલા કાળની કોઈ કમીના છે જ નહીં. આ આપત્તિના વારણ માટે અવ્યવહારરાશિમાં મળહ્રાસ હોતો જ નથી, એવું માનવું ઉચિત લાગે છે. અસ્તુ.

આ, શાસ્ત્રવચનોપરથી મેં કરેલું તારણ છે. સંવિગ્ન ગીતાર્થ બહુશ્રુત મહાત્માઓએ સૂક્ષ્મતાથી આ વાત પર વિચારણા કરવા વિનંતી છે. અને કાંઈપણ જણાવવા યોગ્ય લાગે તો મને જણાવવાની કૃપા કરવા વિનંતી છે.

જ્યાં સુધી મુક્તિદ્વેષ હોય છે ત્યાં સુધી તો ઉપદેશ કે ધર્મ-આચરણની યોગ્યતા જ હોતી નથી. પણ એ ખસીને અદ્વેષ ઊભો થયો, એટલે આ યોગ્યતા આવે છે. ને એ આવે છે એટલે ઉત્તરોત્તર કલ્યાણની પરંપરા ઊભી થાય જ. વળી મુક્તિના અદ્વેષથી પણ જો કલ્યાણપરંપરા ઊભી થાય છે, તો મુક્તિરાગથી તો શું ન થાય ?

અર્થાત્ એનાથી તો વધારે પ્રબળ કલ્યાણપરંપરા ઊભી થાય એમાં કોઈ શંકા જ રહેતી નથી.

મુક્તિ એ ઉપેય (= મેળવવાની ચીજ) છે. જ્ઞાનયોગ- ક્રિયાયોગ એ ઉપાય છે. એટલે અહીં મુક્તિનો=ઉપેયનો અદ્વેષ કહ્યો એના ઉપલક્ષણથી ઉપાયનો=જ્ઞાન- ક્રિયાયોગનો અદ્વેષ પણ સમજી લેવાનો. એ અદ્વેષથી પણ કલ્યાણપરંપરા છે. અને પછી ક્રમશઃ જ્ઞાનયોગ-ક્રિયાયોગની રુચિ પ્રગટે તો તો વિશેષરૂપે કલ્યાણપરંપરા થાય છે એમ સમજવું.

**શંકા :** રાગ અને દ્વેષ તો અંધકાર - પ્રકાશની જેમ પરસ્પર વિરોધી બાબતો છે. એટલે દ્વેષ ખસે તો રાગ આવી જ જાય. તેથી 'મુક્તિદ્વેષ ખસવાથી મુક્તિઅદ્વેષ આવે છે' એવું જે કહેવાય છે એમાં મુક્તિઅદ્વેષ એ મુક્તિરાગસ્વરૂપ જ છે, જેમ કે અંધકાર ખસવાથી જે આવે તે પ્રકાશ હોય છે. વળી મુક્તિ અદ્વેષનું ફળ પણ તમે કલ્યાણપરંપરા કહો છો અને મુક્તિરાગનું પણ એ જ ફળ કહો છો. તો બંનેને અલગ અલગ માનવા કરતાં મુક્તિરાગને જ મુક્તિ અદ્વેષરૂપ માનવો જોઈએ. અર્થાત્ મુક્તિદ્વેષ, મુક્તિઅદ્વેષ અને મુક્તિરાગ.. આવી ત્રણ અવસ્થાઓ માનવા કરતાં પહેલાં મુક્તિદ્વેષ, અને એ ખસવા પર મુક્તિરાગ આવી બે અવસ્થાઓ જ માનો ને.

**સમાધાન :** આવી શંકા બરાબર નથી, કારણ કે શાસ્ત્રોમાં મુક્તિઅદ્વેષને એક પ્રકારનો જ કહ્યો છે જ્યારે મુક્તિરાગના ત્રણ પ્રકાર બતાવ્યા છે.

આશય એ છે કે રાગ અને દ્વેષ અંધકાર - પ્રકાશની જેમ પરસ્પર વિરોધી નથી, પરંતુ સ્વતંત્ર પરિણામો છે. નહીંતર તો શાસ્ત્રોમાં ન રાગ, ન દ્વેષની ભૂમિકાને માધ્યસ્થ્ય તરીકે જે કહેલ છે તે અસંગત બની જશે. એમ વીતરાગ-વીતદ્વેષ અવસ્થા પણ અશક્ય

બની જાય. હા, કોઈ વ્યકિત કે વસ્તુ પ્રત્યે રાગ આવવાથી દ્વેષ ખસી જાય કે દ્વેષ આવવાથી રાગ ખસી જાય એવું બને છે. પણ દ્વેષ ખસવાથી રાગ આવી જ જાય કે રાગ ખસવાથી દ્વેષ આવી જ જાય એવો નિયમ હોતો નથી, નહીંતર તો વૈરાગ્ય અને સમતાભાવ જેવી વસ્તુ જ નહીં રહે.

વળી અદ્વેષ એ દ્વેષાભાવરૂપ છે, અર્થાત્ એ અભાવરૂપ હોવાથી એમાં વિવિધતા હોતી નથી, એ એક જ પ્રકારનો હોય છે. આશય એ છે કે જેનો અભાવ હોય એને પ્રતિયોગી કહેવાય છે. જેમકે ઘડાના અભાવનો (ઘટાભાવનો) ઘડો એ પ્રતિયોગી છે. પ્રતિયોગી ઘટ નાનો મોટો સંભવી શકે છે. ઘટાભાવ એવો હોતો નથી, એટલે કે નાના ઘડાનો અભાવ, મોટા ઘડાનો અભાવ વગેરે સંભવે છે, પણ ઘડાનો નાનો અભાવ, મોટો અભાવ.. વગેરે સંભવતું નથી. આના પરથી સમજાય છે કે અભાવ એક જ હોય છે. એમાં તરતમતા હોતી નથી. એ જ રીતે અદ્વેષ એ દ્વેષાભાવરૂપ હોવાથી એમાં તરતમતા ન હોવાથી એ એક જ પ્રકારનો હોય છે. અને એ એક જ પ્રકારનો છે તો યોગીઓના ભેદનો પ્રયોજક ન જ બની શકે એ સ્પષ્ટ છે. જ્યારે મુક્તિરાગ તો યોગીઓના ભેદનો પ્રયોજક બને છે. પછી મુક્તિનો અદ્વેષ અને રાગ એ બે એક જ શી રીતે હોય શકે ?

**પ્રશ્ન :** મુક્તિરાગ યોગીઓના ભેદ પાડવામાં પ્રયોજક શી રીતે બને છે ?

**ઉત્તર :** યોગગ્રન્થોમાં યોગીઓના નવ પ્રકાર બતાવવામાં આવેલા છે. એ મુક્તિરાગની મંદતા, મધ્યમતા અને ઉત્કૃષ્ટતાના કારણે તથા ઉપાયની મંદતા, મધ્યમતા અને ઉત્કૃષ્ટતાના કારણે બતાવેલા છે. આશય એ છે કે મુક્તિરાગ એટલે મુક્તિની અભિલાષા - સંવેગ. કેટલાક યોગીઓને આ સંવેગ મૃદુ=મંદ હોય છે, કેટલાકને

મધ્યમ હોય છે, કેટલાકને ઉત્કૃષ્ટ હોય છે. મુક્તિનો ઉપાય એટલે વિવિધ પ્રકારની સાધના. આ સાધના પણ કેટલાકની મંદ હોય છે, કેટલાકની મધ્યમ અને કેટલાકની ઉત્કૃષ્ટ હોય છે. એટલે આ બેના કારણે યોગીઓના નવ ભેદ પડે છે. મંદ સંવેગ સાથે મંદ, મધ્યમ અને ઉત્કૃષ્ટ સાધના એમ ત્રણ પ્રકાર. એ જ રીતે મધ્યમ અને ઉત્કૃષ્ટ સંવેગ સાથે ત્રણ-ત્રણ પ્રકાર થવાથી કુલ નવ ભેદ છે.

**પ્રશ્ન :** સંવેગ ઝળહળતો હોય (ઉત્કૃષ્ટ હોય) તો સાધના પણ ઉત્કૃષ્ટ જ હોય ને ? મંદ કે મધ્યમ શી રીતે સંભવે ?

**ઉત્તર :** સામાન્યથી તો સાધના સંવેગને જ અનુસરે છે. તેથી જેવો સંવેગ એવી સાધના. તેમ છતાં, સાધના પર સાધન અને સત્ત્વની પણ અસર હોય છે. એટલે સંવેગ ઝળહળતો હોવા છતાં સંઘયણ છેલ્લું હોય અને/ અથવા સત્ત્વ અલ્પ હોય તો સાધના મંદ પણ થાય. આ જ રીતે અન્ય ભેદો માટે પણ યથાયોગ્ય વિચારી લેવું.

આમ મુક્તિરાગના મંદ, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકાર છે જ્યારે મુક્તિઅદ્વેષ તો એક જ પ્રકારનો છે, પછી એ બે એક શી રીતે હોય શકે ? આમ, મુક્તિઅદ્વેષ અને મુક્તિરાગ વચ્ચે સ્વરૂપભેદે ભેદ દર્શાવ્યો. હવે ફળભેદે ભેદ દર્શાવે છે. એટલે કે બંનેના ફળ જુદા છે, માટે બંને જુદા છે.

**પ્રશ્ન :** બંનેનું ફળ તો કલ્યાણપરંપરા જ છે, પછી ફળ જુદા શી રીતે ?

**ઉત્તર :** તેમ છતાં ફળભેદ હોવાથી એ ભેદ પડે છે. આશય એ છે કે કલ્યાણ-પરંપરા દ્વારા છેવટે બંનેનું અંતિમ ફળ મોક્ષ છે. પણ મુક્તિરાગથી આ ફળ અલ્પ વિલંબે મળે છે જ્યારે મુક્તિ અદ્વેષથી એ અધિક વિલંબે મળે છે. તેથી આ અપેક્ષાએ બંનેના ફળ જુદા જુદા છે.

વળી, જે વાત આ રીતે ઉપેયભૂત મોક્ષ માટે કહી એ જ વાત એના ઉપાય અંગે પણ ઉપલક્ષણથી સમજી લેવી જોઈએ. બીજી કોઈ અપેક્ષા ન હોય તો ઉપેય મોક્ષના અદ્વેષથી ઉપાયભૂત દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અદ્વેષ પ્રગટે છે. અને ઉપેય મોક્ષના રાગથી ઉપાયભૂત દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે રાગ પ્રગટે છે. અહીં પણ, ઉપાય અદ્વેષમાં તરતમતા હોતી નથી, પણ ઉપાયરાગમાં તરતમતા હોય છે. તથા ઉપાય અદ્વેષથી અધિક વિલંબે મોક્ષ ફળની પ્રાપ્તિ થાય છે, જ્યારે ઉપાયરાગથી એ અલ્પ વિલંબે થાય છે.

એક **પ્રશ્ન :** ભાવમળની, મુક્તિનો અદ્વેષ પ્રગટાવનાર અલ્પતા સુધી તો કુદરતી પ્રક્રિયા દ્વારા હ્રાસ થતાં થતાં પહોંચી જવાયું. ને તેથી પુરુષાર્થની યોગ્યતાપણ આવી ગઈ. તેમ છતાં જીવ જો પુરુષાર્થ ન કરે તો અત્યાર સુધીની જેમ જ હજુ પણ ઉત્તરોત્તર હ્રાસ થતાં એક કાળ એવો આવે કે બધો જ મળ દૂર થઈ જવાથી જીવનો વિના પુરુષાર્થ મોક્ષ થઈ જાય. પછી પુરુષાર્થની શી જરૂર છે ?

**ઉત્તર :** ભાવમળના હ્રાસની આ કુદરતી પ્રક્રિયા તો એટલી બધી ધીમી છે કે જીવ જો સ્વયં પુરુષાર્થ ન કરે તો, આ મળને સંપૂર્ણ દૂર થતાં માત્ર એક ચરમ પુદગલપરાવર્ત નહીં, કેટલા પુદગલપરાવર્ત લાગી જાય, કહી શકાય નહીં. અને વધારે મહત્ત્વની વાત એ છે કે જે વસ્તુ સ્વશુદ્ધિની પ્રક્રિયા સ્વયં નથી કરતી, એ સોએ સો ટકા સંપૂર્ણ શુદ્ધ ક્યારેય બની શકતી નથી, જેમકે સોનું. માણસ એના શુદ્ધીકરણની પ્રક્રિયા ગમે એટલી ચોકસાઈ ભરી રીતે કરે અને અસરકારક રીતે કરે, એ ૯૯.૯૯ ટકા શુદ્ધ થશે. સો એ સો ટકા શુદ્ધ થઈ જ નહીં શકે. એટલે જીવના પોતાના પુરુષાર્થ વિના સંપૂર્ણ શુદ્ધિ શક્ય છે જ નહીં. સીધી વાત છે, જીવના શુદ્ધીકરણના કાળ-સ્વભાવ વગેરે પાંચ કારણોમાં જે ભાગ પુરુષાર્થસાધ્ય છે, એ પુરુષાર્થથી જ સિદ્ધ થાય છે, કાળ વગેરેથી નહીં અને જીવ જો પુરુષાર્થ

આદરે છે તો વધુમાં વધુ એક પુદ્ગલાવર્ત કાળમાં તો શુદ્ધ થઈ જ જાય છે.

આ રીતે બારમી પૂર્વસેવા દ્વાત્રિંશિકાની વિચારણા પૂર્ણ થઈ. આમાં પૂર્વસેવાના પૂજા, સદાચાર, તપ એને મુક્તિઅદ્વેષ આ ચાર અંગોની આપણે વિચારણા કરી. આ ચારમાં પણ છેલ્લો મુક્તિઅદ્વેષ એ જ પ્રધાન અંગ છે એ વાતની હવે તેરમી બત્રીશીમાં આગામી લેખથી વિચારણા કરીશું.

❖ ❖ ❖

## લેખાંક ૭૨

બારમી બત્રીશીમાં યોગની પૂર્વ-સેવાના દેવ-ગુર્વાદિ પૂજન, સદાચાર, તપ અને મુક્તિઅદ્વેષ આ ચાર પ્રકારો જણાવ્યા. આમાંના પ્રથમ ત્રણ આચારરૂપ છે, જ્યારે ચોથો પ્રકાર ભાવરૂપ છે, અને તેથી એ પ્રધાન છે. આ મુક્તિઅદ્વેષ કઈ રીતે પ્રધાન છે ? એ આ 'તેરમી મુક્તિઅદ્વેષ પ્રાધાન્ય બત્રીશી' નામની બત્રીશીમાં વિચારવાનું છે. ટૂંકમાં એ વિચાર આ છે કે મુક્તિ-અદ્વેષની હાજરીમાં મુક્તિઉપાયોનું મલન થતું નથી.

આમાં મલન એટલે વિનાશનું કારણ. પ્રભુનાં દર્શન-પૂજન-સ્તવન વગેરે સમ્યગ્દર્શનની આરાધના છે. વાચના-પૃચ્છના વગેરે પાંચ પ્રકારનો સ્વાધ્યાય એ સમ્યગ્જ્ઞાનની આરાધના છે. સમિતિ-ગુપ્તિ વગેરે સમ્યક્ચારિત્રની આરાધના છે. આ બધી આરાધના જીવને મોક્ષે લઈ જનાર હોવાથી મુક્તિના ઉપાયભૂત છે. આત્મામાં અનાદિકાળથી રહેલો મુક્તિનો દ્વેષ આ મુક્તિઉપાયનું મલન કરનાર છે. એટલે કે એના વિનાશનું કારણ છે. આ મુક્તિઉપાયનો વિનાશ બે રીતે સમજવો જોઈએ. (૧) આરાધના થઈ રહી હોવા છતાં એ

સાક્ષાત્ કે પરંપરાએ કે અતિદીર્ઘ પરંપરાએ પણ મોક્ષના અંશમાત્ર ઉપાયરૂપ ન બનવી. એટલે કે આરાધના 'આરાધના' રૂપે (= સ્વરૂપે) અસ્તિત્વમાં હોવા છતાં 'મુક્તિઉપાય' તરીકે તો અસ્તિત્વમાં નથી જ. અર્થાત્ 'મુક્તિઉપાય' તરીકે એનો વિનાશ થઈ ગયો છે. (૨) મુક્તિના અંશતઃ ઉપાયરૂપ પણ ન બનતી એવી પણ આ આરાધના સત્ક્રિયારૂપ હોવાથી પુણ્ય તો બંધાવે જ છે, ને તેથી પુણ્યના ફળ તરીકે કાળાંતરે ભોગસામગ્રી પણ આપે જ છે. જીવ કારમી ભોગેચ્છાપૂર્વક એ સામગ્રીમાં ડૂબી જાય છે ને તેથી પછી એ આરાધના 'આરાધના' સ્વરૂપે પણ વિનાશ પામી જાય છે. આ મુક્તિઉપાયનો સ્વરૂપતઃ વિનાશ છે. (૧) નંબરમાં કહ્યો એ એનો ફળતઃ વિનાશ છે.

દાન-શીલ-તપ-ભાવરૂપ ધર્મની કે સમ્યગ્દર્શનાદિની આરાધનાની એક નાનામાં નાની સત્ક્રિયાથી લઈને નિરતિચાર સંયમ-પાલન સુધીનું કોઈપણ ધર્માનુષ્ઠાન મુક્તિદ્વેષની હાજરીમાં મુક્તિ-ઉપાયનું ઉપર કહ્યા મુજબ મલન કરનાર બને છે. આ જ વાતને ગ્રન્થ-કારે બીજી ગાથામાં આ રીતે સ્પષ્ટ કરી છે કે-શાસ્ત્રોમાં વ્રતના ગલત રીતે કરેલા સ્વીકારને (પાલનને) શસ્ત્ર, અગ્નિ અને સાપના ગલત રીતે કરેલા ઉપયોગ જેવો કહ્યો છે. એટલે જણાય છે કે તે મુક્તિઉપાયનું મલન વિષાન્નતૃપ્તિ સદશ છે.

ગ્રન્થકારે આ જ વાતનું વિવેચન કરતાં વૃત્તિમાં જે જણાવ્યું છે તેનો રહસ્યાર્થ આવો છે-અહીં મુક્તિઉપાયના મલન તરીકે એ મલન જેનાથી થાય છે તે સંયમપાલનાદિ લેવા અભિપ્રેત છે. એટલે આવો અર્થ મળે છે કે અંદર જેને ભારોભાર મુક્તિદ્વેષ પડેલો છે એ જીવ નાની મોટી જે કોઈ ધર્મક્રિયા કરે છે તે વિષાન્નતૃપ્તિ સદશ હોય છે, એટલે કે વિષમિશ્રિત ભોજનથી થતી તૃપ્તિ જેવી હોય છે. વિષમિશ્રિત ભોજનથી તત્કાળ ભૂખ શમવાથી તૃપ્તિ અનુભવાય છે

પણ પરિણામે મોત આવે છે. એટલે કે પ્રથમ નજરે સુખનું કારણ જણાતું હોવા છતાં પરિણામે બહુ મોટા દુઃખનું કારણ છે. આવું જ મુક્તિદ્વેષની હાજરીમાં થતી સંયમપાલનાદિ ધર્મક્રિયાનું છે. આ વાત એના પરથી જણાય છે કે શાસ્ત્રોમાં=યોગના નિરૂપક ગ્રન્થોમાં વ્રતના દુર્ગ્રહને=વ્રતના ગલત રીતે કરેલા સ્વીકારને-પાલનને ગલત રીતે અજમાવેલા શસ્ત્ર, અગ્નિ અને સર્પ તુલ્ય કહેલ છે. જેમ ગલત રીતે વાપરેલા શસ્ત્ર વગેરે ભારે હાનિકર્તા બને છે એમ વ્રતદુર્ગ્રહ પણ જીવને મોટું નુકસાન કરનાર નીવડે છે. આમાં બે વાતો નોંધપાત્ર છે : (૧) મૂળગાથામાં રહેલા शास्त्रेषु શબ્દનો ગ્રન્થકારે ટીકામાં 'ધર્મશાસ્ત્રોમાં' એવો અર્થ ન કરતાં 'યોગનિરૂપકશાસ્ત્રોમાં' એવો અર્થ કર્યો છે. એટલે જણાય છે કે આ બધી જે વાતો કરવાની છે તે યોગગ્રન્થોના અધિકારી જીવો માટે છે, સામાન્યથી ધર્મનો ઉપદેશ કરનારા ધર્મોપદેશક ગ્રન્થોના અધિકારી જે જીવો હોય તેઓ માટે નહીં.

**પ્રશ્ન :** આ અધિકારી જીવો જુદા જુદા હોય ?

**ઉત્તર :** હા, સામાન્યથી ધર્મગ્રન્થોમાં बालानामुपकाराय - 'બાળજીવોના ઉપકાર માટે આ ગ્રન્થ છે' એમ જણાવ્યું હોય છે. પણ યોગના નિરૂપક ગ્રન્થોમાં અલગ પ્રકારનો ઉલ્લેખ મળે છે. જેમ કે યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રન્થમાં બીજી ગાથામાં योगिनामुपकाराय - *'યોગીજીવો પર ઉપકાર કરવા માટે આ ગ્રન્થ છે'* એમ જણાવ્યું છે. વળી આગળ ૨૦૯મી ગાથામાં પણ कुलप्रवृत्तचक्रा ये त एवास्याधिकारिणः એમ જણાવ્યું છે. અર્થાત્ *'કુલયોગી જીવો અને પ્રવૃત્તચક્રયોગી જીવો જ આના અધિકારી છે'* એમ જણાવ્યું છે. જેઓ યોગીઓના કુલમાં જનમ્યા હોય, યોગીઓના ધર્મનું સહજ પાલન કરનારા હોય, કોઈ પણ જીવ પ્રત્યે દ્વેષ રાખનારા ન હોય, ઈન્દ્રિય-વિજેતા હોય. આવા બધા ગુણોવાળા જીવો 'કુલયોગી' છે. તથા ઈચ્છા અને પ્રવૃત્તિરૂપ પ્રારંભિક કક્ષાના અહિંસા-સત્ય વગેરે વ્રત-

પાલન જેમના જીવનમાં હોય તે 'પ્રવૃત્તચક્રયોગી' જીવો છે. આ કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી જીવોને જ આ ગ્રન્થોના અધિકારી કહેવા પાછળ આવો આશય છે કે -

જીવ અનાદિકાળથી ભૌતિકસુખોનો અને પાપોનો ભારે રસિયો છે. આ જ કારણે મુક્તિનો અને મુક્તિના ઉપાયભૂત યોગનો-ધર્મનો એ ભારે દ્વેષી છે. આ બધા કારણે જીવનું ચોર્યાશી લાખના ચક્કરમાં સતત પરિભ્રમણ ચાલુ જ છે. આમાંથી છૂટવાનો ઉપાય યોગ છે. આ યોગ અલબત્ ધર્મક્રિયારૂપ જ છે. છતાં એ નિરભિષ્વંગ જોઈએ. એટલે કે ભૌતિક ઇચ્છાના વળગણથી મુક્ત જોઈએ. આનો અર્થ એ થયો કે જીવને જો મોક્ષમાં પહોંચાડવો હોય તો એનો પાપોનો રસ તોડી ધર્મનો રસ ઊભો કરવો જોઈએ અને વિષયોનું વળગણ છોડાવી નિઃસ્પૃહતા ઊભી કરવી જોઈએ. પણ વિષયોનું વળગણ છોડાવવું અતિ અતિ મુશ્કેલ છે. એની અપેક્ષાએ પાપોનો રસ ઘટાડી ધર્મરસ પેદા કરવો કંઈક પણ સુકર છે. તે પણ એટલા માટે કે જીવને જે વિષયસુખ જોઈએ છે તે પણ વસ્તુતઃ પાપથી નહીં, પણ ધર્મથી જ મળે છે. એટલે ધર્મગુરુ જીવને જો આ વાસ્તવિકતા સમજાવવામાં સફળ થાય છે તો જીવ ધર્મમાં રસ કેળવવાનો પ્રારંભ કરે છે ને ધર્મ કરતો થાય છે. જો કે આ ધર્મ વિષયસુખની ઇચ્છાથી થયેલો છે તો પણ એ વિષયસુખની ઇચ્છા પર કંઈક ને કંઈક ઘા મારવા સમર્થ હોય છે. વળી પુણ્ય દ્વારા વિષયસુખની સામગ્રી મળવા પર જીવની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા-અનુરાગ વધે છે જે પણ એની વિષયેચ્છા પર ઘા મારવા સમર્થ હોય છે. તથા આ ધર્મ સમજાવનાર ગીતાર્થ ગુરુભગવંત પાસેથી ધર્મના સ્થાપક શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ વગેરે જાણવા મળે છે. ને તેથી પ્રભુ પ્રત્યે અપાર ભક્તિ ઉલ્લસે છે. 'મારા ભગવાને આ અનુષ્ઠાન કહ્યું છે' આવી ભક્તિથી તે તે ધર્મક્રિયા કરવાના પ્રભાવે પણ વિષયેચ્છા મોળી પડવા માંડે છે. (હા, જે જીવ

અચરમાવર્તમાં રહેલો હોય એની વિષયેચ્છા પર આમાંની કોઈપણ રીતે ઘા પડતો નથી. પણ એ જીવ તો ધર્મોપદેશને યોગ્ય જ હોતો નથી.)

કરુણાસાગર ગીતાર્થ ગુરુભગવંત આ વાસ્તવિકતાને સુપેરે જાણતા હોય છે. જીવની વિષયેચ્છાનો પણ આ રીતે લાભ ઉઠાવી લેવા માગે છે કે, એ બહાને પણ જીવને ધર્મમાં જોડવો, એનો પાપરસ તોડવો... ને એ ધર્મ જ પુનઃ પુનઃ વારંવાર કરવાથી એની વિષયેચ્છાને તોડતો રહેશે જે એક દિવસ જીવને વિષયેચ્છાના વળગણથી મુક્તપણે ધર્મ કરવાની ભૂમિકા પર પહોંચાડશે. ને એ પછીનો ધર્મ જીવને ક્રમશઃ મોક્ષ સુધી પહોંચાડશે.

આમ બે પગથિયાં થયાં. પ્રથમ સાભિષ્વંગ ધર્મ અને બીજું નિરભિષ્વંગ ધર્મ. વળી, ઘણું ઘણું ઘણું કરીને જીવો આ રીતે સાભિષ્વંગ ધર્મ દ્વારા જ નિરભિષ્વંગ ધર્મ પામે છે. જેમ સાભિષ્વંગ ધર્મ વિષયેચ્છાના વળગણને ઘટાડતો જાય છે એમ યોગ્ય સમજણ મળવા પર જીવ ખુદ યોગ્ય પુરુષાર્થ કરે તો આ વળગણ વધારે અસરકારક રીતે શીઘ્રપણે ઘટાડી શકે છે. એટલે ગીતાર્થ ગુરુ ભગવંત જીવને આ વળગણનાં દુષ્પરિણામો સમજાવે છે. એ સમજાવવા માટે જરૂર પડ્યે વિષ-ગરની વાતો પણ કરે છે કે આ વળગણ અનુષ્ઠાનને વિષાન્નતૃપ્તિ સદૃશ બનાવી વિપાકવિરસ કરી શકે છે, વગેરે. પણ આ વાતો, શ્રોતા એ વળગણને છોડે એ માટે જ હોય છે, એ ધર્મને જ છોડી દે એ માટે નહીં. કારણ સ્પષ્ટ છે કે હાલ એ સાભિષ્વંગ અનુષ્ઠાનરૂપ પ્રથમ પગથિયે ઊભો છે. એને નિરભિષ્વંગ અનુષ્ઠાન-રૂપ બીજે પગથિયે ચઢાવવાનો છે. પણ કદાચ કોઈ કારણસર તત્કાળ ત્યાં ન ચઢી શકે તો પણ એને નીચે કાંઈ ઉતારી મૂકવાનો નથી. કારણકે નીચે ઊતરવું એટલે ધર્મને છોડી પાછા પાપમાં મચી પડવું.. ને પછી તો પાછાં એ જ દુર્ગતિનાં ચક્કર ચાલુ.. હવે ધર્મ જ ગમતો

નથી, તો નિરભિષ્વંગ ધર્મની તો વાત જ ક્યાં ? એટલે એને માર્ગે લાવવા પાછો સાભિષ્વંગ ધર્મ શરૂ કરાવવાનો રહે છે. હવે એ જ જો પાછો ચાલુ કરાવવાનો છે, તો પહેલાં એના પરથી નીચે ઉતાર્યો જ શા માટે ? આ પ્રશ્ન ઊભો થાય જ.

વળી જ્યારે ભૌતિક ઇચ્છા જ ત્યાજ્ય છે, અનુષ્ઠાન નહીં, ત્યારે અનુષ્ઠાન જ ત્યાજ્ય ભાસી જાય તો એ ઉચિત નથી જ. જે જીવો હજુ ધર્મમાં જોડાયા નથી, અથવા જોડાયા હોય તોપણ ડગુમગુ છે - સ્થિર નથી, એ જીવોને ધર્મનો રસ તો છે જ નહીં, એટલે જ્યારે તેઓ આવું સાંભળે છે કે 'ભૌતિક ઇચ્છાથી કરેલો ધર્મ નિષ્ફળ છે અથવા વિપરીત ફલક છે' ત્યારે તેઓને ભૌતિક ઇચ્છા છોડવાની ચાનક નથી લાગતી, પણ 'હેં ! આવું છે, તો તો અમારે ધર્મ જ કરવો નથી..' એમ ધર્મ જ છોડવાની ઇચ્છા થાય છે, કારણ કે એને ધર્મ કરવો આમે ગમતો નથી, માંડ માંડ પરાણે તો કરતો હતો. એટલે આવા જીવો માટે આ વાતો હિતકર નહીં, પણ અહિતકર બનતી હોવાથી અસ્થાનદેશના (અયોગ્ય સ્થાને દેશના) રૂપ બની રહે છે. માટે આવા જીવો આવી વાતોના અધિકારી નથી. આવા જીવોને તો *'જો તમે અર્થ-કામના અભિલાષી છો, તો પણ તમારે ધર્મ જ કરવો જોઈએ.' 'જો તમારે દુર્ગતિમાં ન જવું હોય તો ધર્મ જ કરવો જોઈએ.' 'જો તમારે આલોક પરલોકમાં સુખી થવું હોય તો ધર્મ જ કરવો જોઈએ.' 'જો તમે ચક્રવર્તી બનવા ચાહો છો તો તમારે પ્રભુપૂજા કરવી જોઈએ...'* વગેરે ઉપદેશ જ અપાય છે. ઉપદેશ તરંગિણીમાં તો ત્યાં સુધી કહ્યું છે કે *'રાજન્ ! ધર્મ તો સાંભળ્યો હોય, જોયો હોય કે અનુમોદ્યો હોય તો પણ સાત પેઢીને પવિત્ર કરી દે છે...'* આશયશુદ્ધિની કોઈ વાત ન હોવા છતાં અહીં ધર્મને આટલો બધો પ્રભાવવંતો કહેવો, એનું એક માત્ર કારણ શ્રોતાની એવી ભૂમિકા છે. ઉપદેશક મહાત્મા એને પાપ છોડાવી ધર્મમાં જોડવા-સ્થિર કરવા

માગે છે. પણ આ રીતે ધર્મ કરતાં કરતાં એનો રસિયો બની ગયેલો જીવ પ્રથમ પગથિયે આવી ગયો. હવે એને બીજે પગથિયે ચઢાવવાનો છે અને બીજે પગથિયે ચઢી ગયો હોય તો, અનાદિકાળના સંસ્કાર એને પાછા નીચે ખેંચી ન જાય એ રીતે ત્યાં સ્થિર કરવાનો છે. એટલે હવે ઉપદેશની રીત બદલાય છે. વળી ધર્મનો રસ એવો પેદા થયેલો છે કે હવે 'ભૌતિક આશંસાથી કરાતો ધર્મ નિષ્ફળ છે કે વિપરીત ફલક છે' આવું સાંભળવા પર એને ભૌતિક આશંસા જ ત્યાજ્ય ભાસે છે, ધર્મ નહીં. એટલે આવા જીવો જ આવી વાતો સાંભળવાના અધિકારી છે.

યોગગ્રન્થોમાં આવી વાતો આવે છે, માટે એના અધિકારી આવા કુલયોગી વગેરે જીવો જ છે. આ સિવાયનાં ધર્મશાસ્ત્રોમાં સામાન્યથી ધર્મનો મહિમા ગાતી જ વાતો આવતી હોવાથી સામાન્યથી ધર્મને યોગ્ય જે કોઈ હોય તે બધા એને સાંભળવાના અધિકારી હોય છે.

એટલે હવે અહીં જે વાતો આવશે તેના અધિકારી એ જ જીવો છે જેમને ધર્મ ત્યાજ્ય ન ભાસે, પણ ભૌતિક આશંસા જ ત્યાજ્ય ભાસે.. માટે એવી ભૂમિકાએ પહોંચેલા જીવોએ જ આ વાતો સાંભળવી-વાંચવી... આ વાતનું સૂચન કરવા જ ગ્રન્થકારે **शास्त्रेषु** શબ્દનો અર્થ યોગનિરૂપક શાસ્ત્રોમાં કર્યો છે. અલબત્ત બીજાઓ પણ કદાચ વાંચે તો પણ એમને નુકસાન ન થઈ જાય એની બનતી કાળજી આ લેખોમાં રાખવામાં આવશે જ.

(૨) અહીં વ્રતના દુર્ગ્રહને શસ્ત્ર, અગ્નિ અને સાપના દુર્ગ્રહ જેવો કહ્યો છે. આમાં શસ્ત્રાદિ ત્રણે સ્વરૂપે જ ક્રમશઃ ઘાતક, દાહક અને મારક છે. એટલે કે સ્વરૂપે જ નુકસાનકર્તા છે. એનો ઉપયોગ કરવાની એવી કલા હોય તો જ એ લાભકર્તા નીવડે છે. જ્યારે વ્રતો

તો સ્વરૂપે લાભકર્તા જ છે. માત્ર એનો દુર્ગ્રહ જ નુકસાનકર્તા છે. તો પછી વ્રતોની સરખામણી શસ્ત્ર વગેરે સાથે શા માટે કરી ?

**શંકા :** અહીં શસ્ત્રનો 'ઘાતક' તરીકે નહીં, 'રક્ષક' તરીકે અને અગ્નિનો 'દાહક' તરીકે નહીં, પણ 'પાચક' તરીકે ઉલ્લેખ માનીએ તો એ બંને તો સ્વરૂપતઃ પણ લાભકર્તા જ છે ને !

**સમાધાન :** તો એ બેની સાથે સાપનો કરેલો સમાવેશ અસંગત બની જાય, કારણ કે એ તો નિર્વિવાદ નુકસાનકર્તા તરીકે જ પ્રસિદ્ધ છે. એને સંગત ઠેરવવા આ બેને પણ ઘાતક અને દાહક તરીકે જ લેવા પડે છે. બાકી સ્વરૂપે લાભકર્તા ચીજને જણાવવાનો જ જો અભિપ્રાય હોય તો એ રૂપે નિર્વિવાદ પ્રસિદ્ધ ઘી વગેરેની જ વાત કરી હોત. કારણ કે એ જ સ્વરૂપે વ્રતપાલનાદિની જેમ લાભકર્તા છે, માત્ર એનો દુર્ગ્રહ નુકસાનકર્તા છે. એટલે વ્રતના દુર્ગ્રહને ઘી વગેરેના દુર્ગ્રહની સાથે ન સરખાવતાં શસ્ત્ર વગેરે સાથે જે સરખાવ્યો છે એ અનુચિત લાગે એવું છે. તેમ છતાં, મહાતાર્કિક એવા શ્રી હરિભદ્રસૂરિ મહારાજે અને ગ્રન્થકાર શ્રી યશોવિજયજી મહારાજે પોતપોતાના ગ્રન્થોમાં આ સરખામણીનો ઉલ્લેખ કર્યો છે. એટલે એની પાછળ કોઈ ગંભીર રહસ્ય હોવું જોઈએ. આ રહસ્ય શું હોઈ શકે ? એ આગળ યોગ્ય અવસરે વિચારીશું.

**શંકા :** અહીં વ્રતનો દુર્ગ્રહ એટલે શું ? વ્રત લીધા પછી પાળવા નહીં.. ખૂબ ખૂબ શિથિલતા સેવવી એ ?

**સમાધાન :** આગળની ગાથામાં ગ્રન્થકાર જણાવવાના છે કે આ વ્રતદુર્ગ્રહથી ઠેઠ નવમા ગ્રૈવેયક દેવલોક સુધીની પ્રાપ્તિ થાય છે. વ્રતપાલનમાં બેદરકાર રહેનારને કાંઈ એ થઈ શકે નહીં. માટે શિથિલતાની અહીં વાત નથી. વળી યોગ્ય ઉપદેશ દ્વારા પણ જેમાં ખસવાની યોગ્યતા નથી એવી ઉત્કટ ઇચ્છાથી થતા મલનની વાત ચાલે છે. માટે એવી તીવ્ર ઇચ્છાથી વ્રતનો સ્વીકાર (અને પાલન)

એ અહીં વ્રતનો દુર્ગ્રહ છે એમ જાણવું.

**શંકા :** દુર્ગ્રહીત એવા પણ શ્રામણ્યથી (સંયમપાલનથી-શ્રમણપણાથી) કેટલાક જીવોને દેવલોક મળે છે. પછી એમાં વિષ-મિશ્રિત ભોજન જેવી પરિણામે અસુંદરતા શી રીતે કહી શકાય?

**સમાધાન :** આનાથી=દુર્ગ્રહીત વ્રતપાલનથી થતી ગ્રૈવેયક દેવલોકની પ્રાપ્તિ પણ વિપાકે વિરસ હોવાથી અહિતકર છે. વળી એ પ્રાપ્તિ થવામાં પણ મુક્તિઅદ્વેષ કારણ છે, નહીં કે માત્ર ક્રિયા. અર્થાત્ એક નાનામાં નાનો દોષ પણ લાગી ન જાય એ રીતે અત્યંત સાવધાનીપૂર્વક નિરતિચાર સંયમપાલન રૂપ ક્રિયા હોવા છતાં જો મુક્તિ પ્રત્યે દ્વેષ દાખવવામાં આવતો હોય તો તો કાંઈ ગ્રૈવેયકપ્રાપ્તિ વગેરે થઈ શકતા નથી. એ તો તકેદારીપૂર્વક મુક્તિદ્વેષને ટાળીને મુક્તિઅદ્વેષ કેળવવામાં આવ્યો હોય તો જ આ અખંડ ક્રિયાથી ગ્રૈવેયકની પ્રાપ્તિ થાય છે.

**શંકા :** જેના દિલમાં તીવ્ર વિષયેચ્છા પડેલી છે એ વ્રતનું ગ્રહણ-પાલન કરે જ શા માટે ? કારણ કે એમાં તો વિષયોનો ત્યાગ કરવાનો હોય છે.

**સમાધાન :** મુક્તિદ્વેષ ધરાવનારા ભવાભિનંદી જીવોમાં કેટલાક પરલોકને માનનારા હોય ને કેટલાક ન માનનારા હોય. નિર્મળ સંયમ પાળનારનું ચક્રવર્તી-રાજા-મહારાજા વગેરે દ્વારા થતું સન્માન-પૂજા વગેરે જોઈને પોતાને પણ એવી પૂજા વગેરે મેળવવાના તીવ્ર કોડ જાગે તો એ માટે ભવાભિનંદી જીવ પણ ત્યાગપ્રધાન એવું સંયમજીવન લેવા તૈયાર થઈ જાય છે. એ જ રીતે પરલોકને માનનારા ભવાભિનંદી જીવને ઊંચા ઊંચા દેવલોકમાં જવાની તીવ્ર ઇચ્છા જાગે ત્યારે એના ઉપાય તરીકે એ પણ ત્યાગપ્રધાન સંયમજીવન સ્વીકારવા ને પાલવા તૈયાર થઈ જાય છે.

**શંકા :** તમે હમણાં જ જણાવ્યું કે આ ગ્રૈવેયકપ્રાપ્તિમાં પણ નિર્મળ સંયમપાલનરૂપ ક્રિયા પણ મુક્તિઅદ્વેષની અપેક્ષા રાખે છે. તો જેમને ગ્રૈવેયક દેવલોકની પ્રાપ્તિ પણ વિપાકવિરસ નીવડે છે એ ભવાભિનંદી જીવોને મુક્તિદ્વેષ હોય છે કે મુક્તિઅદ્વેષ ?

**સમાધાન :** યોગની પૂર્વસેવાનાં ચાર અંગોમાં મુક્તિ-અદ્વેષની પ્રધાનતા છે એ જણાવવાનો અધિકાર ચાલી રહ્યો છે. એ પ્રધાનતા આ રીતે જણાવવી છે કે-પૂર્વસેવાના ગુરુદેવાદિપૂજન, સદાચાર અને તપ આ ત્રણે અંગ કે ત્રણમાંના કોઈપણ એક કે બે અંગ હોય તો સંયમપાલનાદિથી મુક્તિઉપાયનું મલન ન થાય અને ન હોય તો એ મલન થાય આવું છે નહીં. પણ મુક્તિઅદ્વેષ એ જ એક એવું અંગ છે જે હોય તો મલન ન થાય ને ન હોય તો (= મુક્તિદ્વેષ હોય તો) મલન થાય. માટે શેષ ત્રણ કરતાં મુક્તિઅદ્વેષ એ પ્રધાન પૂર્વસેવા છે. કાળક્રમે સહજમલનો હ્રાસ થતાં થતાં જીવ જ્યારે અલ્પ મલત્વની ભૂમિકાએ પહોંચે છે ત્યારે આ મુક્તિઅદ્વેષ પ્રગટે છે. એ પહેલાં મુક્તિદ્વેષ જ પ્રવર્તમાન હતો. એ મુક્તિદ્વેષના કારણે સંયમપાલનાદિથી મલન થાય છે અને એ જ સંયમપાલનાદિથી થતી વિપાકવિરસ ગ્રૈવેયકપ્રાપ્તિની અહીં વાત ચાલી રહી છે. માટે મુક્તિદ્વેષ તો છે જ. ને એ છે એટલે જ મલન ન થવા દેનાર પ્રધાન પૂર્વસેવારૂપ મુક્તિઅદ્વેષ નથી એ સ્પષ્ટ જ છે.

વળી બારમી બત્રીશીમાં પૂર્વસેવાત્મક મુક્તિઅદ્વેષથી કલ્યાણની પરંપરા અને પરંપરાએ મોક્ષપ્રાપ્તિ કહેલી છે. એટલે એ મુક્તિઅદ્વેષ સહિતના સંયમપાલનથી થયેલ ગ્રૈવેયકપ્રાપ્તિને વિપાક-વિરસ-અનિષ્ટ કહી શકાય જ નહીં. જ્યારે અહીં તો કહેલ છે. માટે મુક્તિઅદ્વેષ છે નહીં.

વળી અન્ય પૂર્વસેવાની જેમ મુક્તિઅદ્વેષની હાજરીમાં પણ જો, મલન વિપાકવિરસત્વ સંભવિત હોય તો તો એનું પ્રાધાન્ય શું

રહ્યું ? માટે જે જીવો અંગે અહીં વિપાકવિરસત્વ કહ્યું છે તેઓને મુક્તિ-અદ્વેષ હોતો નથી એ નિઃશંક છે.

**શંકા :** પણ તો પછી ગ્રૈવેયકપ્રાપ્તિના કારણ તરીકે મુક્તિઅદ્વેષ હાજર હોવો કહ્યો છે તેનું શું ?

**સમાધાન :** આ શંકાનું સમાધાન આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૭૩

ગયા લેખમાં આપણે જોયેલું કે સંયમપાલનાદિથી થનાર ગ્રૈવેયક પ્રાપ્તિ જેઓને વિપાક-વિરસ નીવડે છે એ જીવોને મુક્તિદ્વેષ હોય છે, મુક્તિઅદ્વેષ નહીં. અને પછી આ વાત પર શંકા ઊભી થયેલી કે 'તો પછી ગ્રન્થકારે જ એ જીવોને ગ્રૈવેયકપ્રાપ્તિના કારણ તરીકે મુક્તિઅદ્વેષ હોવો જે કહ્યો છે તેનું શું ?'

આ શંકાનું સમાધાન વિચારીએ :

**સમાધાન :** એની સંગતિ કરવા માટે મુક્તિઅદ્વેષને બે પ્રકારનો માનવો જોઈએ. યોગ્યતારૂપે અને વ્યક્તરૂપે. વળી મુક્તિઅદ્વેષને આમ બે પ્રકારનો માન્યો એટલે મુક્તિદ્વેષને પણ એવા જ બે પ્રકારનો માનવો જોઈએ. સહજઅલ્પમલત્વની ભૂમિકા સુધી નહી પહોંચેલા બધા જીવોને યોગ્યતારૂપે મુક્તિદ્વેષ જ હોય છે, મુક્તિઅદ્વેષ નહીં. આ જ તીવ્ર ભવાભિષ્વંગરૂપ છે, મુક્તિઉપાયોનું મલન કરનાર છે, અને યોગની પૂર્વસેવારૂપે અભિપ્રેત મુક્તિઅદ્વેષનો વિરોધી છે. મુક્તિદ્વેષવાળા આ જીવોને એકેન્દ્રિયાદિ ભવોમાં કે સંજ્ઞીપંચેન્દ્રિયના ભવોમાં પણ મુક્તિ અંગે કશી ગતાગમ જ્યારે હોતી નથી ત્યારે સ્વર્ગભિન્ન મુક્તિને જાણતા જ ન હોવાથી વ્યક્તરૂપે મુક્તિદ્વેષ હોતો

નથી, એટલે કે વ્યક્તરૂપે મુક્તિઅદ્વેષ હોય છે. (આની જ વાત ગ્રન્થકાર આગળ ચોથી ગાથામાં કરવાના છે.) વિપાકવિરસ ગ્રૈવેયકપ્રાપ્તિના કારણ તરીકે જે મુક્તિઅદ્વેષ કહ્યો છે તે આ જાણવો. પણ આ મુક્તિઅદ્વેષ પૂર્વસેવારૂપ નથી, કારણ કે જીવમાં યોગ્યતારૂપે તો મુક્તિદ્વેષ જ બેસેલો છે. સહજ અલ્પમલત્વની ભૂમિકાથી જે મુક્તિઅદ્વેષ પ્રગટે છે તે જીવની તેવી યોગ્યતા થઈ હોવાથી પ્રગટેલ હોવાના કારણે યોગ્યતારૂપે મુક્તિઅદ્વેષ છે, એ જ પ્રસ્તુતમાં પ્રધાન પૂર્વસેવારૂપે અભિપ્રેત છે, એની જ હાજરીમાં મુક્તિઉપાયોનું અમલન કહેલ છે. આ જીવોને યોગ્યતારૂપે મુક્તિઅદ્વેષ બેસેલો હોવા છતાં ક્યારેક તેવા વિચિત્ર કર્મોદયવશાત્ દુર્બુદ્ધિ થવાના કારણે ‘જ્યાં કશું ખાવા-પીવાનું નહીં.. કશું કરવાનું નહીં... આવા મોક્ષનો મતલબ શું ? એમાં સુખ શું ?’ વગેરે રૂપે કામચલાઉ મુક્તિદ્વેષ અભિવ્યક્ત થતો હોય તો એ વ્યક્તરૂપે મુક્તિદ્વેષ છે. છતાં અંદર યોગ્યતારૂપે મુક્તિઅદ્વેષ જ હોય છે, કારણ કે સહજ અલ્પમલત્વની ભૂમિકા જીવ પામી ગયો છે. એ યોગની પૂર્વસેવારૂપ છે જ ને તેથી મુક્તિઉપાયોનું મલન હોતું નથી. ટૂંકમાં મુક્તિઉપાયોનું મલન કરનાર ‘યોગ્યતારૂપે મુક્તિદ્વેષ’ હોય છે, અને ગ્રૈવેયકપ્રાપ્તિમાં કારણ બનનાર ‘વ્યક્તરૂપે મુક્તિઅદ્વેષ’ હોય છે. એટલે સંયમપાલનાદિથી મુક્તિઉપાયોનું મલન થતું હોવા છતાં ગ્રૈવેયકપ્રાપ્તિ પણ થાય છે.

**પ્રશ્ન :** આ ગાથાના ઉત્તરાર્ધમાં આવું જે જણાવ્યું છે કે ‘આ ગ્રૈવેયકની પ્રાપ્તિમાં પણ માત્ર અખંડ સંયમપાલનરૂપ ક્રિયા જ કારણ નથી, પણ મુક્તિઅદ્વેષ પણ કારણ છે’ તે મુક્તિઅદ્વેષની પ્રશંસા માટે જણાવ્યું છે કે નિંદા માટે ?

**ઉત્તર :** કેમ આવો પ્રશ્ન કરો છો ? મુક્તિઅદ્વેષની પ્રધાનતા જણાવવાનો અધિકાર છે. તેથી એની પ્રશંસા માટે જ પ્રસ્તુત વાત કરી છે.

**પ્રશ્ન :** તમારી વાત બરાબર છે. વાક્યપ્રયોગ પણ એ જ ભાવને ધ્વનિત કરે છે. પણ એને જો પ્રશંસવો જ છે તો પૂર્વાર્ધમાં વિપાકવિરસત્વની વાત કેમ કરી ? કારણ કે એ તો એની નિંદારૂપ છે. 'આ ભોજન પરિણામે મોત લાવનાર હોવાથી અનિષ્ટ એવી તૃપ્તિનું જનક છે' આવી વાત એ ભોજનની નિંદારૂપ છે એ સ્પષ્ટ છે.

**ઉત્તર :** તમારી વાત બરાબર નથી. મુક્તિઅદ્વેષ એ સ્વરૂપે સુંદર વસ્તુ છે. ને એટલે જ એના પ્રભાવે નવગ્રૈવેયક સુધીની પ્રાપ્તિ થાય છે. આ પ્રાપ્તિપણ સ્વરૂપે સુંદર વસ્તુ જ છે. એટલે જ તો યોગબિન્દુની ૧૪૬મી ગાથામાં આ મુક્તિઅદ્વેષને હિતરૂપ કહ્યો છે અને *'એના પ્રભાવે જીવો तथाकल्याणभागिनः = તેવા કલ્યાણને ભજનારા બને છે'* એમ જણાવ્યું છે. આ બધું જ મુક્તિઅદ્વેષની પ્રશંસા રૂપે જ છે. તેમ છતાં, આ જીવોમાં અંદર યોગ્યતારૂપે તો મુક્તિદ્વેષ જ પડેલો હોય છે, મુક્તિઅદ્વેષ નહીં. અને તેથી વિપાકવિરસતા=પરિણામે અસુંદરતા આવે છે. એટલે કે બહાર વ્યક્તરૂપે રહેલા મુક્તિઅદ્વેષના પ્રભાવે નવમો ગ્રૈવેયક મળે છે અને અંદર યોગ્યતારૂપે રહેલા મુક્તિદ્વેષના કારણે વિપાકવિરસતા સર્જાય છે. આમાં મુક્તિઅદ્વેષની નિંદા ક્યાં આવી ?.. પણ જો અંદર યોગ્યતારૂપે પણ મુક્તિઅદ્વેષ હોત તો એ કલ્યાણની પરંપરા દ્વારા છેવટે થોડા વિલંબે પણ જીવને મુક્તિ સુધી પહોંચાડત... એટલે કે પરિણામે પણ સુંદરતા આવત.

**પ્રશ્ન :** મુક્તિદ્વેષવાળા જીવોને વિપાકવિરસતા જે કહી છે તે શું છે ?

**ઉત્તર :** 'ઊંચામાં ઊંચો દેવલોક પામવો હોય તો નિરતિચાર અખંડ સંયમ પાલન જોઈએ અને મુક્તિ પ્રત્યે દ્વેષ ન જોઈએ.' આવું શાસ્ત્રવચનોથી જાણવા પર એ દેવલોકનો ઇચ્છુક જીવ અંદર યોગ્યતા-

રૂપે મુક્તિદ્વેષ પડેલો હોવા છતાં બહાર એ ક્યાંય વ્યક્ત ન થઈ જાય, મનથી વિચારરૂપે પણ વિચારાઈ ન જાય એની ભારે તકેદારી રાખે છે અને આમ બહારથી કૃત્રિમ રીતે (બનાવટી) મુક્તિઅદ્વેષ કેળવે છે. વળી સંયમપાલનમાં નાના નાના અતિચાર પણ ન લાગી જાય એ તો જ શક્ય બને છે જો વિષય-કષાયને અતિ અતિ મંદ બનાવ્યા હોય, કારણ કે અતિચાર સેવનમાં વિષય-કષાયોનો જ મુખ્ય ફાળો હોય છે. એટલે આ જીવ સતત જાગૃતિ સાથે વિષય-કષાયને અતિ અતિ મંદ કરે છે-રાખે છે. અને નિરતિચાર સંયમપાલન દ્વારા એને ઉત્તરોત્તર વધુ મંદ કરતો જાય છે. આ મંદતાના પ્રભાવે ગ્રૈવેયકમાં માનસિક પ્રવિચારણાથી=માનસિક વિષયસેવનથી પણ મુક્ત રહે છે. એ પછીના બે ચાર ભવમાં પણ આ વિષય-કષાયની મંદતા ચાલે છે. તેમ છતાં દંડ કાઢી લીધા પછી પણ સંસ્કારવશાત્ ચક્રભ્રમણ કેટલોક કાળ ચાલુ રહેતું હોવા છતાં એ ક્રમશઃ શિથિલ બનતું જ જાય છે ને છેવટે અટકી જાય છે, એમ આ વિષય-કષાયાદિની મંદતા ક્રમશઃ ઘટતી જાય છે અને છેવટે નાશ પામી જાય છે. (ક્યારેક વિપરીત નિમિત્ત મળે તો આ મંદતા શીઘ્ર પણ નાશ પામી જાય છે.) અને જેવી આ મંદતા નાશ પામે છે કે તરત વિષય-કષાયોની તીવ્રતા જોર પકડે જ છે. એમ, બહાર પુરુષાર્થથી ઘડેલો મુક્તિઅદ્વેષ પણ ક્રમશઃ ખસતો જાય છે, ને છેવટે અંદર પડેલો મુક્તિદ્વેષ પાછું માથું ઊંચકે છે. આ વિષય કષાયોની તીવ્રતા અને વ્યક્ત થયેલો મુક્તિદ્વેષ જીવ પાસે પાછા તીવ્રભાવે પાપ કરાવે છે જેના કારણે દુર્ગતિમય સંસાર-પરિભ્રમણ ચાલુ જ રહે છે.

જો અંદર મુક્તિઅદ્વેષ પ્રગટેલો હોત તો જ્ઞાન-ક્રિયાત્મક મુક્તિઉપાયોનું મલન ન થાત, એટલે કે એ મુક્તિઉપાય તરીકે અક્ષત જ રહેત. ને તેથી પરંપરાએ પણ મોક્ષાત્મક સર્વાંગસુંદર પરિણામ પ્રાપ્ત થાય, આ વિપાકસુંદરતા છે. એના બદલે સંસાર-પરિભ્રમણ ચાલુ રહ્યું એ વિપાકવિરસતા છે.

**શંકા :** જેને અંદરમાં મુક્તિદ્વેષ ખદબદે છે એ જીવ સંયમ-પાલનાદિ ન કરે તો પાપ જ કરવાનો છે ને એના કારણે પણ દુર્ગતિ-મય સંસાર પરિભ્રમણ એના લલાટે લખાયેલું જ છે. પછી અલગ વિપાકવિરસત્વ શું ? ઊલટું, ગ્રૈવેયકમાં ગયા પછી પણ બેચાર ભવ વિષયકષાયની મંદતા ચાલવાની પરિણામ સુંદરતા ન કહેવાય ?

**સમાધાન :** પરિણામે દુઃખદ એવી પાપપ્રવૃત્તિઓની અપેક્ષાએ આ વિપાકવિરસત્વની વાત નથી. પણ જો મુક્તિઅદ્વેષ બેઠો હોત તો સંયમપાલનાદિ અંતિમફળ તરીકે જે મોક્ષાત્મક સર્વસુંદર પરિણામમાં પરિણમવાના હતા, એની અપેક્ષાએ, એ અદ્વેષ ન બેઠો હોવાના કારણે એ સંયમપાલનાદિ છેવટે સંસારપરિભ્રમણમાં પરિણમતા હોવાથી વિપાકવિરસ છે. એટલે કે મુક્તિઅદ્વેષસહકૃત સંયમપાલનાદિની અપેક્ષાએ આ વિપાક-વિરસત્વ છે.

**શંકા :** બારમી બત્રીશીમાં તો એમ જણાવ્યું છે કે મુક્તિઅદ્વેષ એ દ્વેષના અભાવરૂપ હોવાથી એક જ પ્રકારનો હોય છે. તો તમે એના બે પ્રકાર કેમ કહ્યા ?

**સમાધાન :** ઓછો દ્વેષ, વધારે દ્વેષ... એમ પ્રતિયોગીમાં તરતમતાના આધારે જેમ પ્રકાર પડે છે એમ અદ્વેષમાં પડી શકતા નથી. માટે એ એક પ્રકારનો કહેવાયેલો છે. ઘટાભાવમાં તરતમતા ન હોય, પણ ઘટનો પ્રાગભાવ, ધ્વંસાભાવ, અત્યંતાભવ વગેરે રૂપ પ્રકાર તો હોય જ છે ને, એમ પ્રસ્તુતમાં જાણવું. વસ્તુતઃ અહીં એક જ અભાવના અલગ-અલગ બે પ્રકાર છે એવું નથી, પણ બે પ્રતિયોગી અલગ-અલગ છે ને એના બે અભાવ અલગ-અલગ છે. વ્યક્ત મુક્તિદ્વેષ અને યોગ્યતારૂપ મુક્તિદ્વેષ અલગ-અલગ હોવાથી પ્રતિયોગી અલગ-અલગ છે ને તેથી તેના અભાવરૂપ મુક્તિઅદ્વેષ પણ અલગ-અલગ બે પ્રકારનો છે. આમાંથી યોગ્યતારૂપ મુક્તિ-દ્વેષના અભાવાત્મક જે યોગ્યતારૂપે મુક્તિઅદ્વેષ, એ પૂર્વસેવારૂપ છે,

એ એક જ પ્રકારનો છે, ને તેથી એ યોગીઓના ભેદમાં પ્રયોજક બની શકતો નથી.

**પ્રશ્ન :** મુક્તિઅદ્વેષ હજુ પ્રગટ્યો ન હોય તો સંયમપાલનાદિથી મુક્તિ ઉપાયોનું મલન થાય છે ને એ પ્રગટી ગયો હોય તો એ મલન થતું નથી, આ રીતે તમે મુક્તિઅદ્વેષનું પ્રાધાન્ય દેખાડ્યું. આમાં મુક્તિઅદ્વેષરહિત (=મુક્તિદ્વેષ સહિત) જીવો વ્રતગ્રહણ-સંયમપાલનાદિ પૂજા-દેવલોક વગેરેની સ્પૃહાથી કરે છે એમ તમે કહ્યું. પણ એ રીતે મુક્તિઅદ્વેષવાળા જીવોના એ સંયમપાલનાદિ કઈ સ્પૃહાથી કરાયેલા અહીં પ્રસ્તુત છે ?

**ઉત્તર :** તેઓની પણ આવી પૂજા-દેવલોકાદિની ભૌતિક ઈચ્છાથી કરાયેલી સંયમપાલનાદિ ધર્મપ્રવૃત્તિ અહીં પ્રસ્તુત છે. આવું માનવું જરૂરી છે, કારણ કે (૧) હજુ મુક્તિરાગ પ્રગટેલો નથી, એટલે મોક્ષની ઈચ્છાથી કરે છે એવું તો કહી શકાતું નથી. (૨) ભૌતિક-સ્પૃહાથી કરાતું અનુષ્ઠાન સાભિષ્વંગ અનુષ્ઠાન કહેવાય છે. એવી સ્પૃહાથી પર થઈને કરાતું અનુષ્ઠાન નિરભિષ્વંગ અનુષ્ઠાન કહેવાય છે. નિરભિષ્વંગ અનુષ્ઠાન તો મુક્તિઉપાયોનું પ્રબળ પોષક છે. એટલે એમાં મલન-અમલનનો પ્રશ્ન જ ઊભો થઈ શકતો નથી. પ્રસ્તુતમાં એ પ્રશ્ન ઊભો થયેલો હોવાથી સાભિષ્વંગ અનુષ્ઠાન જ લેવું પડે છે. (૩) મુક્તિઅદ્વેષની પ્રધાનતા દર્શાવવાનો અધિકાર છે. બાકીનું બધું સરખું હોય ને મુક્તિઅદ્વેષ ન હોવા-હોવાના કારણે મહત્ત્વનો ફેર પડતો હોય.. તો એની પ્રધાનતા જણાવેલી કહેવાય, એટલે મુક્તિ-અદ્વેષ પ્રગટેલો નથી એવા જીવો માટે સાભિષ્વંગ-અનુષ્ઠાનથી મલન જણાવ્યું છે, તો મુક્તિઅદ્વેષ પ્રગટી ચૂકેલો હોય એવા જીવો માટે એવું જ કહેવું જરૂરી બની રહે કે, તેઓએ સાભિષ્વંગ અનુષ્ઠાન કર્યું, અને છતાં મલન થયું નહીં, કારણ કે મુક્તિઅદ્વેષ પ્રગટેલો છે. જો તેઓનું અનુષ્ઠાન નિરભિષ્વંગ લેવામાં આવે, તો તો એ નિરભિષ્વંગ

હતું માટે જ મલન થયું નહીં, એમાં મુક્તિઅદ્વેષે તો કાંઈ કરવાનું રહ્યું નહીં. અને તો પછી મુક્તિ-અદ્વેષની પ્રધાનતા ખ્યાપિત થયેલી કઈ રીતે કહેવાય ? (૪) મુક્તિ અદ્વેષવાળા જીવોને પ્રાયઃ ચોથું તદ્ધેતુ અનુષ્ઠાન હોય છે એ વાત આગળ નિશ્ચિત થશે. તદ્ધેતુ અનુષ્ઠાન બાધ્ય એવી ભૌતિક-ફળાપેક્ષાથી થતું હોય છે. આ હકીકત પણ એ જ સૂચવે છે કે મુક્તિઅદ્વેષવાળા જીવો પ્રાયઃ કરીને ભૌતિક ફળની ઇચ્છાથી જ ધર્મઅનુષ્ઠાન કરતા હોય છે, ને એ જ અહીં પ્રસ્તુત છે.

આમ મુક્તિદ્વેષવાળા જીવો અને મુક્તિઅદ્વેષવાળા જીવો.. બંનેના ભૌતિક અપેક્ષાથી થતા ધર્માનુષ્ઠાનની પ્રસ્તુતમાં વિચારણા ચાલી રહી છે એ નિશ્ચિત થયું. અલબત્ દ્વેષવાળા અને અદ્વેષવાળા આ જીવોની ભૌતિક અપેક્ષા ક્રમશઃ અબાધ્ય અને બાધ્ય હોય છે. પણ આ ભેદ આપણા છદ્મસ્થોનો વિષય ન હોવાથી આપણને તો બંનેની અપેક્ષા એકસમાન જ ભાસે છે અને છતાં મુક્તિઅદ્વેષનો પ્રભાવ જુઓ-મુક્તિદ્વેષવાળા જીવોનું એ ધર્માનુષ્ઠાન મુક્તિઉપાયોનું મલન કરનાર હોય છે, વિષાન્નતૃપ્તિસદૃશ હોવાથી વિપાકવિરસ હોવાના કારણે અહિત હોય છે, મુક્તિઅદ્વેષવાળા જીવોનું એ ધર્માનુષ્ઠાન મુક્તિઉપાયોનું મલન કરતું નથી. અને તેથી જ એ પથ્ય-ભોજનસદૃશ હોવાથી પરિણામસુંદર હોવાના કારણે હિતકર હોય છે.

**શંકા :** મુક્તિઅદ્વેષ હોય તો મલન થતું નથી એ વાત તો ગ્રન્થકારે કહેલી જ છે. પણ પથ્યભોજનસદૃશ વગેરે વાતો તમે ક્યાંથી લઈ આવ્યા ?

**સમાધાન :** 'મલન થતું નથી' નો અર્થ છે 'એ ધર્માનુષ્ઠાન મુક્તિ ઉપાય તરીકે વિનાશ પામતું નથી' એટલે કે એ ધર્માનુષ્ઠાન મુક્તિના ઉપાયભૂત જ રહે છે. અર્થાત્ એ પરંપરાએ પણ મુક્તિનું કારણ બને જ છે. પછી એને પથ્યભોજનસદૃશ, પરિણામસુંદર અને હિતકર કેમ ન કહેવાય ?

**શંકા :** મુક્તિઉપાયના મલનના તમે બે અર્થ કર્યા છે-(૧) સ્વરૂપે વિદ્યમાન હોવા છતાં મુક્તિઉપાયરૂપે વિનાશ પામી જવું અને (૨) સંયમપાલનાદિ ઉપાય સ્વરૂપે પણ ટકવા નહીં, નાશ પામી જવા... પણ ગ્રન્થકારે કાંઈ આવા બે અર્થ જણાવ્યા નથી. તેથી મુક્તિઉપાયનો વિનાશ એટલે 'મુક્તિઉપાયભૂત સંયમપાલનાદિ રહેવા જ નહીં' આવો એક જ અર્થ લેવો જોઈએ. અને તેથી અમલન તરીકે પણ 'સ્વરૂપે ટકી રહેવું' એ જ એક અર્થ મળવાથી, તમે 'મુક્તિઉપાયભૂત જ રહે છે' વગેરે જે અર્થ કર્યો છે એ યોગ્ય નથી.

**સમાધાન :** મેં મલનનો પ્રથમ અર્થ જે જણાવ્યો છે એ જો ન લેવાનો હોય તો અભવ્યાદિ જે દેશોનપૂર્વક્રોડ સુધી સંયમપાલનાદિ કરે છે એ કાળ દરમિયાન સ્વરૂપે તો સંયમપાલનાદિ વિદ્યમાન હોવાથી મલન છે જ નહીં. અને મુક્તિઉપાયરૂપે મલન તમે સ્વીકારતા નથી. તો પછી એ કાળ દરમિયાન, મુક્તિદ્વેષ હોવા છતાં અમલન માનવું પડશે.. શું આ માન્ય છે ? નથી જ. માટે પ્રથમ અર્થ લેવો પણ જરૂરી છે. ને તેથી 'અદ્વેષની હાજરીમાં એ સંયમ-પાલનાદિ મુક્તિઉપાયભૂત રહે છે' એવો અર્થ પણ યોગ્ય જ છે.

આ બધી વિચારણાઓમાં નોંધવા જેવી બાબત એ છે કે - સાભિષ્વંગ અનુષ્ઠાન હિતકર બને કે અહિતકર એનો આધાર માત્ર ને માત્ર મુકિત અદ્વેષ હોવા-ન હોવા પર જ છે. વળી મુકિત અદ્વેષ હોવાનો આધાર કાળ પર જ છે, કાળક્રમે સહજ અલ્પ મલત્વની ભૂમિકા આવે એટલે મુક્તિઅદ્વેષ પ્રગટે જ છે. આમાં જીવના પુરુષાર્થનો કશો ઉપયોગ હોતો નથી. જીવ પુરુષાર્થથી 'મુક્તિ પ્રત્યે દ્વેષ ન પ્રગટી જાય' એવી તકેદારી રાખીને જે મુક્તિઅદ્વેષ કેળવે છે એ જીવને સાભિષ્વંગ અનુષ્ઠાન દ્વારા નવમા ગ્રૈવેયક સુધી પહોંચાડી શકે છે, પણ મુક્તિઉપાયના મલનને અટકાવી શકતો નથી, ને તેથી વિપાકવિરસત્વ વગેરે ઊભા જ રહે છે.

આના પરથી એ નિશ્ચિત થાય છે કે સાભિષ્વંગ અનુષ્ઠાન અહિતકર મટીને હિતકર બનવામાં જીવનો પુરુષાર્થ કોઈ ભાગ ભજવતો નથી. અને તેથી કાળક્રમે મુક્તિઅદ્વેષ જે જીવો પામેલા હોય તે બધા જીવોના બધા જ સાભિષ્વંગ અનુષ્ઠાનો હિતકર જ નીવડે છે, અહિતકર નહીં.

તથા મુક્તિદ્વેષવાળા જીવોનું ધર્માનુષ્ઠાન વિપાકવિરસ જે બને છે તે ભૌતિક ઇચ્છાના કારણે નહીં, કારણ કે ભૌતિક ઇચ્છા તો મુક્તિઅદ્વેષવાળા જીવના ધર્માનુષ્ઠાનમાં પણ રહી છે, ને છતાં એ વિપાકવિરસ બનતું નથી. પણ ભૌતિક ઇચ્છામાં જે તીવ્રતા-અબાધ્યતા રહી હોય છે એના કારણે એનું અનુષ્ઠાન વિપાકવિરસ બને છે. હવે ભૌતિક ઇચ્છામાં આ તીવ્રતા ભળવામાં જીવનો પુરુષાર્થ કારણ હોતો નથી, કારણ કે મુક્તિઅદ્વેષ નહીં પામેલા બધા જ જીવોની ભૌતિક ઇચ્છામાં એ અનાદિકાળથી ભળેલી જ હોય છે. એમ એમાંથી આ તીવ્રતા હટી જવામાં પણ જીવનો પુરુષાર્થ કોઈ ભાગ ભજવતો નથી, કારણ કે કાળક્રમે મુક્તિઅદ્વેષ પ્રગટવાની સાથે જ એ તીવ્રતા-અબાધ્યતા ખસી જાય છે, અને અતીવ્રતા - બાધ્યતા ભળી જાય છે. આ વાત યોગ્ય પણ છે જ, કારણ કે આ તીવ્રતા જો જીવના પુરુષાર્થથી ખસતી હોય તો કયા પુરુષાર્થથી ખસે ? 'પાપ પુરુષાર્થથી ખસે' એવું માની શકાતું નથી, કારણ કે એ તો સાવ વિપરીત જ છે. 'ધર્મપુરુષાર્થથી એ ખસે' એવું પણ માની શકાતું નથી, કારણ કે તો તો એનો એ ધર્મપુરુષાર્થ વિપાકસુંદર બનવાથી વિપાકવિરસત્વ જે કહ્યું છે તેનો વિરોધ થાય, માટે નક્કી થાય છે કે ભૌતિક અપેક્ષામાં ભળેલી અબાધ્યતા જીવના પુરુષાર્થથી ખસતી નથી.

હવે, જે બાબત જીવના પુરુષાર્થને આધીન હોય એ બાબત તો, જે જીવ ઉચિત પુરુષાર્થ કરે એને જ સિદ્ધ થાય, અન્યને નહીં. પણ જે બાબત જીવના પુરુષાર્થને આધીન નથી, પણ માત્ર કાળક્રમે

થાય છે, એ તો તે તે કાળે સર્વ જીવોને સિદ્ધ થઈ જ જાય, અમુકને થાય ને અમુકને ન થાય.. આવું બની શકે નહીં, કારણ કે એમાં કોઈ વિનિગમક નથી, અર્થાત્ અમુક જીવોને સિદ્ધ થઈ તો શા કારણે? અમુકને ન થઈ તો શા કારણે ? આ પ્રશ્નોનો ઉત્તર બની શકે એવું કોઈ કારણ નથી.

**પ્રશ્ન :** આમાં 'તે તે કાળે' એમ જે જણાવ્યું છે એમાં તે તે કાળ એટલે કયો કાળ ?

**ઉત્તર :** એ કાળ એટલે ચરમાવર્ત પ્રવેશકાળ સમજાય છે. આશય એ છે કે કાળક્રમે સહજઅલ્પમલત્વ થાય એટલે તીવ્ર ભવાભિષ્વંગ=તીવ્રભોગેચ્છા=મુક્તિદ્વેષ ખસે છે ને મુક્તિઅદ્વેષ પ્રગટે છે. લાભાદિનો અર્થી બનેલો જીવ હવે જે ધર્માનુષ્ઠાન કરે છે તે હિતકર હોય છે, અહિતકર નહીં, એ વાત આપણે નિશ્ચિત કરી ગયા છીએ. લાભાદિની અર્થિતા તો ઊભી જ છે, અત્યાર સુધી થતું ધર્માનુષ્ઠાન અહિતકર બનતું હતું અને હવે હિતકર બને છે આ ભેદ શા માટે? એ જણાવવા આગળ આઠમી ગાથામાં 'કર્તાભેદે અનુષ્ઠાનભેદ થાય છે' એમ જણાવવાના છે અને આ કર્તાભેદ કયો ? એનો ખુલાસો ગ્રન્થકાર ટીકામાં અચરમાવર્તમાં રહેલો જીવ અને ચરમાવર્તમાં રહેલો જીવ એવો બતાવવાના છે. મુક્તિઅદ્વેષ-મુક્તિદ્વેષ... અચરમાવર્ત-ચરમાવર્ત કાળ-આ બે વાતોનું અનુસન્ધાન કરતાં એ નિઃશંક પ્રતીત થાય છે કે મુક્તિઅદ્વેષ અને ચરમાવર્તકાળનો પ્રારંભ... આ બંને એક સાથે થાય છે.

**પ્રશ્ન :** આઠમી ગાથામાં કર્તાભેદે અનુષ્ઠાનભેદ જે કહેવાના છે તે તો વિષાનુષ્ઠાન વગેરે પાંચ અનુષ્ઠાનભેદોની અપેક્ષાએ છે ને ?

**ઉત્તર :** હા, પણ એમાં અનનુષ્ઠાન અને અમૃતઅનુષ્ઠાન તો અલગ પડી જાય છે. બાકીના ત્રણે ભૌતિકઅપેક્ષાથી થાય છે. આ ભૌતિકઅપેક્ષા આલોકસંબંધી હોય છે કે પરલોકસંબંધી હોય

છે. આ બેના ભેદને લઈને વિષ અને ગર. એમ બે ભેદ અનુષ્ઠાનના બતાવ્યા છે. તદ્ધેતુ અનુષ્ઠાન સંબંધી જે ભૌતિકઅપેક્ષા છે તે પણ આ રીતે બંને પ્રકારની સંભવતી હોવા છતાં એ ભેદની વિવક્ષા ન કરીને અનુષ્ઠાનનો એક જ ભેદ તદ્ધેતુનો કહ્યો છે. એ જ રીતે વિષ-ગરમાં પણ એ ભેદની વિવક્ષા ન કરીએ તો બંનેને સામાન્ય રીતે વિષઅનુષ્ઠાન તરીકે કહી શકાય છે. મુક્તિઅદ્વેષ પ્રગટ્યા પૂર્વે કરેલા અનુષ્ઠાનને વિષાન્નતૃપ્તિસદૃશ કહેલ છે એનો અર્થ જ એ વિષઅનુષ્ઠાન છે. મુક્તિઅદ્વેષ પ્રગટ્યા પછી કરેલ અનુષ્ઠાન પરંપરાએ મોક્ષનું કારણ છે, એટલે કે સાક્ષાત્ જે અમૃતઅનુષ્ઠાન, એનું એ કારણ છે. એનો અર્થ જ કે એ તદ્ધેતુ અનુષ્ઠાન છે. આમ વિષ-ગર કે તદ્ધેતુ અનુષ્ઠાન એ મુક્તિઅદ્વેષ પૂર્વેના અને પછીના અનુષ્ઠાનરૂપ હોવાથી એ અનુષ્ઠાનભેદમાં પણ કર્તાભેદની આ વાત લાગુ પડે જ છે. અને તેથી ઉપર કહ્યું એમ મુક્તિઅદ્વેષ અને ચરમાવર્ત બંનેનો પ્રારંભ યુગપદ્ થાય છે એવું આ બાબતો પરથી સ્પષ્ટ રીતે નિશ્ચિત થાય છે.

આ બધી વિચારણા પરથી આ સમજાય છે કે ભવાભિ-નંદીપણું, તીવ્રભવાભિષ્વંગ (=તીવ્ર ભોગેચ્છા=અબાધ્ય-ભૌતિક અપેક્ષા) અને મુક્તિદ્વેષ.. આ બધું અચરમાવર્તમાં હોય છે અને જેવો ચરમાવર્ત શરુ થાય છે એ જ ક્ષણથી આ બધું સ્વયં ખસી જાય છે, એમાં જીવના પુરુષાર્થની કે કોઈ પુણ્યવિશેષની અપેક્ષા હોતી નથી. વળી મુક્તિઅદ્વેષની હાજરીમાં મલન કે વિષાન્નતૃપ્તિસાદૃશ્ય હોતું નથી એવું જે કહ્યું છે તેના પરથી એ પણ નિશ્ચિત થાય છે કે ચરમાવર્તમાં વિષાનુષ્ઠાન (+ગરાનુષ્ઠાન) હોતું નુથી. આ અંગેની વિશેષ વાતો આગળ જોઈશું.

મુક્તિઅદ્વેષની પ્રધાનતાનો વિચાર ચાલુ છે. આગળના લેખમાં પણ એ જ વિચાર અન્ય રીતે કરીશું.

❖ ❖ ❖

# લેખાંક ૭૪

મુક્તિદ્વેષ હોય તો સંયમપાલનાદિથી મુક્તિઉપાયોનું મલન થાય છે, અને મુક્તિઅદ્વેષ હોય તો ભૌતિકઅપેક્ષાથી કરાયેલા સંયમપાલનાદિથી પણ એ મલન થતું નથી, કારણ કે મુક્તિઅદ્વેષની હાજરીમાં એ અપેક્ષા બાધ્ય કક્ષાની હોય છે, અબાધ્ય કક્ષાની નહીં. આ વાત આપણે વિચારી રહ્યા છીએ.

**શંકા :** દિલમાં મુક્તિદ્વેષ રમી રહ્યો હોય... એવા જીવો પણ સંયમપાલનાદિ દ્વારા નવમા ગ્રૈવેયક સુધી જઈ શકે છે, જેમાં મુક્તિઅદ્વેષ પણ અપેક્ષિત હોય છે. આ વાત તમે કરી, પણ દિલમાં ધરાર મુક્તિદ્વેષ બેસેલો હોય તો મુક્તિ કે મુક્તિના ઉપાયો પ્રત્યે અદ્વેષ કેવી રીતે થાય કે જે એને નવમા ગ્રૈવેયક સુધી પહોંચાડી શકે ?

**સમાધાન :** અચરમાવર્તવર્તી આનાદિ મિથ્યાત્વી જીવોને આ ભવમાં જે પૂજા-સત્કરાદિ જોઈએ છે અથવા પરભવમાં જે ઊંચો દેવલોક વગેરે જોઈએ છે એના કારણ તરીકે જોવાથી સંયમપાલનાદિરૂપ મુક્તિઉપાય અંગે દ્વેષ થતો નથી, જે સ્વઈષ્ટનું સાધન ભાસે એ અંગે દ્વેષ થાય જ નહીં એ સ્પષ્ટ છે. આ જીવોને સંયમવેશ અને સંયમપાલન... બધું જ હોવા છતાં આંતરિક પરિણતિમાં સંયમ નથી, અને સમ્યક્ત્વ પણ નથી, માટે આ જીવો દ્રવ્યલિંગી છે. આના ઉપલક્ષણથી, અચરમાવર્તવર્તી જીવો દ્વારા ભૌતિક અપેક્ષાથી કરાતી કોઈપણ ધર્મક્રિયા અહીં લેવાની છે. એ બધીને રાગની સામગ્રી તરીકે આ જીવો જોતા હોવાથી એમાં દ્વેષ થવાનો અવકાશ હોતો નથી.

વળી આ જીવો મોક્ષાત્મક ફળને તો જાણતા જ હોતા નથી, માટે મુક્તિપ્રત્યે દ્વેષ જાગતો નથી, કારણ કે જેની જાણકારી ન હોય

એના પ્રત્યે જીવને રાગ કે દ્વેષ કશું જ થતું નથી, જેમ કે નાળિયેરદ્વીપના માનવીને અન્ન પ્રત્યે.

**શંકા :** વ્રતનું ગ્રહણ અને પાલન સુધી પહોંચનાર જીવને શાસ્ત્ર વગેરે દ્વારા 'મોક્ષ અનુપમ સુખમય હોય છે' આવું શું જાણવા મળ્યું ન હોય ?

**સમાધાન :** મળ્યું હોય. પણ એ જીવ એવા મોક્ષને સ્વર્ગાદિમય જ માનતો હોય છે. અર્થાત્ વિષયસુખમય જ માનતો હોય છે. અને એ તો તેઓને અત્યંત ઈષ્ટ હોવાથી એમાં રાગ જ થાય છે, પછી દ્વેષને અવકાશ ક્યાં ?

**શંકા :** શાસ્ત્ર વગેરે પરથી તો 'મોક્ષમાં શરીર, ઈન્દ્રિયો, વિષય વગેરે કશું હોતું જ નથી' આવું પણ જાણ્યું જ હોય ને !

**સમાધાન :** હા, જાણ્યું પણ હોય. ને તેથી પોતાને જે વિષયસુખો જોઈએ છે એના કરતાં મોક્ષ જુદો છે એવી જાણકારી પણ છે જ. છતાં, 'જો હું મોક્ષ પ્રત્યે દ્વેષ કરીશ તો નવમો ગ્રૈવેયક વગેરે જે મારું ઈષ્ટ છે તેનાથી હું વંચિત થઈ જઈશ.' એવી શંકા પડવાથી એ ભારે તકેદારીપૂર્વક દ્વેષને ટાળે છે, ને તેથી મુક્તિઅદ્વેષ જળવાઈ રહે છે.

**શંકા :** કાળક્રમે સહજઅલ્પમલત્વ થવાના કારણે પ્રગટેલો મુક્તિઅદ્વેષ પ્રધાન પૂર્વસેવારૂપ છે, એના કરતાં પુરુષાર્થથી વિકસાવેલા આ મુક્તિઅદ્વેષમાં એવો શું ફરક છે કે એ પૂર્વસેવારૂપ બનતો નથી ?

**સમાધાન :** મોક્ષ અંગેના પાંચ સમવાયિ કારણોમાં જે ભાગ જે કારણે ભજવવાનો હોય એ ભાગ એ કારણથી ભજવાયેલો હોય તો જ મોક્ષને અનુકૂળ બને છે, અન્યથા નહીં, જેમ કે વિષય-કષાયોની મંદતા પુરુષાર્થથી સાધવાની હોય છે. તો જ એ મોક્ષમાર્ગ

પર જીવને આગળ વધારી શકે છે. એમ તો એકેન્દ્રિયજીવોને વિષય-કષાય ખૂબ જ મંદ-અવ્યક્ત થઈ ગયેલા હોય છે. પણ એ મંદતા, એકેન્દ્રિય જાતિનામકર્મના ઉદયથી ચૈતન્ય અતિઅતિ આવરાઈ ગયું હોવાના કારણે થયેલી હોવાથી કર્મકૃત હોય છે, જીવના પુરુષાર્થકૃત નહીં, માટે મોક્ષના પરિપ્રેક્ષ્યમાં એનું કશું મહત્ત્વ બનતું નથી. એમ યુગલિયાઓને પણ વિષય-કષાયની ઘણી મંદતા હોય છે, પણ એ ક્ષેત્રકૃત કે કાળકૃત હોવાથી મોક્ષને અનુકૂળ હોતી નથી.

**શંકા :** અચરમાવર્તવર્તી જીવ નવમા ગ્રૈવેયકમાં જવા માટે વિષય-કષાયની જે મંદતા કરે છે, એ તો પુરુષાર્થકૃત જ હોય છે ને !

**સમાધાન :** પુરુષાર્થ પણ ક્રમશઃ યથોચિત જોઈએ. એટલે સમ્યક્ત્વોચિત પુરુષાર્થથી સમ્યક્ત્વ પામ્યા પછી ચારિત્રોચિત વિષય-કષાયની મંદતા પુરુષાર્થકૃત હોય તો મોક્ષને અનુકૂળ બને છે. એ પૂર્વે નહીં. અથવા પાંચ સમવાયિ કારણોમાં કાળ પછી કર્મ ને કર્મ પછી પુરુષાર્થ આ ક્રમ છે. એટલે કાળ જીવને ચરમાવર્તમાં પ્રવેશાવે (એનો જ અર્થ કે સહજઅલ્પમલત્વ કરીને મુક્તિઅદ્વેષ પ્રગટાવે) એ પછીનો પુરુષાર્થ જ મોક્ષને અનુકૂળ બને છે, એ પૂર્વેનો નહીં. અચરમાવર્તવર્તી જીવનો વિષય-કષાયને મોળા પાડવાનો પુરુષાર્થ એ પૂર્વેનો છે, માટે એ પુરુષાર્થજન્ય મંદતા મોક્ષને અનુકૂળ બનતી નથી.

એટલે નક્કી થયું કે વિષય-કષાયની મંદતા ઉચિત પુરુષાર્થ-જન્ય હોય તો જ મોક્ષને અનુકૂળ, એ સિવાય કર્મ-ક્ષેત્રાદિજન્ય હોય તો નહીં. એમ મુક્તિઅદ્વેષ કાળજન્ય હોય તો જ મોક્ષને અનુકૂળ છે એ સિવાય નહીં. એટલે અચરમાવર્તવર્તી જીવોએ પુરુષાર્થથી સાધેલો મુક્તિઅદ્વેષ મોક્ષને અનુકૂળ બનતો નથી, અર્થાત્ યોગની પૂર્વસેવારૂપ બનતો નથી, ને તેથી જ એ મુક્તિના ઉપાયોનું મલન અટકાવી શકતો નથી.

'મુક્તિઅદ્વેષ' ન હોય તો સંયમપાલનાદિથી મુક્તિઉપાયનું મલન થાય છે' વગેરેરૂપે નિષેધમુખે મુક્તિઅદ્વેષનું પ્રાધાન્ય જણાવ્યું. હવે વિધિમુખે એ પ્રાધાન્ય જાણીએ. જે જીવને મુક્તિ પર, મુક્તિના ઉપાય પર અને મુક્તિમાર્ગની સાધના કરી રહેલા સાધક યોગીઓ ઉપર દ્વેષ નથી (એટલે કે અદ્વેષ છે) તે જીવોએ કરેલ ગુર્વાદિપૂજન જ ન્યાય્ય છે=ઉચિત છે=પૂર્વસેવારૂપ બને છે. એટલે કે 'મુક્તિઅદ્વેષ હોય તો ગુર્વાદિપૂજન પૂર્વસેવારૂપ બને છે, એ વિના નહીં' આવો નિયમ છે, પણ 'ગુર્વાદિપૂજન હોય તો મુક્તિઅદ્વેષ પૂર્વસેવારૂપ બને છે એ વિના નહીં' આવો નિયમ નથી. મુક્તિઅદ્વેષ તો ગુર્વાદિપૂજન વગેરે ન હોય તો પણ પૂર્વસેવારૂપ બને જ છે. માટે મુક્તિઅદ્વેષ પ્રધાન છે. આ કાળકૃત મુક્તિઅદ્વેષની વાત છે, અચરમાવર્તવર્તી જીવે પુરુષાર્થથી કેળવેલા મુક્તિઅદ્વેષની નહીં, એ જાણવું.

**શંકા :** જે જીવ પૂર્વસેવાના અંગોમાંથી તપ નથી કરતો પણ ગુર્વાદિપૂજન કરે છે, એને તપનો ભલે લાભ ન મળે, ગુર્વાદિપૂજનનો લાભ તો મળે જ છે. એમ જે જીવને પૂર્વસેવાનાં અંગોમાંથી મુક્તિ-અદ્વેષ નથી (એટલે કે મુક્તિદ્વેષ છે) એ જીવને મુક્તિઅદ્વેષનો લાભ ભલે ન મળે, પણ એ ગુર્વાદિપૂજન વગેરે જે કરે છે એનો લાભ તો એને મળવો જોઈએ ને !

**સમાધાન :** ગુરુદોષવાળાની સત્ક્રિયા પણ લાભ માટે થતી નથી, કારણ કે સ્વલ્પ હોય છે, જેમ કે ભૌતસાધુને હણનારા ભીલનો તેને ચરણસ્પર્શનો નિષેધ. ભૌત આ એક વિશેષ પ્રકારનો સંપ્રદાય છે. એમના સાધુઓ આખા શરીરે ભભૂતિ લગાડે છે, અને હાથમાં મોરપીંછ રાખે છે. જંગલના કોઈક ભીલે ક્યારેક સાંભળ્યું હતું કે 'તપોધન સાધુઓને આપણો પગ લાગી જાય તો મોટો અનર્થ થાય છે.' એક વખત એને મોરપીંછની જરૂર પડી. ઘણી શોધ કરવા છતાં એ ન મળવા પર એને જાણવા મળ્યું કે ભૌતસાધુઓ પાસે મોરપીંછ

હોય છે. એટલે એણે ભૌતસાધુ પાસે મોરપીંછ માગ્યા. પણ જેમ આપણું રજોહરણ એમ તેઓને મોરપીંછ એ મુખ્ય ચિહ્ન-ઉપકરણ હોવાથી તેઓએ આપ્યા નહીં. એટલે પછી ભીલે એ સાધુઓ પર શસ્ત્રપ્રહારો કરીને એ મોરપીંછ લઈ લીધા. પણ આ શસ્ત્રપ્રહાર કરતી વખતે 'મારો પગ એમને ક્યાંય લાગી ન જાય' એવી કાળજી લીધી. જો કે આ કાળજી આમ તો ગુણરૂપ છે, પણ શસ્ત્રપ્રહારરૂપ મોટા દોષની સામે એ બિલકુલ બિનઅસરકારક છે - અકિંચિત્કર છે ને તેથી કશો લાભ કરાવતી નથી. એમ મુક્તિનો દ્વેષ ધરાવનારા જીવોને આ દ્વેષ એ એક એવો મોટો દોષ છે કે એની આગળ ગુરપૂજનથી લઈને નિરતિચાર સંયમપાલન સુધીની કોઈપણ સત્ક્રિયા બિલકુલ નગણ્ય બની જાય છે. એનાથી જીવને કશો લાભ થતો નથી. અહીં કુલટા સ્ત્રીનું દૃષ્ટાંત પણ લઈ શકાય. એ પરપુરુષગમન જે કરે છે એ એનો એવો મોટો દોષ છે કે જેથી પછી એ સ્વપતિની ગમે એવી ભક્તિ વગેરે કરે તો પણ એની કશી કિંમત રહેતી નથી.

એમ જેને મુક્તિઅદ્વેષ નથી, એટલે કે મુક્તિદ્વેષ નામનો બહુ મોટો દોષ છે એની અસત્ક્રિયા તો નહીં જ, સત્ક્રિયા પણ લાભ માટે થતી નથી.

સ્ત્રીઓના બે વિશેષ=બે પ્રકાર કહી શકાય. સગર્ભા અને સગર્ભા ન હોય તેવી સામાન્ય સ્ત્રી. હવે, 'સગર્ભા સ્ત્રીને દીક્ષા આપવી નહીં' આવો નિષેધ એ સ્ત્રીના એક વિશેષના નિષેધરૂપ છે અને એના પરથી આવો અર્થ પણ મળે છે કે 'સગર્ભા સિવાયની સામાન્ય સ્ત્રીને દીક્ષા આપી શકાય.' જો કોઈપણ સ્ત્રીને દીક્ષા આપી જ ન શકાતી હોય, એટલે કે બધા માટે નિષેધ હોય, તો નિષેધ કરનાર વાક્ય 'સ્ત્રીને દીક્ષા આપવી નહીં' આટલું જ હોય, પછી એમાં સગર્ભા સ્ત્રીને.. એમ લખવાનું રહે નહીં. પણ એ જો લખ્યું છે તો, 'સામાન્ય સ્ત્રીને દીક્ષા આપી શકાય' એવું બોલવામાં ન આવ્યું હોવા

છતાં એવો અર્થ સમજાઈ જ જાય છે. આ (સગર્ભા સ્ત્રીરૂપ) એક વિશેષનો નિષેધ (સામાન્ય સ્ત્રીરૂપ) અન્ય વિશેષના વિધાનને જણાવે છે એવો ન્યાય કહેવાય છે.

પ્રસ્તુતમાં જીવોના બે પ્રકાર (બે વિશેષ) કહી શકાય. મુક્તિદ્વેષવાળા જીવો અને એ વગરના (=મુક્તિઅદ્વેષવાળા) જીવો. આમાંથી મુક્તિદ્વેષવાળા જીવોરૂપ એક વિશેષ માટે અહીં જે નિષેધ કર્યો છે કે 'મુક્તિદ્વેષવાળા જીવોની સત્ક્રિયા લાભ માટે થતી નથી' એના સૂચિતાર્થ તરીકે અન્ય વિશેષનું વિધાન મળે છે. એટલે કે સ્પષ્ટ અક્ષરોમાં ન કહ્યું હોય તો પણ 'મુક્તિઅદ્વેષવાળા જીવોની સત્ક્રિયા લાભ માટે થાય છે' આ વાત અર્થથી મળી જ જાય છે. અર્થાત્ મુક્તિઅદ્વેષ જો પ્રગટી ગયો છે તો ભૌતિક અપેક્ષા ભલે ને બેસેલી છે, સત્ક્રિયા લાભ માટે જ થાય છે.

મુક્તિઅદ્વેષથી મુક્તિદ્વેષરૂપ મહાપાપ દૂર થઈ જવાના કારણે જીવને જેવો લાભ થાય છે એવો લાભ માત્ર ગુરુપૂજનાદિથી ક્યારેય થતો નથી. અર્થાત્ 'મુક્તિઉપાયોનું મલન ન થવું, સત્ક્રિયાઓ વિષાન્નતૃપ્તિસદૃશ વિપાકવિરસ અહિતકર ન બનતાં પથ્યાન્ન-તૃપ્તિસદૃશ પરિણામસુંદર હિતકર બનવી' આવો બધો લાભ મુક્તિ-અદ્વેષથી થાય છે. પણ મુક્તિઅદ્વેષ વિનાના કેવલ ગુર્વાદિ પૂજનથી થતો નથી.

**શંકા :** મુક્તિઅદ્વેષવાળો જીવ જે રીતે ગુર્વાદિપૂજન કરે છે ડિટ્ટો એ જ રીતે વિધિપાલનાદિ સહિત મુક્તિદ્વેષવાળો જીવ કરે છે. આમ બંનેનું અનુષ્ઠાન એકસરખું જ છે. પછી પ્રથમ માટે એ યોગની પૂર્વસેવારૂપે હિતકર અને બીજા માટે એવું નહીં, આવો ભેદ શા માટે ?

**સમાધાન :** એક જ અનુષ્ઠાન = ધર્મક્રિયા કર્તાના ભેદે બદલાઈ જાય છે, જેમ કે રોગી-નીરોગીએ કરેલી ભોજનક્રિયા.

આશય એ છે કે એનું એ જ ભોજન રોગીને રોગવર્ધક બને છે જ્યારે નીરોગીને બળવર્ધક બને છે. આવું જ પાન-શયનાદિ ક્રિયા માટે છે. એટલે કે રોગી-નીરોગીરૂપ કર્તા બદલાવા પર ભોજનાદિ ક્રિયા પણ, બહારથી સમાન દેખાતી હોવા છતાં અંદરથી બદલાઈ જાય છે. એમ, બહારથી સમાન દેખાતી એવી દેવપૂજનાદિ ક્રિયા કર્તાભેદે બદલાઈ જાય છે.

**પ્રશ્ન :** ભોજનાદિ માટે જેમ રોગી-નીરોગી એમ કર્તાભેદ કહ્યો.. એમ પ્રસ્તુતમાં કઈ રીતે કર્તાભેદ લેવાનો છે ?

**ઉત્તર :** ચરમાવર્તવર્તી જીવ અને અચરમાવર્તવર્તી જીવ.. આ રીતે કર્તાભેદ લેવાનો છે. એટલે કે ચરમાવર્તવર્તી જીવ જે દેવતા-પૂજનાદિ કરે છે એના કરતાં અચરમાવર્તવર્તી જીવ જે દેવતાપૂજનાદિ કરે છે એ અલગ પ્રકારનાં હોય છે. અને અલગ પ્રકારના છે, માટે એનું ફળ પણ (પરંપરાએ) મોક્ષગમન અને સંસારપરિભ્રમણરૂપ અલગ અલગ મળે છે.

**શંકા :** ફળમાં જે ભેદ પડે છે એને સંગત કરવાનો છે. એ તો સહકારી ભેદથી પણ સંગત થઈ શકે છે, પછી મૂળવસ્તુમાં આંતરિક ભેદ-જુદા પ્રકારપણું માનવાની શી જરૂર છે ? આશય એ છે કે કુંભારના હાથમાં દંડ આવે તો ઘટોત્પત્તિ થાય છે અને તોફાની છોકરાના હાથમાં એ આવે તો ઘટનાશ થાય છે. વળી, દંડ તો એનો એ જ છે એ પ્રત્યક્ષથી દેખાય છે. એટલે બન્ને વખતે દંડ અલગ-અલગ છે, એવું માનવા કરતાં, દંડ તો એનો એ જ છે, કારણ કે 'આ એ જ દંડ છે' એવી પ્રત્યભિજ્ઞા પણ થાય છે. 'સહકારી અલગ-અલગ છે માટે કાર્ય અલગ-અલગ થયું' એમ માનવું ઉચિત ન કહેવાય?

**સમાધાન :** આ રીતે સહકારીભેદે કાર્યભેદની સંગતિ કરવા

કરતાં, ધર્મક્રિયારૂપ મૂળભૂત વસ્તુ જ બદલાઈ ગઈ છે એવું માનવામાં લાઘવ પણ છે અને અનુભવ પણ એવો જ છે. એટલે કે વસ્તુભેદે કોઈ ભેદ લેવો જોઈએ. અર્થાત્ ચરમાવર્તવર્તી ભાવુકે કરેલા દેવતાપૂજનાદિ કરતાં અચરમાવર્તવર્તી જીવે કરેલા દેવપૂજનાદિ અનુષ્ઠાન ભિન્ન પ્રકારનું જ હોય છે. એટલે એક પરિણામે હિતકર બનવા છતાં બીજું અહિતકર નીવડે છે. અહીં સમજવા જેવું એ છે કે ગ્રન્થકારે કર્તાભેદ તરીકે ભૌતિક અપેક્ષાવાળો કર્તા અને ભૌતિક અપેક્ષા વિનાનો કર્તા.. એવો ભેદ ન દર્શાવતાં ચરમાવર્તવર્તી કર્તા અને અચરમાવર્તવર્તી કર્તા એવો ભેદ દર્શાવ્યો છે. આનો સૂચિતાર્થ એ છે કે ચરમાવર્તવર્તીજીવ ભૌતિક અપેક્ષાથી અનુષ્ઠાન કરે કે એ વિના કરે, એ અનુષ્ઠાન, અચરમાવર્તવર્તી જીવના અનુષ્ઠાન કરતાં જુદા જ પ્રકારનું હોય છે. એટલે કે અચરમાવર્તવર્તીનું જો વિષ-ગર છે, તો ચરમાવર્તવર્તીનું એ વિષ-ગર હોવું સંભવતું નથી. વળી નીરોગીને તો ભોજન બળવર્ધક જ બને છે, એમ ચરમાવર્તવર્તીને એ અનુષ્ઠાન (ભલે ને ભૌતિક અપેક્ષાથી કરેલું હોય) હિતકર જ નીવડે છે. એટલે કે એ છેવટે તદ્ધેતુ અનુષ્ઠાન તો હોય જ.

**શંકા :** નીરોગીને પણ જો અપથ્યભોજન કરે તો તો નુકશાન-કર્તા નીવડે જ છે ને !

**સમાધાન :** દૃષ્ટાંત જેટલા અંશે અભિપ્રેત હોય એટલા જ અંશે લેવાનું હોય છે, સર્વાંશે નહીં. નહીંતર તો કોઈ પ્રિયતમ, સુંદરતા-સૌમ્યતા જોઈને પોતાની પ્રિયતમાને 'તું ચન્દ્રમા જેવી છે' એમ કહે તો પ્રિયતમાને આઘાત લાગી જવો જોઈએ, કારણ કે ચન્દ્રમા તો કલંકિત પણ છે. પ્રસ્તુતમાં જે ભોજન રોગીને રોગવર્ધક હોય ને નીરોગીને બળવર્ધક હોય એવા જ ભોજનની વાત છે. નહીંતર તો રોગીને પણ પથ્યભોજન લાભકર્તા હોવાથી અચરમાવર્તવર્તીને પણ અમુક ધર્માનુષ્ઠાન હિતકર માનવા પડશે. અને અપથ્યભોજન તરીકે

પાપક્રિયા લો તો તો એ ચરમાવર્તવર્તીને પણ નુકશાનકર્તા હોય છે જ.

**શંકા :** અહીં ભલે ચરમ-અચરમઆવર્તના ભેદે કર્તાભેદ કહ્યો છે, પણ આગળ ઇહલોકસંબંધી ભૌતિકઆશંસા વગેરેના ભેદે કર્તાભેદ કહી અનુષ્ઠાનભેદ કહેવાના છે. એટલે ચરમાવર્તમાં રહેલો જીવ પણ ઇહલૌકિક ભૌતિકઆશંસાથી (વિષયાભિલાષાથી) જે ધર્મક્રિયા કરશે એ વિષાનુષ્ઠાન બનવાથી પૂર્વસેવારૂપ નહીં જ બને.

**સમાધાન :** એ આશયભેદમાં પણ મુખ્યતયા કાળભેદ જ પ્રયોજક છે. કારણ કે વિષયાભિલાષા તો જે હિતકર છે એવા તદ્ધેતુ અનુષ્ઠાનમાં પણ રહેલી જ હોય છે. એટલે કે વિષયાભિલાષાના હોવા-ન હોવા પર અનુષ્ઠાનનો હિતકર-અહિતકર એવો ભેદ કરી શકાતો નથી. પણ અબાધ્યકક્ષાની-તીવ્રભવાભિષ્વંગરૂપ વિષયા-ભિલાષા હોવા-ન હોવા પર એ ભેદ કહી શકાય છે, કારણ કે તદ્ધેતુ અનુષ્ઠાનમાં જે વિષયાભિલાષા હોય છે તે તો બાધ્યકક્ષાની હોય છે. વળી વિષયાભિલાષા બાધ્ય-અબાધ્ય હોવામાં તો ચરમ અચરમઆવર્તકાળ જ પ્રયોજક છે. એટલે છેવટે કાળભેદે જ કર્તાભેદ આવ્યો. બાકી જો આવું ન હોત તો તો અહીં જ ગ્રન્થકાર આશયભેદે કર્તાભેદ કહી અનુષ્ઠાનભેદ કહી દેત, વચ્ચે કાળભેદ લાવત જ નહીં. ઊલટું, અહીં કાળભેદે (કર્તાભેદ દ્વારા) અનુષ્ઠાનભેદ કહ્યો, અને આગળ વિષયાભિલાષાના અબાધ્ય-બાધ્યભેદે વિષ-ગર કે તદ્ધેતુ એવો અનુષ્ઠાનભેદ કહેવાના છે, એ સૂચવે છે કે ચરમાવર્તમાં કોઈપણ વિષયાભિલાષા બાધ્યકક્ષાની જ હોય છે, પછી ભલે ને એ પાંચ રૂપિયાની હોય કે પાંચ કરોડની હોય.. ને તેથી અનુષ્ઠાન તદ્ધેતુ અનુષ્ઠાન બને છે. જ્યારે અચરમાવર્તમાં જે કોઈ વિષયાભિલાષા હોય તે બધી અબાધ્ય કક્ષાની જ હોય છે, તીવ્ર ભવાભિષ્વંગરૂપ જ હોય છે ને તેથી અનુષ્ઠાન વિષ કે ગરરૂપ જ બને છે. આ વાત

સૂક્ષ્મતાથી વિચારવી, નહીંતર અહીંની કાળભેદે અનુષ્ઠાનભેદ અને આગળની આશયભેદે અનુષ્ઠાનભેદ.. આ બે વાતોનો પરસ્પર વિરોધ થઈ જાય.

**શંકા :** કર્તાભેદે અનુષ્ઠાનભેદ કહ્યો. વળી આ અનુષ્ઠાનભેદ તરીકે વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન, અનનુષ્ઠાન, તદ્ધેતુઅનુષ્ઠાન અને અમૃતઅનુષ્ઠાન આમ પાંચ ભેદ કહ્યા છે. કાળ ભેદ તો ચરમાવર્ત અને અચરમાવર્ત એમ બે જ પ્રકારે કહ્યો છે. એટલે એના આધારે તો આ પાંચ ભેદ હોઈ શકે જ શી રીતે ?

**સમાધાન :** આ પાંચમાં ત્રીજું અનુષ્ઠાન જે છે એ તો અનનુષ્ઠાન છે, એનો અર્થ જ કે એ 'અનુષ્ઠાન' જ નથી. અને અમૃતઅનુષ્ઠાન તો અત્યંત વિરલ હોવાથી એની વિવક્ષા ન કરીએ તો વિષ-ગર અને તદ્ધેતુ આ ત્રણ જ અનુષ્ઠાન રહે છે. આમાં પણ આલોકસંબંધી અબાધ્ય ભૌતિક અપેક્ષા હોય તો વિષ અને પરલોકસંબંધી એ હોય તો ગર.. અને બાધ્યકક્ષાની એ અપેક્ષા હોય તો તદ્ધેતુઅનુષ્ઠાન આમ ભેદ છે. અલબત્ બાધ્યભૌતિક અપેક્ષા પણ આલોક કે પરલોક સંબંધી.. એમ બન્ને પ્રકારની સંભવે જ છે. તેમ છતાં એ બેના ભેદની વિવક્ષા ન કરીને એમાં જેમ 'તદ્ધેતુ' એમ એક જ પ્રકાર કહ્યો છે એમ અબાધ્યભૌતિક અપેક્ષામાં પણ એ ભેદની વિવક્ષા ન કરીએ તો વિષ-ગર બંનેને એક વિષરૂપે કહી શકાય છે. એટલે છેવટે બે જ મુખ્ય ભેદ રહ્યા.. વિષ અને તદ્ધેતુ. એમાં અચરમાવર્તમાં વિષઅનુષ્ઠાન અને ચરમાવર્તમાં તદ્ધેતુ અનુષ્ઠાન.. એટલે જ આગળ કહેશે કે ચરમાવર્તમાં પ્રાયઃ કરીને તદ્ધેતુઅનુષ્ઠાન જ હોય છે. અને ક્યારેક અનાભોગથી અનનુષ્ઠાન હોય છે ને ક્યારેક અમૃતઅનુષ્ઠાન હોય છે. આમ, આ ભેદોમાં પણ કાળભેદ જ મુખ્ય બની રહે છે. આ વાતો પરથી એ પણ સમજાય છે કે ચરમાવર્તમાં વિષ-ગરઅનુષ્ઠાન સંભવતા નથી, અને અચરમાવર્તમાં તદ્ધેતુ-

અમૃતઅનુષ્ઠાન સંભવતા નથી. એટલે કે પાંચ અનુષ્ઠાનોમાં અચરમાવર્તમાં વિષ, ગર અને અનુષ્ઠાન સંભવે છે જ્યારે ચરમાવર્તમાં અનનુષ્ઠાન તદ્ધેતુ અને અમૃતઅનુષ્ઠાન સંભવે છે. આ જ વાત આગળ પણ સ્પષ્ટ થશે.

આમ, કાળક્રમે સહજઅલ્પમલત્વ, ચરમાવર્તપ્રવેશ, મુક્તિઅદ્વેષનું પ્રગટીકરણ થાય છે.મુક્તિદ્વેષ ખસી જવાથી ધર્માનુષ્ઠાન હવે મલન માટે થતું નથી, ને તેથી એ હિતકર બને છે, અને તેથી જ એ વિષ-ગર ન બનતાં તદ્ધેતુ બને છે. આ બધી વાતો જોઈ.. હવે વિષાદિ પાંચ અનુષ્ઠાનની વાત આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૭૫

કર્તાભેદે અનુષ્ઠાનભેદ થાય છે એ વાત ગયા લેખમાં વિચારી. હવે અનુષ્ઠાનના વિષાનુષ્ઠાન વગેરે પાંચ ભેદોનો વિચાર કરવાનો છે. એમાં સૌપ્રથમ આ પાંચમાંથી કયા મિથ્યા છે અને કયા સત્ય છે એ જણાવે છે.

વિષ વગેરે પાંચ અનુષ્ઠાનમાં પ્રથમ ત્રણ અનુષ્ઠાનો મિથ્યા છે અને છેલ્લાં બે અનુષ્ઠાનો સત્ય છે. એટલે કે પ્રથમ ત્રણ અનુષ્ઠાનો ત્યાજ્ય છે અને છેલ્લા બે ઉપાદેય છે. એમાં પ્રથમ બે ભવાભિષ્વંગના કારણે=સંસારસુખની અભિલાષાના કારણે મિથ્યા= નિષ્ફળ છે. ત્રીજું અનનુષ્ઠાન અનાભોગના કારણે=સંમૂર્ચ્છિમ જેવી પ્રવૃત્તિ હોવાના કારણે મિથ્યા છે. છેલ્લાં બે અનુષ્ઠાનોમાં વિપર્યય છે=ભવાભિષ્વંગનો અને અનાભોગનો અભાવ છે ને તેથી એ બે સત્ય છે = સફળ છે.

મૂળગાથામાં 'તેન' શબ્દ છે જેનો ગ્રન્થકારે તેથી=પૂર્વે જે કર્તાભેદે અનુષ્ઠાનભેદ કહ્યો તેથી.. આવો અર્થ કર્યો છે ને પછી,

'તેથી પ્રથમ ત્રણ મિથ્યા છે અને છેલ્લા બે સત્ય છે' આમ જણાવ્યું છે. એટલે જણાય છે કે આ મિથ્યા-સત્યનો ભેદ પણ પૂર્વે જે કાળભેદે કર્તૃભેદ કહ્યો છે એને અનુસરીને જ લેવાનો છે.

ચોથા તદ્ધેતુઅનુષ્ઠાનમાં ભવાભિષ્વંગનો અભાવ કહ્યો છે. વળી એમાં પણ ભૌતિક અપેક્ષા=સંસાર સુખની અભિલાષા તો હોય જ છે. પણ એ બાધ્ય હોવાથી અનુષ્ઠાન વિષ-ગર ન બનતાં તદ્ધેતુ બને છે. એટલે સમજાય છે કે અબાધ્ય ફળાપેક્ષા જ 'ભવાભિષ્વંગ' તરીકે અભિપ્રેત છે. ચરમાવર્તમાં પ્રાયઃ તદ્ધેતુ અનુષ્ઠાન જ હોય છે. પ્રાયઃ શબ્દ ક્યારેક અનનુષ્ઠાનની ને ક્યારેક અમૃત અનુષ્ઠાનની સંભાવના દર્શાવે છે. પણ વિષ-ગરની નહીં, આ વાત પૂર્વે જોઈ ગયા છીએ અને આગળ પણ જોઈશું. એટલે એ પણ નિશ્ચિત થાય છે કે ચરમાવર્તમાં, ગમે તેવી તીવ્ર ભોગેચ્છા હોય તો પણ એ બાધ્ય જ હોય છે, અબાધ્ય નહીં, આ જ કારણ છે કે સંભૂતિમુનિને ઘણું સમજાવવા છતાં ચક્રવર્તી બનવાની ઇચ્છા છોડતા નથી, તો પણ ચિત્રમુનિએ એમની આ ભૌતિક ઇચ્છાને બાધ્યકક્ષાની જ માની છે, અબાધ્ય કક્ષાની નહીં, એટલે કે ભવાભિષ્વંગરૂપ માની નથી.

**પ્રશ્ન :** તમે આવું શાના આધારે કહો છો ?

**ઉત્તર :** ચિત્રમુનિ અગિયાર અંગના ધારક ગીતાર્થ મહાત્મા છે. 'તેઓ અનુષ્ઠાનના ત્યાજય-અત્યાજય ભેદો ન જાણતા હોય' આવું માનવું એ તો જાતના અભિમાન સિવાય બીજું કશું નથી. જો સંભૂતિમુનિની ઇચ્છાને એમણે અબાધ્યકક્ષાની-ભવાભિષ્વંગરૂપ જાણી હોત તો તો તેઓએ એમના અનશનરૂપ અનુષ્ઠાનને વિષ-ગર રૂપે ત્યાજય જાણ્યું જ હોત, ને તો તો તેઓએ છેવટે એમને આ અનશનરૂપ અનુષ્ઠાન છોડી દેવા પણ કહ્યું જ હોત. પણ એ કહ્યું નથી. માત્ર ઇચ્છા જ છોડવાની વાત અનેક રીતે સમજાવી છે.

**પ્રશ્ન :** પણ સંભૂતિમુનિ પછીથી ચક્રવર્તી થઈને છેવટે સાતમી નરકમાં ગયા છે, શું એ જ ન સૂચવે કે વિષાન્નતૃપ્તિસાદશ્ય હતું જ, ને તેથી એમનું અનુષ્ઠાન ગરઅનુષ્ઠાન હોવાથી ભવાભિષ્વંગ હતો જ ?

**ઉત્તર :** વિષમિશ્રિત ભોજનમાંથી વિષ ટાળી ન શકાય તો છેવટે ભોજન પણ છોડવાનું જ હોય, કરુણાશીલ વ્યક્તિ એ છોડવાની વાત ન કરે એ સંભવે જ નહીં. ચિત્રમુનિએ અનુષ્ઠાન છોડવાની વાત નથી કરી એ જ જણાવે છે કે એ 'વિષમિશ્રિત ભોજન' તરીકે એમને માન્ય નહોતું.

**પ્રશ્ન :** પણ તો પછી સાતમી નરક કેમ થઈ ?

**ઉત્તર :** તીવ્રઈચ્છાપૂર્વક ચક્રવર્તીપણાના ભોગોમાં લંપટ બન્યા એના કારણે એ થઈ, આ અનુષ્ઠાનના કારણે નહીં, એવો વિવેક કરવો જોઈએ.

**પ્રશ્ન :** તો તો અચરમાવર્તવર્તી જીવ માટે પણ આવું જ કહેવાનું રહેશે. એ જીવ વિષયેચ્છાથી ધર્મ કરે, એના પ્રભાવે વિષયો પામે, અને પછી એમાં ગળાડૂબ બની દુર્ગતિમાં જાય... આમાં પણ, દુર્ગતિ વિષયોમાં ગળાડૂબ બનવાથી થઈ, ધર્મના કારણે નહીં, એવો વિવેક કરી જ શકાય છે... ને પછી એના અનુષ્ઠાનને પણ વિષ-ગર કહી નહીં શકાય.

**ઉત્તર :** सुखं धर्माद् दुःखं पापात् सर्वशास्त्रेषु संस्थितिः આવા શ્રીહરિભદ્રસૂરિ મહારાજના વચનને અનુસરીને તો 'ધર્મથી દુર્ગતિ' કહી નહીં જ શકાય ને ? વળી 'દુર્ગતિમાં પડતા જીવને ધારી રાખે (બચાવે) તે ધર્મ' આ વાત પણ ધર્મથી દુર્ગતિવારણ જણાવે છે, દુર્ગતિગમન નહીં. તેમ છતાં વિષાનુષ્ઠાન વગેરે નિરૂપણના પરિ-પ્રેક્ષ્યમાં કહેવું હોય તો અચરમાવર્તવર્તી જીવના અનુષ્ઠાનથી એ

દુર્ગતિગમન કહેવું, પણ ચરમાવર્તવર્તીના અનુષ્ઠાનથી નહીં, એનું તો માત્ર ભોગવિલાસથી જ દુર્ગતિગમન કહેવું.

**પ્રશ્ન :** બંનેમાં સમાનતા હોવા છતાં આવો ભેદ કરવો ઉચિત છે ?

**ઉત્તર :** એક વાસ્તવિક મહાત્મા છે, એક દ્રવ્યલિંગી અભવ્ય છે. બન્ને એક સમાન ઉપદેશ આપે છે. બંનેનો ઉપદેશ સાંભળીને જીવો સમ્યક્ત્વાદિ પામે છે. મહાત્માના ઉપદેશથી સમ્યક્ત્વાદિ પામનારા જીવો માટે મહાત્માના ઉપદેશથી પામ્યા એમ કહેવાતું હોવા છતાં અભવ્યના કિસ્સામાં એમ નથી કહેવાતું, પણ એમ કહેવાય છે કે 'એ જીવો પોતાની યોગ્યતાથી પામ્યા.' સિદ્ધિ વગર વિનિયોગ નથી. અભવ્યને પોતાને જ સમ્યક્ત્વાદિની સિદ્ધિ નથી, તો એનાથી વિનિયોગ શી રીતે થાય ? આવું જ પ્રસ્તુતમાં જાણવું. મુક્તિદ્વેષના કારણે મલન હોય તો જ વિષાન્નતૃપ્તિસાદશ્ય કહેવાય, એ વિના નહીં.

**પ્રશ્ન :** બ્રહ્મદત્તને પણ મલન થયું જ છે ને. ચક્રવર્તીના ભવ દરમિયાન, સાધુ બનેલા ચિત્રમુનિએ મુક્તિના ઉપાયભૂત સંયમ માટે ઘણી પ્રેરણા કરી હોવા છતાં સંયમ લેવાનું મન ક્યાં થયું ?

**ઉત્તર :** બ્રહ્મદત્તને સંયમનો પ્રતિબંધ થયો છે, મલન નહીં.. એ પ્રતિબંધ પણ એ નિયાણાનો-તીવ્રઇચ્છાનો પ્રભાવ હતો. અનશનાત્મક અનુષ્ઠાનનો નહીં. અનુષ્ઠાનથી મલન થવા માટે તો મુક્તિદ્વેષ જોઈએ, જે સંભૂતિમુનિને હતો નહીં.

**પ્રશ્ન :** 'મારે મોક્ષ નહીં, ચક્રવર્તીપણું જોઈએ' આવી ઈચ્છા જ મુક્તિદ્વેષરૂપ ન કહેવાય ?

**ઉત્તર :** સ્ત્રીરત્નની કામચલાઉ ઈચ્છા થઈ ગઈ છે ને તેથી હાલ તો એ જ જોઈએ છે. પણ એટલામાત્રથી સંભૂતિમુનિ વિષયા-

તીત સુખમય મોક્ષને અનિષ્ટ માનવા માંડી ગયા નથી કે જેથી એમને મુક્તિદ્વેષ કહી શકાય. ને તેમ છતાં તમારે એમને મુક્તિદ્વેષ માનવો હોય તો પણ એ, પૂર્વે મુક્તિદ્વેષના બે પ્રકાર જે કહેલા એમાંનો વ્યક્તરૂપે મુક્તિદ્વેષ જાણવો, યોગ્યતારૂપે નહીં. કારણ કે યોગ્યતારૂપે તો મુક્તિઅદ્વેષ પડેલો જ છે, તે પણ એટલા માટે કે એ જીવ સમ્યક્ત્વ-સંયમાદિ પામી ચૂકેલો છે. અને યોગ્યતારૂપે મુક્તિદ્વેષ નથી, તો માત્ર વ્યક્ત મુક્તિદ્વેષ કાંઈ મલન કરી શકતો નથી.

**પ્રશ્ન :** યોગ્યતારૂપે મુક્તિદ્વેષ માની લઈએ તો ?

**ઉત્તર :** ન માની શકાય, કારણ કે તો પછી યોગ્યતારૂપે મુક્તિઅદ્વેષ હવે રહ્યો નથી, એમ માનવું પડે.

**પ્રશ્ન :** એ પણ માની લ્યો ને !

**ઉત્તર :** ન માની શકાય, કારણ કે એ ન રહ્યો હોય તો હવે ક્યારેય પછી પેદા થઈ ન શકવાથી ભવિષ્યમાં ક્યારેય મોક્ષ નહીં થાય.

**પ્રશ્ન :** ભવિષ્યમાં કેમ ક્યારેય પેદા નહીં થાય ? શાસ્ત્ર શ્રવણાદિ દ્વારા યોગ્ય સમજણ મળવાથી મુક્તિદ્વેષ ખસી જાય, અને મુક્તિઅદ્વેષ પાછો પ્રગટી જાય.

**ઉત્તર :** આ શક્ય નથી. કારણ કે શાસ્ત્રશ્રવણ વગેરે પણ ધર્માનુષ્ઠાન જ છે. ને મુક્તિદ્વેષની હાજરીમાં ધર્માનુષ્ઠાન મલન જ કરે, વિષાન્નતૃપ્તિસદૃશ જ બને. એનાથી મુક્તિદ્વેષ ખસવારૂપ શુભપરિણામ મળી શકે નહીં. એટલે જ મુક્તિદ્વેષને જીવના પુરુષાર્થથી નહીં... પણ સહજઅલ્પમલત્વથી પ્રગટ થવો જણાવેલો છે ને સહજઅલ્પમલત્વ પણ, જીવના પુરુષાર્થથી નહીં, કાળક્રમે થવું જણાવ્યું છે, વળી આમાં કાળ તરીકે ચરમાવર્ત પ્રવેશકાળ છે એ આપણે પૂર્વે જોઈ ગયા છીએ. ચરમાવર્તમાં રહેલા જીવને હવે

ચરમાવર્ત પ્રવેશકાળ ફરીથી ક્યારેય આવવાનો નથી, તો પછી સહજઅલ્પમલત્વ-મુક્તિઅદ્વેષ અશક્ય જ બની જશે. એટલે 'કાળક્રમે એકવાર મુક્તિઅદ્વેષ પ્રગટી ગયો એટલે એ મુક્તિઅદ્વેષ પછીથી ક્યારેય ખસતો નથી' એમ માનવું જ પડે છે. માટે સંભૂતિમુનિને એ અનશનકાળે પણ મુક્તિઅદ્વેષ વિદ્યમાન હતો જ, ને તેથી એ અનશનથી મલન થયું નથી જ, ને તેથી એ અનશન, વિષાન્ન-તૃપ્તિસદૃશ ન હોવાના કારણે અહિતકર નહોતું જ' વગેરે માનવું જ પડે છે, ને તેથી જ ચિત્રમુનિએ એને છોડવાનું જણાવ્યું નથી.

**પ્રશ્ન :** સંભૂતિમુનિનું એ અનશન વિષાદિ પાંચમાંથી કયું અનુષ્ઠાન છે ?

**ઉત્તર :** તદ્ધેતુ અનુષ્ઠાન.

**પ્રશ્ન :** હેં ! તદ્ધેતુ ?

**ઉત્તર :** હેં... શું કરો છો ? હા કરો... મુક્તિઅદ્વેષની હાજરી છે. તેથી મલન-વિષાન્નતૃપ્તિસાદૃશ્ય વગેરે ન હોવાથી વિષ-ગર તો છે નહીં. વળી અનાભોગ કે અત્યંત સંવેગ ન હોવાથી અનનુષ્ઠાન કે અમૃત અનુષ્ઠાન પણ નથી. એટલે પારિશેષ ન્યાયે તદ્ધેતુ અનુષ્ઠાન જ છે.

**પ્રશ્ન :** જો આનો પણ વિષ-ગરમાં સમાવેશ નહીં કરો તો કોનો કરશો ?

**ઉત્તર :** કોઈનો નહીં. ચરમાવર્તમાં વિષ-ગર સંભવતા જ નથી. માટે ચરમાવર્તવર્તી જીવના કોઈપણ ધર્માનુષ્ઠાન વિષ-ગરરૂપ ન જ હોય. ૧૪૪૪ ગ્રન્થોના પ્રણેતા સુરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કે લઘુહરિભદ્રબિરુદધારી શ્રી યશોવિજયજી મહારાજ.. આ બંને શ્રુતધરોએ વિષ-ગર વગેરે અનુષ્ઠાનોનું નિરૂપણ સ્વ-સ્વગ્રન્થોમાં કર્યું છે, પણ ક્યાંય એનું દૃષ્ટાન્ત આપ્યું નથી. સંભૂતિમુનિના અનશન

જેવા અનુષ્ઠાનને પણ 'ગર'ના દૃષ્ટાન્ત તરીકે જણાવ્યું નથી. આ વાત શું એ ન સૂચવે કે સંભૂતિમુનિનું એ અનુષ્ઠાન પણ તેઓને વિષ-ગર તરીકે માન્ય નથી.

**પ્રશ્ન :** તમે ગમે તે કહો, અમારા મગજમાં આ વાત બેસતી નથી કે સાંસારિક સુખની ઇચ્છા હોય ને છતાં વિષ-ગર ન થાય.

**ઉત્તર :** આનું કારણ એટલું જ ભાસે છે કે 'શાસ્ત્રવચનોને અનુસરીને-એના ઐદંપર્યાર્થ સુધી પહોંચીને તત્ત્વની વિચારણા કરવી...' આ આત્મહિતકર વલણને બદલે 'અમારી બુદ્ધિમાં જે બેસેલું છે એને અનુસરીને શાસ્ત્રવચનોની વિચારણા કરવી...' એવા વલણને અપનાવવામાં આવ્યું છે. જ્યાં યુક્તિ જતી હોય ત્યાં બુદ્ધિને લઈ જવાના બદલે બુદ્ધિમાં જે બેસેલું હોય ત્યાં યુક્તિને તાણી જવા જેઓ મથતા હોય એમના માટે એક સ્થળે લખ્યું છે કે બ્રહ્મા પણ તે માણસને સાચી વાત સમજાવી શકતા નથી. બાકી, અચરમાવર્તમાં ઇચ્છા ભલે માત્ર એક રૂપિયાની હોય તો પણ મુક્તિદ્વેષ-ભવાભિષ્વંગના કારણે અનુષ્ઠાન વિષ-ગર બને છે, જ્યારે ચરમાવર્તમાં ઇચ્છા ભલેને એક કરોડ રૂપિયાની હોય, મુક્તિદ્વેષ-ભવાભિષ્વંગ નથી, માટે અનુષ્ઠાન વિષ-ગર ન બનતાં તદ્ધેતુ બને છે.

ચરમાવર્તમાં ભૌતિક ઇચ્છાથી થતું કોઈપણ અનુષ્ઠાન વિષ-ગર ન જ હોય, ને તેથી તદ્ધેતુ જ હોય આ સાબિત કરનારાં કેટલાં શાસ્ત્રવચનો આપું ?

પ્રતિઆવર્ત મલહ્રાસ કહ્યો છે. ને એ ઘટતાં ઘટતાં સહજ અલ્પમલત્વની ભૂમિકાએ આવે એટલે મુક્તિઅદ્વેષ પ્રગટવો કહ્યો છે. તેથી મુક્તિઅદ્વેષ કાળસાધ્ય છે.

ભૌતિક અપેક્ષા હોવા-ન હોવા સાથે મલન-અમલન વિષાન્નતૃપ્તિસાદૃશ્ય-પથ્યાન્નતૃપ્તિસાદૃશ્ય વગેરે નથી કહ્યાં, પણ મુક્તિ-

દ્વેષ હોવા-ન હોવા સાથે કહેલ છે. અમલનનો અર્થ છે મુક્તિ ઉપાયનો અનાશ. ચરમાવર્તમાં મુક્તિઅદ્વેષ છે, તેથી વ્રતપાલનાદિ મુક્તિઉપાય તરીકે અક્ષત રહે છે. એનો અર્થ વ્રતપાલનાદિ હિતકર બની રહે છે, માટે તદ્ધેતુ છે. *'મુક્તિ વગેરે અંગે જેને દ્વેષ નથી એનું જ ગુરુપૂજન વગેરે ન્યાય્ય છે'* આવું જણાવ્યું એનો અર્થ જ કે, મુક્તિ વગેરે અંગે દ્વેષ અન્યાય્ય-ત્યાજ્ય છે. ચરમાવર્તમાં દ્વેષ નથી. તેથી અનુષ્ઠાન અન્યાય્ય=વિષ-ગરરૂપ નથી.

મુક્તિદ્વેષરૂપ ગુરુદોષવાળાની સત્ક્રિયા ગુણ માટે થતી નથી આમ કહ્યું છે. એટલે એક વિશેષનો નિષેધ અન્ય વિશેષના વિધાનમાં પરિણામે ન્યાયે મુક્તિદ્વેષરૂપ ગુરુદોષ જેઓને નથી (અર્થાત્ મુક્તિઅદ્વેષ છે) તેઓની સત્ક્રિયા ગુણ માટે થાય છે, એનો અર્થ એ તદ્ધેતુ અનુષ્ઠાન છે.

મુક્તિઅદ્વેષ હોવા છતાં અન્ય કાંઈક હોવા-ન હોવા પર અનુષ્ઠાન હિત-અહિતકર બનતું હોય તો તો એ અન્યનું પ્રાધાન્ય ખ્યાપિત થાય, મુક્તિઅદ્વેષનું નહીં. માટે મુક્તિઅદ્વેષ જો પ્રધાન છે તો એની હાજરીમાં વિષ-ગર ન જ થાય, તદ્ધેતુ જ થાય, ભલેને ભૌતિક ઇચ્છા બેસેલી હોય.

મુક્તિદ્વેષ મહાપાપ છે. મુક્તિઅદ્વેષથી એની નિવૃત્તિ થવાથી મહાન લાભ કહ્યો છે. બારમી બત્રીશીમાં પણ મુક્તિઅદ્વેષથી કલ્યાણની પરંપરા કહેલી છે. એટલે એની હાજરીમાં પણ જો વિષ-ગર થાય તો એની મહત્તા-પ્રધાનતા જ શું રહે ? કર્તાભેદે અનુષ્ઠાનભેદ જે કહ્યો છે એમાં કર્તાભેદના પ્રયોજક તરીકે ગ્રન્થકારે ટીકામાં ચરમ-અચરમઆવર્તરૂપ કાળભેદને જ જણાવ્યો છે. આનો સ્પષ્ટ અર્થ છે કે અચરમાવર્તમાં જેવું (વિષ-ગર) અનુષ્ઠાન હોય એવું ચરમાવર્તમાં ન હોય, એનાથી ભિન્ન જ હોય, અર્થાત્ મુખ્યતયા તદ્ધેતુ જ હોય, વળી ૧૪મી ગાથામાં નિગમન કરતાં પણ *ચરમા-*

*વર્તમાં ગુરુદેવાદિપૂજન કર્તાભેદના કારણે અલગ પ્રકારનું (તદ્ધેતુ) હોય છે* એમ જણાવ્યું છે.

ચોથા તદ્ધેતુ અનુષ્ઠાનમાં ભૌતિક અપેક્ષા હોવા છતાં 'ભવાભિષ્વંગ'નો અભાવ કહ્યો છે. ભવાભિવિષ્વંગ તરીકે કારમી ભોગેચ્છા-ભવાભિનંદીપણું અભિપ્રેત છે જે સ્વયં મુક્તિદ્વેષરૂપે કહેવાયેલ છે. આનો અર્થ સ્પષ્ટ છે કે મુક્તિઅદ્વેષ હોય તો ભવાભિષ્વંગ હોય જ નહીં. ચરમાવર્તમાં મુક્તિઅદ્વેષ તો હોય જ છે, તેથી ભવાભિષ્વંગ ન હોવાથી વિષ-ગર ન જ હોય. (**શંકા**- પૂર્વે ત્રીજી ગાથાના વિવેચનમાં સાભિષ્વંગ-અભિષ્વંગસહિત અનુષ્ઠાનને તમે હિતકર કહ્યું છે, અહીં ભવાભિષ્વંગ ન હોય તો જ એ વિષ-ગર ન હોય એમ કહો છો, તો પૂર્વાપરવિરોધ નહીં થાય ?

**સમાધાન :** ના, નહીં થાય, કારણ કે ત્યાં 'અભિષ્વંગ' શબ્દ છે જેનો અર્થ 'બાધ્યકક્ષાની ભૌતિક ઇચ્છા' એવો છે. એ 'ભવાભિષ્વંગ' નથી, કારણ કે ભવાભિષ્વંગ તો તીવ્ર-અબાધ્ય ભૌતિક ઇચ્છાને જણાવે છે)

વળી, આગળ (પંદરમી ગાથામાં) પણ ચરમ-અચરમ આવર્તમાં કર્તાભેદ જે દર્શાવ્યો છે તે ભૌતિક અપેક્ષા હોવા-ન હોવાની અપેક્ષાએ નહીં, પણ અચરમાવર્તમાં યોગની એકાન્તે અયોગ્યતા હતી, ને ચરમાવર્તમાં યોગ્યતા વિકસેલી હતી.. આ ભેદની અપેક્ષાએ દર્શાવ્યો છે ને તેથી ગુરુપૂજનાદિ અલગ પ્રકારનું કહ્યું છે. તેથી પણ જણાય છે કે ચરમાવર્તમાં યોગ્યતા વિકસેલી હોવાથી તદ્ધેતુ જ હોય.

તથા, આગળ ૧૬મી ગાથામાં ચરમાવર્તમાં પ્રાયઃ ચોથું જ (=તદ્ધેતુ જ) હોય એમ સ્પષ્ટ જણાવ્યું છે. પ્રાયઃ શબ્દથી વિષ-ગરનું ગ્રહણ નથી એ આગળ જોઈશું. એટલે ચરમાવર્તમાં વિષ-ગર તો સંભવતા જ નથી.

બાવીશમી ગાથામાં *મુક્તિઅદ્વેષ હોય તો ફળાપેક્ષા બાધ્ય હોય છે, અને તેથી બુદ્ધિ માર્ગાનુસારી હોય છે* એમ કહેવાના છે. તથા બાધ્યફળાપેક્ષા સદનુષ્ઠાનનો રાગ કરાવે છે જે તદ્ધેતુ-અનુષ્ઠાનનું કારણ છે. ચરમાવર્તમાં મુક્તિઅદ્વેષ તો છે જ. માટે પણ વિષ-ગર ન જ હોય.

રોહિણીતપ વગેરેમાં સૌભાગ્યાદિની ફળાકાંક્ષા હોવા છતાં વિષ-ગરનો નિષેધ કર્યો છે. મુક્તિ અદ્વેષને ધર્માનુષ્ઠાનનો પ્રાણ કહેલ છે. ચરમાવર્તમાં આ પ્રાણ વિદ્યમાન જ હોવાથી અનુષ્ઠાન મિથ્યા થઈ જ ન શકે, પછી વિષ-ગરની સંભાવના જ ક્યાં ?

ચરમાવર્ત પ્રવેશમાત્રથી સિદ્ધિની આસન્નતા કહી છે ને તેથી ધારાલગ્ન શુભ ભાવ-પ્રમોદ વગેરે કહ્યા છે, પછી વિષ-ગર પ્રાયોગ્ય અશુભ ભાવની તો ગંધમાત્ર પણ ક્યાં ?

એ જ રીતે ચરમાવર્તમાં પ્રસન્નચિત્તતા-ક્રિયાનુરાગ વગેરે જણાવેલા છે એ પણ તદ્ધેતુ અનુષ્ઠાનને જ જણાવે છે.

વળી કર્તાભેદે અનુષ્ઠાનભેદના સંદર્ભમાં યોગબિન્દુ (૧૬૨)-માં જણાવ્યું છે કે *અચરમાવર્ત કરતાં ચરમાવર્તમાં કર્તાજીવ નિયમા =અવશ્ય જુદો જ હોય છે. એટલે અનુષ્ઠાન પણ અચરમાવર્ત કરતાં અવશ્ય ભિન્ન હોવાથી વિષ-ગર ન જ હોય,* વળી ત્યાં ૧૬૩મી ગાથામાં જણાવ્યું છે કે *ચરમાવર્તમાં સહજ-અલ્પમલત્વના કારણે પ્રાયઃ ચતુર્થઅનુષ્ઠાન હોય છે.* સહજ અલ્પમલત્વ તો કાળબળે થતું હોવાથી ચરમાવર્તમાં બધાને હોય જ ને તેથી વિષ-ગર ન જ હોય. એમ ૧૫૨મી ગાથામાં અનુષ્ઠાન અન્યથા=વિષ-ગરરૂપ ન હોવામાં કારણ સહજઅલ્પમલત્વ કહ્યું છે. આ કારણ તો ચરમાવર્ત પ્રવેશથી જ હાજર હોવાથી ચરમાવર્તમાં ક્યારેય વિષ-ગર ન થાય એમ જણાય જ છે.

**શંકા :** આ બધી વાત સાચી.. છતાં, વિષયાભિલાષા-અનુષ્ઠાન-ઈષ્ટપ્રાપ્તિ-દુર્ગતિગમન.. આ બધું સરખું હોવા છતાં, અચરમાવર્તવર્તીના અનુષ્ઠાનથી મલન થાય અને ચરમાવર્તવર્તી એવા બ્રહ્મદત્તચક્રવર્તી વગેરેના એવા અનુષ્ઠાનથી મલન ન થાય ને તેથી વિષાન્નતૃપ્તિ સાદશ્ય વગેરે ન હોવાના કારણે વિષ-ગર રૂપ ન હોય.. આ બધું કેવી રીતે માનવું ?

**સમાધાન :** આ જ તો કર્તાની વિશિષ્ટતા છે. આશય એ છે કે પ્રસન્નચન્દ્ર રાજર્ષિએ માત્ર માનસિક તુમુલ યુદ્ધ માંડ્યું ને ઠેઠ સાતમી નરક પ્રાયોગ્ય કર્મો બાંધ્યાં, પણ જો કોઈ ક્ષાયિક સમ્યક્ત્વી વાસ્તવિક યુદ્ધ ખેલે.. જનસંહાર કરે.. તો પણ એ વખતે એ દેવપ્રાયોગ્ય જ કર્મબંધ કરે.. ભલેને કષાયપરિણતિ અને હિંસકપ્રવૃત્તિ હોય. શ્રેણિક મહારાજા સિત્તેર વર્ષની ઉંમરે પરણ્યા. વળી એ માટે કેવો પ્રપંચ કર્યો ! આ કામવાસનાની કેવી માત્રા કહેવાય ? અને છતાં કર્મબંધ દેવપ્રાયોગ્ય જ. અરે ! અંતિમસમયે નરકગમનપ્રાયોગ્ય ક્રૂરલેશ્યા આવી.. બીજા જીવો તો આવા વખતે નરકપ્રાયોગ્ય જ કર્મબંધ કરે.. પણ શ્રેણિકરાજાને તો દેવપ્રાયોગ્ય જ.. આ બધો કર્તાની વિશિષ્ટતાનો પ્રભાવ છે ! અંદર ક્ષાયિક સમ્યક્ત્વ ઝળહળે છે ને ! પછી અન્યને જે નરકપ્રાયોગ્ય કર્મબંધ કરાવે એવી પ્રવૃત્તિ અને એવા પરિણામ હોવા છતાં એને દેવપ્રાયોગ્ય જ બંધ હોય. એમ, ચરમાવર્તવર્તી જીવને અંદર મુક્તિઅદ્વેષ ઝળહળે છે ને ! પછી વિષયાભિલાષા, અનુષ્ઠાન વગેરે સમાન હોવા છતાં મલન ન જ થાય.. ને તેથી વિષ-ગર ન જ થાય. જો આવો કોઈ ફેર ન માનવાનો હોય તો કર્તાનું વૈશિષ્ટ્ય શું ? અંદર એક વિશેષ યોગ્યતા નિર્માણ થઈ છે એનો પ્રભાવ શું ? ચરમાવર્તને નવનીતતુલ્ય કહ્યો છે એનું મહત્ત્વ શું ? પ્રકૃતિનો અધિકાર ખસી ગયો છે એનો મતલબ શું ?

એટલે, પ્રસ્તુત દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકાગ્રન્થનાં આ વિવિધ

નિરૂપણો એકી અવાજે આ જ ધ્વનિત કરે છે કે ચરમાવર્તમાં વિષ-ગર અનુષ્ઠાન સંભવતા નથી. આ અંગેનાં હજુ વિશેષ શંકા-સમાધાન આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૭૬

'આલોકસંબંધી, પરલોક સંબંધી કે ઉભયસંબંધી ભૌતિકફળની અપેક્ષાથી થતું હોય તો પણ ધર્માનુષ્ઠાન ચરમાવર્તમાં વિષ-ગર અનુષ્ઠાનરૂપ બનતું નથી, આ ચરમાવર્તનો પ્રભાવ છે' આવો ફલિતાર્થ પ્રસ્તુત બત્રીશીનાં ઢગલાબંધ વિધાનો પરથી નિઃશંકપણે નીકળતો હોવા છતાં, 'ભૌતિક ફળની અપેક્ષા છે ? તો અનુષ્ઠાન વિષ-ગર જ થાય' આવા ગાઢ કરી દીધેલા સંસ્કાર આ ફલિતાર્થ સામે કાંઈ ને કાંઈ શંકા ઊભી કર્યા કરે છે. આવી કેટલીક શંકા ને એનાં સમાધાન પૂર્વલેખમાં આપણે જોયાં છે. અન્ય પણ શંકા અને સમાધાન આ લેખમાં જોઈએ.

**શંકા :** 'ચરમાવર્તમાં વિષ-ગર સંભવે નહીં' આવા સૂચિતાર્થ પાછળ તમારી મુખ્ય બે કલ્પનાઓ છે-(૧) ચરમાવર્તપ્રવેશની સાથે જ અલ્પમલત્વ અને મુક્તિઅદ્વેષ પ્રગટી જાય છે. તથા (૨) પ્રગટેલો મુક્તિઅદ્વેષ ખસીને પાછો મુક્તિદ્વેષ આવી જાય-આવું બનતું નથી. પણ મૂળમાં આ બે કલ્પના જ યોગ્ય જણાતી નથી. તે આ રીતે-તમારી કલ્પના પ્રમાણે વ્યવહારરાશિપ્રવેશથી સહજમળનો હ્રાસ શરુ થાય છે. એ શરુ થયા પછી અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચવાનો કાળ જુદા-જુદા જીવો માટે અલગ-અલગ જે હોય છે એ સૂચવે છે કે તે તે જીવનું તથાભવ્યત્વ આમાં ભાગ ભજવે છે. એટલે કોઈક જીવનું તથાભવ્યત્વ એવું હોય કે ચરમાવર્ત શરુ થઈ જવા છતાં હજુ

અલ્પમલત્વ થયું ન હોવાથી મુક્તિઅદ્વેષ પ્રગટ્યો ન પણ હોય. ને તેથી મુક્તિદ્વેષ વર્તતો હોવાથી અનુષ્ઠાન વિષ-ગર પણ સંભવે...

**પ્રતિશંકા :** જો આવું હોય તો ચરમાવર્તકાળનો ઉલ્લેખ કેમ કર્યો ?

**શંકા :** એ તો 'મુક્તિઅદ્વેષ વહેલામાં વહેલો ચરમાવર્તપ્રવેશે થાય' એટલું જણાવવા માટે. જેમ સમ્યક્ત્વ માટે દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત કહેવાય છે એમ.

**સમાધાન :** સમ્યક્ત્વપ્રાપ્તિ જુદા જુદા જીવોને ભિન્નભિન્ન કાળે જે થાય છે એમાં તો તેઓએ ભિન્ન-ભિન્નકાળે કરેલો પુરુષાર્થ કારણ છે. પણ અલ્પમલત્વભૂમિકા કાળસાધ્ય છે ને કાળસાધ્ય હોવાથી તે તે કાળે સર્વજીવોને પ્રાપ્ત થઈ જ જાય એમ માનવું જ પડે છે. અર્થાત્ ચરમાવર્તપ્રવેશે અલ્પમલત્વ ને મુક્તિઅદ્વેષ પ્રગટી જ જાય. આ વાત સૂક્ષ્મતાથી વિચારવી, કારણ કે એ કાળે જો એ ન પ્રગટે, તો પછી શાનાથી પ્રગટે ? આશય એ છે કે આ ભૂમિકાની પૂર્વકાળમાં મુક્તિદ્વેષ વિદ્યમાન હોવાથી પુરુષાર્થનું તો કોઈ શુભ પરિણામ શક્ય જ ન હોવાના કારણે પુરુષાર્થથી એ પ્રગટી શકતી નથી. 'તે તે જીવની ભવિતવ્યતા જ તે તે કાળે જીવની અલ્પમલત્વ ભૂમિકા પ્રગટાવી દે' એમ પણ કહી શકાતું નથી, કારણ કે તો તો, જેમ ભવિતવ્યતા તે તે કાળે તે તે જીવને વ્યવહારરાશિમાં જે લાવી દે છે, એ માટે એ પૂર્વે (અવ્યવહારરાશિ કાળ દરમિયાન) કાળક્રમે થતી કોઈ પ્રક્રિયા દર્શાવી નથી. એમ પ્રસ્તુતમાં પણ જો ભવિતવ્યતા જ અલ્પમલત્વ લાવતી હોત તો કાળક્રમે ક્રમિક મળહ્રાસ જે કહ્યો છે તે ન જ કહ્યો હોત. એટલે ચરમાવર્ત પ્રવેશ થવા છતાં અલ્પમલત્વ-ભૂમિકા જો ન આવે, તો પછી એ શાનાથી આવશે ? એ પ્રશ્ન ઊભો જ રહે છે.

**શંકા :** તેમ છતાં, અલ્પમલત્વ થયા પછી ફરીથી મલ વધી જાય, પાછો મુક્તિદ્વેષ પ્રગટે ને તેથી પછી ચરમાવર્તમાં પણ અનુષ્ઠાન વિષ-ગર થઈ શકે ને !

**સમાધાન :** મળહ્રાસની વાતો શાસ્ત્રોમાં જોવા મળે છે. વૃદ્ધિની વાત ક્યાંય જોવા-જાણવા મળતી નથી. વળી અલ્પમલત્વ-કાળમાં મુક્તિઅદ્વેષ હોય છે. એની હાજરીમાં પણ જો અમુક પ્રવૃત્તિવિશેષથી મળવૃદ્ધિ થતી હોય તો તો એવી પ્રવૃત્તિવિશેષ અચરમાવર્તમાં=મુક્તિદ્વેષકાળમાં તો વધુ જોરશોરથી હોય, તેથી કાળક્રમે પ્રતિઆવર્ત જે મળહ્રાસ થાય એના કરતાં પ્રતિઆવર્ત અનેકવાર થયેલી આવી પ્રવૃત્તિવિશેષથી મળવૃદ્ધિ વધારે થયા કરવાના કારણે સરવાળે મળવૃદ્ધિ જ થવાથી સહજ અલ્પમલત્વની ભૂમિકા ક્યારેય આવી જ શી રીતે શકે ? તથા, અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચાડનાર મળહ્રાસ તો પ્રતિઆવર્ત કાળક્રમે થવો જણાવ્યો છે. એટલે મળવૃદ્ધિ બાદ ફરીથી અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચવા મળહ્રાસ કાળક્રમે જે થાય એ જ અપેક્ષિત રહે. (આમે મુક્તિદ્વેષની હાજરીમાં ધર્મપુરુષાર્થ પણ શુભફળક ન હોવાથી મળહ્રાસ કરી શકતો નથી.) અને કાળક્રમે જે મળહ્રાસ થાય તે તો અતિઅલ્પ હોવાથી ચરમાવર્તમાં જેટલો સંસારકાળ બાકી રહ્યો છે એટલામાં અલ્પમલત્વની ભૂમિકા ફરીથી આવી જ શી રીતે શકશે ? એટલે આ બધાં કારણોથી તથા પૂર્વે જણાવેલાં કારણોએ 'અલ્પમલત્વ થયા પછી ફરીથી મળવૃદ્ધિ થાય-યોગ્યતારૂપે મુક્તિદ્વેષ ઊભો થાય..' આ બધું માની શકાતું નથી. એટલે ચરમાવર્તપ્રવેશે એકવાર અલ્પમલત્વ- મુક્તિઅદ્વેષ થયા પછી એ ખસતા ન હોવાથી મુક્તિ ઉપાયોનું મલન શક્ય ન રહેવાના કારણે વિષ-ગર અનુષ્ઠાન સંભવતા નથી. ભૌતિક અપેક્ષા હોય તો પણ તદ્ધેતુ જ થાય છે.

**શંકા :** આ રીતે સંભૂતિમુનિના અનશનને 'તદ્ધેતુ' સિદ્ધ કરશો

તો એને નિયાણું નહીં કહી શકાય, કારણ કે નિયાણું તો ત્યાજ્ય છે, જ્યારે 'તદ્ધેતુ' ઉપાદેય છે.

**સમાધાન :** શ્રી મુનિસુંદરસૂરિવિરચિત ઉપદેશ રત્નાકરના ચોથા અંશમાં ત્રીજા તરંગમાં (પૃ. ૧૩૦) નિયાણા માટે આ પ્રમાણે કહ્યું છે-

अथौषधचतुर्भङ्गीदृष्टान्तेन विध्यविधिधर्मविचारमाह -
दोस-गुणो-भये-णुभयं-जह कुज्जा ओसहं तहा धम्मो !
मिच्छत्तं अनिआणो सनिआणो भावसुन्नो अ ॥
सनिआणोत्ति-निदानं तपःफलप्रार्थनं, तेन सहितः सनिदानोऽधिकारात् सर्वज्ञप्रणीत एव धर्मः, स च दोषं गुणं चेत्युभयं करोति ॥

**અર્થ :** *હવે ઔષધના ચાર ભાંગાના દૃષ્ટાંતે વિધિ-અવિધિ-ધર્મવિચાર કરે છે - જેમ ઔષધ દોષ કરે છે, ગુણ કરે છે, ઉભય= દોષ અને ગુણ ઉભય કરે છે અને અનુભય=દોષ કે ગુણ કશું કરતું નથી. આમ ઔષધ ચાર પ્રકારે હોય છે. એમ ધર્મ પણ ચાર પ્રકારે છે. એમાં મિથ્યાધર્મ દોષકર છે, નિયાણાંરહિતનો અનિદાન ધર્મ ગુણકર છે. સનિદાન ધર્મ ઉભય=ગુણ-દોષ ઉભયકર છે અને ભાવશૂન્યધર્મ અનુભયકર છે=દોષ કે ગુણ કશું કરતો નથી.*

*આમાં નિદાન=તપના ફળની પ્રાર્થના=માગણી કરવી* (=તપના બદલામાં કોઈ ભૌતિક ચીજ માગી લેવી એ નિયાણું છે) *આવા નિદાનથી સહિત ધર્મ એ સનિદાન ધર્મ દોષ અને ગુણ બંને કરે છે.*

આમાં જ આગળ જણાવ્યું છે કે सनिदानजिनमतीयतपः-फलराज्यादि, पुनः स्वप्राप्तिमतां नृपादीनां सर्वविरत्यादिविशेषधर्मानुप-लम्भकत्वेऽपि जिनधर्मानुरागादेर्धर्मस्य यथार्हं प्रापकत्वेन भवान्तरे सुलभबोधिताकरणाद् गुणत्वमिति । **અર્થ :** *જૈનધર્મમાં કહેલ તપને*

*સનિદાન કરવાથી મળેલ રાજ્યાદિ ફળ, એ ફળ પામેલા રાજા વગેરેને સર્વવિરતિ વગેરેરૂપ વિશેષધર્મના પ્રાપક ન બનતા હોવા છતાં જૈન-ધર્મ પ્રત્યે અનુરાગ વગેરેરૂપ ધર્મના યથાયોગ્ય પ્રાપક હોવાથી ભવાંતરમાં સુલભબોધિતા કરે છે, માટે એ રીતે એ ગુણકર છે.*

આ અધિકાર અને આપણા ચાલુ અધિકારનો વિચાર કરીએ તો જણાય છે કે મુક્તિદ્વેષ હાજર નથી, એટલે અનુષ્ઠાન તો કશું નુકસાન કરતું નથી, બલ્કે ધર્માનુષ્ઠાન હોવાથી લાભ જ કરે છે, માટે એ અપેક્ષાએ એ ગુણકર છે, તેમ છતાં એમાં ભૌતિક અપેક્ષા જે ભળે છે તે પ્રતિબંધક બનતી હોવાથી એ અપેક્ષાએ દોષકર છે. ટૂંકમાં નિયાણું દોષકર, ધર્માનુષ્ઠાન ગુણકર એટલે સનિદાનધર્મ ઉભયકર છે.

અહીં સપ્રસંગ એક અન્ય વાત-અનેક શાસ્ત્રાધિકારોના ચિંતન-અનુસંધાનથી મળતો નિષ્કર્ષ આ છે-ભૌતિક અપેક્ષાવાળાં અનુષ્ઠાનો બે પ્રકારે-(૧) ભૌતિક અપેક્ષા તો હતી જ. એની સફળતા માટે અનુષ્ઠાન કરવામાં આવે... જેમ કે રોહિણીતપ વગેરે. સામાન્યથી આવા અનુષ્ઠાનમાં નિયાણું કહેવાતું નથી. એટલે એ પ્રતિબંધક પણ બનતું નથી. ઉપરથી એ જીવને આગળ વધારી નિરભિષ્વંગ અનુષ્ઠાન સુધી પહોંચાડે છે. તેથી આ તો ગુણકર જ છે. (૨) ભૌતિક અપેક્ષા વગર શુદ્ધ ભાવથી નિરભિષ્વંગ અનુષ્ઠાન કરે. પણ પાછળથી એમાં ભૌતિક અપેક્ષા ભેળવીને એના બદલામાં ભૌતિક ચીજ માગી લે. આ નિયાણું કહેવાય છે. એ પ્રતિબંધક હોવાથી કથંચિદ્ દોષકર છે. અલબત્ મુક્તિદ્વેષ ન હોવાથી અનુષ્ઠાન વિષ-ગર ન બની શકવાથી તદ્હેતુ જ બને છે. પણ નિયાણું જે છે માત્ર એ ત્યાજ્ય છે, અનુષ્ઠાન નહીં. એટલે જ ચિત્રમુનિએ સંભૂતિ-મુનિને અનશન છોડી દેવા જણાવ્યું નથી.

યાકિનીમહત્તરાસૂનુ શ્રીહરિભદ્રસૂરિમહારાજવિરચિત ગ્રન્થ શ્રીયોગબિન્દુમાં એવાં ઢગલાબંધ પ્રતિપાદનો છે જે ચરમાવર્તવર્તી જીવને વિષ-ગર ન હોય એવું સ્પષ્ટ સૂચવે છે. હવે ચરમાવર્તવર્તી જીવને વિષ-ગર નથી સંભવતા, તો સંભૂતિમુનિને તો એ ન જ સંભવવાથી તદ્હેતુ જ માનવાનું રહે ને... યોગબિન્દુ ગ્રન્થમાં આવતાં આવાં કેટલાંક પ્રતિપાદનો જોઈએ-

૧૫૪મી ગાથામાં આવી વાત આવે છે કે *પતંજલિ વગેરે યોગીઓએ યોગમતમાં અનુષ્ઠાનના વિષ-ગર વગેરે આ પાંચ પ્રકાર સામાન્ય રીતે જ કહ્યા છે, નહીં કે ચરમ-અચરમઆવર્તના ભેદની અપેક્ષાએ.* આના પર વિચાર કરીએ.

'જ્ઞાનીઓએ જૈનમતમાં ગુણઠાણાના મિથ્યાત્વ વગેરે ચૌદ પ્રકાર સામાન્ય રીતે જ કહ્યા છે, નહીં કે વિરત-અવિરતજીવભેદની અપેક્ષાએ...' આ વાક્યપરથી સૂચિતાર્થ એ મળે છે કે જ્યારે વિરત-અવિરત-આવા જીવભેદની વિવક્ષા કરવામાં આવે ત્યારે ચૌદેચૌદ ગુણઠાણા મળતા નથી, પણ વિરતને પાંચથી ચૌદ અને અવિરતને એકથી ચાર... એમ વિભાગપૂર્વક મળે છે. (અથવા પાંચમું વિરતાવિરત હોવાથી બંનેમાં પણ ગણી શકાવાથી અવિરતને એકથી પાંચ). એમ પ્રસ્તુત વાક્યપરથી એવો સૂચિતાર્થ મળે છે કે જ્યારે ચરમ-અચરમઆવર્તભેદની વિવક્ષા કરવામાં આવે ત્યારે પાંચે અનુષ્ઠાનો મળી ન શકે, પણ એમાં વિભાગ કરવો પડે. એ વિભાગ આ રીતે કરવો પડે કે-અચરમાવર્તમાં વિષ, ગર અને અનનુષ્ઠાન... ચરમાવર્તમાં અનનુષ્ઠાન, તદ્હેતુ અને અમૃત. અનાભોગ બન્નેમાં સંભવિત હોવાથી અનનુષ્ઠાન બંનેમાં મળે. વિષ-ગર ચરમાવર્તમાં પણ જો મળે તો ચરમાવર્તની અપેક્ષાએ પણ પાંચે ભેદ મળવાથી એનો નિષેધ જે કર્યો છે તે અસંગત ઠરી જાય. ચરમાવર્તમાં પાંચે ભેદ અભિપ્રેત હોય તો તો વાક્યપ્રયોગ આવો હોવો જોઈએ કે-'વિષ-

ગર વગેરે આ પાંચ પ્રકાર ચરમાવર્તની અપેક્ષાએ છે, નહીં કે અચરમાવર્તની અપેક્ષાએ.' (જેમ કે ગુણઠાણાના ૧૪ ભેદ ત્રસ-જીવની અપેક્ષાએ છે, નહીં કે સ્થાવરજીવની અપેક્ષાએ.) એટલે યોગબિંદુ ગ્રન્થની ઉપરોક્ત વાતને અસંગત ન ઠેરવવી હોય તો માનવું જ પડે કે ચરમાવર્તમાં વિષ-ગર હોતાં નથી. યોગબિંદુ-૧૭૯માં કહ્યું છે કે *અપુનર્બન્ધકની પૂર્વઅવસ્થાવાળા જીવો સંસાર-અભિનંદનશીલ હોય છે..* અર્થાત્ અપુનર્બંધકજીવો એવા હોતા નથી. તેથી અપુનર્બંધકને વિષ-ગર ન સંભવવાથી ચરમાવર્તમાં વિષ-ગર ન હોય. વળી ચૌદમી બત્રીશીમાં ગ્રન્થકાર જણાવવાના છે કે *અપુનર્બંધકનું કોઈપણ અવસ્થામાં કરેલું કોઈપણ અનુષ્ઠાન પ્રશાંત-વાહિતાને ઉત્પન્ન કરે છે.* જો અપુનર્બંધકને (=ચરમાવર્તમાં જીવને) વિષ-ગર સંભવતા હોય તો પ્રશાંતવાહિતા શી રીતે ? તથા યોગબિન્દુની ૯૮થી ૧૦૫મી ગાથાનો અધિકાર વિચારતાં આવો સાર મળે છે-*(૧) ભવસમુદ્રમાં વિચલિત થયો છે આત્મા જેમનો એવા અપુનર્બન્ધકાદિને અચરમાવર્ત કરતાં અન્ય પ્રકારે પૂર્વસેવા હોય છે, કારણ કે મુક્તિમાર્ગમાં તત્પર નિર્મળ મન તેઓને હોવું ઘટે છે. તે પણ એટલા માટે કે સમ્યક્ત્વાદિનું સામીપ્ય છે. (૨) કુશળબુદ્ધિના પ્રાપ્તિકાળમાં કલ્યાણ થાય છે. ને પછી ઉત્તરકાળમાં તો વિશેષ પ્રકારે કલ્યાણ થાય છે. (૩) આ કુશળબુદ્ધિના પ્રાપ્તિ-કલ્યાણ વગેરેમાં ચરમાવર્તનું સામર્થ્ય છે.*

આ સારપર વિચાર કરીએ-(૧) પૂર્વસેવા=ગુરુપૂજનાદિ અચરમાવર્ત કરતાં અપુર્બન્ધકાદિને અન્યપ્રકારે કહી એટલે જ વિષ-ગર કરતાં અન્યપ્રકારે હોવી સિદ્ધ થઈ જ ગઈ. ચરમાવર્ત પ્રવેશકાળથી જ જીવ અપુનર્બન્ધક બની જાય છે એ આપણે અપુનર્બન્ધક બત્રીશીમાં જોઈશું. તથા (૨) કુશળબુદ્ધિની પ્રાપ્તિમાં ચરમાવર્તનું સામર્થ્ય કહ્યું. એનો અર્થ જ ચરમાવર્ત પ્રવેશમાત્રથી એ પ્રાપ્ત થઈ જ જાય. (૩)

વળી એ પ્રાપ્તિકાળથી જ કલ્યાણ કહ્યું છે. જો વિષ-ગર સંભવતા હોય તો કલ્યાણ શી રીતે ? માટે ચરમાવર્તમાં વિષ-ગર ન સંભવે. તેથી, સંભૂતિમુનિનું અનશન તદ્હેતુઅનુષ્ઠાન હતું એમ માનવું જરૂરી છે. અસ્તુ. હવે પ્રસ્તુતમાં આવીએ.

વિષ અનુષ્ઠાન, ગરઅનુષ્ઠાન, અનનુષ્ઠાન, તદ્હેતુ-અનુષ્ઠાન, અને અમૃતઅનુષ્ઠાન. આ પાંચ અનુષ્ઠાનોનું સ્વરૂપ હવે બતાવવાનું છે. આમાંના પ્રથમ બે ભવાભિષ્વંગથી થાય છે. ત્રીજું અનાભોગથી, ચોથું સદનુષ્ઠાનરાગથી અને પાંચમુ જિનોક્તમાર્ગની શ્રદ્ધાથી (અથવા ઝળહળતા સંવેગથી) થાય છે.

આલોક-પરલોક સંબંધી ફળની ઇચ્છા એ ભવાભિષ્વંગ છે. જો કે ગ્રન્થકારે અહીં 'ભૌતિક' એવો શબ્દ વાપર્યો નથી, છતાં એ જણાઈ જાય છે. એટલે સમજાય છે કે જ્યાં 'આલોક' 'પરલોક' શબ્દ સાથે 'ફળ'નો ઉલ્લેખ હોય ત્યાં એ ભૌતિકફળ જ સમજવાનું હોય છે. આ ભૌતિક અપેક્ષા મુક્તિદ્વેષના કારણે અબાધ્ય હોય તો જ ભવાભિષ્વંગ છે એ વાત આપણે પૂર્વે જોઈ ગયા છીએ.

ક્રિયાને ઉચિત ભાવનું ઉલ્લંઘન એ અનાભોગ છે. આશય એ છે કે ગુરુપૂજનવગેરે અનુષ્ઠાન યોગની પૂર્વસેવારૂપ ક્રિયા છે. તેમ છતાં, અબાધ્યફળાપેક્ષાથી એ સંસારફળક બનતું હોવાથી એવી અપેક્ષા વિપરીત પ્રણિધાનરૂપ છે. બાધ્યફળાપેક્ષા હોય તો પરંપરાએ મુક્તિનું કારણ બનતું હોવાથી એ અનુકૂળ પ્રણિધાનરૂપ છે અને તીવ્રસંવેગ તો અત્યંત અનુકૂળ પ્રણિધાન છે. આમાંનું કોઈ જ પ્રણિધાન ન હોવું એ ક્રિયોચિતભાવના ઉલ્લંઘનરૂપ હોવાથી અનાભોગ છે.

મુક્તિઅદ્વેષ ફળાપેક્ષાને બાધ્ય બનાવે છે... બાધ્યફળાપેક્ષા સદનુષ્ઠાનનો રાગ જન્માવે છે જે અનુષ્ઠાનને તદ્હેતુ બનાવે છે.

ઝળહળતા સંવેગથી કરેલું અનુષ્ઠાન અમરણ=મોક્ષનો હેતુ બનતું હોવાથી અમૃત અનુષ્ઠાન કહેવાય છે.

હવે સૌ પ્રથમ **વિષાનુષ્ઠાન**-'મને લબ્ધિ-કીર્તિ વગેરે પ્રાપ્તિ થાઓ' આવી આલોક સંબંધી ભૌતિક પદાર્થની સ્પૃહાથી થતું અનુષ્ઠાન વિષાનુષ્ઠાન છે, કારણ કે વિષ જેમ તત્કાળ પ્રાણ હરે છે એમ આ અનુષ્ઠાન તત્કાળ સચ્ચિત્તનું મારણ કરે છે.

યોગબિન્દુ ગ્રન્થમાં વિષઅનુષ્ઠાન માટે આમ જણાવ્યું છે- *લબ્ધિ વગેરેની અપેક્ષાથી અનુષ્ઠાન વિષ બને છે. સચ્ચિત્તનું મારણ થતું હોવાના કારણે તેમજ મોટા અનુષ્ઠાનના અલ્પફળની યાચના હોવાથી લઘુતાનું આપાદન થતું હોવાના કારણે આ અનુષ્ઠાન 'વિષ' રૂપ બને છે, એ જાણવું.*

ભૌતિકફળાપેક્ષા બાધ્ય હોય તો અનુષ્ઠાન તદ્દ્હેતુ જે બને છે એ જણાવે છે કે માત્ર ભૌતિકફળાપેક્ષા અનુષ્ઠાનને વિષ-ગર બનાવી શકતી નથી. માટે અહીં બે ઉત્તરહેતુઓ દર્શાવ્યા છે.

પ્રથમ હેતુ છે સચ્ચિત્તનું મારણ-અહીં 'સચ્ચિત્ત' એટલે શું ? એ પ્રથમ વિચારીએ. 'ભૌતિક અપેક્ષા વિનાનું નિરાશંસભાવવાળું ચિત્ત એ સચ્ચિત્ત' આવો અર્થ કરી શકાતો નથી. કારણ કે (૧) અચરમાવર્તમાં આવું ચિત્ત અસંભવિત હોવાથી એનું મારણ પણ અસંભવિત બનવાના કારણે વિષ-ગર અસંભવિત બની જાય. (૨) ગરાનુષ્ઠાનમાં કાળાન્તરે મારણ કહ્યું છે એ પણ અસંગત બની જાય, કારણ કે અનુષ્ઠાનકાળે પણ ભૌતિકઅપેક્ષા તો બેઠી હોવાથી સચ્ચિત્ત ટક્યું જ નથી. (૩) તદ્દ્હેતુમાં પણ આવી અપેક્ષા બેસી હોવાથી સચ્ચિત્ત માની ન શકવાના કારણે 'વિષ' બની જાય. એટલે, 'ધર્મકરણબુદ્ધિથી પ્લાવિત અને ધર્મકરણકાળે તે તે અનુષ્ઠાનને ઉચિત શુભભાવથી પ્લાવિત અંતઃકરણ એ સચ્ચિત્ત' એવો અર્થ સમજવો. જો એનું મારણ થતું હોય તો જ અનુષ્ઠાન વિષ કે ગર બને છે.

આશય એ છે કે આમ તો અચરમાવર્તમાં જીવને ધર્મકરણ બુદ્ધિ=ધર્મ કરવાની બુદ્ધિ જાગતી નથી. છતાં, 'આનાથી મને ઇચ્છિત ધન વગેરે ચીજની પ્રાપ્તિ થશે' એ રીતે ભૌતિક ચીજની પ્રાપ્તિના સાધન તરીકે ધર્મને જોઈને ધર્મ કરવાની ઇચ્છા જાગે છે. આ ધર્મકરણબુદ્ધિથી પ્લાવિત ચિત્ત થયું.. વળી ધર્મ કરતી વખતે તે તે ઉચિત ભાવ રાખવાથી જ ધર્મ પાવરફુલ બનવાના કારણે ઇચ્છિત ચીજ મળી શકે. આવું સમજવાથી એ તે તે શુભભાવ પણ કેળવે છે. એટલે અંતઃકરણ શુભભાવથી પણ પ્લાવિત થયું. આમ એનું સચ્ચિત્ત નિર્માણ પામે છે. આવા સચ્ચિત્તપૂર્વક એ ધર્મ કરે છે જેના પ્રભાવે એને ઇચ્છિતની પ્રાપ્તિ થાય છે. પણ જેવી એ ચીજ મળી જાય છે એટલે તરત એ 'ગરજ સરી વૈદ વેરી' ન્યાયે ધર્મને છોડી દે છે, કારણ કે કોઈપણ ધર્મ કરવા માટે કંઈક ને કંઈક અંશે પણ સંજ્ઞાઓની અટકાયત-વિષયકષાયનો ત્યાગ જરૂરી હોય છે જે એને કોઈ પણ હિસાબે માન્ય હોતા નથી. આમ ધર્મકરણબુદ્ધિનો નાશ એ સચ્ચિત્તનું મારણ છે. હા, કાળાન્તરે બીજી કોઈ ઇચ્છા જાગે ને એના ઉપાય તરીકે અન્ય ધર્મ કરે એ વાત જુદી.

ચરમાવર્તવર્તી જીવ ભૌતિક ઇચ્છાથી ધર્મ કરે છે પણ એની ઇચ્છા 'બાધ્ય' હોવાથી એને પરિણામે ધર્મ પ્રત્યે (સદનુષ્ઠાન પ્રત્યે) રાગ-શ્રદ્ધા-આદર-કૃતજ્ઞભાવ પેદા થાય છે. એટલે કામ સરી ગયું હોવા છતાં ધર્મ કરવાની ઇચ્છા સરી જતી નથી. આમ ધર્મકરણ ઇચ્છા ઊભી રહેતી હોવાથી સચ્ચિત્તનું મારણ કહી શકાતું ન હોવાના કારણે એનું અનુષ્ઠાન વિષ-ગર ન બનતાં તદ્હેતુ બને છે. વળી કાળાન્તરે બીજી કોઈ ભૌતિક ઇચ્છા પેદા થાય. એટલે એના ઉપાય તરીકે એ અન્ય ધર્મ કરે છે. એમાં પણ ભૌતિક અપેક્ષા તો 'બાધ્ય' જ હોય છે, કારણ કે ચરમાવર્તવર્તી હોવાથી મુક્તિદ્વેષ હોતો નથી. એટલે ફરીથી સદનુષ્ઠાન રાગ વગેરે થાય છે. આ સદનુષ્ઠાન રાગ તથા

સમજણ-સત્ત્વ-વૈરાગ્ય પૂર્તિ વગેરે કારણે ભૌતિક અપેક્ષા કંઈક ને કંઈક પણ બાધા પામતી હોવાથી ક્રમશઃ ઘટતી જાય છે. એટલે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય પછી પણ એ કાંઈ અનુષ્ઠાન છોડી દેતો નથી.

વળી, પચ્ચક્ખાણઅષ્ટકમાં *દ્રવ્યપચ્ચક્ખાણ શું સર્વથા નિરર્થક છે ?* આવો પ્રશ્ન ઊઠાવી એના જવાબમાં કહ્યું છે કે - *ભૌતિક અપેક્ષાથી કરાતું પચ્ચક્ખાણ દ્રવ્ય પચ્ચક્ખાણ રૂપ હોવા છતાં જો 'મારા શ્રી જિનેશ્વર ભગવંતે કહેલું આ પચ્ચક્ખાણ છે', એવી સદ્ભક્તિ એમાં ભળેલી હોય તો એનું દ્રવ્યપણું (=ભૌતિક અપેક્ષા વગેરે) બાધ્યમાન હોય છે, અને તેથી એ ભાવ પચ્ચક્ખાણનું કારણ બનતું હોવાથી નિરર્થક નથી.* ઇચ્છિતની પ્રાપ્તિ થવા પર એને પચ્ચક્ખાણ બતાવનાર પ્રભુ પર વિશેષ ભક્તિ જાગે છે. આમ ઇષ્ટ પ્રાપ્તિ થવા પર એના સદ્ભક્તિ- સદનુષ્ઠાન રાગ વધે છે અને તેથી હવે, ભક્તિ વધી હશે અને ભૌતિક અપેક્ષા પૂર્વ કરતાં કંઈક પણ મંદ પડેલી હશે. એટલે એ હવે પુનઃ અનુષ્ઠાન કરશે ત્યારે સદનુષ્ઠાનરાગ-ભક્તિ વગેરે ઓર વધશે અને અપેક્ષા ઓર વધારે બાધા પામશે. એમ કરતાં કરતાં એક ભૂમિકા એવી સર્જાશે કે જ્યારે ભૌતિક અપેક્ષા બિલકુલ બાધિત થઈ ગઈ હશે અને હવે નિરાશંસભાવથી અનુષ્ઠાન થશે જે ભાવઅનુષ્ઠાન છે.

એટલે જ સૌભાગ્ય વગેરે ફળની ઇચ્છાથી દેવતાના ઉદ્દેશથી કરાતા રોહિણી તપ વગેરે માટે તપપંચાશકમાં આમ કહ્યું છે કે *'પહેલાં ભલે કર્મક્ષયનો ઉદ્દેશ નથી... પણ તપના અભ્યાસથી પછી એ કર્મક્ષયના ઉદ્દેશથી તપ કરતો થાય છે.'*

આમ, ભૌતિકઅપેક્ષાને મોળી પાડીને અનુષ્ઠાનને નિરભિ-ષ્વંગ બનાવનાર ત્રણ બાબતો મળી. (૧) પ્રસ્તુત નિરૂપણ મુજબ સદનુષ્ઠાનરાગ. (૨) પચ્ચક્ખાણઅષ્ટક મુજબ 'મારા ભગવાને કહેલું

અનુષ્ઠાન છે' આવી સદ્ભક્તિ અને (૩) પંચાશકગ્રન્થ મુજબ અભ્યાસ = અનુષ્ઠાનને વારંવાર કરવું એ.

અચરમાવર્તવર્તી જીવને આ કશું સંભવતું નથી. કારણ કે મુક્તિદ્વેષના પ્રભાવે એની ઇચ્છા અબાધ્ય હોય છે. 'અબાધ્ય' એટલે? ગમે એટલી વાર-વારંવાર ધર્માનુષ્ઠાન કરે તો પણ એ અનુષ્ઠાન એની ભૌતિક ઇચ્છાને અંશમાત્ર પણ બાધા પહોંચાડી શકતું નથી, અંશમાત્ર પણ મોળી પાડી શકતું નથી. એટલે અનંતકાળમાં અનંતીવાર ધર્મ કરવા છતાં એને ભૌતિક અપેક્ષા એવી ને એવી અકબંધ- ગાઢ બની રહેલી હોય છે. તેથી નિરભિષ્વંગ અનુષ્ઠાન માટેની અંશમાત્ર પણ ભૂમિકા સર્જાતી ન હોવાથી એનું અનુષ્ઠાન તદ્હેતુ બની શકતું નથી. વળી એને જેમ મુક્તિ પ્રત્યે દ્વેષ છે એમ અંદરખાને તો મુક્તિના ઉપાયભૂત આ અનુષ્ઠાન પ્રત્યે પણ દ્વેષ જ હોય છે. સપનામાં પણ એનું નામ પડે ને ભડકી ઊઠે એવી એલર્જી હોય છે. કારણ કે અનુષ્ઠાન કરવામાં તો પોતે સુખના આધાર તરીકે સર્વેસર્વારૂપે માની લીધેલા વિષયાદિને છોડવા પડતા હોય છે.

**પ્રશ્ન :** તો પછી એ અનુષ્ઠાન શા માટે કરે ?

**ઉત્તર :** આ કડવી દવા જેવું છે. દર્દીને એ દીઠી રુચતી નથી. છતાં બાહ્ય દૃષ્ટિએ જુઓ તો-સમય થાય એટલે એ જ સામેથી દવા માગશે.. ભારે કાળજીપૂર્વક લેશે.. એના માટે હજારો રૂપિયા ખર્ચશે... કોઈક એને આઘીપાછી કરે તો એના પર ગુસ્સે થઈ જશે.. આ બધું હોવા છતાં અંદર ? અંદર એ જ ભારે અણગમો... એટલે જેવી પ્રતીતિ થાય કે 'રોગ મટી ગયો, હવે દવા જરૂરી નથી.' એટલે તરત જ છોડી દેશે. બસ આવું જ અચરમાવર્તવર્તી જીવને ધર્માનુષ્ઠાન માટે છે. 'સ્વઇચ્છિત ભૌતિકચીજનો આ જ સરળ-સબળ ઉપાય છે' એવી પ્રતીતિ થવા પર કડવી દવાની જેમ એ ધર્મનું સેવન કરે છે. એનાથી ઇચ્છિતની પ્રાપ્તિ પણ થાય છે, છતાં અચરમાવર્તકાળનો

પ્રભાવ જુઓ. એને ક્યારેય આ દવા બતાવનાર (શ્રીઅરિહંત-ભગવાન) પર, કે આ દવા પોતાને આપનાર (ગુરુભગવંત)પર અકૃત્રિમ ભક્તિ અંશમાત્ર ઊછળતી નથી. એમ એ દવામાં એને ક્યારેય મધુરતા ભાસતી નથી.. એમાં સતત કડવાશ.. કડવાશ.. ને કડવાશ જોયા કરનારા એને, ધર્મ પર અંદરખાને દ્વેષ જ ઉભરાયા કરે છે જે એના અનુષ્ઠાનને વિષ-ગર બનાવ્યા કરે છે.

અલબત્ ચરમાવર્તવર્તી જીવને પણ પ્રારંભે ધર્મ કંઈ ગમતો નથી, કારણ કે અનંતકાળથી અભ્યસ્ત થયેલ વિષય-કષાય અને સંજ્ઞાઓની સામે પડવું એ અતિઅતિ કઠિન છે. એટલે ચરમાવર્તના પ્રભાવે અંદરખાને મુક્તિ પ્રત્યે-મુકિતના ઉપાયભૂત ધર્મ પ્રત્યે અદ્વેષ હોવા છતાં બહારથી અણગમો પ્રવર્તે છે ને તેથી કડવાશનાં દર્શન હોય છે. તેમ છતાં કડવી દવાની જેમ, ઇચ્છિતની પ્રાપ્તિ માટે એ પણ ધર્મને સેવે છે. પણ અંદર રહેલા અદ્વેષનો પ્રભાવ જુઓ.. ધર્મના આ સેવનથી તથા એનાથી થયેલ ઇચ્છિતની પ્રાપ્તિથી, ધર્મમાં ભલે અતિઅલ્પ.. છતાં કંઈક પણ મધુરતાનાં એને દર્શન થાય છે ને તેથી એટલે અંશે ધર્મપ્રત્યે અણગમો ખસી 'ગમો' ઊભો થાય છે.. પુનઃ પુનઃ ધર્મ સેવવા પર આ ગમાનું પ્રમાણ વધતું જાય છે. અને પછી પૂર્વે જણાવ્યું એમ ક્રમશઃ નિરભિષ્વંગ-અમૃતઅનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. માટે ચરમાવર્તમાં અનુષ્ઠાન પ્રત્યે રાગ પ્રગટે છે, સચ્ચિત્તનું મારણ થતું નથી, એટલે અનુષ્ઠાન તદ્દહેતુ બને છે.

અનુષ્ઠાનને વિષ બનાવનાર બે ઉત્તરહેતુઓમાંના પ્રથમ સચ્ચિત્તનું મારણ હેતુનો વિચાર કર્યો. આ અંગેનો બીજો કેટલોક વિચાર તથા બીજા હેતુ લઘુત્વ આપાદનનો વિચાર હવે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૭૭

પાંચ અનુષ્ઠાનમાંના પ્રથમ વિષાનુષ્ઠાનને આપણે વિચારી રહ્યા છીએ. એના બે ઉત્તરહેતુઓમાંના પ્રથમ સચ્ચિત્તનું મારણ હેતુને આપણે વિચારી રહ્યા છીએ. એમાં ધર્મકરણબુદ્ધિથી પ્લાવિત અંતઃકરણ એ સચ્ચિત્ત છે. ચરમાવર્તમાં જીવ ભલે ભૌતિક અપેક્ષાથી અનુષ્ઠાન કરે છે, છતાં અંદર રહેલા મુક્તિઅદ્વેષના કારણે, સદનુષ્ઠાનરાગ, 'જિનોક્ત' એવી સદ્‌ભક્તિ અને ફરી ફરી અનુષ્ઠાન કરવારૂપ અભ્યાસ.. આ ત્રણના પ્રભાવે એની ભૌતિક અપેક્ષા મોળી પડતી જાય છે અને ક્રમશઃ જીવ નિરાશંસભાવનું ભાવઅનુષ્ઠાન પામે છે એ આપણે ગયા લેખમાં જોયેલું.

એટલે જ ગીતાર્થ ગુરુની ફરજ એ છે કે ભલેને કોઈક જીવ ભૌતિક અપેક્ષાપૂર્વક ધર્મમાં જોડાવાની ગણતરીથી આવ્યો છે, એની 'જિનોક્ત' એવી સદ્‌ભક્તિ વધે, સદનુષ્ઠાનનો રાગ વધે.. અને વારંવાર ધર્માનુષ્ઠાન કરવા પ્રેરાય.. (અનુષ્ઠાનનો અભ્યાસ વધારે) એવો એને ઉપદેશ આપવો. આ જ કારણ છે કે જેઓને ધર્મમાં નવા જોડવાના હોય કે જોડાયેલા હોય એને સ્થિર કરવાના હોય એવા જીવોને માત્ર ધર્મનો મહિમા ગાતી જ વાતો કરવામાં આવે છે... આમાં ક્યાંય નિરાશંસભાવની કે તપશ્ચર્યા વગેરે રૂપ અનુષ્ઠાન પણ 'વિષ' બની શકે છે એવી વાતો કરાતી નથી. કારણ કે 'જિનોક્ત અનુષ્ઠાન પણ વિષ હોઈ શકે' 'અર્થ-કામની ઇચ્છાથી કરાતો ધર્મ ભૂંડો છે - સંસાર વધારનાર છે' આવી વાતો 'જિનોક્ત' એવી સદ્‌ભક્તિને વધારનાર નહીં, બલ્કે ઘટાડનાર છે. એમ 'તપવગેરે સદનુષ્ઠાન પણ વિષ હોઈ શકે' આવી વાત સદનુષ્ઠાનનો રાગ ઘટાડનાર છે. વધારનાર નહીં. અને તેથી એ સદનુષ્ઠાનના આચરણને

પણ અટકાવનાર હોવાથી સદનુષ્ઠાનના અભ્યાસને પણ ઘટાડનાર છે, વધારનાર નહીં. માટે જ વિષાનુષ્ઠાન વગેરેની વાતો જે યોગગ્રન્થોમાં આવે છે તેના અધિકારી તરીકે સદ્ધર્મ આચારોને અસ્થિમજ્જા જેવા બનાવી ચૂકેલા કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી જીવોને જ કહ્યા છે, તદન્યને નહીં.

પણ આ ભૂમિકાને નહીં પામેલા જીવો તો વિષાનુષ્ઠાનાદિની વાત સાંભળીને ધર્મને જ ત્યાજય માની બેસે છે. આવું આજે જોવા મળે જ છે ને કે 'ગમે તેટલી ભૌતિક આવશ્યકતા ઊભી થઈ હોય તો પણ ભગવાન પાસે તો ન જ મગાય... એ માટે ભગવદ્ ભક્તિ વગેરે તો ન જ કરાય.. એ તો વિષાનુષ્ઠાન થાય. આવી ભ્રાન્તિ ફેલાયેલી હોવાના કારણે, અચિન્ત્યચિન્તામણિતુલ્ય શ્રી અરિહંત પરમાત્માને પામેલા એવા પણ કેટલાક જૈનો ભૌતિક આવશ્યકતાઓ ઊભી થઈ હોય તો ભગવાનને છોડીને રાગ-દ્વેષમાં અટવાતા અન્ય દેવ-દેવીની ઉપાસનામાં લાગી જાય છે. આનું એક મહત્ત્વનું કારણ એ છે કે કેટલાક વક્તાઓએ અનધિકારી જીવો સમક્ષ પણ આ બધી વાતો જોરશોરથી કરવા માંડી. નિશ્ચયની વાતો... મોક્ષની વાતો... સોજ્જી ને સુફિયાણી તો લાગે જ. વળી એમાં, વક્તાને 'અમે સૂક્ષ્મતત્ત્વચિંતન કરનારા, નિશ્ચય-વ્યવહારને ચર્ચનારા, પરિણતિ સુધી પહોંચનારા, ઊંચી વાતો કરનારા...' આવી બધી રીતે અહંકારનું પોષણ થતું હોવાથી અને શ્રોતાને પણ 'અમે ઊંચી વાતો સાંભળનારા.. બીજા બધા તો હજુ એકડિયા ક્લાસમાં છે'.. એ રીતે અહંકારનું પોષણ થતું હોવાથી, તથા 'કદાચ તપ-ત્યાગ ક્રિયા નહીં થાય તો ચાલશે... એ તો વ્યવહાર છે. આશય સુધારો-પરિણતિ સુધારો..' આવી વાતમાં કશું છોડવાનું ન રહેવાથી આવી વાતો ગમે જ. એટલે એનો પ્રચાર ચાલ્યો જેનું ઉપર કહેલું દુષ્પરિણામ આવ્યું.

એક વાત ખાસ સમજવા જેવી છે કે સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનાં યોગવિષયક વચનો અંગે પણ '**अविगप्पेण तहक्कारो**' *વિના વિકલ્પે તહત્તિ જ કરવાની હોય.* પણ એમાં જ આખું જૈનશાસન આવી ગયું છે એવું માની લેવું એ તો દ્વાદશાંગીના અર્થથી ઉદ્ગાતા શ્રીતીર્થંકર ભગવંતો, સૂત્રરચયિતા શ્રીગણધરદેવો, ને એમની પરંપરામાં થયેલા પ્રકરણાદિ અનેકવિધ ગ્રન્થોના સર્જક સેંકડો ગીતાર્થ મહાત્માઓ.. એ બધાનો અપલાપ કરવા બરાબર છે. દ્વાદશાંગીનો કે એને અનુસરીને રચાયેલા અન્ય ગ્રન્થોનો વિરોધ થાય એ રીતે તો કોઈ ગ્રન્થપંક્તિઓનો અર્થ કરી ન જ શકાય. આખા જૈન વાઙ્મયમાં 'ભૌતિક અપેક્ષા ઊભી થઈ છે ? તો એની સફળતા માટે ધર્મ તો ન જ કરાય..' આવું એક પણ વાક્ય મળતું નથી.. ભૌતિક અપેક્ષાથી ધર્મ કરી રહેલા જીવને ગીતાર્થ મહાત્મા વારી રહ્યા હોય, એને ધર્મ કરતો અટકાવ્યો હોય... આવું એકેય દૃષ્ટાન્ત મળતું નથી.. (હા, ધર્મમાં પાછળથી જોડેલી ભૌતિક અપેક્ષા વારવાનો પ્રયાસ કર્યો હોય એવું દૃષ્ટાન્ત મળશે... જેમ કે ચિત્રમુનિએ સંભૂતિમુનિને સ્ત્રીરત્નની ઇચ્છા છોડી દેવા ઘણું સમજાવ્યા. પણ તેઓ એ ઇચ્છા છોડવા તૈયાર ન જ થયા.. ત્યારે પણ અનશન છોડી દેવાની સલાહ આપી નથી ..) ઉપરથી કોઈ ભૌતિક અપેક્ષાનો ઉપાય પૂછવા આવ્યું હોય ત્યારે ગીતાર્થ મહાત્માએ એ માટે પણ એને ધર્મ જ કરવાનો ઉપદેશ આપ્યો હોય એવાં ઢગલાબંધ દૃષ્ટાન્તો મળે છે.. તથા *'જો તમે ધનઋદ્ધિને ઇચ્છો છો તો તમે પ્રભુપૂજા કરો...'* આવાં ઢગલાબંધ ઉપદેશવચનો મળે છે.. આવા આખા શ્રુતસાગરનો વિરોધ થાય એ રીતે યોગગ્રન્થોનાં વચનોનું વિવેચન કરવું એ કોઈ પણ સુજ્ઞને માન્ય ન જ ઠરે.

આ વાત સર્વત્ર સમજી રાખવા જેવી છે કે સરેરાશ શ્રોતાઓને ત્યાજ્ય ચીજ અત્યાજ્ય ભાસે કે અત્યાજ્ય ચીજ ત્યાજ્ય ભાસે એ

રીતે કરાતું નિરૂપણ શ્રી જૈનશાસનની દેશના પદ્ધતિથી વિરુદ્ધ છે. જેઓને વ્યવહારની ધૂન લાગી ગઈ છે પણ નિશ્ચય તરફ નજર સુધ્ધાં નાખતા નથી એવા જીવોને નિશ્ચય કેળવવા તરફ પણ તેઓ લક્ષ્ય આપે એ માટે નિશ્ચયની મહત્તા જોરશોરથી દર્શાવવામાં આવે.. અરે, 'નિશ્ચય તરફ લક્ષ્ય પણ ન હોય એનો વ્યવહાર નિષ્ફળ છે..' વગેરે પણ કહેવામાં આવે.. એ બધું વ્યવહારની ત્યાજ્યતા જણાવવા નથી હોતું, માત્ર નિશ્ચય પર જોર આપવા માટે હોય છે. નિશ્ચયનું જે વર્ણન વ્યવહારમાં ત્યાજ્યતાની પ્રતીતિ કરાવે એ વસ્તુતઃ નિશ્ચય નથી, પણ નિશ્ચયાભાસ છે. એ જ રીતે કોરા નિશ્ચયની વાતો કર્યા કરનારા સમક્ષ વ્યવહારની જોરદાર પ્રતિષ્ઠા કરવી પડે. પણ એ, જો એ રીતે થાય કે જેથી શ્રોતા નિશ્ચયને ત્યાજ્ય માનતો થઈ જાય, તો એ પણ સાચો વ્યવહાર નથી, પણ વ્યવહારાભાસ છે.

ચા માટે દૂધ-પાણી સાથે ચાની પત્તી પણ જોઈએ ને સાકર પણ જોઈએ. ચાની પત્તી ભેગી કર્યા કરે, પણ ચા બનતી નથી, (કારણ કે સાકર હાજર કરી નથી.) એટલે 'ચાની પત્તી ઓછી પડી લાગે છે' એમ સમજી ચાની પત્તી વધાર્યા કરે તે યાવત્ ડબ્બાના ડબ્બા ભરાય એટલી ભેગી કરે.. પણ સાકરની એક ચમચી પણ ન લાવે.. એ ચા પામી શકવાનો નથી. આવા જીવને સાકરની આવશ્યકતા પર ભાર આપવા માટે આવું પણ ક્યારેક કહેવામાં આવે કે જેની પાસે એક ચમચી સાકર પણ નથી એની ડબ્બાઓ ભરેલી ચાની પત્તી પણ નકામી છે, ઉપરથી એકલી પત્તી ભેગી કરવી-જાળવી રાખવી.. વગેરેનો પરિશ્રમ આપવારૂપ નુકસાનકારક છે.. વગેરે વગેરે.. તો આ વાતો 'ચા માટે ચાની પત્તીની કશી જરૂર નથી. એ ફેંકી દેવી જોઈએ..' વગેરે જણાવવા માટે નથી હોતી.. પણ સાકરની આવશ્યકતા જણાવવા માટે જ હોય છે, કારણ કે જેમ સાકર વિના ચા નથી બની શકતી એમ પત્તી વિના પણ બની શકતી નથી જ.

આવું વ્યવહાર અને નિશ્ચય... ક્રિયા અને ભાવ.. અનુષ્ઠાન અને આશય... અનુષ્ઠાન અને વિધિ.. વગેરે અંગે જાણવું જોઈએ. અસ્તુ...

યોગબિન્દુ ગ્રન્થમાં અનુષ્ઠાનને 'વિષ' બનાવનાર બીજા ઉત્તરહેતુ તરીકે લઘુત્વનું આપાદન કહ્યું છે. ઠેઠ મોક્ષ સુધીનું મહાન ફળ આપનાર મહાન અનુષ્ઠાનનું અર્થ-કામરૂપ અત્યલ્પફળ માગવાથી અનુષ્ઠાનનું અવમૂલ્યન થવું એ લઘુત્વનું આપાદન છે.

**પ્રશ્ન :** તો તો પછી અર્થ-કામની ઇચ્છાથી જીવ જે પ્રભુભક્તિ વગેરે કરશે એમાં પણ લઘુત્વઆપાદન થશે જ, કારણ કે એ પ્રભુભક્તિ વગેરે પણ મોક્ષાત્મક મહાન ફળને આપવા સમર્થ તો છે જ ને ! (અને જો લઘુત્વઆપાદન થશે તો અનુષ્ઠાન 'વિષ' બની જશે.)

**ઉત્તર :** જેને અર્થ-કામની ઇચ્છા જાગી છે એ *'જિનભક્તે જે નવિ થયું તે બીજાથી નવિ થાય રે...'* વગેરેરૂપ પ્રબળ શ્રદ્ધાથી, તે ઇચ્છાની સફળતાના બીજા ઉપાયો કરતાં પણ પ્રભુભક્તિ વગેરેને પ્રબળ ઉપાયરૂપ માને છે ને આચરે છે એ તો જિનભક્તિ વગેરેરૂપ ધર્મની લઘુતા કરતો નથી, પણ ઉપરથી ગૌરવ કરે છે, પછી લઘુત્વાપાદન - વિષ ક્યાં રહ્યું ?

**પ્રશ્ન :** પણ આ રીતના ધર્મને નિયાણું ન કહેવાય ?

**ઉત્તર :** નિયાણાંની વ્યાખ્યા સમજવાથી આવો કોઈ પ્રશ્ન ઊભો નહીં થાય. **ચૈત્યવંદન મહાભાષ્યમાં** કહ્યું છે કે - *જેણે સારી રીતે સુધર્મ કર્યો છે, તે પછી એ ધર્મના બદલામાં ભવોભવ ભોગવવા માટે શબ્દાદિ વિષયો માગી લે તો એ ભોગનિયાણું જાણવું.* (૮૫૯)

**સંવેગરંગશાળામાં** કહ્યું છે કે *સંયમ શિખરે આરૂઢ થયેલો, દુષ્કરતપકારક અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવો પણ જે આત્મા*

*પરીષહથી પરાભવ પામ્યો હોવાના કારણે, અજોડ એવા શિવસુખની અવગણના કરીને અત્યંત તુચ્છ વિષયસુખ માટે આ પ્રમાણે નિયાણું કરે છે. તે કાચમણિ માટે વૈડુર્યમણિનો નાશ કરે છે.* (૯૧૪૦-૯૧૪૧)

આ બધામાં સ્પષ્ટ છે કે પહેલાં નિરાશંસભાવે સુંદર ધર્મ કર્યો હોય ને પછી એના બદલામાં ભૌતિક સુખ માગી લેવાનું હોય તો નિયાણું કહેવાય છે. પણ ભૌતિક ઇચ્છા પહેલાં જાગી ગઈ છે ને પછી એના ઉપાય તરીકે ધર્મઆચરણ હોય તો નિયાણું નથી.

**પ્રશ્ન :** ઇચ્છા ધર્મઆચરણની પૂર્વે હોય કે પછી, શું ફેર પડે છે?

**ઉત્તર :** ઘણો. કશું ન કમાનારો લાખ રૂ. કમાય એ પ્રગતિ છે. પણ પ્રતિવર્ષ પાંચ લાખ કમાનારો એ વર્ષે લાખ કમાય તો પીછેહેઠ છે. એમ પ્રથમ નિરાશંસભાવે ધર્મ કરનારો પછી ભૌતિક ઇચ્છામાં પડે તો એ પીછેહઠ હોવાથી નિયાણું છે. પણ જેને ભૌતિક ઇચ્છા ઊભી થઈ જ ગયેલી છે એ હવે, *'અર્થ-કામના ઇચ્છુકે પણ ધર્મ જ કરવો જોઈએ'* એવા શાસ્ત્રવચનને અનુસરીને શ્રદ્ધાપૂર્વક ધર્મ કરી રહ્યો છે તો એ પ્રગતિરૂપ હોવાથી નિયાણું નથી. નહીંતર તો, નીચે જણાવ્યું છે એમાં 'પૂર્વાચાર્યોએ નિયાણાંનો ઉપદેશ આપ્યો છે' એવો આરોપ મૂકવો પડે. જેમ કે-

શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની અર્થદીપિકા વૃત્તિમાં બે મિત્રોની વાત આવે છે- એક મિત્ર 'ગુણાકર' એવા યથાર્થ નામવાળો છે. બીજો માત્ર નામથી 'ગુણધર' છે, બાકી તુચ્છવૃત્તિવાળો છે. બંને ઇષ્ટસંપત્તિ મેળવવા નીકળ્યા છે. વચ્ચે ગીતાર્થ ગુરુનો યોગ થયો. ગુણાકર એમને નમસ્કાર કરીને ઇચ્છિતસંપત્તિ પામવાનો ઉપાય પૂછે છે. ત્યારે ગીતાર્થ ગુરુ જવાબ આપે છે- *'જેમ બીજ ફળનું મુખ્ય કારણ છે અને જળસિંચન વગેરે સહકારી કારણો છે એમ ધર્મ ધન વગેરેનું મુખ્ય*

*કારણ છે અને સાહસ, વ્યાપાર વગેરે સહકારી કારણો છે જે ક્યારેક નિષ્ફળ પણ જાય છે.'* વળી આગળ પણ ત્યાં ગુરુએ કહ્યું છે- *ખરેખર કાર્યના અર્થીએ કારણમાં જ પ્રયત્ન કરવો જોઈએ. એટલે ધન વગેરેના અર્થીએ એના કારણભૂત ધર્મ કરવો જોઈએ. ધનના અર્થીએ વિશેષ પ્રકારે સુપાત્રદાનાદિરૂપ ધર્મ કરવો જોઈએ, કેમ કે ક્યાંય પણ ન આપેલી ચીજ મળતી નથી કે ન વાવેલી ચીજ લણી શકાતી નથી.*

મનોરમા કથાના અધિકારમાં આચાર્યશ્રી પ્રિયંકરસૂરિ મહારાજે સમુદ્રદત્ત સહિતના નગરલોકો સમક્ષ ઉપદેશ આપ્યો છે કે- *જો તમે ધનઋદ્ધિને ઈચ્છો છો, જો તમે ગુણપ્રાપ્તિને ઈચ્છો છો, જો તમે જગતમાં સુપ્રસિદ્ધિને ઈચ્છો છો તો શ્રી જિનેશ્વરદેવોની પ્રતિમાઓની સુગંધી દ્રવ્યો વડે ગંધ પૂજા કરો.*

આવા તો અન્ય પણ ધમ્મિલ વગેરેનાં ઢગલાબંધ દૃષ્ટાંતો છે. શું આ બધા પૂર્વાચાર્યોએ આ નિયાણું કરવાનું કહ્યું છે ? વળી આ અધિકારો પરથી આ પણ નિશ્ચિત થાય છે કે-

-'આ અર્થ-કામનો ઉપદેશ છે' એમ કહી ન શકાય, કેમ કે એ તો ત્યાજ્ય છે. પણ આ, અર્થ-કામના ઉપાય તરીકે ધર્મ કરવાનો ઉપદેશ છે, જે ત્યાજ્ય નથી. જો એ ઉપદેશ ત્યાજ્ય હોત તો પૂર્વાચાર્યોએ આપ્યો જ ન હોત.

-કોઈ અર્થ-કામનો ઉપાય પૂછવા આવે ત્યારે સાધુઓએ 'આ ઉપાય અમને ન પુછાય' એવું જણાવવું જોઈએ, અથવા 'મૌન રહેવું જોઈએ' અથવા 'એ ઉપાય તરીકે ધર્મ તો ન જ દર્શાવાય' વગેરે વાતો શાસ્ત્રાનુસારી નથી.

-'આવી વાતો વ્યક્તિગત યોગ્યને કહી શકાય, સભા સમક્ષ ન કહેવાય' વગેરે વાત પણ શાસ્ત્રીય નથી, કારણ કે સમુદ્રદત્તની સાથે નગરજનો પણ બેસેલા જ છે.

**પ્રશ્ન :** 'અર્થ-કામની ઈચ્છાથી પણ ધર્મ જ કરવો જોઈએ' આવા ઉપદેશવચનને અનુસરીને કોઈ ધર્મ કરે, એના પ્રભાવે એને અર્થ-કામ મળી ગયા. તો પછી અર્થ-કામ મેળવવાથી એ વધારે પાપ કરશે ને વધારે દુઃખી થશે ને ?

**ઉત્તર :** તો તો નિરાશંસભાવે પણ ધર્મ ન જ કરવો જોઈએ. કારણ કે એનાથી મળનારી સામગ્રી અર્થ-કામની ઈચ્છાથી કરેલા ધર્મથી મળનારી સામગ્રી કરતાં બેશક ઘણી જ વધારે હોવાથી વધારે પાપ કરાવશે.

**પ્રશ્ન :** એ ધર્મમાં મલિન આશય ન હોવાથી સામગ્રી વધારે હોવા છતાં પાપ વધતા નથી.

**ઉત્તર :** ધનની આવશ્યકતાવાળા આદમીને એવા ઉપાય તરીકે દાણચોરી, અનીતિ, વેપાર, નોકરી, લોટરી વગેરે જેમ ભાસે છે એમ *'ધર્મ ધન વગેરેનું અમોઘ કારણ છે'* વગેરે જણાવનાર શાસ્ત્રવચનથી ધર્મ પણ ભાસે છે. પછી એ વિચારે છે 'મારે બીજો વિચાર શું કરવાનો? પ્રભુભક્તિ જ સર્વશ્રેષ્ઠ છે, એનાથી જ બધી ઈષ્ટ પ્રાપ્તિ થાય છે. માટે હું તો પ્રભુભક્તિ જ કરીશ.' આવી સચોટ શ્રદ્ધા સાથે પ્રભુભક્તિ કરે તો એમાં મલિન આશય શી રીતે ? ગ્રન્થકારે સમ્યક્ત્વની ૬૭ બોલની સજ્ઝાયમાં કહ્યું છે કે- *'જિનભક્તે જે નવિ થયું તે બીજાથી નહિ થાય રે, એવું જે મુખે ભાખવું તે વચનશુદ્ધિ કહેવાય રે...'* આ જો વચનશુદ્ધિ છે તો ઉપર કહેલી વિચારધારાને અશુદ્ધિ કહી શકાય નહીં, પણ ઉપરથી મનની શુદ્ધિ-નિર્મળ આશય જ કહેવો પડે.

બાકી, ગુરુભગવંત જેને ઉપદેશ આપે છે એ ચરમાવર્તમાં-અપુનર્બન્ધક તો છે જ, કારણ કે ભવાભિનંદી જીવને તો ઉપદેશ આપવાનો હોતો નથી. અને ચરમાવર્તમાં તો ફળાપેક્ષા બાધ્ય હોવાથી

અનુષ્ઠાન તદ્દહેતુ બનતું હોવાથી ઉપાદેય જ છે. જ્યારે જ્ઞાની ભગવંતો આ પ્રમાણે કહેતા હોય ત્યારે આપણે એમના કરતાં વધારે ડાહ્યા થવાની શી જરૂર ? મૂળ વાત એ છે કે આપણે શાસ્ત્રવચનોને અનુસરવું છે કે આપણી બુદ્ધિને ? જો શાસ્ત્રવચનોને અનુસરવું હોય તો 'अर्थकामाभिलाषिणापि धर्मे एव यतितव्यम्' *'અર્થકામના અભિલાષીએ પણ ધર્મ જ કરવો જોઈએ'* આવાં ઢગલાબંધ શાસ્ત્રવચનોને અનુસરનારને ખોટા શી રીતે કહેવાય ? જે વાત સંસ્કૃત- પ્રાકૃતમાં કહી શકાય એનો અક્ષરશઃ તરજુમો કરીને ગુજરાતીમાં કહેવું હોય તો એ ન કહી શકાય - એ શાસ્ત્રવિરુદ્ધ આ કઈ બુદ્ધિમત્તા ?

**પ્રશ્ન :** અર્થ-કામનો ઇચ્છુક એનો ઉપાય પૂછવા આવે તો ગુરુભગવંતે એની એ ઇચ્છા જ દૂર થઈ જાય એવો ઉપદેશ ન આપવો જોઈએ ?

**ઉત્તર :** આપી શકાય.. પણ ગ્રન્થકાર ખુદ આગળ ર૩મી ગાથાની વૃત્તિમાં इत्थमेव मार्गानुसरणोपपत्तेः કહેવાના છે જેનો અર્થ છે, *સૌભાગ્યાદિ ફળની ઇચ્છાવાળાને એ ઇચ્છાથી રોહિણીતપ વગેરેમાં જોડવા દ્વારા જ એ જીવો માર્ગને અનુસરનારા બને એ વાત સંગત થાય છે.* આમાં વાપરેલો 'જ'કાર 'એને ઇચ્છા છોડી દેવાના ઉપદેશથી માર્ગાનુસરણ શક્ય નથી' આવો વ્યવચ્છેદ શું નથી જણાવતો ? એમાં કારણ એ જણાય છે કે એ ભૂમિકામાં ભૌતિક ઇચ્છાને દૂર કરવી એ અતિ અતિકઠિન હોય છે. 'હવે મને ઇચ્છા નથી રહી' એવું કોઈ કહે તો એ માત્ર હોઠની વાત હોય, હૈયાની નહીં.. આવી સંભાવના પૂરેપૂરી હોય છે.

'ધર્મ શા માટે કરવો ? મોક્ષ માટે જ...' 'અર્થ-કામ માટે શું કરવું ? ધર્મ જ..' આવાં વાક્યો વચ્ચે પરસ્પર કોઈ વિરોધ નથી. 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ' આ શાસ્ત્રવચનમાં 'પણ' અને 'જ' રહેલા છે. જે બહુ મહત્ત્વના છે. આ બધી વાતો, આ અંગે

ઊઠતા-ઉઠાવવામાં આવતા વિવિધ પ્રશ્નોના શાસ્ત્રાનુસારી તર્ક-સંગત સમાધાનો વગેરે માટે મારાં બે પુસ્તકો **તત્ત્વાવલોકન સમીક્ષા** અને **તત્ત્વનિર્ણય**... આ બેનું અવગાહન કરવા ખાસ ભલામણ છે.

'અર્થ-કામ માટે **પણ** ધર્મ જ કરવો જોઈએ' આવા શાસ્ત્રીય ઉપદેશમાં રહેલા 'પણ' શબ્દનું અને 'જ' શબ્દનું મહત્ત્વ જાણી લઈએ. જેમ 'ઘાસ માટે પણ ખેતી જ કરવી જોઈએ.' આ વાક્યમાં રહેલ 'પણ' શબ્દ, 'ધાન્ય માટે તો ખેતી કરવી જ જોઈએ...' આ વાતને ખેંચી લાવે છે અને 'આ વાત મુખ્ય છે, ઘાસ માટેની વાત ગૌણ છે' એવો અર્થ ધ્વનિત કરે છે. એમ પ્રસ્તુતમાં 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ' આ વાક્યમાં રહેલ 'પણ' શબ્દ 'મોક્ષ માટે તો ધર્મ જ કરવો જોઈએ, પણ અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ' એવું ધ્વનિત કરે છે. અને એમાં મોક્ષ અંગેની વાત મુખ્ય છે, અર્થ-કામ અંગેની વાત ગૌણ છે.. એવું સૂચિત કરે છે. એટલે આ 'પણ' જરૂરી છે જ.

હવે 'જ'કારનું પ્રયોજન વિચારીએ. 'સીતા રામની પત્ની હતી', 'દ્રૌપદી યુધિષ્ઠિરની પત્ની હતી'. આ બે વાક્યોનો કોઈ વિરોધ નહીં કરે. 'સીતા રામની જ પત્ની હતી' આવા 'જ' કારવાળા વાક્યને પણ શ્રોતા સ્વીકારી લેશે. પણ, 'દ્રૌપદી યુધિષ્ઠિરની જ પત્ની હતી' આવા 'જ' કારવાળા વાક્યને કોઈ શ્રોતા સ્વીકારશે નહીં, સાંભળવા માત્ર પર એનો વિરોધ કરશે, કારણ કે દ્રૌપદીના પતિ તરીકે મનમાં યુધિષ્ઠિર સિવાયના ભીમ વગેરે પણ રહ્યા છે. જ્યારે સીતાના પતિ તરીકે રામ સિવાય બીજું કોઈ મનમાં નથી, માટે ત્યાં નિષેધ કરાતો નથી. એટલે નક્કી થાય છે કે 'જ' કારવાળા વાક્યનો નિષેધ તો જ થઈ શકે જો જેને 'જ'કાર લાગ્યો હોય એના સિવાયનું બીજું કશુંક મનમાં રમતું હોય.

પ્રસ્તુતમાં, 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ' આ

વાક્યનો વિરોધ ત્યારે જ થઈ શકે જો મનમાં 'ધર્મ સિવાયની ચીજ (=અધર્મ= પાપ) કરી શકાય' એવું રહ્યું હોય. જેઓ આ 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ' એવું જણાવનાર વાક્યનો વિરોધ કરે છે તેઓ મુખથી બોલે કે ન બોલે, તેઓના મનમાં 'અર્થકામ માટે અધર્મ પણ કરી શકાય' એવું બેસેલું જ હોવું જોઈએ. 'ના, અધર્મ તો ન જ કરાય' એવું જો બેસેલું હોય તો, સ્પષ્ટરૂપે બોલે કે ન બોલે... 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ' આ વાતને તેઓએ કમને પણ સ્વીકારવી જ પડે.

રામની પત્ની હોવાની વાત તો 'જ'કાર વિનાના 'સીતા રામની પત્ની હતી' એવા વાક્યથી પણ થઈ જાય છે. 'સીતા રામની જ પત્ની હતી' આ 'જ'કારવાળું વાક્ય તો સીતા રામની પત્ની હોવાની વાત કરતાં, રામ સિવાય અન્ય કોઈની પત્ની નહોતી એ વાત પર ભાર મૂકવા માટે જ છે એ પ્રતીતિ સિદ્ધ છે. એમ 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો' આવું વાક્ય 'અધર્મ તો ન જ કરવો' એ વાત પર ભાર મૂકવા માટે છે એ સ્પષ્ટ છે (એટલે જ દરેક પ્રકારના 'જ'કારનો=વિશેષણસંગત 'જ'કારવગેરેનો અર્થ વ્યવચ્છેદ = બાદબાકી=નિષેધ જ થાય છે.). જેઓ પ્રસ્તુત વાક્યનો વિરોધ કરતા હોય તેઓને પૂછવું કે 'તો અર્થ-કામ માટે શું અધર્મ કરી શકાય ?' 'હા'માં જવાબ આપી નહીં શકે. અને 'ના'માં જવાબ આપે એટલે 'ધર્મ જ કરવો' એ વાત સ્વીકારી લીધેલી જ બની ગઈ.

ઈષ્ટફળસિદ્ધિ અંગે થયેલા સમાધાનમાં પણ જણાવ્યું છે કે *'આ પ્રયોજન જીવનનિર્વાહ વગેરે ઈહલૌકિક આશયવાળું હોય તોય એના માટે ધર્મ જ ઉપાદેય છે, આમ કહેવામાં જ્ઞાનીઓનો આશય તે જીવોને પાપમાંથી છોડાવી શુદ્ધ ધર્મમાં પ્રવૃત્તિ કરાવવાનો છે.'* એટલે 'ધર્મ જ કરવો' આ વાત પાપના નિષેધ માટે છે.. અને પાપનો નિષેધ તો કોને અમાન્ય હોય ?

**પ્રશ્ન :** ઈષ્ટફળસિદ્ધિ અંગે થયેલું આ સમાધાન શું છે ?

**ઉત્તર :** એ સમાધાન અને એના સૂચિતાર્થો વગેરે હવે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૭૮

ગયા લેખમાં છેલ્લે ઈષ્ટફળ-સિદ્ધિ અંગે થયેલું સમાધાન શું છે ? એ પ્રશ્ન આવેલો -એટલે હવે આ લેખમાં સૌ પ્રથમ એ જોઈએ.

:'ઈષ્ટફલસિદ્ધિ' તથા 'દેશના પદ્ધતિ' વિષે
ધર્મોપદેશકોને શાસ્ત્રાનુસારી માર્ગદર્શન:

" અનંતજ્ઞાની ત્રિલોકનાથ શ્રી તીર્થંકર ભગવંતો ફરમાવે છે કે - જીવ અનાદિકાળથી આ સંસારમાં જન્મ-મરણાદિ દુઃખોથી રીબાય છે. એનો અંત તો જ આવે કે જીવ જે સંસારબંધનથી છૂટી મોક્ષ પામે. સંસારબંધનથી છૂટી મોક્ષ પામવા માટે શ્રી જિનેશ્વરદેવોએ શુદ્ધ ધર્મતીર્થની સ્થાપના કરી છે. આલોક-પર લોકના સુખ માટે પણ ઉપાયભૂત આ શુદ્ધધર્મ છે. શાસ્ત્રકારો વાસ્તવમાં આ સુખોને આનુષંગિક ગણે છે, મુખ્ય નહિ, કારણ કે ધર્મનું મુખ્ય ફળ તો મોક્ષ છે માટે તે પ્રાર્થનીય છે અને તેની પ્રાર્થના મોક્ષાંગ છે. તેવી રીતે 'જયવીયરાય' સૂત્ર વગેરેમાં પ્રાર્થિત " ભવનિર્વેદ = સંસારનો વિરાગ, માર્ગાનુસારિતા = મોક્ષ માર્ગનું અનુસરણ, ઈષ્ટફલસિદ્ધિ = આ લોક સંબંધી અભિમત અર્થની નિષ્પત્તિ - જેના દ્વારા ઉપકૃત બનેલા આત્માને ચિત્તની સ્વસ્થતા થાય છે અને એ થવાથી ધર્મમાં પ્રવૃત્તિ થાય છે, તથા લોકવિરુદ્ધત્યાગ = સર્વજન-નિંદા વગેરે લોકમાં વિરુદ્ધ ગણાતાં કાર્યોનો ત્યાગ, ગુરુજનપૂજા = માતા પિતા-ધર્માચાર્યાદિની પૂજા, પરાર્થકરણ = બીજાના કાર્યોનું કરવું, શુભગુરુ યોગ = ઉત્તમ ધર્માચાર્યનો સંબંધ, તદ્વચનસેવા = આ સંસારમાં જ્યાં સુધી રહેવાનું થાય ત્યાં સુધી તેવા શુભ ગુરુના વચનની અખંડ સેવા - સંપૂર્ણ સેવા થાઓ;" વગેરે તથા તેની પ્રાર્થનાઓ પણ મોક્ષાંગ છે. રાજમાર્ગ તો એકમાત્ર સંસારબંધનથી છૂટી મોક્ષ પામવા માટે આરાધના કરવાનો છે.

તે છતાં પણ જૈન શાસ્ત્રકારો મુગ્ધ તથા બાળકક્ષાના (અલ્પ ફલ-પેક્ષાવાળા) જીવોને નીચેનાં કારણોસર લૌકિક સુખ માટે પણ આ નિર્દોષ ધર્મ કરવાનો નિષેધ કરતા નથી.

એ જીવો એ રીતે ધર્મપ્રવૃત્તિ કરવાથી પાપપ્રવૃત્તિથી હટે છે. અને જીવનમાં શ્રી અરિહંતને મુખ્ય કરે છે. તેમજ સાંસારિક પ્રયોજનના લૌકિક આશયવાળું પણ તે જીવોનું એ ધર્મ અનુષ્ઠાન મુક્તિ અદ્વેષજન્ય સદનુષ્ઠાનના રાગવાળું હોવાથી ક્રમશઃ સમજણ મળતાં એ જીવોનો સાંસારિક આશય બાધિત થઈ જઈ શુદ્ધ મોક્ષના આશયને પમાડનારું બને છે.

આ પ્રયોજન જીવનનિર્વાહ વગેરે ઈહલૌકિક આશયવાળું હોય તોય એના માટે ધર્મ જ ઉપાદેય છે, આમ કહેવામાં જ્ઞાનીઓનો આશય તે જીવોને પાપમાંથી છોડાવી શુદ્ધધર્મમાં પ્રવૃત્તિ કરાવવાનો છે. એમાં લૌકિક પ્રયોજન સિદ્ધ થવાથી તે જીવ આર્તધ્યાન - અસમાધિના પાપથી બચે અને સ્વસ્થચિત્તે ધર્મપ્રવૃત્તિ કરી શકે જેથી આગળ વધતાં એ શુદ્ધ મોક્ષના આશયવાળો ધર્મ આરાધી અંતે મુક્તિસુખ પામી શકે.

[3]સમ્યગ્દષ્ટિ જીવો સંસારસુખને સર્વથા હેય માનનારા હોવાથી ચિત્તની અસમાધિ દૂર કરવા પ્રસંગવશ સાંસારિક પ્રયોજનની સિદ્ધિ માટે પણ ધર્મ કરે તો તે અહિતકર બનતો નથી. કારણ કે તેનો અંતિમ આશય તો મોક્ષ પામવાનો જ છે.

ઉપરોક્ત કારણના અભાવે, [4]અબાધ્યફલાપેક્ષાવાળા, મુક્તિ પ્રત્યે દ્વેષવાળા કે કદાગ્રહી જીવો દ્વારા લૌકિક સુખો માટે કરાતાં ધર્માનુષ્ઠાન વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાન કોટિનાં હોઈ જૈન શાસ્ત્રકારો તેને હેય તરીકે ગણાવે છે.

ચરમાવર્તમાં અપુનર્બંધક વગેરે જીવોનું યત્કિંચિત્ મુક્તિના અનુરાગજન્ય અથવા મુક્તિના અદ્વેષજન્ય શુભભાવલેશથી થતું અનુષ્ઠાન તે તદ્હેતુ નામનું સદ્અનુષ્ઠાન બને છે.

આ રીતે મુક્તિસુખ પમાડવાનો પવિત્ર આશય [5]હૈયામાં રાખીને ધર્મોપદેશકોએ જીવોના હૃદયમાં સંસારસુખનો રાગ સર્વથા નષ્ટ થઈ મુક્તિનો ઉત્કૃષ્ટ રાગ પ્રગટે તે રીતે કેવલિભાષિતધર્મની પ્રવૃત્તિ કરવાનો ઉપદેશ કરવાનો છે."

૨૦૪૩ ના આષાઢ વદ ૧૨ ને બુધવાર
વિજય ભાનુચંદ્રસૂરિ
[illegible]-મુંબઈ
[illegible]
[illegible]
[illegible]

'જિનવાણી' અને 'દિવ્યદર્શન'માં મૂકવાની નોંધ:
'ઈષ્ટફલસિદ્ધિ' તથા 'દેશના પદ્ધતિ' વિષે
ધર્મોપદેશકોને શાસ્ત્રાનુસારી માર્ગદર્શન :

[શ્રી જિનશાસનની દેશના પદ્ધતિ અંગે તથા
શ્રી પ્રાર્થના ('જયવીયરાય')સૂત્રમાંના 'ઈષ્ટ
ફલ સિદ્ધિ' પદના પરમાર્થ સંબંધમાં, ઉપદેશક

મહાત્માઓને તથા તત્ત્વજિજ્ઞાસુ શ્રદ્ધાળુઓને શાસ્ત્રીય માર્ગદર્શન આપતો એક નિર્ણય, નિર્ણયની નીચે સહી કરનાર બંને પૂજ્યવરોની સૂચનાનુસાર પ્રગટ કરીએ છીએ. સં.]

પર્યુષણ બાદ
તા. ૨૦/૯/૯૩ - રવિવાર
'જિનવાણી' અંક પ્રગટ
થશે.
તેમાં આ નિર્ણય
પ્રગટ થાય તો સારું

ઠે.
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય,
૧૨, જમનાદાસ મહેતા માર્ગ,
વાલકેશ્વર
મુંબઈ - ૪૦૦૦૦૬

૨૦૪૯ના શ્રાવણ સુદ ૧૫ને રવિવાર

પરમશાસનપ્રભાવક સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ પરમારાધ્યપાદ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ તરફથી :

વિનયાદિ ગુણગણાલંકૃત આચાર્ય શ્રી વિજય ભુવનભાનુ સૂરિજી / ~~ઉપાધ્યાય શ્રી ... વિજયજી આદિ / પંન્યાસજી શ્રી ... વિજયજી આદિ / મુનિરાજ શ્રી ... વિજયજી આદિ / મુનિરાજ શ્રી ...~~ વિજયજી આદિ યોગ

અનુવંદના સુખશાતા સાથે જણાવવાનું કે આપણા સમુદાયમાં કેટલાક વખતથી, દેશના પદ્ધતિ તથા 'ઈષ્ટફલસિદ્ધિ' પદના પરમાર્થ સંબંધમાં પ્રવર્તતા મતભેદોનું નિરાકરણ લાવવાના પ્રયત્નોના અંતે નિર્ણયરૂપે થયેલા લખાણની નકલ આ સાથે તમારી જાણ માટે મોકલેલ છે. તે મળ્યેથી પહોંચ જણાવવા ભલામણ છે. રત્નત્રયીની ઉજ્જ્વળ આરાધનામાં અવિરત ઉજમાળ બની અને નિશ્રાવર્તી સૌને બનાવી સ્વ-પરની મુક્તિને ખૂબ નજીક બનાવો એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા.

દ. મહોદયસૂરિની
વંદના/અનુવંદના.

નિર્ણયરૂપે થયેલા આ લખાણના સૂચિતાર્થો સમજવા સરળ બને એ માટે મેં એમાં તે તે સ્થાને ૧, ૨..વગેરે નંબરો આપ્યા છે. તે તે નંબરવાળા લખાણથી શું સૂચિતાર્થ નીકળે છે તે હવે જોઈએ.

(૧) જો શુદ્ધ ધર્મ ઉપાયભૂત છે તો આલોક-પરલોકના સુખનો અર્થી એ ઉપાયમાં શા માટે ન પ્રવર્તે ? હિતસ્વી પુરુષ એને વારે પણ શા માટે ?

**શંકા :** જેમ, વિષમિશ્રિત ભોજન ભૂખશમનનો ઉપાય તો છે જ, છતાં ભૂખશમનનો અર્થી એમાં પ્રવર્તતો નથી. અથવા કોઈ પ્રવર્તતો હોય તો હિતસ્વી પુરુષ એને વારે જ છે, એમ પ્રસ્તુતમાં પણ સંભવે ને !

**સમાધાન :** જેમ, 'ભૂખના શમન માટે પણ ઉપાયભૂત આ વિષમિશ્રિત ભોજન છે' એવું કોઈ આપ્તપુરુષ કહેતા નથી, કારણ કે એનું પરિણામ ભૂખશમનરૂપ ઇષ્ટ કરતાં અતિ અનિષ્ટ એવું મોત છે. એમ જો પ્રસ્તુતમાં પણ ઇષ્ટ કરતાં અનિષ્ટ જોરમાં થવાનું હોય તો આપ્ત પુરુષ આ પ્રમાણે કહે જ નહીં. પણ એમણે જો કહ્યું છે, તો એમના પ્રત્યેની શ્રદ્ધાવાળા શ્રદ્ધાળુએ અનિષ્ટની શંકા પણ કરવાની જરૂર હોતી નથી.

(૨) (૨)... આ બંને ફકરા સ્પષ્ટ કરે છે કે આ અનુષ્ઠાન લાભકર્તા જ ઠરે છે. પછી, એને વિષાનુષ્ઠાન...સંસારવર્ધક... ભૂંડું... રિબાવી રિબાવીને મારનાર.. વગેરે શી રીતે કહી શકાય ?

**શંકા :** પણ આ તો બાધ્યફળાપેક્ષાવાળા જીવો માટે વાત છે.

**સમાધાન :** આપણે જોઈ ગયા છીએ કે મુક્તિદ્વેષ હોય તો જ અબાધ્ય ફળાપેક્ષા હોય. પણ તો તો એ જીવો ઉપદેશને જ અયોગ્ય હોવાથી એમને કશું જ કહેવાનું રહે નહીં.

(૩) ઉપર બે નંબરમાં બાળ-મુગ્ધકક્ષાના જીવો માટે ઐહિકસુખ માટે પણ જિનોક્ત ધર્મ કરવાની વાત આવી અને અહીં સમ્યગ્દૃષ્ટિ જીવો માટે એ વાત આવી. વળી બંને માટે એ અહિતકર નથી એ પણ જણાવ્યું. તો હવે કોના માટે એ નિષિદ્ધ રહી ?

(૪) ચરમાવર્તમાં અબાધ્યફળાપેક્ષા વગેરે કશું હોતું નથી.. એટલે વિષ-ગર પણ ન જ હોય એ સ્પષ્ટ થઈ જાય છે ને !

(૫) હોઠ પર લાવવો જરૂરી નથી.. એટલે સંવિગ્નગીતાર્થ ગુરુ ભગવંત કદાચ, ભૌતિક આશયથી ધર્મ કરી રહેલા જીવને મુખથી મોક્ષની વાત ન પણ કરે.. અને હૈયામાં તો આ બેસેલું જ હોય છે, કારણ કે સંવિગ્ન ગીતાર્થ છે.

(૬) **પ્રશ્ન :** આ સૂચવે છે કે આ નિર્ણય થવા પૂર્વે બન્ને આચાર્ય ભગવંતોના મત ભિન્ન ભિન્ન હતા.. તો આ નિર્ણયમાં કોના મતનો સ્વીકાર થયો અને કોના મતનો ત્યાગ થયો ?

**ઉત્તર :** આપણને શાસ્ત્રાનુસારી ઉભયસંમત નિર્ણય મળી ગયો એટલે ભયો ભયો.. પછી કોનો મત સ્વીકારાયો વગેરે ઝંઝટમાં પડવાની શી જરૂર છે ?

**પ્રશ્ન :** કોની પ્રજ્ઞા પહેલેથી માર્ગાનુસારી હતી એ જાણવા માટે એની જરૂર છે.

**ઉત્તર :** તો, આ નિર્ણયાત્મક લખાણ પૂર્વેનું બંને મહાત્માઓનું આ અંગેનું ઘણું સાહિત્ય જે પ્રકાશિત થયું છે એને આ નિર્ણયના લખાણ સાથે સરખાવીને તમે સ્વયં એનો નિર્ણય કરી શકો છો.

**પ્રશ્ન :** એના કરતાં આની કોઈ સરળ રીત બતાવો ને ?

**ઉત્તર :** નિર્ણયરૂપે થયેલા આ લખાણને જિનવાણી અને દિવ્યદર્શન.. આ બંનેમાં પ્રગટ કરવાનો નિર્ણય થયેલો. એમાંથી,

દિવ્યદર્શનમાં અને અમારા અન્ય સાહિત્યમાં આ લખાણ અનેકશઃ પ્રગટ થઈ ચૂક્યું છે, જ્યારે ‘જિનવાણી’માં એ પ્રકાશિત થયું નથી. તમે આના પરથી નિર્ણય કરી શકતા હો તો ખુશીથી કરી શકો છો.

**પ્રશ્ન :** જ્યારે તમારી આ બધી વાતો વાંચી-સાંભળીને સમજીએ છીએ ત્યારે તમારી વાત સાચી લાગે છે ને જ્યારે સામા પક્ષની વાતો સાંભળીએ છીએ ત્યારે એમની વાતો સાચી લાગે છે. તો અમારે નિર્ણય કઈ રીતે કરવો ?

**ઉત્તર :** બંને પક્ષની માન્યતાઓનું ઘણું સાહિત્ય પ્રકાશિત થયેલું છે. એ બધું સામ સામે રાખીને વિચારવાથી આ નિર્ણય થઈ શકે.

**પ્રશ્ન :** આ બધી વાતો સૂક્ષ્મતાથી વિચારવાની અમારી શક્તિ ન હોય તો ?

**ઉત્તર :** છતાં, આ બધી વિચારણામાં જે પક્ષ જાતજાતની ગરબડ કરે એ સાચો ન હોઈ શકે.. આટલો નિશ્ચય તો કરવો જ જોઈએ, કારણ કે સાચી વાતને સાબિત કરવા માટે માયા સેવવાની ક્યારેય જરૂર હોતી નથી. વળી એકાદ ગરબડ હોય તો તો અનાભોગથી ભૂલ થયેલી માની શકાય... પણ વારંવાર હોય તો એ અનાભોગ ન હોઈ શકે.

**પ્રશ્ન :** શું આવી ગરબડો જોવા મળે છે ?

**ઉત્તર :** ઢગલાબંધ.. કેટલાક નમૂના બતાડું. ★ દ્વારિકાના દાહનિવારણ માટે શ્રી નેમિનાથ ભગવાને આયંબિલ વગેરે ધર્મ કરવાનો ઉપદેશ આપેલો. આ વાત શ્રી પાંડવચરિત્રમાં આવે છે તથા સકલ સંઘમાં અત્યંત પ્રસિદ્ધ છે. છતાં ‘ધર્મસ્વરૂપદર્શન’ પુસ્તકની ‘તત્ત્વાવલોકન’ નામની વિસ્તૃત પ્રસ્તાવનામાં શ્રી કીર્તિયશ વિ.મ.(હાલ સૂરિ) એ ‘આ વાત જુઠ્ઠી છે’ એવું જણાવ્યું છે.

★ *'જસ્સ મણે નવકારો સંસારો તસ્સ કિં કુણઈ ?'* આ શાસ્ત્રવચનનું ગુજરાતી રૂપાંતર આ પ્રમાણે પ્રસિદ્ધ છે કે *'જેના હૈયે શ્રીનવકાર તેને શું કરશે સંસાર ?'* આમાં, 'નવકારનું સામર્થ્ય સંસારના સામર્થ્ય કરતાં ઘણું વધારે છે, ને તેથી શ્રી નવકારને હૈયે ધરનારને સંસાર કશું કરી શકતો નથી' આવું જણાવવાનો શાસ્ત્રકારનો અભિપ્રાય સ્પષ્ટ છે. સામા પક્ષે આ શાસ્ત્રવચન સાથે પણ ચેડાં કર્યાં ને એને સાવ વિપરીત કરી નાખી આ રીતે છપાવ્યું કે 'જેના હૈયે છે સંસાર, તેને શું કરશે નવકાર ?' એટલે કે 'નવકાર કરતાં સંસારનું સમાર્થ્ય ઘણું વધારે છે' વગેરેરૂપે સંસારને વધારે સામર્થ્યવાળો જણાવ્યો. શંકા તો એ પડે છે કે શાસ્ત્રવચન સાથે રમત કરનારાઓ નવકારના સેવક છે કે સંસારના ? જેથી નવકાર કરતાં સંસારનો મહિમા વધુ ગાય છે.

★ નવાંગી ગુરુપૂજનનું સમર્થન કરવા બહાર પાડેલી 'શાસ્ત્રદૃષ્ટિના દર્પણમાં ગુરુપૂજન' નામની પુસ્તિકામાં આચારાંગ-નિર્યુક્તિનો જે પાઠ આપ્યો છે તેમાંથી युगप्रधानानां શબ્દને ઊડાડી દેવામાં આવ્યો છે. આ પ્રિન્ટિંગ મિસ્ટેક નથી, કારણ કે (૧) એ પાઠનો અર્થ કરવામાં પણ એટલો અંશ છોડી દીધો છે. (૨) 'સામાન્યથી કોઈપણ મહાત્માનું પ્રતિદિન પૈસા વગેરેથી ગુરુપૂજન કરવું એ શ્રાવકનું શાસ્ત્ર વિહિત કર્તવ્ય છે' આવું જે સિદ્ધ કરવા માટે આ પાઠ આપ્યો છે, એ આ युगप्रधानानां શબ્દસહિતના પાઠથી તો સાબિત થઈ શકતું જ નથી, કારણ કે એ પાઠ તો યુગપ્રધાનોને લાગુ પડે છે ને છતાં એ પાઠથી સ્વમાન્યતાનું સમર્થન તો કરવું જ છે. માટે શાસ્ત્રપાઠ પર કાતર ચલાવીને युगप्रधानानां શબ્દ જાણીબૂઝીને ઊડાડી દીધો એવી વિદ્વાનોને શું કલ્પના ન આવી શકે ?

★ મારા 'તત્ત્વનિર્ણય' પુસ્તક સામે પં. શ્રી યોગતિલકવિ. ગણી (હાલ આચાર્ય) એ 'તત્ત્વનિર્ણયના નામે તત્ત્વભ્રાંતિ' પુસ્તિકા

પ્રકાશિત કરેલી. એમની ચેષ્ટાઓ જુઓ- લેખક (આ. શ્રી યોગતિલકસૂરિજી) પોતાની પુસ્તિકાના પૃ. ૨ પર લખે છે કે *'અર્થ-કામ માટે ઉપદેશની જરૂર જ નહિ એમ નિશ્ચિત કર્યા પછી 'અર્થ-કામ માટે ધર્મ કરવો' આવો ઉપદેશ કઈ રીતે આપી શકાય ? ન જ આપી શકાય..* વગેરે.

**ખુલાસો :** મેં 'તત્ત્વનિર્ણય'માં ત્રીજા પ્રશ્ન-ઉત્તરમાં 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ' આવું 'પણ' શબ્દ અને 'જ' કારવાળું જ અમારું નિરૂપણ છે. બીજા કોઈ પણ પ્રકારનું નહીં, એ વાત સવિસ્તર બહુ ભારપૂર્વક જણાવેલી છે. તથા અન્યત્ર, આ 'પણ' અને 'જ' શા માટે આવશ્યક છે ? એ પણ સવિસ્તર જણાવેલું છે. છતાં લેખકે અમારા નિરૂપણ તરીકે 'અર્થ-કામ માટે ધર્મ કરવો' આવો 'પણ' અને 'જ' કાર વગરનો ઉલ્લેખ કર્યો છે. માટે એ એમના મનની સશલ્યતાને-મેલી મુરાદને જણાવે છે એ સ્પષ્ટ છે.

મેં તત્ત્વનિર્ણયના પૃ. ૪૪ પર *'જીવનનિર્વાહાદિની આવશ્યક જે ચીજ ન મળવાથી મન અસ્વસ્થ રહેતું હોય ને તેથી ધર્માનુષ્ઠાનમાં અંતરાયો ઊભા થતા હોય.. ને એ ચીજની પ્રાપ્તિ થઈ જવાથી મન સ્વસ્થ બનવાના કારણે ધર્માનુષ્ઠાન નિર્વિઘ્નતયા થવા શક્ય બને એવી ચીજ માગવાની વાત છે.'* આવું ઇષ્ટફલસિદ્ધિ અંગે સ્પષ્ટ જણાવ્યું છે ને છતાં લેખકે સ્વપુસ્તિકાના પૃ. ૧૨ પર *'મોક્ષસાધક ધર્મ નિર્વિઘ્નપણે સાધવા આવશ્યક એવી સામગ્રી'- આવી સ્પષ્ટતા કર્યા સિવાય માત્ર 'અર્થ-કામ માગી શકાય' વગેરે નિરૂપણ કઈ રીતે કરી શકાય ?'* આવું જણાવ્યું છે. આ પણ જુઠ્ઠી રજૂઆત છે એ સ્પષ્ટ છે.

લેખકે સ્વપુસ્તિકાના પૃ. ચાર અને પાંચ પર 'ગણિશ્રી(એટલે કે હું) બેહોશીને રોગ તરીકે વર્ણવે છે' વગેરે વાક્યો દ્વારા બેહોશી એ રોગ નથી. એવું સાબિત કર્યું છે ને તેથી મેં તત્ત્વનિર્ણયના ચાર અને પાંચ નંબરના પ્રશ્નોત્તરમાં ડૉ. દવા વગેરેનું જે દૃષ્ટાંત આપ્યું

છે તે બરાબર નથી એવું જણાવી આ દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક કેવા હોવા જોઈએ એ લેખકે સ્વપુસ્તિકાના છઠ્ઠા પાના પર જણાવ્યું છે. એમાં એમણે *મોક્ષસાધક સાધુપણું - શ્રાવકપણું વગેરે ધર્મ એ ઓપરેશન છે અને એ માટે જરૂરી મનુષ્યભવ, પંચેન્દ્રિયપણું વગેરે બેહોશી છે* એ રીતે દૃષ્ટાંતની ઘટના કરી છે.

**ખુલાસો :** (૧) જ્ઞાનીઓએ મનુષ્યભવના ઘણા ગુણો ગાયા છે, કોઈ ડૉ. બેહોશીના ગુણ ગાય છે ? કે જેથી મનુષ્યભવ અને બેહોશી એ બેને સરખાવી શકાય ? એમણે કરેલી ઘટનામાં દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકમાં આવી તો ઘણીઘણી વિષમતાઓ છે -(૨) દર્દી હાથ-પગ હલાવી ન નાખે ને એના દ્વારા મોટું નુકસાન ન થઈ જાય એ માટે બેહોશી હોય છે, અર્થાત્ બેહોશીની નિષેધાત્મક ભૂમિકા છે, જ્યારે મનુષ્ય-ભવની 'જીવ પાપ ન કરી બેસે' એવી નિષેધાત્મક ભૂમિકા નથી, પણ મનુષ્યભવ હોય તો ધર્મ આરાધના કરી શકે એવી વિધેયાત્મક ભૂમિકા છે -(૩) વગર ઓપરેશન ને વગર બેહોશીએ લાખો રોગીઓ આરોગ્ય પામી શકે છે જ્યારે સાધુપણું વગેરે ધર્મ વગર કે મનુષ્યભવ વગર કોઈ જ મોક્ષ પામી શકતું નથી. (૪) ઓપરેશન કરવાનું હોય તોપણ કોઈક અત્યંત સત્ત્વશાલી જીવ વગર બેહોશીએ પણ કરાવે છે. પણ ધર્મ આરાધના મનુષ્યભવ-પંચેન્દ્રિયપણા વગર એક પણ જીવને શક્ય નથી. (૫) ઓપરેશન અને બેહોશી તો જેટલા ટાળી શકાય એટલા ટાળવા યોગ્ય હોય છે. જ્યારે ધર્મસાધના વગેરે તો આરોગ્યપ્રાપ્તિ સુધી વધુ ને વધુ ઇચ્છનીય હોય છે. (૬) બેહોશી તો જરૂર પૂરતી બે-ત્રણ કલાક માટે જ હોય છે, જ્યાં સુધી આરોગ્ય ન મળે ત્યાં સુધી બેહોશી કાંઈ હોતી નથી. મનુષ્યભવ વગેરે તો મોક્ષપ્રાપ્તિની પૂર્વક્ષણ સુધી ટકવા જ જોઈએ. (૭) મનુષ્યભવ અને પંચેન્દ્રિયપણું એ જ જો બેહોશી છે. તો હોંશવાળી અવસ્થા કઈ ? એકેન્દ્રિયપણું વગેરે ? (૮) વળી બેહોશી

માટેની દવા તરીકે ક્લોરોફોર્મ, દર્દી જ્યારે હોશમાં હોય ત્યારે અપાય છે.. એમ, પંચેન્દ્રિયપણારૂપ બેહોશી માટેની ધર્મરૂપ દવા એકેન્દ્રિયપણું વગેરે (હોશવાળી ?) અવસ્થામાં કરવાની ? ધન્ય છે લેખકની બુદ્ધિને ! વળી આ લેખક બેહોશીને રોગ તો માનતા નથી, અને એને અરોગ (=આરોગ્ય) તો કહી શકાય નહીં એ આબાળગોપાળ પ્રસિદ્ધ છે, એટલે જીવ, અજીવ અને નોજીવ માનનારા નિહ્નવની જેમ લેખક પણ શું રોગ અરોગ ને નોરોગ એમ ત્રિરાશિ માનનારા છે ? મૂર્ખાઈની પણ કોઈ હદ હોય ! વસ્તુતઃ આ મૂર્ખતા નહીં, પણ કદાગ્રહ હોવાની પૂરેપૂરી શક્યતા છે, કારણ કે લેખકે સ્વપુસ્તિકાના પૃ. પાંચ પર *'દૃષ્ટાન્તમાં ઓપરેશનની વાત વગર જ બેહોશીની વાત લખી છે તે પણ અનુચિત છે'* આવું મારા નિરૂપણ અંગે જણાવ્યું છે. હકીકતમાં મેં પ્રશ્ન નંબર પાંચમાં ઓપરેશનની વાત જણાવી જ છે. તે છતાં લેખકે આવી જુઠ્ઠી રજૂઆત શા માટે કરવી પડે ? એ બધાએ વિચારી લેવું જોઈએ.

આ તો થોડા નમૂના બતાવ્યા. આના કરતાં પણ અન્ય અનેકગણી ગરબડો તેઓએ કરેલી છે. એ જાણવા માટે મારાં તત્ત્વાવલોકનસમીક્ષા અને તત્ત્વનિર્ણય આ બે પુસ્તકો અવગાહવાની બધાને ભલામણ છે.

આની સામે, મારાં આ અંગેનાં નિરૂપણોમાં ક્યાંય પણ શાસ્ત્રપાઠમાં કાપકૂપ વગેરે ગરબડ કરી છે ? સામાપક્ષના નિરૂપણને વિકૃતરૂપે રજૂ કરી પછી એનું ખંડન કર્યું છે ? વગેરે પણ તપાસવાની દરેક આત્મહિતેચ્છુને ભલામણ છે અને જો આવું કાંઈ પણ જોવા ન મળે તો કયા પક્ષે સત્ય છે એનો નિર્ણય શું મુશ્કેલ રહે ?

**પ્રશ્ન :** આવી વિચારણા કરવામાં જે પક્ષ ખોટો ભાસે એના પર દ્વેષ થાય. એટલે એના કરતાં એ કરીએ જ નહીં તો ? આપણે જે માનતા હોઈએ તે માનતા રહેવાનું !

**ઉત્તર :** અલબત્ કોઈના પર પણ રાગ-દ્વેષ થાય એ આપણને માન્ય નથી જ, ને એ સર્વથા ન જ થાય એવી કદાચ ભૂમિકા ન હોય તો સજાગ રહીને જેટલા ટાળી શકાય એટલા ટાળવાના.. અને જેટલા ન ટળે એની આલોચના-પ્રાયશ્ચિત્ત કરી લેવાના. પણ આ વિચારણા જ ન કરવી એ તો આત્મઘાતક માર્ગ છે, કારણ કે નહીં ટળેલા દ્વેષ કરતાં મિથ્યાત્વ એ બહુ જ મોટો પાયાનો દોષ છે ને આ વિચારણાથી ભાગવું એ મિથ્યાત્વનો જ નાચ છે, કારણ કે સમ્યક્ત્વ તો શક્ય પરીક્ષા કરાવવાના સ્વભાવવાળું હોય છે. એટલે જ સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજ લોકતત્ત્વનિર્ણયગ્રન્થમાં જણાવે છે કે - *'અમે શ્રીવીરપ્રભુપર પક્ષપાત-શ્રદ્ધા છે માટે એમનાં વચનો સ્વીકારીએ છીએ, અને કપિલ વગેરે અન્ય દર્શનકારો પ્રત્યે દ્વેષ છે, માટે એમનાં વચનો સ્વીકારતા નથી', એવું નથી, પણ અમે યોગ્ય વિચારણાઓ કરી, અને એમાં શ્રી વીરપ્રભુનાં વચનો યુક્તિસંગત લાગવાથી એનો સ્વીકાર કર્યો છે.*

વિષાનુષ્ઠાનના નિરૂપણ પ્રસંગે મેં પણ સપ્રસંગ આ બધી વાતો જે લીધી છે તે આત્મહિતેચ્છુઓ મધ્યસ્થપણે તત્ત્વનિર્ણય પર પહોંચી સમ્યક્ત્વને પામી શકે-જાળવી શકે એ માટે જ જાણવી. હવે પાંચ અનુષ્ઠાનની શેષ વિચારણા આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૭૯

ભૌતિક અપેક્ષા હોવા માત્રથી અનુષ્ઠાન 'વિષ' નથી બનતું, પણ સચ્ચિત્તનું મારણ અને લઘુત્વનું આપાદન.. આ બે ઉત્તરહેતુઓ હોય તો 'વિષ' બને છે એ આપણે વિચારી રહ્યા છીએ. મોક્ષાત્મક મહાનફળને આપનાર હોવાથી અનુષ્ઠાન પણ મહાન છે. આવા મહાન અનુષ્ઠાનની અપેક્ષાએ અલ્પની પ્રાર્થના કરવી એ લઘુત્વનું આપાદન છે એમ કહ્યું.

**શંકા :** ચરમાવર્તમાં ભૌતિક અપેક્ષાથી થતું હોવા છતાં અનુષ્ઠાન 'વિષ' બનતું નથી એવું પૂર્વે અનેક શાસ્ત્રવચનોના આધારે નિશ્ચિત થઈ ગયેલું છે. પણ ચરમાવર્તમાં પણ, જેની ભૌતિક અપેક્ષા છે એ અર્થ-કામ મોક્ષની અપેક્ષાએ તો લઘુ જ હોવાથી લઘુત્વ આપાદન થવાનું જ. એ વારવા લઘુત્વ આપાદાનની વ્યાખ્યા બદલવી ન જોઈએ ?

**સમાધાન :** તમારી વાત સાચી છે. અનુષ્ઠાન જો પરંપરાએ પણ મોક્ષનું કારણ ન બને તો જ લઘુત્વનું આપાદન સમજવું. ભૌતિક અપેક્ષા હોવા છતાં, ચરમાવર્તમાં અનુષ્ઠાન તદ્દ્હેતુ બનતું હોવાથી મોક્ષાત્મક મહાનફળનું (ભલે પરંપરાએ) કારણ બને જ છે, માટે લઘુત્વ આપાદન નથી. અચરમાવર્તમાં એ પરંપરાએ પણ મોક્ષનું કારણ બનતું નથી, માત્ર અર્થ-કામ આપીને અટકી જાય છે, માટે લઘુત્વ આપાદન છે. માટે અનુષ્ઠાન 'વિષ' થાય છે. આમ વિષાનુષ્ઠાનની વિચારણા પૂર્ણ થઈ.

હવે **ગરાનુષ્ઠાન**- ગર એ કુદ્રવ્યના સંયોગથી થયેલ એવા પ્રકારનું ઝેર છે જે કાળાન્તરે મોત કરે છે. એમ જે અનુષ્ઠાનમાં અબાધ્યકક્ષાની પરલોકસંબંધી ભૌતિક અપેક્ષા પડેલી હોય છે એ કાળાન્તરે સચ્ચિત્તનું મારણ કરતું હોવાથી 'ગરાનુષ્ઠાન' કહેવાય છે.

અહીં પણ વિષાનુષ્ઠાનની જેમ જ સચ્ચિત્તનું મારણ તથા લઘુત્વનું આપાદન.. આ બંને ઉત્તરહેતુઓ જાણવા, જે ચરમાવર્તમાં સંભવિત હોતા નથી. તેથી વિષની જેમ 'ગર'ની પણ ચરમાવર્તમાં સંભાવના હોતી નથી.

**શંકા :** જે અચરમાવર્તવર્તી જીવને આલોકમાં વૈભવાદિ જોઈએ છે અને પરલોકમાં પણ દિવ્યભોગ જોઈએ છે... આવી બંને ઇચ્છાથી એ જે ધર્માનુષ્ઠાન કરશે એનો વિષમાં સમાવેશ નહીં થાય, કારણ કે પરલોકની ઇચ્છા પડેલી છે. એમ ગરમાં પણ સમાવેશ નહીં થાય, કારણ કે આલોક સંબંધી ઇચ્છા રહેલી છે. એટલે એને પાંચ કરતાં ભિન્ન છઠ્ઠા અનુષ્ઠાન તરીકે ગણવું પડશે.

**સમાધાન :** ના, આ રીતે એને અલગ અનુષ્ઠાન તરીકે ગણવાની જરૂર નથી. પણ બંને ઇચ્છામાંથી જો આલોકની ઇચ્છા બળવાન હોય તો 'વિષ' ગણવું અને પરલોકની ઇચ્છા બળવાન હોય તો 'ગર' ગણવું, આવું અમને સમજાય છે.

**શંકા :** ચરમાવર્તવર્તી જીવને આ રીતે ઉભયલોક સંબંધી ઇચ્છા હોય તો કયું અનુષ્ઠાન ગણવું ?

**સમાધાન :** એને તદ્હેતુ અનુષ્ઠાન જ ગણવું, કારણ કે એમાં આલોક-પરલોકના ભેદની વિવક્ષા નથી. આશય એ છે કે ભૌતિક ફળાપેક્ષાથી વિષ-ગર થાય છે એમ કહ્યા પછી ભૌતિકફળાપેક્ષાથી તદ્હેતુ અનુષ્ઠાન થાય છે એમ કહેવામાં સંદેહ ઊભો થાય કે અનુષ્ઠાન વિષ-ગર હશે કે તદ્હેતુ ? એટલે વિષગરના કારણ તરીકે ભવાભિષ્વંગ=આલોક-પરલોક સંબંધી ભૌતિક ફળાપેક્ષા કહી અને તદ્હેતુના કારણ તરીકે સદનુષ્ઠાનરાગ કહ્યો. ચરમાવર્તમાં મુક્તિ-અદ્વેષના પ્રભાવે, સચ્ચિત્તનું મારણ થતું જ નથી, એટલે પછી એ તત્કાળ થયું કે કાળાન્તરે ? આ પ્રશ્ન જ રહેતો નથી. વળી મુક્તિઅદ્વેષ

સહકૃત ભૌતિક અપેક્ષા આલોક સંબંધી હોય કે પરલોક સંબંધી.. સદનુષ્ઠાનરાગ તો સમાન રીતે જ પેદા થાય છે. માટે, હેય-અનુષ્ઠાનોમાં અપેક્ષાભેદે જેમ વિષ અને ગર એવા ભેદ કહ્યા છે એમ ઉપાદેયઅનુષ્ઠાનમાં અપેક્ષાભેદે અનુષ્ઠાનભેદ કહ્યા નથી..પણ 'તદ્-હેતુ' એક જ અનુષ્ઠાન કહેલ છે એ જાણવું. એટલે જ ઉભયલોકસંબંધી અપેક્ષાવાળાને પણ તદ્હેતુ જ છે.

હવે **અનનુષ્ઠાન**-સંનિપાતગ્રસ્ત પુરુષને જેમ બધી રીતે અનધ્યવસાય (=બેખબરદારી) હોય છે એમ અનુષ્ઠાન અંગે સર્વથા બેખબરદારી એ સમ્મોહ છે. આવા સમ્મોહથી થતું અનુષ્ઠાન અનનુષ્ઠાન કહેવાય છે. કારણ એ અનુષ્ઠાન જ નથી. આશય એ છે કે જેમ સંનિપાતનો રોગી પોતે જે કાંઈ બોલે કે કરે છે એની પાછળ એનું કોઈ સારું કે નરસું પ્રયોજન હોતું નથી, વગર પ્રયોજને જ બકવાસ કે ચાળા કરતો હોય છે, એમ જીવ ક્યારેક સંમોહના પ્રભાવે ભૌતિક કે આધ્યાત્મિક કોઈપણ પ્રયોજન વિના ધર્માનુષ્ઠાન કરતો હોય છે. વળી સંનિપાતનો રોગી જેવા શબ્દો કે ક્રિયા કરતો હોય એવા ભાવ અંદર હોતા નથી. જેમ કે ગાળ બોલતો હોય પણ અંદર કોઈ તિરસ્કાર હોતો નથી. ક્રોધીની જેમ આંખ કાઢતો હોય પણ અંદર ગુસ્સો હોતો નથી. એ રીતે સંમોહના પ્રભાવે જીવ બોલાતાં સૂત્રો કે કરાતી ક્રિયાને અનુરૂપ ભાવ ધરાવતો હોતો નથી.

પડિલેહણા કરે પણ અંદર દયા જયણાનો કોઈ ભાવ નહીં. ઇરિયાવહિયા સૂત્ર બોલે-મિચ્છામિ દુક્કડં કહે, પણ એના શબ્દોના અર્થનું કોઈ સંવેદન નહીં.. ચૈત્યવંદન-ગુરુવંદન કરી લે, પણ ભક્તિનો અંશ પણ અંદર સ્પર્શ્યો ન હોય.

આમ પ્રયોજન-આંતરિક પરિણામ વગેરે રૂપ ક્રિયોચિત-ભાવાત્મક જે કોઈ અધ્યવસાય, એ બધાનો અભાવ હોવો એ સર્વતોઽનધ્યવસાય છે. આવા બધા જ પ્રકારના ભાવનો અભાવ

જણાવવા માટે અહીં સર્વતઃ શબ્દ વાપરેલો છે. કોઈપણ ક્રિયામાં છેવટે એનો ભાવ એ જ પ્રાણ હોય છે. અનેક ભાવરૂપ અનેક પ્રાણમાંનો એક પણ પ્રાણ ન હોય તો પછી એ ક્રિયા ક્રિયા રહેતી જ નથી, કારણ કે એ રીતે ક્રિયા કરો કે ન કરો.. કશો ફરક પડતો નથી. ક્રિયા કરવા છતાં ન કરવા તુલ્ય જ હોય છે. માટે અહીં જણાવ્યું કે અનુષ્ઠાન = ક્રિયા જ થતી નથી. ને તેથી એ 'અનનુષ્ઠાન' છે.

**તદ્‌હેતુઅનુષ્ઠાન** - તાત્ત્વિક દેવપૂજાદિ આચાર પ્રત્યે આંતરિક પ્રીતિ-બહુમાન એ સદનુષ્ઠાનનો રાગ છે. આદિધાર્મિક અવસ્થામાં થતા દેવપૂજાદિ અનુષ્ઠાન આ સદનુષ્ઠાનના રાગના કારણે તદ્‌હેતુ-અનુષ્ઠાન બને છે, કારણ કે મુક્તિઅદ્વેષના કે મનાગ્ (=કંઈક) મુક્તિ અનુરાગના પ્રભાવે આમાં શુભભાવનો અંશ ભળેલો હોવાથી એ તદ્=સદનુષ્ઠાનનો હેતુ=કારણ બને છે. આમ, 'તદ્‌હેતુ' શબ્દ સાન્વર્થ છે.

અનુષ્ઠાનમાં શુભભાવાંશનો યોગ હોવા છતાં વિધિ વગેરેનું શક્યપાલન-પરિપૂર્ણપાલન, અત્યંત સંવેગ વગેરે ન હોવાથી આ અનુષ્ઠાન અમૃતઅનુષ્ઠાન બનતું નથી. તેમ છતાં એ અમૃત-અનુષ્ઠાનનો શ્રેષ્ઠ=અવંધ્ય=નિષ્ફળ ન જનાર હેતુ તો બને જ છે માટે એ તદ્‌હેતુઅનુષ્ઠાન કહેવાય છે.

**અમૃત અનુષ્ઠાન** - 'અહો ! આ અનુષ્ઠાન મારા ભગવાને કહ્યું છે' 'આ જ તત્ત્વ છે' આવી જ્વલંત શ્રદ્ધાની પ્રધાનતાવાળું અને અત્યંત સંવેગગર્ભિત=અત્યંત મોક્ષાભિલાષાયુક્ત એવા આ અનુષ્ઠા-નને શ્રીગૌતમવગેરે મહામુનિઓ 'અમૃત' કહે છે, કારણ કે એ જ્યાં મરણ નથી એવા અમરણનું=મોક્ષનું કારણ છે.

'મારા ભગવાને કહ્યું છે' આ જ વાતની મહત્તા ને પ્રબળ શ્રદ્ધા છે.' એટલે ભગવાને વિવક્ષિત અનુષ્ઠાન જે રીતે કરવાનું કહ્યું

હોય તે બધી વિધિનું સૂક્ષ્મતાથી પાલન કરવાનો સ્વારસિક આગ્રહ ઊભો થાય જ. વળી પૌદ્ગલિક સુખોની ક્ષણભંગુરતા, અવિશ્વસનીયતા, દુઃખપ્રતિકારરૂપતા, વિપાકદારૂણતા, પરાધીનતા વગેરેની પ્રતીતિ થયેલી છે ને એની સામે અપૌદ્ગલિકસુખની કંઈક પણ અનુભૂતિ સાથે મોક્ષની સુંદરતાની પિછાણ થયેલી છે. એટલે મોક્ષની તીવ્ર ઝંખના પેદા થયેલી છે જે પણ એના ઉપાયભૂત દેવ-પૂજનાદિ અનુષ્ઠાનની તીવ્રરુચિ પેદા કરાવે છે ને એના કારણે પણ એના વેળા-વિધિ વગેરે જાળવવાનો સ્વારસિક આગ્રહ ઊભો થાય છે. એટલે એક બાજુ મોક્ષની તીવ્ર અભિલાષારૂપ અત્યંત સંવેગ છે અને બીજી બાજુ વિધિનું પરિપૂર્ણ પાલન છે. એટલે અનુષ્ઠાન અમૃત અનુષ્ઠાનરૂપ બને છે.

અમૃતાનુષ્ઠાન માટે શ્રી અધ્યાત્મસારના ૧૦મા અધિકારના ૨૭મા શ્લોકમાં કહ્યું છે કે-

**શાસ્ત્રાર્થાલોચનં સમ્યક્ પ્રણિધાનં ચ કર્મણિ ।**
**કાલાદ્યઙ્ગાવિપર્યાસોઽમૃતાનુષ્ઠાનલક્ષણમ્ ॥ ૨૭ ॥**

*શાસ્ત્રાર્થનું સમ્યક્ આલોચન હોય, અનુષ્ઠાનમાં દૃઢ પ્રણિધાન હોય અને કાળ વગેરે અંગેનો વિપર્યાસ ન હોય.. આ અમૃતાનુષ્ઠાનનું લક્ષણ છે.*

અમૃતાનુષ્ઠાનની અધ્યાત્મસારમાં આપેલી આ વ્યાખ્યા ઉત્કૃષ્ટ વર્ણનરૂપ જાણવી. કારણ કે શાસ્ત્રાભ્યાસ ન કર્યો હોય એવા સાધકને શાસ્ત્રાર્થનું આલોચન નથી. એમ વિષમ સંયોગોમાં કાલાદિ અંગેનો વિપર્યાસ પણ સંભવિત છે અને તેમ છતાં, અમૃતાનુષ્ઠાન તો માન્યું જ છે. (હા, લબ્ધિરૂપે તો વિષમસંયોગોમાં પણ અંગ-વિપર્યાસ ન જ હોય એ જાણવું.) અર્થાત્ વિધિ કરતાં જે અન્યથા પ્રવૃત્તિ હોય છે તે, તેવી ઇચ્છાવશાત્ કે પ્રમાદાદિવશાત્ નથી હોતી, પણ

પરિસ્થિતિવશાત્ જ હોય છે. જેટલી વિધિ શક્ય હોય એટલો પ્રયત્ન તો અવશ્ય હોય જ છે. એટલે જ આગળ વિરતિધરને અમૃતાનુષ્ઠાનની જે સિદ્ધિ કરી દેખાડી છે તેમાં विधिपालनसम्भवेन ન કહેતાં विधि-यत्नसम्भवेन કહ્યું છે. યોગબિંદુને અનુસરીને અહીં અમૃતાનુષ્ઠાનની જે વ્યાખ્યા આપી છે તે સર્વવ્યાપી છે એમ જાણવું.

શ્રીપાળકુંવર જેવા વિશિષ્ટ ભૂમિકા પામેલા જીવોને ક્યારેક વ્યક્ત રૂપે ભૌતિક ફળાશંસા દેખાતી હોય તો પણ એમનો સંવેગ ઝળહળતો હોવાના કારણે એમનો મોક્ષાભિલાષ અક્ષત રહ્યો હોય છે. તીવ્રતામાં ભૌતિક ફળાપેક્ષા કરતાં મોક્ષાભિલાષા જ ચઢિયાતી હોય છે. વળી, ભૌતિક ફળાપેક્ષા કામચલાઉ-પ્રાસંગિક હોય છે, જ્યારે મોક્ષાભિલાષા સતત બેસેલી હોય છે. અને તેથી એમનું અનુષ્ઠાન (બાહ્ય રીતે ભૌતિક ફળાસંશા દેખાતી હોવા છતાં) અમૃતાનુષ્ઠાન જ બને છે, તદ્હેતુઅનુષ્ઠાન નહીં, એ જાણવું. જેમ 'આલોક-પરલોક ઉભય સંબંધી ફળાપેક્ષા હોય તો જેની તીવ્રતા હોય તે મુજબ અનુષ્ઠાનનો વિષ કે ગરમાં સમાવેશ કરવો એમ પૂર્વે જણાવ્યું છે' એમ પ્રસ્તુતમાં ભૌતિકફળાભિલાષા અને મોક્ષાભિલાષા અંગે જાણવું. અર્થાત્ ભૌતિક ફળાભિલાષા તીવ્ર હોય તો તદ્હેતુ અને મોક્ષાભિલાષા તીવ્ર હોય તો અમૃત. એટલે જ તદ્હેતુ અનુષ્ઠાન માટે મુક્તિઅદ્વેષ કે મુક્તિનો ઈષદ્રાગ કહ્યો છે, પણ મુક્તિનો તીવ્ર-રાગ(તીવ્ર અભિલાષા=ઝળહળતો સંવેગ) નથી કહ્યો. કારણ કે એ જો હોય તો એની જ પ્રબળતા રહેવાથી ભૌતિક અપેક્ષા હોવા છતાં અનુષ્ઠાન 'તદ્હેતુ' રહેતું નથી, પણ 'અમૃત' બની જાય છે. પણ જેને બાધ્યકક્ષાની એવી પણ ભૌતિક ફળાપેક્ષા, મોક્ષાભિલાષાની અપેક્ષાએ પ્રબળ હોય એનું અનુષ્ઠાન તદ્હેતુ બને છે એ જાણવું. ટૂંકમાં-

| | |
|---|---|
| માત્ર મોક્ષાભિલાષા કે નિર્બળભૌતિક-ફળાભિલાષાથી મિશ્રિત પ્રબળ મોક્ષાભિલાષા | -અમૃતાનુષ્ઠાન |
| બાધ્ય એવી પ્રબળ ભૌતિક અપેક્ષા | - તદ્ધેતુઅનુષ્ઠાન |
| અબાધ્ય એવી પારલૌકિક ભૌતિક અપેક્ષા | - ગરાનુષ્ઠાન |
| અબાધ્ય એવી ઇહલૌકિક ભૌતિક અપેક્ષા | - વિષાનુષ્ઠાન |
| ફળાદિ અંગે પ્રણિધાનશૂન્યતા | - અનનુષ્ઠાન |

પાંચ અનુષ્ઠાન અંગેની વિશેષ વાતો જાણવા માટે યોગ-વિંશિકાગ્રન્થના મેં કરેલા ભાવાનુવાદનું તેમજ મારા 'તત્ત્વનિર્ણય' પુસ્તકનું અવગાહન કરવા વિનંતી છે.

**પ્રશ્ન :** કર્તાના ભેદે અનુષ્ઠાનના થતા વિષાદિ પાંચ ભેદો તમે સમજાવ્યા.. આ સમજણ મળવાથી સિદ્ધ શું થશે ?

**ઉત્તર :** એ સિદ્ધ થશે કે-ચરમાવર્તમાં કર્તાનો ભેદ થતો હોવાના કારણે ગુરુદેવાદિપૂજનરૂપ બધું અનુષ્ઠાન અલગપ્રકારનું હોય છે. અલગપ્રકારનું એટલે મુક્તિઅદ્વેષાદિની પૂર્વના પુદ્‌ગલ-પરાવર્તકાળમાં જે ગુરુદેવાદિપૂજન થાય એના કરતાં અલગ પ્રકારનું.. એવો યોગબિન્દુ ગ્રન્થમાં અર્થ કર્યો છે. અહીં અચરમા-વર્તનો ઉલ્લેખ 'મુક્તિઅદ્વેષથી પૂર્વના પરાવર્ત' તરીકે કર્યો છે એ જણાવે છે કે ચરમાવર્તમાં પ્રવેશ માત્રથી મુક્તિઅદ્વેષ પ્રગટી જ જાય. અને એમાં आदि શબ્દ જે રહેલો છે તે અપુનર્બન્ધકત્વનો સમાવેશ કરી શકે છે.

વળી, આ નિગમનમાં ગ્રન્થકારે કર્તાભેદના પ્રયોજક તરીકે આશયભેદ ન કહેતાં કાળભેદ કહ્યો છે. એ સૂચવે છે કે જીવ ચરમા-વર્તમાં આવવામાત્રથી હવે, અચરમાવર્તમાં જે અનુષ્ઠાન હતું તે બદલાઈ જાય છે. એટલે કે ચરમાવર્તમાં વિષ-ગર અનુષ્ઠાન સંભવતું નથી.

**શંકા :** આ વાત બરાબર નથી. કારણ કે અચરમાવર્તમાં સંભવતું અનનુષ્ઠાન ચરમાવર્તમાં પણ સંભવે છે. માટે, પ્રયોજક તરીકે આશયભેદ પણ કહેવો જોઈએ.

**સમાધાન :** અનુષ્ઠાનભેદનો પ્રયોજક કર્તાભેદ... અને કર્તાભેદનો પ્રયોજક કાળભેદ.. આ જે વાત છે એ ધર્મઅનુષ્ઠાનો માટે છે. અનાભોગથી થતું અનુષ્ઠાન વસ્તુતઃ ધર્માનુષ્ઠાન છે જ નહીં. એટલે જ એનું નામ 'અનનુષ્ઠાન' છે અને એટલે જ ગ્રન્થકારે વૃત્તિમાં अनुष्ठानमेव न भवति (અનુષ્ઠાન જ થતું નથી) એમ જણાવેલ છે. એટલે અચરમાવર્ત-ચરમાવર્તભેદે ભોજન-શયનાદિ બદલાવાની જેમ વાત નથી એમ અનનુષ્ઠાન અંગે પણ એ છે જ નહીં. પછી 'ચરમાવર્તમાં ધર્માનુષ્ઠાન વિલક્ષણ જ હોય=વિષ-ગર ન જ હોય' આ નિયમ માનવામાં પ્રશ્ન જ ક્યાં છે ?

**શંકા :** ચરમાવર્તમાં અનુષ્ઠાન વિલક્ષણ જ કેમ હોય ?

**સમાધાન :** અચરમાવર્તમાં જીવની સામાન્ય યોગ્યતા પ્રવર્તમાન હતી. ચરમાવર્તમાં એ સમુચિત યોગ્યતા બને છે, માટે વિલક્ષણતા આવે છે. આશય એ છે કે-મુક્તિ ઉપાયોની સ્વરૂપ યોગ્યતા એ સામાન્ય યોગ્યતા છે. એના સહકારીની યોગ્યતા એ સમુચિત યોગ્યતા છે. આ તફાવત જાણવો. *પૂર્વે (=અચરમાવર્તમાં) જીવ યોગ માટે એકાન્તે અયોગ્ય હતો. ચરમાવર્તમાં એ સમુચિત યોગ્યતાવાળો બન્યો હોય છે. માટે ચરમાવર્તમાં જીવે કરેલ દેવાદિ-પૂજન, અન્ય આવર્તમાં કરેલ દેવાદિપૂજન કરતાં અલગ પ્રકારનું થાય છે* એમ યોગબિન્દુના વૃત્તિકારે કહ્યું છે.

રેતી, પથ્થર જેવી થઈ ગયેલી અત્યંત ખડકાળ માટી, ચાલુ માટી અને પિંડ.. આ ચાર વસ્તુથી પ્રસ્તુત વાત સમજીએ. અભવ્ય જીવ રેતી જેવો છે. એમાં ઘડો બનવાની યોગ્યતા જ નથી.

અચરમાવર્તમાં રહેલો ભવ્યજીવ ખડકાળમાટી જેવો છે. એમાં ઘડો બનવાની યોગ્યતા છે ખરી. પણ એને અનુરૂપ હાલ એની અવસ્થા નથી. કુંભાર એને ચાકડા પર મૂકી ગમે એટલો પ્રયત્ન કરે તો પણ કશું જ પરિણામ નીપજતું નથી. એમ અચરમાવર્તમાં રહેલો જીવ ઠેઠ નિરતિચાર સંયમપાલન સુધીનો પુરુષાર્થ કરે, છતાં મુક્તિ કે મુક્તિના ઉપાયને અનુકૂળ કોઈ જ પરિણામ ઊભો થઈ શકતો નથી. ચરમાવર્ત પ્રવેશથી જીવ ચાલુ માટી જેવો બને છે. એટલે યોગની પૂર્વસેવારૂપ દેવાદિપૂજન એને પિંડ જેવો બનાવે છે, અર્થાત્ હવે જીવ સહકારી કારણોની યોગ્ય અસરો ઝીલવાને યોગ્ય બની ગયો. આમ અચરમાવર્તમાં ખડકાળ માટીની જેમ માત્ર સ્વરૂપ યોગ્યતા છે અને ચરમાવર્તમાં ચાલુમાટીની જેમ સમુચિત યોગ્યતા છે. એટલે અચરમાવર્તના દેવાદિપૂજન કરતાં ચરમાવર્તના દેવાદિપૂજન વિલક્ષણ હોય છે.

આમાં સમુચિત યોગ્યતા શાનાથી પ્રગટ થાય છે ? એ માટે વિશેષ કશો ઉલ્લેખ નથી, એ જણાવે છે કે ચરમાવર્તમાં પ્રવેશ કરવામાત્રથી એ સમુલ્લસિત થઈ જાય છે.

**પ્રશ્ન :** ચરમાવર્તમાં કયું અનુષ્ઠાન હોય ?

**ઉત્તર :** ચરમાવર્તમાં પ્રાયઃ=ઘણું કરીને ચોથું તદ્હેતુ અનુષ્ઠાન હોવું માન્ય છે. ક્યારેક અનાભોગાદિ ભાવ હોય તો અન્યથા = તદ્હેતુ સિવાયનું પણ અનુષ્ઠાન સંભવે છે. પ્રાયઃ શબ્દથી આ અર્થ મળે છે.

આમાં તદ્હેતુ સિવાયના અનુષ્ઠાન તરીકે અનનુષ્ઠાન અને અમૃતઅનુષ્ઠાન આ બે જ લેવાના છે કે વિષ-ગર પણ લેવાના છે? આ સૂક્ષ્મતાથી વિચારીએ તો જણાય છે કે વિષ-ગર લેવાના નથી- તે આ રીતે-

વિષ-ગર, અનનુષ્ઠાન, તદ્ધેતુ અને અમૃત.. આ ક્રમમાં અનુષ્ઠાનો કહ્યાં છે અને એના કારણ તરીકે ક્રમશઃ ભવાભિષ્વંગ, અનાભોગ, સદનુષ્ઠાનરાગ અને જૈનમાર્ગની શ્રદ્ધા કહ્યા છે. ગાથાના ઉત્તરાર્ધમાં अनाभोगादिभावे શબ્દ રહેલો છે જેનો સમાસવિગ્રહ अनाभोग आदौ येषां.. એવો થઈ શકે. અનાભોગ કાંઈ ભવાભિષ્વંગની આદિમાં નથી. એ તો સદનુષ્ઠાનરાગ અને જૈનમાર્ગ શ્રદ્ધાની આદિમાં જ છે. એટલે અનાભોગાદિભાવ તરીકે ભવાભિષ્વંગ પકડી ન શકાવાથી વિષ-ગર લઈ ન શકાય.

'શ્રી અજિતાદિ તીર્થંકર દેવો...' આ રીતે ઉલ્લેખ હોય ત્યારે શ્રી ઋષભદેવનો સમાવેશ ન જ થાય. એમનો સમાવેશ પણ અભિપ્રેત હોય તો 'શ્રી ઋષભાદિ તીર્થંકરદેવો' એવો જ ઉલ્લેખ જોઈએ. એમ પ્રસ્તુતમાં જાણવું.

**શંકા :** એ તો છંદોભંગ ન થાય એ માટે ભવાભિષ્વંગનો ઉલ્લેખ ન કરતાં અનાભોગનો કર્યો હોય.

**સમાધાન :** ના, 'अभिष्वंगादिभावे तु'.. આ રીતે કહેવામાં કોઈ છંદોભંગ થતો નથી. અને 'અભિષ્વંગ' શબ્દ પરથી પ્રકરણવશાત્ તથા भीमो भीमसेनः ન્યાયે 'ભવાભિષ્વંગ' મળી જ જાય છે. અથવા भवाष्वंगादिभावे तु આ રીતે લેવામાં પણ અર્થ મળી જાય છે ને છંદોભંગ થતો નથી.

**શંકા :** અનાભોગના ઉપલક્ષણથી ભવાભિષ્વંગ લઈ લઈએ તો?

**સમાધાન :** તો आदि શબ્દ અસંગત બની જાય. કારણ કે એ રીતે શ્રદ્ધા પણ ઉપલક્ષણથી જ લઈ શકાય છે, પછી आदि કોના માટે? ઉપલક્ષણથી લેવાનો અભિપ્રાય હોય ત્યારે आदि શબ્દ હોય નહીં.

વળી, ચરમાવર્તમાં વિષ-ગર પણ લેવાનો તમારો આગ્રહ કેમ છે ?

**શંકા :** એટલા માટે કે ભૌતિક આશંસાથી અનુષ્ઠાન કરે તો એનો વિષ-ગરમાં સમાવેશ થઈ શકે.

**સમાધાન :** તો પછી ગાથામાં 'બાહુલ્યેન=ઘણુંખરું' આવો અર્થ જણાવનાર પ્રાયઃ શબ્દ જે રહેલો છે તે અસંગત બની જશે. આશય એ છે કે-વિરાટ ચરમાવર્તકાળમાં જીવ ભૌતિક આશંસાથી મુક્ત બન્યો રહે એવો કાળ તો બહુ જ ઓછો હોય છે. દેશોનપુદ્ગલ પરાવર્ત જેટલો બહુ મોટાભાગના કાળમાં ભૌતિક આશંસા બેસેલી જ હોય છે. એટલે ભૌતિક આશંસાવાળા અનુષ્ઠાનને જો વિષ-ગરનું જ લેબલ મારવાનું હોય તો 'ચરમાવર્તમાં પ્રાયઃ વિષ-ગર હોય છે' એવું કહેવું પડે. તેથી, તદ્ધેતુની સંભાવના બહુ જ અલ્પ રહેવાથી 'ચરમાવર્તમાં પ્રાયઃ તદ્હેતુ હોય છે' આ વાત અસંગત ઠરી જ જાય.

**શંકા :** મોટેભાગે અપેક્ષા હોય છે એ વાત તો સાચી છે. પણ એમાં જે અબાધ્ય હોય તે જ વિષ-ગરનું કારણ બને છે.. ને એવી બહુ જ અલ્પ હોય છે. મોટેભાગે બાધ્ય જ હોવાથી અનુષ્ઠાન તદ્ધેતુ બને છે. આમ વિભાગ કરીએ તો ?

**પ્રશ્ન :** મોટાભાગની અપેક્ષાને 'બાધ્ય' કોણ બનાવે ?

**ઉત્તર : (શંકા) :** બીજું તો કશું સંભવતું ન હોવાથી મુક્તિ-અદ્વેષ જ માનવાનો.

**સમાધાન :** ચરમાવર્તપ્રવેશથી જ મુક્તિઅદ્વેષ હોય જ છે એ પૂર્વે વિચારી ગયા છીએ. એટલે અપેક્ષા બાધ્ય જ રહેવાથી વિષ-ગર સંભવશે જ નહીં.

આમ આ ગાથામાં કહેલી વાત અને પૂર્વે જણાવેલી ઢગલાબંધ વાતો.. આ બધાનો એક જ સૂર નિઃશંક પ્રતીત થાય છે કે ચરમાવર્તમાં વિષ-ગર સંભવતા નથી. એટલે જ શાસ્ત્રોમાં ઠેરઠેર *'અર્થ-કામના ઇચ્છુકે પણ ધર્મ જ કરવો જોઈએ' 'ધર્મ તો સાંભળ્યો હોય-જોયો હોય-*

*કે પ્રશંસ્યો અનુમોદ્યો હોય તો પણ સાત પેઢીને તારી દે છે'* વગેરે રીતે ધર્મનો મહિમા જ ગાયેલો જોવા મળે છે. એને વિષ-ગર રૂપે વખોડેલો તો લગભગ જોવા મળતો નથી. આનું કારણ સ્પષ્ટ છે કે શાસ્ત્રોના ઉપદેશના અધિકારી માત્ર ચરમાવર્તવર્તી જીવો જ છે ને એમને તો તદ્ધેતુ અનુષ્ઠાન થવાથી લાભ જ લાભ છે.

**પ્રશ્ન :** ચરમાવર્તવર્તી જીવો જ ઉપદેશના અધિકારી છે. ને એમને તો વિષ-ગર સંભવતા નથી.તો પછી 'વિષ-ગર અનુષ્ઠાન ત્યાજ્ય છે' વગેરે વાતો કોના માટે છે ?

**ઉત્તર :** અચરમાવર્તવર્તી જીવ માટે તો કશું નિરૂપણ છે જ નહીં, એ વાત સ્પષ્ટ છે. એટલે આ બધી વાતો ચરમાવર્તવર્તી જીવને જ કરવાની છે. અલબત્ ભૌતિક અપેક્ષાવાળું પણ એમનું અનુષ્ઠાન વિષ-ગર ન હોવાથી વિષાન્નતૃપ્તિ સદૃશ કે વિપાકવિરસ નથી જ. છતાં આ જીવોને 'ભૌતિકઅપેક્ષાથી અનુષ્ઠાન વિષ-ગર બનતું હોવાથી વિપરીત ફલક હોય છે' વગેરે જણાવવાની પાછળ 'તેઓના દિલના કોઈ ખૂણે પણ ભૌતિકઅપેક્ષા પ્રત્યે કૂણી લાગણી ન રહી જાય.. ને તેઓને ભૌતિક અપેક્ષા ટાળવાની ચાનક લાગે... એ માટે સતત પ્રયાસ થયા કરે...' આવો જ્ઞાનીઓનો અભિપ્રાય પ્રતીત થાય છે. નહીંતર, 'તમારું ભૌતિક અપેક્ષાવાળું અનુષ્ઠાન પણ તદ્ધેતુ હોવાથી લાભકર્તા જ છે' વગેરે વાતો જ જો તેઓને કરવામાં આવે તો ભૌતિકઅપેક્ષા ટાળવા અંગે તેઓ બેદરકાર જ બની જાય.

**પ્રશ્ન :** પણ જો અનુષ્ઠાન વિષ-ગર બનતું ન હોય તો એ બનવાની વાત કરી શકાય ?

આ પ્રશ્ન બરાબર છે. હવે એનો ઉત્તર આગામી લેખમાં વિચારીશું.

❖ ❖ ❖

# લેખાંક ૮૦

— ગયા લેખમાં છેલ્લે એ પ્રશ્ન ઊઠેલો કે જો અનુષ્ઠાન વિષ-ગર બનતું ન હોય તો એ બનવાની વાત કરી શકાય ? આ પ્રશ્નનો ઉત્તર વિચારીએ-

**ઉત્તર :** ભૌતિક અપેક્ષા ટાળવાની ચાનક જગાડવાના અભિપ્રાયથી કરી શકાય. જેમ કે જે દોષ એવો અક્ષન્તવ્ય ન હોય કે જેથી એ દોષને ન છોડી શકનાર માટે સાધુપણું છોડી ગૃહસ્થવાસ સારો થઈ જાય, એવા (જેમ કે બપોરે બે-અઢી કલાક નિદ્રા) દોષને પણ ટાળવાની ચાનક લાગે એ માટે ગુરુ નિદ્રાળુ શિષ્યને 'અલ્યા ! તારે ઊંઘ્યા જ કરવું છે તો એના કરતાં તું ઘરે શું ખોટો હતો ?' આવું જરૂર કહી શકે છે.

**પ્રશ્ન :** ગુરુ ભલે શ્રોતાને ચાનક લગાડવા આવી વાતો કરે. પણ શ્રોતાને 'ભૌતિક અપેક્ષાથી અનુષ્ઠાન વિષ-ગર થાય.. ને ભૌતિક અપેક્ષા હું છોડી શકતો નથી. તો અનુષ્ઠાન જ છોડી દઉં' આવી પ્રતીતિ થાય ને અનુષ્ઠાન છોડી દે તો તો તદ્ધેતુથી વંચિત રહેવાનું નુકસાન જ થાય ને ?

**ઉત્તર :** એટલે જ વિષ-ગર વગેરે વાતો જેમાં આવે છે એ યોગગ્રન્થો, ધર્મશ્રવણના અધિકારી એવા બધા જ જીવોને આપવાના હોતા નથી, પણ વિષ-ગરની વાતો સાંભળ્યા પછી પણ જેને અનુષ્ઠાન છોડવાનું મન ન થાય, પણ ભૌતિક અપેક્ષા ટાળવાની જ ઓછેવત્તે અંશે પણ પ્રેરણા મળે એવા જીવોને જ આ વાતો કરવાની હોય છે. કુલયોગી અને પ્રવૃત્ત ચક્રયોગી જીવો આવા હોય છે. માટે એ જીવોને જ આવા ગ્રન્થોના અધિકારી કહ્યા છે. આ અંગેની વિશેષ વાતો યોગવિંશિકા ગ્રન્થના મેં કરેલા ગુજરાતી વિવેચનમાંથી જાણી લેવી. એ વિવેચનમાં મેં સંભાવના વ્યક્ત કરી હતી કે ચરમાવર્તમાં

વિષ-ગર ન હોય. પણ આ બત્રીશીના વિવેચનવેળા એનાં વચનો પર વધારે ઊંડાણથી વિચાર કરવા પર હવે હું આ નિશ્ચય પર આવ્યો છું કે ચરમાવર્તમાં વિષ-ગર ન જ હોય. અસ્તુ.

**પ્રશ્ન :** 'ચરમાવર્તવર્તી જીવને વિષ-ગરની વાતો, એ ભૌતિક-અપેક્ષા છોડવાની તાલાવેલીવાળો થાય એ માટે છે' આવી તમારી કલ્પનાનું સૂચક હોય એવું કાંઈ દર્શાવી શકો ?

**ઉત્તર :** હા, ચોક્કસ. પૂર્વે બીજી ગાથામાં વ્રતદુર્ગ્રહને શસ્ત્ર-અગ્નિ-સાપના દુર્ગ્રહસદૃશ કહ્યો છે. એના વિવેચનમાં મેં જણાવેલું છે કે શસ્ત્રાદિ તો સ્વરૂપે નુકસાનકર્તા છે. પછી, સ્વરૂપેલાભકર્તા એવા વ્રતના દુર્ગ્રહ માટે એના દુર્ગ્રહની વાત કેમ કરી ? પ્રથમ નજરે અનુચિત લાગે એવી પણ આ સરખામણીનો મહાતાર્કિક એવા શ્રી હરિભદ્રસૂરિ મહારાજે તથા મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે સ્વ-સ્વગ્રન્થોમાં ઉલ્લેખ કર્યો છે તો એની પાછળ જરૂર કોઈ ગંભીર રહસ્ય હશે. એ રહસ્ય આ છે-એક તો શસ્ત્રાદિ સ્વરૂપે જ નુકસાનકર્તા છે. અને વળી એનો દુર્ગ્રહ... એટલે કેટલું વધારે નુકસાનકારક... ભૌતિક અપેક્ષાવાળા અનુષ્ઠાનની આની સાથે સરખામણી કરવાથી ભૌતિક અપેક્ષાની દુષ્ટતા ઓર વધારે પ્રતીત થાય જ. ને તેથી એને ટાળવાની ચાનક પણ વધારે તીવ્ર બને જ. આમ, આ વિપરીત સરખામણીથી આ સૂચન મળે છે કે આ વાતો ભૌતિક અપેક્ષાને ટાળવાની તીવ્ર ચાનક લગાડવા માટે છે.

**પૂર્વપક્ષ :** તદ્ધેતુને ઉચિતભાવ કયો છે ? મુક્તિ પ્રત્યે અદ્વેષ કે મુક્તિનો રાગ ? અર્થાત્ તદ્હેતુ અનુષ્ઠાનનું લક્ષણ શું માનશો ? 'મુક્તિઅદ્વેષયુક્ત અનુષ્ઠાન હોય તે તદ્હેતુ અનુષ્ઠાન' આવું લક્ષણ અતિવ્યાપ્તિદોષગ્રસ્ત છે, કારણ કે અભવ્યાદિના વિષ-ગરાત્મક અનુષ્ઠાનવિશેષમાં એ લક્ષણ જાય છે. તે પણ એટલા માટે કે સંયમપાલનાદિથી ગ્રૈવેયકમાં જનારા તેઓને મુક્તિઅદ્વેષ હોવો

ગ્રન્થકારે ખુદ કહ્યો છે. આ અતિવ્યાપ્તિને વારવા માટે જો એમ કહો કે 'મનાગ્ (=અલ્પ) રાગપ્રયુક્ત અનુષ્ઠાન હોય છે તે તદ્હેતુ' તો આ લક્ષણમાં અવ્યાપ્તિદોષ છે, કારણ કે ચરમાવર્ત પ્રવિષ્ટ જે જીવને હજુ મુક્તિનો અલ્પરાગ પણ પ્રગટ્યો નથી, તેના મુક્તિઅદ્વેષપ્રયુક્ત તદ્હેતુમાં આ લક્ષણ જતું નથી. વળી પૂર્વની બત્રીશીની ૩૨મી ગાથામાં આ વાત આવી ગઈ છે કે મુક્તિઅદ્વેષમાં કોઈ ભેદ હોતો નથી. એટલે અભવ્યાદિના અને ચરમાવર્તવર્તી જીવના મુક્તિ અદ્વેષમાં ફરક પાડીને અતિવ્યાપ્તિનું વારણ કરી શકાતું નથી.

**શંકા :** મુક્તિઅદ્વેષમાં ભેદ ન હોવા છતાં, મુક્તિના મનાગ્રાગથી વિશિષ્ટ મુક્તિઅદ્વેષ અને એ વગરનો મુક્તિઅદ્વેષ.. આવો ભેદ તો પાડી શકાય ને ?

**સમાધાન :** તો પછી મુક્તિઅદ્વેષ લખવાની જરૂર જ ન રહે. આશય એ છે કે પછી, 'મુક્તિના મનાગ્રાગથી યુક્ત મુક્તિઅદ્વેષ-પ્રયુક્ત અનુષ્ઠાન એ તદ્હેતુ' આવું લક્ષણ બનાવવાનું રહે. અને તો તો 'મુક્તિના મનાગ્રાગથી પ્રયુક્ત અનુષ્ઠાન એ તદ્હેતુ' આટલા જ લક્ષણથી અભવ્યાદિના અનુષ્ઠાનમાં થતી અતિવ્યાપ્તિનું વારણ થઈ જતું હોવાથી મુક્તિઅદ્વેષ કહેવાનું ગૌરવ શા માટે ?

**શંકા :** તો નહીં કહેવાનો..

**સમાધાન :** જો નહીં કહેશો તો તમે પૂર્વે જે 'મુક્તિના અદ્વેષથી કે મનાગ્ રાગથી પ્રયુક્તઅનુષ્ઠાન એ તદ્હેતુ' આવું જે કહેલું છે તે વચન ઊડી જશે.

**શંકા :** ઊડી જવા દો. હવે સુધારો કરી લઈશું.

**સમાધાન :** તો પછી જે ચરમાવર્તવર્તી જીવને હજુ મુક્તિરાગ પ્રગટ્યો નથી એના અનુષ્ઠાનમાં લક્ષણ ન જવાથી અવ્યાપ્તિદોષ તો ઊભો જ રહેશે.

**શંકા :** ચરમાવર્તવર્તી જીવને દ્વેષમાત્રનો અભાવ હોવાથી અનુષ્ઠાન તદ્હેતુ બને છે. જ્યારે અભવ્યાદિને ઉત્કટદ્વેષ ભલે નથી, પણ અનુત્કટ દ્વેષ હોઈ શકવાથી અતિવ્યાપ્તિ નહીં થાય.

**સમાધાન :** મોક્ષ પ્રત્યે જ્યારે ઉપેક્ષા હોય છે ત્યારે અંશમાત્ર પણ દ્વેષ સંભવતો નથી, જો ઉપેક્ષાકાળે પણ દ્વેષ સંભવતો હોય તો તો અભવ્યોને મોક્ષ પર પણ દ્વેષ સંભવશે, કારણ કે એમને જે અત્યંત ઇષ્ટ છે તે સાંસારિક સુખનો મોક્ષ વિરોધી છે.

**ઉત્તરપક્ષ :** તમે, 'મુક્તિઅદ્વેષને તદ્હેતુઅનુષ્ઠાનનું કારણ માનવામાં અભવ્યાદિના અનુષ્ઠાનને પણ તદ્હેતુ માનવું પડે' આ રીતે અતિવ્યાપ્તિની કહેલી વાત સાચી છે. પણ અમે તો સદ્-અનુષ્ઠાનરાગને તદ્હેતુનું કારણ માનીએ છીએ જે અભવ્યને હોતો નથી. આ સદનુષ્ઠાનરાગ મુક્તિઅદ્વેષ કે મુક્તિરાગથી ઉત્પન્ન થાય છે. વળી અહીં જે મુક્તિઅદ્વેષ કહ્યો તે બાધ્ય ફળાપેક્ષાથી સહકૃત હોવો જોઈએ. અભવ્યાદિનો મુક્તિઅદ્વેષ અબાધ્યફળાપેક્ષાથી સહ-કૃત હોવાથી ગ્રૈવેયકપ્રાપ્તિ કરાવી શકે છે પણ સદનુષ્ઠાનરાગ પ્રગટાવી શકતો નથી.

**શંકા :** અભવ્યાદિને વિષયસુખ જોઈએ છે. ને જ્યારે એને વિષયસુખરૂપ સ્વઇષ્ટની પ્રાપ્તિના કારણ તરીકે ચારિત્રપાલનાદિ જણાય છે ત્યારે એને એમાં રાગ થાય જ ને ?

**સમાધાન :** અભવ્યના અને ચરમાવર્તવર્તી જીવના સદનુષ્ઠાનરાગમાં પણ ફરક હોય છે. અભવ્યને માત્ર સ્વર્ગાદિના સાધન તરીકે જ અનુષ્ઠાન પ્રત્યે રાગ (ઇચ્છા) થયેલ છે. વિષયસુખના ગાઢકામી એને સ્વરૂપે તો આ અનુષ્ઠાન પ્રત્યે રાગ નહીં, ભારોભાર દ્વેષ જ હોય છે. કારણ કે અનુષ્ઠાન માટે વિષયસુખને ઓછેવત્તે અંશે પણ છોડવા પડતા હોય છે. પણ ચરમાવર્તવર્તી જીવને અનુષ્ઠાન પ્રત્યે

સ્વરૂપે પણ રાગ પ્રગટવા માંડે છે. 'મારા ભગવાને કહેલું અનુષ્ઠાન', 'કેવું સુંદર નિર્દોષ અનુષ્ઠાન', 'ફરીફરી કરવાનું મન થાય એવું અનુષ્ઠાન...' આવી બધી પ્રીતિ એ 'સ્વરૂપે રાગ' તરીકે અહીં અભિપ્રેત છે. આવો સદ્અનુષ્ઠાનરાગ જ તદ્હેતુ અનુષ્ઠાનનું બીજ છે જે અભવ્યાદિને ન હોવાથી અતિવ્યાપ્તિનો પ્રશ્ન રહેતો નથી.

**શંકા :** અભવ્યાદિને એવો સદનુષ્ઠાનરાગ કેમ થતો નથી ?

**સમાધાન :** બાધા પામવાના=ઘસાતા જવાના સ્વભાવવાળી સૌભાગ્ય વગેરે ફળની વાંછા એ બાધ્ય ફળાપેક્ષા. આથી બાધ્ય ફળાપેક્ષા સદનુષ્ઠાન પર રાગ કરાવનારી બને છે. આ બાધ્ય ફળાપેક્ષા પ્રજ્ઞાપનાને=ઉપદેશને આધીન હોય છે. આશય એ છે કે અચરમાવર્તમાં રહેલી ભૌતિક ફળાપેક્ષા મુક્તિદ્વેષના કારણે અબાધ્ય હોય છે અને એ જ કારણે ઉપદેશની યોગ્યતા પણ હોતી નથી. બાધ્ય ફળાપેક્ષા ચરમાવર્તમાં હોય છે જ્યારે જીવ ઉપદેશને યોગ્ય બન્યો હોય છે. તેથી, ઉપદેશની અસર ઝીલવાની યોગ્યતા હોવાથી એ અપેક્ષાએ અહીં ઉપદેશને આધીન કહી છે.

વળી આ બાધ્ય ફળાપેક્ષા કારણ તરીકે મુક્તિઅદ્વેષની અપેક્ષા રાખે છે. અર્થાત્ બાધ્ય ફળાપેક્ષા મુક્તિઅદ્વેષજન્ય હોય છે. બાધ્યફળાપેક્ષા એટલે બાધ્યત્વ વિશિષ્ટ-ફળાપેક્ષા. આમાં ફળાપેક્ષા કે જે વિશેષ્ય છે, તે તો જીવને ઉદયમાં રહેલા અનંતાનુબંધી કષાયાત્મક રાગજન્ય હોવાથી મુક્તિઅદ્વેષજન્ય હોતી નથી. તેથી સવિશેષણન્યાયે મુક્તિ-અદ્વેષજન્યત્વ બાધ્યત્વાત્મક વિશેષણમાં માનવાનું રહે છે. અર્થાત્ મુક્તિઅદ્વેષ ફળાપેક્ષાને બાધ્ય બનાવે છે. અને આ બાધ્ય ફળાપેક્ષા સદનુષ્ઠાનરાગને જન્માવે છે.

**શંકા :** ચરમાવર્તવર્તી જીવ ધર્માનુષ્ઠાન ન કરતો હોય તો પણ એની ભૌતિકઅપેક્ષાઓ બાધ્ય હોવાથી સદનુષ્ઠાનરાગ પેદા કર્યા કરશે જ.

**સમાધાન :** અહીં પ્રકરણ પરથી સમજી લેવાનું છે કે ધર્માનુષ્ઠાનમાં રહેલી બાધ્ય ફળાપેક્ષા સદનુષ્ઠાનરાગને પેદા કરે છે. અર્થાત્ બાધ્ય ફળાપેક્ષાપૂર્વક કરાતું ધર્માનુષ્ઠાન સદનુષ્ઠાનરાગને પેદા કરે છે.

**શંકા :** અભવ્યાદિને પણ મુક્તિઅદ્વેષ તો છે જ. તો એ ફળાપેક્ષાને બાધ્ય બનાવવા દ્વારા સદનુષ્ઠાનરાગ પ્રગટાવી તદ્હેતુ અનુષ્ઠાનનો સંપાદક બની જશે ?

**સમાધાન :** આ આપત્તિને વારવા માટે જ મેં પૂર્વે મુક્તિ-અદ્વેષના જે બે પ્રકાર કહેલા તે માનવા જરૂરી છે. (૧) યોગ્યતારૂપે થયેલ કાળસાધ્ય મુક્તિઅદ્વેષ. આ ચરમાવર્તવર્તી બધા જીવોને હોય છે. ને એ ફળાપેક્ષાને બાધ્ય બનાવવા દ્વારા સદનુષ્ઠાન રાગનો જનક બનીને અનુષ્ઠાનને તદ્હેતુ બનાવે છે. (૨) આંતરિક યોગ્યતા વિના જ, પુરુષાર્થથી કેળવેલ વ્યક્ત રૂપનો મુક્તિઅદ્વેષ. અર્થાત્ આંતરિક મુક્તિદ્વેષસહિત બહાર મુક્તિઅદ્વેષ. અભવ્યાદિને આ સંભવે છે. એ ફળાપેક્ષાને બાધ્ય બનાવી શકતો ન હોવાથી સદનુષ્ઠાન રાગ કે તદ્હેતુનો સંપાદક બની શકતો નથી. આમ મુક્તિઅદ્વેષ બે પ્રકારનો માનવા છતાં ગ્રન્થકારે પૂર્વ બત્રીશીમાં એને એક પ્રકારનો જ જે કહેલ છે એની સંગતિપૂર્વે દેખાડી ગયો છું. બાકી તો ગ્રન્થકારે ખુદ મુક્તિઅદ્વેષના અહીં, સદનુષ્ઠાનરાગનો જનક અને અજનક એમ બે પ્રકાર સૂચિત કરી જ દીધા છે.

અચરમાવર્તવર્તી જીવને એની અબાધ્ય ફળાપેક્ષા મોક્ષાર્થ-શાસ્ત્રશ્રવણનો ઘાત કરનારી=મોક્ષસંબંધી શાસ્ત્રોના શ્રવણને હણનારી બને છે, કારણ કે એને એની આ અબાધ્યફળાપેક્ષા 'આ શ્રવણ મારા ઇચ્છિતથી વિરુદ્ધ છે' એવી વિરુદ્ધત્વબુદ્ધિ કરાવે છે, અલબત્ એ પણ આ શાસ્ત્રનું શ્રવણ કરે તો છે. પણ એ સ્વારસિક હોતું નથી, અર્થાત્ અંદરની

રુચિથી થયેલું હોતું નથી. પૂર્વે જણાવ્યું છે એમ કડવી દવા રુચતી નથી. પણ લીધા વિના છૂટકો નથી. એવું આ શ્રવણ હોય છે. ને તેથી જ સદનુષ્ઠાન કરવા છતાં એના પ્રત્યે આંતરિકપ્રીતિ ક્યારેય નિર્માણ થતી નથી.

જ્યારે ચરમાવર્તવર્તી જીવને મુક્તિઅદ્વેષના કારણે ફળાપેક્ષા બાધ્ય છે. વળી સમુચિતયોગ્યતાના કારણે મોક્ષાર્થશાસ્ત્રશ્રવણ પ્રત્યે અંદરથી રુચિ પ્રગટે છે. આ રુચિના કારણે બુદ્ધિ માર્ગાનુસારિણી બને છે. બુદ્ધિ મોક્ષમાર્ગને અભિમુખ થવી એ પ્રચંડ શુભભાવરૂપ હોવાથી તીવ્રપાપનો ક્ષય કરે છે. એ ક્ષય થવાથી સદનુષ્ઠાનરાગ પ્રગટવાના કારણે અનુષ્ઠાન તદ્હેતુ બનવા દ્વારા લાભકર્તા નીવડે છે.

આમ ચરમાવર્તમાં મુક્તિઅદ્વેષ, ફળાપેક્ષાની બાધ્યતા, સમુચિતયોગ્યતા, મોક્ષાર્થશાસ્ત્રશ્રવણરુચિ અને માર્ગાનુસારિણી બુદ્ધિના ક્રમે માર્ગાનુસરણ થતું હોવાથી સૌભાગ્યાદિ ફળાપેક્ષા ભૌતિક હોવા છતાં એ માટે રોહિણીતપ વગેરે તપો પંચાશકજી વગેરે શાસ્ત્રમાં દેખાડેલા છે, તેમજ મુગ્ધજીવોને માર્ગપ્રવેશ થાય એ માટે ગીતાર્થો વડે અપાય પણ છે. આનો સૂચિતાર્થ એ છે કે એનાથી નુકસાન નહી, પણ લાભ જ થાય છે. શ્રી હરિભદ્રસૂરિ મહારાજે પંચાશકજી (૩-૪૯) માં કહ્યું છે કે-*મુગ્ધજીવોના સમ્યક્ હિતમાટે રોહિણી વગેરે તપ બતાવેલાં છે.*

'મોક્ષની ઈચ્છાથી જ ધર્મ કરાય. ભૌતિક ઈચ્છાથી ધર્મ તો ન જ કરાય... ભૌતિક ઈચ્છાથી કરેલો ધર્મ વિષાનુષ્ઠાન બનવાથી ભૂંડો... સંસાર વધારનારો.. રિબાવી રિબાવીને મારનારો...' આવી વિપરીત વાતોના ઢોલ પીટનારાઓને ગ્રન્થકાર જવાબ આપે છે કે -આ રીતે સૌભાગ્ય વગેરેની ઈચ્છાથી ધર્મ કરવામાં, 'એ અનુષ્ઠાન તદ્હેતુ ન બનતાં વિષ-ગર બની જશે' આવો કોઈ જ પ્રશ્ન નથી, કારણ કે ફળાપેક્ષા બાધ્ય છે.

અહીં સમજવા જેવું એ છે કે-ગ્રન્થકારે 'કારણ કે ફળાપેક્ષા બાધ્ય છે' એમ બેધડક વિધાન કરી દીધું છે. 'ફળાપેક્ષા બાધ્ય હોય તો વિષ-ગર નથી, બાધ્ય ન હોય તો વિષ-ગર થાય' આવો કોઈ વિકલ્પ દર્શાવ્યો નથી. તેમજ આ 'સૌભાગ્યાદિની ઇચ્છા બાધ્ય કેમ છે ?' એમાં મુક્તિઅદ્વેષ સિવાય અન્ય કોઈ જ કારણ આખા ગ્રન્થમાં દર્શાવ્યું નથી. અર્થાત્ ઇચ્છાનો આકાર-પ્રકાર વગેરેનો આમાં કશો ભાગ નથી. આના ઉપરથી પણ નિર્ણય થાય છે કે ચરમાવર્તમાં મુક્તિઅદ્વેષ હોવાથી વિષ-ગર ન જ થાય.

**શંકા :** જો ફળાપેક્ષા બાધ્ય જ છે, તો ગુરુઉપદેશ દ્વારા એને જ દૂર કરીને નિરભિષ્વંગ અનુષ્ઠાન કરવાની જ પ્રેરણા શા માટે ન કરે ?

**સમાધાન :** આ રીતે જ=સૌભાગ્યાદિની ઇચ્છાથી રોહિણીતપ વગેરે કરે.. એ રીતે જ માર્ગનું અનુસરણ થવું સંગત ઠરે છે. અહીં इत्थमेव આ રીતે જ .. આમાં રહેલો 'જ'કાર ઉપદેશદ્વારા ફળાપેક્ષાને દૂર કરી નિરભિષ્વંગ અનુષ્ઠાનરૂપ માર્ગ પર જીવને સીધો ચઢાવી દેવો એ રીતનો વ્યવચ્છેદ કરે છે. આના સૂચિતાર્થથી એ સ્પષ્ટ છે કે એ રીતે માર્ગાનુસરણની શક્યતા લગભગ નથી. જ્યારે અપેક્ષાવાળા અનુષ્ઠાનદ્વારા માર્ગાનુસરણ સહજ શક્ય છે એટલે 'આશય સુધારો, રાગ-દ્વેષ ઘટાડવાનો આશય ન હોય એ અનુષ્ઠાન જૈનશાસનને માન્ય નથી.. અમે આશય સુધારવાની ઊંચી વાતો કરનારા...' વગેરે ફાંકો રાખવો એ ગાઢ અજ્ઞાન અને મિથ્યા-અભિમાન સિવાય બીજું શું છે ?

સદનુષ્ઠાનરાગનો પ્રયોજક બનનાર મુક્તિઅદ્વેષ આ રીતે પ્રધાન છે. પણ એનો પ્રયોજક ન બનનાર અદ્વેષ લાભકર્તા બની શકતો નથી. માટે જ વસુપાલનો ગુણઅદ્વેષ ભવભ્રમણને અટકાવનાર ન બની શક્યો. આશય એ છે કે દ્વેષાભાવરૂપ હોવાથી મુક્તિઅદ્વેષ

એક જ હોવા છતાં, એમાં યોગ્યતારૂપે થયેલો મુક્તિઅદ્વેષ(=સદ-નુષ્ઠારાગનો પ્રયોજક મુક્તિઅદ્વેષ) અને પ્રયત્નથી કેળવેલો મુક્તિ-અદ્વેષ (=એ રાગનો અપ્રયોજક મુક્તિઅદ્વેષ) આમ બે પ્રકાર કહ્યા. વસુપાલને આમાંથી બીજા પ્રકારનો અદ્વેષ હતો. એ સદનુષ્ઠાનરાગનો પ્રયોજક ન બનવાના કારણે ભવભ્રમણનો બાધક બની શક્યો નહીં..

એનું દૃષ્ટાન્ત આ પ્રમાણે છે-

કૌશામ્બી નગરીમાં ધનશ્રેષ્ઠી અને યક્ષશ્રેષ્ઠી નામે બે શ્રેષ્ઠીના પુત્રો ક્રમશઃ ધનપાલ અને વસુપાલ હતા. પરસ્પર અત્યંત સ્નેહભીનાં આ બંનેનાં મન, સ્વભાવ, ઈચ્છા વગેરે બધું એકસરખું હતું. એટલે 'દેહ જુદા હોવા છતાં બંનેના જીવ-મન એક જ છે' એવી લોકવાયકા થઈ. એકદા શ્રીવીરપ્રભુ ત્યાં સમોસર્યા. બંને મિત્રો પ્રભુની દેશનાનું પાન કરવા ગયા. જિનવાણી શ્રવણથી ધનપાલને સમ્યક્ત્વ પ્રગટ થયું, વસુપાલને ન થયું. એટલે બધાને આશ્ચર્ય થયું. 'ઈચ્છા વગેરે બાબતમાં એક મનવાળા તેઓ આમાં કેમ જુદા પડ્યા ?' આવો પ્રશ્ન પુછાવા પર પ્રભુએ કહ્યું કે પૂર્વભવમાં આ બંને ગ્રામમુખીના પુત્રો હતા. વ્યસનના પનારે પડવાથી ચોરી કરવાના માર્ગે વળ્યા. એક વખત ચોરી કરીને પાછા ફરી રહેલા તેઓનો રાજપુરુષોએ પીછો પકડ્યો. તેથી એ બંને પર્વતની એક ગુફામાં ઘૂસ્યા. ત્યાં સાધુભગવંત આતાપના લઈ રહ્યા હતા. એમને જોઈને ધનપાલને અહોભાવ-આદરભાવ જાગ્યો. પણ વસુપાલને ન અહોભાવ થયો, ન દ્વેષ થયો. પણ ઉપેક્ષાભાવ થયો. એટલે એને સાધુની પ્રશંસા દ્વારા બોધિબીજ નાખ્યું નહીં. તેથી અહીં જિનવાણીની વૃષ્ટિ થવા છતાં એને સમ્યક્ત્વનો અંકુરો ફૂટ્યો નહીં. માટે સંસારભ્રમણ સીમિત બન્યું નહીં.'

આમ મુક્તિઅદ્વેષ, તેના ઉપાયભૂત ગુણોનો અદ્વેષ કે એ ગુણના ગુણીઓનો અદ્વેષ.. આ બધું જ સદનુષ્ઠાનરાગના પ્રયોજક

બને તો જ તદ્હેતુઅનુષ્ઠાન કરાવનાર હોવાથી જીવને હિતકર નીવડે છે, એ સિવાય નહીં, એ નિશ્ચિત થયું.

આમ સદનુષ્ઠાનરાગનો પ્રયોજક બનનારો મુક્તિઅદ્વેષ સદનુષ્ઠાનોનો પ્રાણ છે અને એ જ અવ્યવધાનપણે ગુણરાગનું બીજ બને છે.

અંતઃતત્ત્વની વિશુદ્ધિથી અને આગ્રહ વિનિવૃત્ત=દૂર થયો હોવાથી આ મુક્તિઅદ્વેષથી જ ધારાલગ્ન શુભભાવ પ્રવર્તે છે. અહીં, ચરમાવર્તમાં યોગની સમુચિતયોગ્યતા ઉલ્લસવી એ અંતઃતત્ત્વની વિશુદ્ધિ છે. 'સુખ તો પૌદ્ગલિક જ હોય' તીવ્રભવાભિષ્વંગરૂપ બનનારો આવો દઢ આગ્રહ-કદાગ્રહ અચરમાવર્તમાં હોય છે. ચરમાવર્તમાં એ રહેતો નથી, દૂર થઈ જાય છે. અંતઃતત્ત્વ કંઈક કંઈક મોક્ષને અભિમુખ થતું રહે એ ધારાલગ્ન શુભભાવ તરીકે અભિપ્રેત હોય એમ લાગે છે.

વિદ્યાનો જે સારો સાધક હોય તેને વિદ્યાસિદ્ધિ જ્યારે નજીક થાય છે ત્યારે અંદરથી કોઈ અપૂર્વ આનંદ અનુભવાવાનો ચાલુ થવાથી ગમે તેવી ભયંકર કસોટી વગેરેનો પણ ભય રહેતો નથી. એવી જ રીતે મુક્તિ-અદ્વેષ પ્રગટવા પર સિદ્ધિ નજદીક થઈ હોવાથી અંતઃકરણમાં કોઈક અવર્ણનીય પ્રમોદ અનુભવવાથી બહાર કોઈ ભય સતાવતો નથી.

**પ્રશ્ન :** ચરમાવર્ત પણ અનંતકાળચક્ર જેટલો સુદીર્ઘ છે. પછી સિદ્ધિ નજીક શી રીતે કહેવાય ?

**ઉત્તર :** ચરમાવર્તમાં રહેલા જીવને સિદ્ધિ ચોક્કસ નજદીક હોય છે, કારણ કે પસાર થઈ ગયેલા અનંતાનંત પુદ્ગલપરાવર્તની અપેક્ષાએ આ એક પુદ્ગલપરાવર્ત એ સમુદ્રમાં બિંદુ તુલ્ય હોઈ કશું જ નથી.

'મારી સિદ્ધિ નજીક છે' આ વિચાર જ જીવને જાતજાતની સુખદ કલ્પનાઓમાં રાચતો કરી દે છે. આ માનોરથિક= મનોરથજન્ય સુખને વારંવાર અનુભવતો જીવ, મુક્તિના ઉપાયભૂત ક્રિયામાં વિષય-કષાય-પ્રમાદ વગેરેને છોડવાના હોવા છતાં એનાથી પીડા પામતો નથી, પણ ઉપરથી એમાં ખૂબ અનુરાગ ધરાવનારો બને છે. આશય એ છે કે સાધનામાં કષ્ટ જોનારને પીડા થાય, કમાણી જોનારને ખુશી થાય. વળી સાધના કમાણીનું સાધન લાગવાથી એના પર અનુરાગ થાય. ચરમાવર્તવર્તીજીવને સાધનામાં મુક્તિની નજદીકતા-રૂપ કમાણી ભાસવાથી અનુરાગ પેદા થાય છે.

માનોરથિક સુખ અને સદનુષ્ઠાનરાગથી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. ફટકડીના ચૂર્ણથી મળ રહિત બનેલું પાણી જેમ પ્રસન્ન (=નિર્મળ) થાય છે એમ આ શ્રદ્ધાથી ચિત્ત પ્રસન્ન=નિર્મળ થાય છે.

પ્રસન્ન થયેલા ચિત્તથી વીર્યોલ્લાસ સ્ફુરે છે. એ વીર્યોલ્લાસ-પૂર્વક સદનુષ્ઠાન કરવાથી એના દઢ સંસ્કાર પડવાના કારણે પટુસ્મૃતિ થાય છે. આ પટુસ્મૃતિથી સમાધિને અનુભવતું ચિત્ત સાધનામાં સ્થિરતાનું અવલંબન કરે છે.

આ પ્રમાણે અપુનર્બન્ધકતા જેની આદિમાં છે એવું મુક્તિ-અદ્વેષક્રમે થયેલ અધિકારીપણું પરમાનન્દનું કારણ બને છે.

ચરમાવર્તમાં થતા કોઈપણ ધર્માનુષ્ઠાનથી સચ્ચિત્તનું મારણ કે લઘુત્વનું આપાદન થતું નથી, માટે વિષ-ગર થતા નથી. તેમ છતાં, જેમાં ભૌતિક અપેક્ષાનો સંબંધ છે, એવા ચરમાવર્તમાં થતા અનુષ્ઠાનોના આપણે ત્રણ વિભાગ કરી શકીએ.

(૧) ભૌતિક ઇચ્છા પહેલાં પેદા થયેલી છે. ને પછી એની સફળતા માટે ગુરુઉપદેશથી કે સ્વયં ધર્મ કરે જેમ કે ધમ્મિલ વગેરે. अर्थकामाभिलाषिणाऽपि धर्म एव यतितव्यम् વગેરે શાસ્ત્રવચનો (અર્થ-

કામના ઇચ્છુકે પણ ધર્મ જ કરવો જોઈએ) દ્વારા આ વિહિત હોવાના કારણે નિષિદ્ધ નથી. અને એટલે જ એ જીવને ઉત્તરોત્તર આગળ વધારનાર જ બને છે.

(૨) પહેલાં નિરાશંસભાવે ધર્મ કર્યો. પણ પછી નિયાણું કર્યું. જેમ કે સંભૂતિમુનિ. આમાં અનુષ્ઠાન ત્યાજ્ય નથી, પણ નિયાણું ત્યાજ્ય છે, કારણ કે એ ભવિષ્યમાં સંયમાદિરૂપ ધર્મવિશેષની પ્રાપ્તિમાં પ્રતિબંધક બને છે. તેથી અનુષ્ઠાન નિષિદ્ધ નથી. પણ નિયાણું નિષિદ્ધ છે.

(૩) પહેલાં નિરાશંસભાવે પ્રભુભક્તિ કરી પછી જય-વીયરાયસૂત્રગત ઇટ્ઠફલસિદ્ધિ પદથી, ચિંતાનો વિષય બનેલ આવશ્યક આજીવિકા વગેરેની પ્રાર્થના કરી. આ પણ સૂત્રવિહિત છે, નિષિદ્ધ નથી, માટે એ જીવને લાભકર્તા જ નીવડે છે.

આ ત્રણમાં ભૌતિક ઇચ્છા પ્રથમમાં આવશ્યકતાજન્ય કે લોભજન્ય છે. બીજામાં લોભજન્ય છે, જ્યારે ત્રીજામાં આવશ્યકતા-જન્ય છે. ત્રીજામાં પણ લોભજન્ય ઇચ્છાનો વિષય માગવામાં આવે તો એ નિયાણું જ બની જવાથી બીજા પ્રકારમાં જાય. પહેલો- છેલ્લો પ્રકાર વિહિત છે. લાભકર્તા જ છે. બીજો પ્રકાર નિયાણા અંશમાં નિષિદ્ધ છે, અનુષ્ઠાન અંશમાં નિષિદ્ધ નથી.

આમ મુક્તિઅદ્વેષના પ્રાધાન્યને જણાવનાર તેરમી બત્રીશીની વિચારણા પૂર્ણ થઈ. હવે આગામી લેખથી ચૌદમી અપુનર્બન્ધક બત્રીશીની વિચારણા ચાલુ કરીશું.

❖ ❖ ❖

# એક વિશેષ વાત...

આ ભાગમાં અપુનર્બન્ધક, સહજ મળહ્રાસ, સંભૂતિમુનિનું અનશન... વગેરે અંગેની કેટલીક વાતો અપૂર્વ લાગવાથી કોઈકને શાસ્ત્રવિપરીત લાગે એવી શક્યતા છે. તેઓને, મેં શાસ્ત્રવચનોને અનુસરીને જ જે તર્કો આપેલા છે એમાં કોઈ અસંગતિ લાગે તો જરૂર જણાવવા વિનંતી છે. બાકી પોતે આજ સુધી જે માનેલું-વિચારેલું એના કરતાં અલગ જોવા માત્રથી ઉત્સૂત્રનું લેબલ ન લગાડી દેવાની નમ્ર ભલામણ છે.

વળી ક્યારેક તો પોતાની ક્ષમતા જ ન હોવા છતાં ચંચૂપાત કરવાની વૃત્તિ જોવા મળે ત્યારે દિલ કરુણાસભર વ્યથા અનુભવે છે. જેમકે પૂ. શીલચન્દ્રસૂરિ મ. સંપાદિત 'અનુસંધાન'માં મુનિરાજ શ્રી ત્રૈલોક્યમંડન-વિજયજીએ, સપ્તભંગીવિંશિકા અને દ્રવ્યગુણપર્યાયનો રાસ-વિવેચનમાં મેં કરેલી સપ્તભંગી અંગેની કેટલીક રજુઆત પર ચર્ચા કરી છે.

આ મહાત્માએ એ જ લેખમાં નીચે એક ટિપ્પણ આપી છે જેમાં ઘટત્વ-કુંભત્વ-કલશત્વ વગેરે જુદી જુદી જાતિઓ નથી (અર્થાત્ જાતિભેદ નથી પણ અભેદ છે) એ વાત જણાવી છે ને પછી *'व्यक्तेरभेदो जातिबाधकः' આવો જે ન્યાયદર્શનનો નિયમ છે તેનું તાત્પર્ય પણ ઉપરોક્ત જ છે* એમ જણાવ્યું છે. હવે ન્યાયદર્શનનો પ્રાથમિક અભ્યાસુ પણ જાણતો હોય છે કે વ્યક્તેરભેદ... એ આકાશત્વ અંગે જાતિબાધક છે, ઘટત્વ-કુમ્ભત્વ વગેરે જાતિભેદ અંગે તો 'તુલ્યત્વ' બાધક છે. એટલે જણાય છે કે આ મહાત્માને આ પ્રાથમિક વાતોની પણ વાસ્તવિક જાણકારી નથી. વળી 'ઘટત્વ-કુમ્ભત્વ વગેરે જાતિના અભેદની વાત કરવી છે, ને આમાં પણ (વ્યક્તિના) અભેદની વાત છે, માટે વ્યક્તેરભેદનો ઉલ્લેખ કરી દો...' એવી એમની કલ્પના હોવી સૂચિત થતી લાગે છે. એટલે એવું પણ કેમ સૂચિત ન થાય કે 'જાતિ નહીં, પણ જાતિમાન્ વ્યક્તિ છે - એવી સામાન્ય વાત પણ આ મહાત્મા જાણતા નથી...'

એટલે જેમને આટલી પણ ગતાગમ પડતી નથી એમની સપ્તભંગી જેવા ગહનવિષયપર ચર્ચા કરવાની ક્ષમતા કેટલી ? એની કલ્પના કરી શકાય છે. તેથી એમણે કરેલી ચર્ચા પર વિચારણા કરવાનો તો પ્રશ્ન જ ઊભો થતો નથી. પણ, 'આવી અધિકાર બહારની આત્મઘાતક ચેષ્ટાથી પાછા ફરવાની સદ્બુદ્ધિ એમને એમના ગુરુભગવંત આપે કે સ્વયં મળે' એવી પરમકૃપાળુ પરમાત્માને આપણે સહુ પ્રાર્થના કરીએ.

## પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ. સા.નું સંપાદિત-અનુવાદિત લિખિત અધ્યયનોપયોગી સાહિત્ય

૧) અધ્યાત્મમતપરીક્ષા
૨) ધર્મપરીક્ષા
૩) સામાચારી પ્રકરણ, આરાધક વિરાધક ચતુર્ભંગી
કૂપદૃષ્ટાન્તવિશદીકરણ પ્રકરણ
૪) સમ્યક્ત્વ ષટ્સ્થાનની ચઉપઈ
૫) દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ભાગ-૧
૬-૮) કર્મપ્રકૃતિ પદાર્થો ભાગ : ૧-૨-૩
૯-૧૦) ન્યાય સિદ્ધાન્તમુક્તાવલી ભાગ : ૧-૨
૧૧) સત્પદાદિ પ્રરૂપણા
૧૨) હારિભદ્રયોગભારતી
૧૩) યોગવિંશિકા
૧૪) સિદ્ધિનાં સોપાન
૧૫) તત્ત્વાવલોકન સમીક્ષા
૧૬) તત્ત્વ નિર્ણય
૧૭-૨૧) નવાંગી ગુરુપૂજન પ્રશ્નોત્તરી વગેરે
૨૨) શતક નામે પાંચમા કર્મગ્રન્થના પદાર્થો-ટીપ્પણો
૨૩-૨૫) દશવિધ સામાચારી (ભાગ : ૧-૨-૩)
૨૬-૨૭) તિથિ અંગે સત્ય અને સમાધાન (ભાગ : ૧-૨)
૨૮) સપ્તભંગીવિંશિકા
૨૯) દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ ભાગ-૧
૩૦) નિક્ષેપવિંશિકા
૩૧) क्या जिनपूजा करना पाप है ?
૩૨) અનુયોગદ્વાર-સટીપ્પણ
૩૩) નયવિંશિકા
૩૪-૩૯) બત્રીશીના સથવારે-કલ્યાણની પગથારે ભાગ-૧ થી ૬

## પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ. સા. લિખિત ઉપદેશાત્મક સાહિત્ય

૧) હંસા ! તું ઝીલ મૈત્રી સરોવરમાં...(ગુજ.+હિન્દી=૬૫૦૦૦ નકલ)
૨) હૈયું મારું નૃત્ય કરે
૩) હું કરું હું કરું એ જ અજ્ઞાનતા (૧૪૦૦૦ નકલ)
૪) કર પડિક્કમણું ભાવશું
૫) અવિકખા અણાણંદે
૬) હું છું સેવક તારો રે
૭) હા ! પસ્તાવો વિપુલ ઝરણું...
૮) મિચ્છામિ દુક્કડં
૯) ટાળિયે દોષ સંતાપ રે...
૧૦) જેલર (૭૦૦૦ નકલ)

BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106